
# સમયસાર દર્શન



# સમયસાર દર્શન

## અમુલ્ય તત્ત્વ ચિંતન
## (સંક્ષિપ્ત)

-: સંકલન :-
રમણીક સાવલા

# વિનંતી

મુદ્રણ દોષના શબ્દાર્થ તથા વ્યાકરણની કોઈ
ભૂલને ગ્રહણ ન કરતાં તેના ભાવ પકડી
આત્મહિતને કેમ ઉપયોગી થાય તેવું લક્ષ
મુમુક્ષુઓ આપે એવી નમ્ર વિનંતી.

ફક્ત અંગત સ્વાધ્યાય માટે
(FOR PRIVATE CIRCULATION ONLY)

# ણમોકાર મહામંત્ર

णमो अरिहंताणं
णमो सिद्धाणं
णमो आइरियाणं
णमो उवज्झायाणं
णमो लोए सव्वसाहूणं

# ચત્તારિ મંગલં (ચાર મંગળ)

ચત્તારિ મંગલં, અરહંતા મંગલં,
સિદ્ધા મંગલં, સાહૂ મંગલં,
કેવલિ પણ્ણતો ધમ્મો મંગલં,

ચત્તારિ લોગુત્તમા, અરહંતા લોગુત્તમા,
સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા,
કેવલિ પણ્ણતો ધમ્મો લોગુત્તમા.

ચત્તારિ શરણં પવ્વજ્જામિ, અરહંતે શરણં પવ્વજ્જામિ,
સિદ્ધે શરણં પવ્વજ્જામિ, સાહૂ શરણં પવ્વજ્જામિ,
કેવલિ પણ્ણતો ધમ્મં શરણં પવ્વજ્જામિ.

❈ ❈ ❈

## ભાવ નમસ્કાર

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુન્દકુન્દાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં. ॥

# સર્વ પ્રવચનનો સાર ભેદ વિજ્ઞાન જ છે

ધર્મની શરૂઆત સમ્યગ્દર્શનથી થાય છે
અને સમ્યગ્દર્શન ભેદવિજ્ઞાન દ્વારા થાય છે.

જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદ વિજ્ઞાનથી
સિદ્ધ થયા છે. જે કોઈ બંધાયા છે
તેના અભાવથી જ બંધાયા છે.

આ ભેદ વિજ્ઞાન અત્રુટક (અવિચ્છિન્ન) ધારાથી
ત્યાં સુધી ભાવવું કે જ્યાં સુધી પર ભાવોથી
છૂટી જ્ઞાન જ્ઞાનમાં ઠરી જાય.

જ્ઞાનથી ભેદજ્ઞાનનો અભ્યાસ થાય છે
ભેદજ્ઞાનથી કેવળજ્ઞાન થાય છે.

પ્રસ્તાવના....

# 'જૈન ધર્મ-જૈન દર્શન-વીતરાગદર્શન'

(૧) ધર્મ કોને કહેવો ? 'वस्तु सुहायो धम्मो' વસ્તુના સ્વભાવને ધર્મ કહે છે. ધર્મ કોઈ વાડો કે સંપ્રદાય નથી. વસ્તુના સ્વરૂપને ધર્મ કહે છે. તે નવો બનાવી શકાતો નથી. જૈન ધર્મ એ વિશ્વ ધર્મ છે.

(૨) આત્મધર્મ કોને કહેવો? આત્મા વસ્તુ છે. આત્મા જે અનંત ગુણોનો પિંડ છે તે જ આત્માનાં ધર્મો છે. ધર્મ એટલે ધારી રાખેલી યોગ્યતા. ગુણને ધર્મ કહેવાય. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત વીર્ય, અનંત સુખ-આત્માના ધર્મ છે.

(૩) 'વીતરાગતા' એ આત્માનો સ્વભાવ-આત્માનો ધર્મ છે. 'શુદ્ધ ઉપયોગ' જે ત્રિકાળ છે-તેને સાધન કરતાં પર્યાયમાં શુદ્ધ ઉપયોગરૂપ ધર્મ પ્રગટ થાય છે.
શુદ્ધનું આલંબન, શુદ્ધનું ધ્યેય અને શુદ્ધનું સાધકપણું હોવાથી શુદ્ધોપયોગરૂપ વીતરાગી પર્યાય પ્રગટ થાય છે.

(૪) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ વીતરાગી પર્યાય છે અને એ જ ધર્મ છે. વીતરાગી પર્યાયનું નામ જૈન ધર્મ છે. આત્મા અનાકુળ આનંદરસથી ભરેલો છે. તેમાં એકાગ્ર થતાં સુંદર આનંદનો સ્વાદ આવે છે. આબાલ-ગોપાળ સર્વમાં અંદર પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા બિરાજે છે તેની દૃષ્ટિ કરતાં-એકાગ્ર થતાં અતીન્દ્રિય આનંદ ઝરે છે, તેનું નામ ધર્મ છે.

(૫) ધર્મ એ તો આત્મ અનુભવની ચીજ છે.

*'અનુભવ ચિંતામનિ રતન, અનુભવ હૈ રસકૂપ,*
*અનુભવ મારગ મોખકૌ, અનુભવ મોખસ્વરૂપ.'*

સમ્યગ્દર્શનમાં રાગથી ભિન્ન અને સ્વભાવથી અભિન્ન એવા એકત્ત્વવિભક્ત આત્માની દૃષ્ટિ હોય છે. અતીન્દ્રિય આનંદ એ ધર્મની મુદ્રા છે.

(૬) તીર્થંકર ભગવાન (વીતરાગ પ્રભુ !) ધર્મની સ્થાપના નથી કરતા. પરંતુ પોતાના વીતરાગી સ્વભાવનો આશ્રય લઈ-પોતાની પર્યાયમાં વીતરાગતા પ્રગટ કરે છે. ત્યારે સહજ શુદ્ધોપયોગથી પૂર્ણ સુખની સ્થિતિનું નિર્માણ થાય છે. આત્મા સ્વયં (નિરપેક્ષ) પરમાત્મા બને છે. કોઈપણ ભવ્ય આત્મામાં પરમાત્મા બનવાનું સામર્થ્ય છે.

(૭) તીર્થંકરોની પરંપરા અનાદિ અનંત છે, આત્માનું અસ્તિત્ત્વ અનાદિનિધન છે માટે જૈનધર્મ પણ અનાદિ-અનંત છે.

(૮) તીર્થંકરોએ પોતાના કેવળજ્ઞાનમાં જેવું યથાર્થ વસ્તુનું સ્વરૂપ જોયું અને જાણ્યું-તેવું એમની દિવ્ય ધ્વનિમાં આવ્યું. તેમણે જે કાંઈ અનુભવીને કહ્યું તે સદાથી છે, સનાતન છે. માટે જૈન ધર્મ સનાતન છે.

(૯) તીર્થંકરોએ ધર્મની સ્થાપના નહીં, ઉદ્‌ઘાટન કર્યું છે. તેઓએ ધર્મ નહીં, ધર્મમાંથી ખોયેલી શ્રદ્ધા પ્રસ્થાપિત કરી છે. વીતરાગ પ્રભુ જગતના જ્ઞાતા-દૃષ્ટા છે, કર્તા-ધર્તા નથી.

(૧૦) આ ભરતક્ષેત્રમાં ચોથા કાળ દરમ્યાન આદિનાથથી ભગવાન મહાવીર સુધી એક પછી એક એમ ચોવીસ તીર્થંકર થઈ ગયા. ભગવાન મહાવીર આ ચોવીસીના છેલ્લા તીર્થંકર હતાં. તેમણે ધર્મતીર્થનું પ્રવર્તન કર્યું. અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં પ્રત્યક્ષ વિહરમાન સીમંધર સ્વામી આદિ વીસ તીર્થંકર આ વીતરાગી સનાતન ધર્મનું પ્રવર્તન કરી રહ્યા છે. એવા ધર્મની અહીં વાત કરવામાં આવી છે.

(૧૧) વસ્તુના સ્વરૂપને બતાવતા-એમ આવ્યું કે છ દ્રવ્ય સ્વરૂપ આ લોકની વસ્તુ વ્યવસ્થા અને વિશ્વ વ્યવસ્થા સંપૂર્ણ સ્વયં સંચાલીત અને સંપૂર્ણ સ્વાધીન છે. વિશ્વનો પ્રત્યેક પદાર્થ પૂર્ણ સ્વતંત્ર છે. તે પોતાના પરિણામનો પોતે જ હર્તા-કર્તા છે. આ વ્યવસ્થા દ્રવ્ય-ગુણ-પર્યાયથી સમજાવવામાં આવી છે અને આ વીતરાગ વિજ્ઞાન ચોક્કસ સિદ્ધાંતો પર રચાયેલું છે. તેના આ ત્રણ મહાન સિદ્ધાંત સમજવા અનિવાર્ય છે. (૧) દ્રવ્યની સ્વતંત્રતાનો સિદ્ધાંત (૨) ક્રમબદ્ધ પર્યાયનો સિદ્ધાંત, (૩) ઉપાદાન-નિમિત્તની સ્વતંત્રતાનો સિદ્ધાંત,

(૧૨) **(૧) દ્રવ્યની સ્વતંત્રતાનો સિદ્ધાંત :** દરેક વસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાયથી સ્વતંત્ર છે. એક વસ્તુ બીજી વસ્તુનું કાંઈ કરી શકે નહિ, પરિણમાવી શકે નહિ, પ્રેરણા કરી શકે નહિ, અસર-મદદ કે ઉપકાર કરી શકે નહિ, લાભ-નુકસાન કરી શકે નહિ, મારી-જીવાડી શકે નહિ, સુખ-દુઃખ આપી શકે નહિ-એવી દરેક દ્રવ્ય-ગુણ-પર્યાયની સ્વતંત્રતા અનંત જ્ઞાનીઓએ પોકારી પોકારીને કહી છે.

(૧૩) **ક્રમબદ્ધ પર્યાયનો સિદ્ધાંત :** દરેક વસ્તુનું પરિણમન ક્રમબદ્ધ છે. જે દ્રવ્યનું જે ક્ષેત્રે, જે કાળે, જે ભાવે, સર્વજ્ઞ પ્રભુએ જે પ્રમાણે એમના જ્ઞાનમાં જાણ્યું છે, તે દ્રવ્યનું તે ક્ષેત્રે, તે કાળે, તે ભાવે તે જ પ્રમાણે પરિણમન થાય. તેમાં નરેન્દ્ર, દેવેન્દ્ર કે જિનેન્દ્ર કાંઈ કરી શકે નહિ.

(૧૪) **ઉપાદાન-નિમિત્તની સ્વતંત્રતાનો સિદ્ધાંત :** દરેક દ્રવ્ય પોતાની ઉપાદાનની યોગ્યતા પ્રમાણે પરિણમે છે, ત્યારે નિમિત્તની હાજરી હોય છે-પણ નિમિત્ત કાંઈ કરતું નથી.

ઉપાદાનગત યોગ્યતા હોતાં નિમિત્ત સહજ મળી આવે છે. તેથી આત્માર્થીએ નિમિત્તો મેળવવા માટે નકામા વ્યગ્ર થવું ન જોઈએ. ઉપાદાન-નિમિત્તની એવી સ્વતંત્રતા પણ છે અને સંધિ પણ છે.

(૧૫) આ ત્રણે સિદ્ધાંતોનો સાર આ પ્રમાણે છે. કાર્યની ઉત્પત્તિમાં પાંચ સમવાય કારણો (૧) સ્વભાવ (૨) નિયતિ (૩) કાળલબ્ધિ (૪) નિમિત્ત (૫) પુરુષાર્થ એકી સાથે સમુપસ્થિત હોય છે. તથાપી આત્મધર્મની (વીતરાગતાની) પ્રાપ્તિમાં પુરુષાર્થ મુખ્ય છે.

(૧૬) અહિંસા પરમ ધર્મ છે. તે માત્ર વીતરાગભાવરૂપ છે. આત્મામાં મોહ-રાગ-દ્વેષ ભાવોની ઉત્પત્તિ એ જ નિશ્ચય હિંસા (ભાવ હિંસા) છે અને આ ભાવોના અભાવને અહિંસા કહેવામાં આવે છે. આ ભાવ અહિંસા (વીતરાગતા) સુખનું કારણ છે અને ભાવ હિંસા એ જ દુઃખનું કારણ છે.

પોતાનું સુખ પોતામાં જ છે. પોતે જ અનંત સુખનો ધામ પ્રભુ છે. પરમાં-જગતના કોઈ પદાર્થમાં અરે ! પરમેશ્વરમાં પણ તારું સુખ નથી. તેથી સુખાર્થીએ-મોક્ષાર્થીએ જગતના કોઈ દ્રવ્ય અથવા પર પદાર્થમાં-પરમેશ્વર પ્રતિ પણ કોઈ આશા-આકાંક્ષા વડે જોવું નિરર્થક છે.

છદ્મસ્થ અવસ્થામાં કોઈપણ પરપદાર્થ તરફ લક્ષ જતાં નિયમથી સંસારી જીવને રાગ-દ્વેષ થાય જ છે.

(૧૭) એ સુખ પ્રાપ્ત કરવા શું કરવું ?

પોતાને પરથી ભિન્ન ઓળખી-સ્વનું શ્રદ્ધાન કરવું. જિનમતમાં તો એવી પરીપાટી છે કે પહેલાં સમ્યક્ત્વ હોય પછી વ્રત હોય; હવે સમ્યક્ત્વ તો સ્વ-પરનું યથાર્થ શ્રદ્ધાન થતાં થાય છે, માટે સૌથી પ્રથમ યથાર્થ શ્રદ્ધાન કરી સમ્યગ્દષ્ટિ થવું. તે માટે

(૧) સાચાં વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રનું યથાર્થ સ્વરૂપ જાણી તેમનું શ્રદ્ધાન કરવું.

(૨) જીવાદિ સાત તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ જાણી તેનું શ્રદ્ધાન કરવું.

(૩) સ્વ-પરનું ભિન્નપણું ભાસે એવા અભ્યાસથી ભેદજ્ઞાનથી સ્વ-પરનું યથાર્થ શ્રદ્ધાન કરવું.

(૪) સ્વમાં સ્વપણું માનવા અર્થે-સ્વરૂપની એકાગ્રતા પૂર્વક સ્વનું શ્રદ્ધાન કરવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. સમ્યગ્દર્શનથી જ ધર્મની શરૂઆત થાય છે. 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગઃ' એવું જિન વચન હોવાથી માર્ગ

તો શુદ્ધ રત્નત્રય જ છે.

નિજ પરમાત્માના સમ્યક્‌જ્ઞાન-શ્રદ્ધાન-અનુષ્ઠાનરૂપ શુદ્ધ રત્નત્રય માર્ગ પરમ નિરપેક્ષ હોવાથી મોક્ષનો ઉપાય છે.

મોક્ષ માર્ગ ત્રણ લોક ત્રણ કાળમાં એક જ' છે. એની પ્રરૂપણાં નિશ્ચય અને વ્યવહાર એમ બે પ્રકારે કરવામાં આવી છે.

પોતાના સ્વરૂપનું સાચું જ્ઞાન અને શ્રદ્ધાન કરી પોતામાં જામી જવું-પોતાના સ્વભાવમાં રમણતા કરવી એ જ નિશ્ચય મોક્ષમાર્ગ છે.

(૧૮) શુદ્ધોપયોગ જ ઉપાદેય છે અને શુભોપયોગ અને અશુભોપયોગ હેય જ છે-એ બંને કર્મબંધનનું જ કારણ છે એનાથી સંસાર સીમિત થતો નથી.

શુભભાવ જ્ઞાની અને અજ્ઞાની બંનેને પોતાની ભૂમિકા અનુસાર આવે છે-પણ અજ્ઞાની જીવ એમ માને છે કે તેનાથી ધર્મ થશે-પણ જ્ઞાનીઓને તે હેયબુદ્ધિએ હોવાથી, તેનાથી ધર્મ થશે-આત્માનું હિત થશે-અથવા તો આત્માની પર્યાયમાં વીતરાગતા પ્રગટ થશે-એમ તેઓ કદી માનતા નથી.

આ માન્યતાની મોટામાં મોટી ભૂલ-શ્રદ્ધાગુણની વિપરીતતા-જે મિથ્યાત્ત્વ (મોહ)ના નામથી કહેવાય છે તે પ્રથમ સુધારવાની છે.

સૌ પ્રથમ પદાર્થનો યથાર્થ નિર્ણય કરવો જોઈએ. અંદરથી પોતાના સ્વરૂપનું ભાવભાસન થવું જોઈએ-રુચિ અંદરથી ઉપડવી જોઈએ-'હું જ્ઞાયક જ છું'

દરેક સમયે સમયે-પર્યાયે પર્યાયે ભેદજ્ઞાન કરી સ્વભાવની રુચિ થવી જોઈએ-'હું જ્ઞાન સ્વરૂપ જ છું' અને સર્વથા સર્વ વિકલ્પોથી ભિન્ન નિર્વિકલ્પ તત્ત્વ છું.

એવો નિરંતર ભેદજ્ઞાનનો અભ્યાસ ધારા તૂટયા વગર જો ચાલુ રહે તો બે ઘડીમાં આત્માનો અનુભવ થઈ જાય. સમ્યગ્દર્શન થતાં મિથ્યાત્ત્વ ટળી જાય છે. ત્યારે એક સમય માટે શુદ્ધોપયોગ પ્રગટ થાય છે ત્યારે જીવનમાં સુખની અને ધર્મની શરૂઆત થાય છે.

પછી એ વીતરાગભાવની વૃદ્ધિ થતાં-પુરુષાર્થ વધતા વીતરાગતા-સર્વજ્ઞતા-કેવળજ્ઞાન પ્રગટ થાય છે-પૂર્ણ સુખની સ્થિતિ પ્રાપ્ત થાય છે. સાધ્યની સિદ્ધિ થાય છે. આ મોક્ષમાર્ગનો ક્રમ છે.

(૧૯) ધર્મ પરિભાષા નથી, પ્રયોગ છે. તેથી આત્માર્થીએ ધર્મ જીવનમાં ઉતારવો જોઈએ. સંપૂર્ણ જીવન ધર્મમય બનવું જોઈએ. એની પ્રક્રિયાનો ક્રમ આ પ્રમાણે છે.

(૧) પાત્રતા
(૨) અભ્યાસ-સત્સંગ અને સ્વાધ્યાય
(૩) તત્ત્વનો યથાર્થ નિર્ણય (વિકલ્પ સહિત)
(૪) ભેદજ્ઞાન
(૫) આત્માનુભૂતિ (નિર્વિકલ્પ)

ત્રણ લોકમાં અનંત જીવ છે. તે સર્વ દુ:ખથી ભય પામી સુખ મેળવવા ઈચ્છે છે. આત્માનું હિત સુખ છે. તે આકુળતારહિત છે. મોક્ષમાં આકુળતા નથી, તેથી મોક્ષમાર્ગમાં-તેના ઉપાયમાં વ્યસ્ત રહેવું જોઈએ. અરિહંત-સિદ્ધ દશા એ મોક્ષનું સ્વરૂપ છે.

ભાવલિંગી સંતોનું જીવન મોક્ષમાર્ગ છે.

તીર્થંકરોએ ઉપદેશ પણ મોક્ષ અને મોક્ષના ઉપાયનો કર્યો છે. આ ઉપદેશ એ ભગવાનનું ધર્મ-તીર્થ છે અને તેનું જીવો દ્વારા અનુસરણ એ જ સર્વોદય-તીર્થ છે.

(૨૦) વસ્તુના અનેકાન્ત સ્વરૂપને બતાવનાર વીતરાગની વાણી તે સ્યાદ્‌વાદ છે. ત્યાં સાચું નિરૂપણ એ નિશ્ચય અને ઉપચરિત નિરૂપણ તે વ્યવહાર છે. આ નિશ્ચય-વ્યવહારનું યથાર્થ સ્વરૂપ સમજવા જેવું છે. બધા અનુયોગોનો સાર 'વીતરાગતા' છે.

આવી રીતે સંપૂર્ણ મોક્ષમાર્ગ-જૈન દર્શન આ વીસ મુદ્દામાં સંક્ષિપ્તમાં સમજાવ્યો છે.

**નિવેદન....**

(૧) **આત્માના ત્રિકાળી સ્વભાવને જ ઘૂંટવાનું છે.**

આત્મા સ્વભાવથી ત્રિકાળ મુક્ત છે,
જન્મ - મરણથી રહિત છે,
રાગ-દ્વેષથી રહિત છે,
બંધ-મોક્ષથી રહિત છે.
નિતાંત શુદ્ધ, શુદ્ધ, શુદ્ધ જ છે.

← આ છે દૃષ્ટિનો વિષય

(૨) આમ હોવા છતાં,

પર્યાયમાં અનાદિથી જીવની કેવી ભયંકર સ્થિતિ તથા મોહ વડે કેવી રીતે જીવ ઠગાઈ રહ્યો છે અને કેવા કેવા ભીષણ દુઃખો જીવ અનાદિથી ભોગવી રહ્યો છે એ વાત સમજવા જેવી છે -

એમાં કર્મનું નિમિત્તપણું પણ સમજવાનું છે.

(૩) જે જીવ સુખી થવા માંગે છે, પોતાના આત્માને પ્રાપ્ત કરવા માંગે છે તેને -

(અ) દૃષ્ટિના વિષયનું જ્ઞાન કરવાનું છે -
(બ) સંસારથી અંતરમાં કેટલો વૈરાગ્ય હોય -
(ક) કષાયોમાં કેવી ઉપશમતા હોય -
(ડ) વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ હોય -
(ઇ) નિરંતર સિદ્ધાંતોનો અભ્યાસ, સત્સંગ, સ્વાધ્યાય -
  (૧) દ્રવ્યની સ્વતંત્રતા
  (૨) ક્રમબદ્ધ પર્યાય
  (૩) ઉપાદાન-નિમિત્તની સ્વતંત્રતા.

(૪) મોક્ષનો એક જ ઉપાય છે : નિર્વિકલ્પ અનુભૂતિ

તે માટે (૧) ભેદજ્ઞાન : હું સર્વથા સર્વથી ભિન્ન છું.
(૨) તત્ત્વનો યથાર્થ નિર્ણય : જ્ઞાન-આનંદ સ્વભાવી ભગવાન આત્મા છું.

(૫) શુદ્ધના લક્ષે - પર્યાયમાં શુદ્ધતા થાય છે અને પર્યાયમાં દોષ કાઢવાનો આ જ ઉપાય છે - સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા એ જ મોક્ષનો માર્ગ છે.

(૬) સાધક દશા-પોતાના શ્રદ્ધા-જ્ઞાન-આનંદનું સ્વતંત્ર સાધન થવાની શક્તિ આત્મામાં છે.

આ વાત સમજે તો નિમિત્ત-ઉપાદાનનું પૃથ્થકરણ થઈ જાય, ને બાહ્ય સાધનના અવલંબનની બુદ્ધિ છૂટી જાય. એટલે અંતરસ્વભાવને જ સાધન બનાવીને

તેના અવલંબને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે.

મારા જ્ઞાનનું સાધન ઈન્દ્રિય કે પુસ્તક નહિ,
મારી શ્રદ્ધાનું સાધન બહારના દેવ-ગુરુ નહિ,
મારા આનંદનું સાધન બહારના વિષયો નહિ,
મારા જ્ઞાનનું - શ્રદ્ધાનું - આનંદનું સાધન તો
**મારો જ્ઞાન સ્વભાવ છે.**

બસ આવી પ્રતીત થઈ ત્યાં પોતાના સ્વભાવનું જ અવલંબન કરવાનું રહ્યું, ને પરાવલંબન બુદ્ધિ છૂટી ગઈ.

એને હવે પર્યાયે પર્યાયે સ્વલંબન વધતું જાય છે એટલે પર્યાયમાં શુદ્ધતા વધતી જાય છે, ને પરાવલંબન તૂટતું જાય છે એટલે અશુદ્ધતા છૂટતી જાય છે.

આનું નામ સાધક દશા
આનું નામ મોક્ષ માર્ગ.

(૭) **ભેદજ્ઞાનની વિધિ :**

(૧) આત્મા જ્ઞાનરસ-ચૈતન્યરસથી પરિપૂર્ણ ભરેલું તત્ત્વ છે. તે સત્ છે અને જ્ઞાન આનંદ તેનું સત્ત્વ છે.

(૨) દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભ ભાવ કે હિંસા, જૂઠ, ચોરી, વિષયવાસના આદિ અશુભભાવ જે થાય છે તે વિકાર છે. તે આત્માનું સત્ત્વ નથી. આત્મા અને જ્ઞાન ભિન્નભિન્ન સત્ત્વ છે.

(૩) પ્રભુ ! તારી પ્રભુતાને તો એકવાર જાણ. જાણવું - દેખવું અને આનંદ એ તારી પ્રભુતા છે. એ તારા તત્ત્વનું સત્ત્વ છે.

આત્મા અનાદિ-અનંત વસ્તુ છે. જે વસ્તુ છે તે ઉત્પન્ન થતી નથી. તેમ જ એનો નાશ થતો નથી.

(૪) ભૂલ કેમ છે અને કેમ ટળે? અનાદિથી જીવ પુણ્ય-પાપના ભાવને પોતાથી એકપણે માનીને સૂતો છે. આવા અજ્ઞાનીને શ્રીગુરુ ભેદજ્ઞાન કરાવે છે કે - ભાઈ ! તું તો વીતરાગ-વિજ્ઞાનનો ઘન છે. તારી ચીજમાં તો એકલાં જ્ઞાન અને આનંદ ભર્યા છે. રાગ જ્યાં તારી ચીજ નથી તો પછી પરદ્રવ્યો તારી ચીજ ક્યાંથી હોય?

જાગ રે જાગ ભાઈ ! આમ શ્રી ગુરુ પરભાવથી ભેદજ્ઞાન કરાવી અજ્ઞાનીને એક આત્મભાવરૂપ કરે છે.

(૫) **ત્રણ અગત્યની વાતો :**

(૧) ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ હોવા છતાં પોતાના ભ્રમથી શુભ વિકલ્પને પોતાનો માને છે.

(૨) પરદ્રવ્યથી, કર્મથી કે કુગુરુ મળ્યા તેથી એકત્ત્વ માનીને સૂતો છે એમ નથી. પોતાની અજ્ઞાનતાના કારણે સૂતો છે.

(૩) શ્રી ગુરુ તેને વારંવાર વીતરાગભાવનો (ભેદજ્ઞાન કરાવવાનો) આગમ વાક્ય દ્વારા ઉપદેશ આપે છે. આત્માનું સ્વરૂપ વીતરાગભાવરૂપ છે. રાગ-વિકલ્પથી આત્મા ભિન્ન છે. રાગમાં ધર્મ નથી અને ધર્મમાં રાગ નથી અને પર્યાયમાં વીતરાગતા એના લીધે પ્રગટ થાય છે. આ ધર્મ છે.

# અનુક્રમણિકા

પાના નંબર

૧. સમયસાર (દર્શન) ........ ૨
૨. દૃષ્ટિનો વિષય ........ ૮૩
૩. પરમાત્મા પ્રકાશ (દૃષ્ટિનો વિષય) ........ ૯૧
૪. સમયસાર (દૃષ્ટિનો વિષય) ........ ૧૦૫
૫. નિયમસાર (દૃષ્ટિનો વિષય) ........ ૧૦૭
૬. દૃષ્ટિના વિષયમાં કઈ પર્યાય સાથે લેવી? ........ ૧૧૧
૭. દૃષ્ટિનો વિષય (વિશેષ વાત) ........ ૧૧૪
૮. દૃષ્ટિના નિધાન (ચૂંટેલા બોલ) ........ ૧૧૮
૯. સંસારનું કારણ અને મુક્તિનો ઉપાય ........ ૧૨૬
૧૦. અનુભવ સંબંધી (વિશેષ વાત) ........ ૧૩૬
૧૧. જૈન દર્શન એક સાધના ........ ૧૪૧
૧૨. સુખ-દુઃખ અનુભૂતિનો વિષય ........ ૧૫૦
૧૩. જૈન દર્શન સારભૂત (આત્માનુંભૂતિની પ્રધાનતા) ........ ૧૫૭
૧૪. આત્માનુંભવ સંબંધી (રત્નકણિકાઓ) ........ ૧૬૫
૧૫. આત્મ પ્રસિદ્ધિ ........ ૧૮૭
૧૬. આત્મ વૈભવ ........ ૧૯૮
૧૭. દ્રવ્યની સ્વતંત્રતા ........ ૨૦૪
૧૮. ઉપાદાન-નિમિત્ત (વિશેષ) ........ ૨૦૮
૧૯. પાંચ સમવાયની નયથી સમજણ ........ ૨૧૩
૨૦. નયો દ્વારા અનેકાન્ત સ્વભાવી આત્માનું વર્ણન ........ ૨૨૨

# જિનવાણી-સ્તુતિ

ૐકારં બિન્દુસંયુક્તં, નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ;
કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમો નમઃ

નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે;
ચિત્સ્વભાવાય ભાવાય સર્વભાવાંતરચ્છિદે.

ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને
વંદી કહું શ્રુતકેવળીકથિત આ સમયપ્રાભૃત અહો! ૧
જીવ ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત સ્વસમય નિશ્ચય જાણવો;
સ્થિત કર્મપુદ્ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો. ૨
એકત્વ-નિશ્ચય-ગત સમય સર્વત્ર સુંદર લોકમાં;
તેથી બને વિખવાદિની બંધનકથા એકત્વમાં. ૩
શ્રુત, પરિચિત, અનુભૂત સર્વને કામભોગબંધનની કથા;
પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના. ૪
દર્શાવું એક વિભક્ત એ, આત્માતણા નિજ વિભવથી;
દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહજો સ્ખલન યદિ. ૫
નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે,
એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬
ચારિત્ર, દર્શન, જ્ઞાન પણ વ્યવહાર-કથને જ્ઞાનીને;
ચારિત્ર નહિ, દર્શન નહીં, નહિ જ્ઞાન, જ્ઞાયક શુદ્ધ છે. ૭
ભાષા અનાર્ય વિના ન સમજાવી શકાય અનાર્યને,
વ્યવહાર વિણ પરમાર્થનો ઉપદેશ એમ અશક્ય છે. ૮
શ્રુતથી ખરે જે શુદ્ધ કેવળ જાણતો આ આત્મને;
લોકપ્રદીપકરા ઋષિ શ્રુતકેવળી તેને કહે. ૯
શ્રુતજ્ઞાન સૌ જાણે, જિનો શ્રુતકેવળી તેને કહે;
સૌ જ્ઞાન આત્મા હોઈને શ્રુતકેવળી તેથી ઠરે. ૧૦.
વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;
ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧.
દેખે પરમ જે ભાવ તેને શુદ્ધનય જ્ઞાતવ્ય છે;
અપરમ ભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે. ૧૨.
ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપને
આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે. ૧૩.
અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,
અવિશેષ, અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે. ૧૪
અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, જે અવિશેષ દેખે આત્મને,
તે દ્રવ્ય તેમજ ભાવ જિનશાસન સકલ દેખે ખરે. ૧૫.
દર્શન, વળી નિત્ય જ્ઞાન ને ચારિત્ર સાધુ સેવવાં;
પણ એ ત્રણે આત્મા જ કેવળ જાણ નિશ્ચયદૃષ્ટિમાં. ૧૬.

# શ્રી સમયસારજીની સ્તુતિ

સંસારી જીવના ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તેં સંજીવની,
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી;
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

અહો ! વાણી તારી પ્રશમરસ ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા, વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી, સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું છે પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવકલાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં, જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલ **જ્ઞાયકદેવ** રીઝે.

બનાવું પત્ર કુંદનના, રત્નોના અક્ષરો લખી,
તથાપિ કુંદસૂત્રોના અંકાયે મૂલ્ય ના કદી.

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

સંસાર સાગર તારવા જિનવાણી છે નૌકાભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અપૂર્ણ)

# સમયસાર (દર્શન)

## (આચાર્ય કુંદકુંદ રચીત)

(૧) શ્રી સમયસાર અલૌકિક શાસ્ત્ર છે.

(૨) તેમાં મોક્ષમાર્ગનું યથાર્થ સ્વરૂપ જેમ છે તેમ કહેવામાં આવ્યું છે.

(૩) આત્માનું સ્વથી એકત્ત્વ અને પરદ્રવ્ય-પરભાવોથી ભિન્નતા સમજાવે છે.

(૪) 'જ્ઞાયક'ની વાત આચાર્યે સમસ્ત નિજ-વૈભવથી (આગમ-યુક્તિ-પરંપરા અને નિજ-અનુભવથી) કહી છે.
આ કાળમાં જગદ્‌ગુરૂ તીર્થંકર જેવું કામ કર્યું છે.

(૫) જે આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત દેખે છે તે સમગ્ર જિનશાસનને દેખે છે.

(૬) આવું નહિ દેખનાર અજ્ઞાનીના સર્વ ભાવો અજ્ઞાનમય છે.

(૭) જ્યાં સુધી જીવને પોતાની શુદ્ધતાનો અનુભવ થતો નથી, ત્યાં સુધી તે મોક્ષમાર્ગી નથી.

(૮) જેને શુદ્ધાત્માનો અનુભવ વર્તે છે તે જ સમ્યગ્દષ્ટિ છે.

(૯) દરેક જીવે વસ્તુના યથાર્થ સ્વરૂપની ઓળખાણ કરવાનો પ્રયત્ન સદા કર્તવ્ય છે. આ જ શાસ્ત્રનો મુખ્ય ઉદ્દેશ છે.

(૧૦) નિશ્ચય-વ્યવહારના સંધિપૂર્વક યથાર્થ મોક્ષમાર્ગની આવી સંકલનાબદ્ધ પ્રરૂપણા બીજા કોઈપણ ગ્રંથમાં નથી.

(૧૧) આ સમયસાર શાસ્ત્ર આગમોનું પણ આગમ છે.

(૧૨) લાખો શાસ્ત્રોનો નિચોડ એમાં રહેલો છે.

(૧૩) જૈનશાસનનો એ સ્તંભ છે. ચૌદપૂર્વનું રહસ્ય એમાં છે.

(૧૪) સાધકની એ કામધેનુ છે, કલ્પવૃક્ષ છે.

(૧૫) આ ગ્રંથનો મુખ્ય હેતુ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ છે અર્થાત્ રાગ અને આત્માની (જ્ઞાનની) ભિન્નતા કઈ રીતે સમજાય ?

(૧૬) પ્રજ્ઞારૂપી છીણીથી અર્થાત્ જ્ઞાનથી જં વસ્તુના યથાર્થ સ્વરૂપની ઓળખાણ કરી આત્મા ભિન્નપણે પરિણમે છે.

(૧૭) શ્રીમાન મહાસમર્થ આચાર્ય અમૃતચંદ્રદેવે આ શાસ્ત્રની મૂળ 'આત્મખ્યાતિ' નામની ટીકા લખી છે.

(૧૮) શ્રી જયસેનાચાર્યદેવે 'તાત્પર્યવૃત્તિ' નામની સંસ્કૃત ટીકા લખી છે.

(૧૯) પંડીત જયચંદ્રજીએ તેનો ભાવાર્થ લખ્યો છે.

(૨૦) પરમ કૃપાળુ સદ્ગુરુદેવ શ્રી કાનજી સ્વામીએ આ ગાથાઓને વિશેષ રીતે 'પ્રવચન રત્નાકર'માં સમજાવી છે.

## સમયસાર ૧ થી ૧૫ ગાથાનું પ્રયોજન શું છે?

(૧) શ્રી કુંદકુંદાચાર્ય ગ્રંથના આદિમાં મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરે છે, 'આ સમયસાર નામના પ્રાભૃતને કહીશ.'

(૨) સમયનું પ્રાભૃત કહેવાની પ્રતિજ્ઞા કરી ત્યાં એ આકાંક્ષા થાય છે કે સમય એટલે શું? તેથી પહેલાં સમયને જ કહે છે.

(૩) હવે, સમયના દ્વિવિધપણામાં આચાર્ય બાધા બતાડે છે.

(૪) હવે, તે એકત્ત્વની અસુલભતા બતાડે છે.

(૫) હવે, આચાર્ય કહે છે કે, તેથી જ જીવોને તે ભિન્ન આત્માનું એકત્ત્વ અમે દર્શાવીએ છીએ. તે એકત્ત્વ વિભક્ત આત્માને નિજ-વૈભવ વડે દેખાડે છે.

(૬) હવે પ્રશ્ન ઊપજે છે કે એવો શુદ્ધાત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ? એ પ્રશ્નના ઉત્તરરૂપ-જે જ્ઞાયકભાવ પ્રમત્ત-અપ્રમત્ત નથી, શુદ્ધ છે, વળી જે જ્ઞાયકપણે જણાયો તે તો તે જ છે, બીજો કોઈ નથી.

(૭) હવે પ્રશ્ન થાય છે કે દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્માના ધર્મ કહેવામાં ત્રણ ભેદ થયા, ભેદરૂપ ભાવોથી આત્માને અશુદ્ધપણું આવે છે ! આ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે.

(૮) વળી પ્રશ્ન ઊઠે છે કે જો એમ છે તો એક પરમાર્થનો ઉપદેશ કરવો જોઈએ, વ્યવહાર શા માટે કહો છો? તેનો ઉત્તર છે.

(૯-૧૦) વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક કેવી રીતે છે-તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે.

(૧૧) પહેલાં એમ કહ્યું હતું કે વ્યવહારને અંગીકાર ન કરવો, પણ જો તે પરમાર્થને તે કહેનાર છે તો એવા વ્યવહારને કેમ અંગીકાર ન કરવો? તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે.

(૧૨) એ વ્યવહારનય પણ કોઈને કોઈ વખતે પ્રયોજનવાન છે સર્વથા નિષેધ કરવા યોગ્ય નથી, તેથી તેનો ઉપદેશ છે.

(૧૩) એ પ્રમાણે જ 'શુદ્ધનયથી' જાણવું તે સમ્યક્ત્વ છે એમ સૂત્રકાર ગાથામાં કહે છે.

(૧૪) એ શુદ્ધનય-જે નય આત્માને બંધરહિત ને પરના સ્પર્શરહિત, અન્યપણા રહિત, ચળ-અચળતા રહિત, વિશેષ રહિત, અન્યના સંયોગ રહિત એવા પાંચભાવરૂપ દેખે છે તેને હે શિષ્ય, તું શુદ્ધનય જાણ.

(૧૫) આ શુદ્ધનયના વિષયરૂપ આત્માની અનુભૂતિ તે જ સમ્યગ્જ્ઞાન છે. પહેલાં સમ્યગ્દર્શનને પ્રધાન કરી કહ્યું હતું, હવે જ્ઞાનને મુખ્ય કરી કહે છે.

## સમયસારની આત્મખ્યાતિ ટીકાનું મંગલાચરણ આ પ્રમાણે છે.

### કળશ-૧

नमः समयसाराय स्वानुभूत्या चकासते ।
चितस्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे ॥१॥
निज अनुभूति से प्रगट, चित स्वभाव चिद्रूप ।
सकलज्ञेय-ज्ञायक नमौं, समयसार सद्रूप ॥१॥

સ્વાનુભૂતિથી પ્રકાશિત, ચૈતન્યસ્વભાવી, સર્વપદાર્થોને જાણવાવાળો સત્તાસ્વરૂપ સમયસારને નમસ્કાર હો !

'સમય' અર્થાત જીવ નામનો પદાર્થ-તેમાં સાર, જે દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ રહિત શુદ્ધ આત્મા તેને મારા નમસ્કાર હો !

આ શુદ્ધાત્માને જાણવો, ઓળખવો, અનુભવવો એમાં જ જામી જવું-રમી જવું એમાં જ ઉપયોગ ઢળવો-એ નમવું એ જ વાસ્તવિક નમસ્કાર છે.

અહીં શુદ્ધાત્મા, પવિત્ર આત્મા, ત્રિકાળી ધ્રુવ-ચૈતન્યમૂર્તિ અનુભવગમ્ય એવા આત્માને નમસ્કાર કર્યા છે. સમય એટલે જીવ અને સાર એટલે ઉપાદેય. ત્રિકાળી શુદ્ધાત્મા ઉપાદેય છે. પર્યાયમાં ધ્રુવઆત્મા એક જ ઉપાદેય છે. પોતાની જે શુદ્ધ જીવ વસ્તુ કે જે પ્રગટ છે તેને સારપણું ઘટે છે. વસ્તુતઃ નમવા યોગ્ય, જ્ઞાનનો જ્ઞેય બનવાને યોગ્ય, ધ્યાનનો ધ્યેય બનવાને યોગ્ય તો એકમાત્ર દૃષ્ટિનો વિષય ત્રિકાળી ધ્રુવ નિજ ભગવાન આત્મા જ છે; કારણ કે એના આશ્રયથી મુક્તિમાર્ગ પ્રગટ થાય છે-એની આરાધનાથી જ આપણું કલ્યાણ થવાનું છે-હિત થવાનું છે. વાસ્તવિકપણે ઈષ્ટદેવનું સામાન્ય સ્વરૂપ સર્વકર્મરહિત સર્વજ્ઞ, વીતરાગ શુદ્ધ આત્મા જ છે. તેથી સમયસારને નમસ્કાર કરવાથી સર્વજ્ઞને નમસ્કાર આવી જ ગયા. સાચા દેવ-ગુરૂ-શાસ્ત્રને નમસ્કાર આવી જ ગયા. સમયસારરૂપ નિજ ભગવાન

આત્મા જ બધાને પરમ ઈષ્ટ છે. આ ભગવાન આત્મા જ દેવાધિદેવ છે. કારણ કે જેટલા આત્મા આજ સુધી અરિહંત અને સિદ્ધ થયા છે તે ભગવાન આત્માની આરાધના કરીને જ થયા છે.

નિશ્ચયથી જીવ જ્યારે પોતાને જાણે ત્યારે તેણે સિદ્ધને જાણ્યા એમ વ્યવહારથી કહેવાય. સિદ્ધને જ્ઞાન છે, સુખ છે પણ સિદ્ધ સમાન સ્વરૂપ પોતાનું છે તેને જાણતા પોતાને જ્ઞાન અને સુખ થાય.

અહીં મંગલાચરણમાં આ શુદ્ધાત્માને ચાર જુદા વિશેષણોથી સમજાવવામાં આવ્યો છે.

(૧) ભાવાય (૨) ચિત્તસ્વભાવાય (૩) સર્વ ભાવાન્તરચ્છિદે એવં (૪) સ્વાનુભૂત્યા ચકાસતે.

(૧) **ભાવાય :** 'ભાવ' થી ભગવાન આત્મા-દ્રવ્ય સ્વભાવને બતાવ્યું છે. શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ છે. એના અસ્તિત્ત્વની સ્થાપના કરી.

(૨) **ચિત્તસ્વભાવાય :** જેનો સ્વભાવ ચેતનાગુણરૂપ છે-આ સત્તાસ્વરૂપ ભગવાન ચૈતન્યભાવી છે-આ ભગવાન આત્મા જ્ઞાન-દર્શનાદિ અનંતગુણોનો પિંડ છે- ભગવાન આત્મા જાણવા દેખવા સહજ સ્વભાવવાળો છે; સર્વજ્ઞસ્વભાવી છે. એમાં સર્વદર્શિત્ત્વ અને સર્વજ્ઞત્ત્વ શક્તિઓનું નિરૂપણ છે.

(૩) **સર્વભાવાન્તરચ્છિદે :** પોતાથી અન્ય સર્વ જીવાજીવ, ચરાચર પદાર્થોને સર્વ ક્ષેત્રકાળ સંબંધી, સર્વ વિશેષણો સહિત, એક જ સમયે જાણનારો છે.

(૪) **સ્વાનુભૂતિ ચકાસતે :** પોતાની જ અનુભૂતિરૂપ ક્રિયાથી પ્રકાશે છે અર્થાત્ પોતાને પોતાથી જાણે છે-પ્રગટ કરે છે-આ ભગવાન આત્મા સ્વાનુભૂતિદ્વારા જણાય છે. સ્વાનુગમ્ય છે, ઈન્દ્રિયગમ્ય કે અનુમાનગમ્ય નથી. આ અતિન્દ્રિય મહાપદાર્થ અતિન્દ્રિય નિર્વિકલ્પ અનુભવજ્ઞાનનો જ વિષય છે.

અહીં યુક્ત ચાર વિશેષણોથી સમયસારના દ્રવ્ય, ગુણ અને પર્યાય સ્વભાવને સમજાવવામાં આવ્યું છે. 'ભાવ' કહીને દ્રવ્ય, ચિત્તસ્વભાવ કહીને ગુણ અને સર્વભાવાન્તરચ્છિદે અને સ્વાનુભૂતા ચકાસતે કહીને પર્યાય સ્વભાવને સ્પષ્ટ કરવામાં આવ્યું છે; કારણ કે 'મોહ' ના નાશના ઉપાય માટે દ્રવ્ય-ગુણ-પર્યાયથી નિજ ભગવાન આત્માને જ જાણવાનું છે. સમયસાર અર્થાત્ ભગવાન આત્મા ભાવસ્વરૂપ છે, સત્તારૂપ છે, અસ્તિત્ત્વરૂપ છે, સત્ છે અને સત્ એ દ્રવ્યનું લક્ષણ છે.

## કળશ-૨

अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मन: ।
अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम् ॥२॥
देखे पर से भिन्न, अगणित गुणमय आतमा ।
अनेकान्तमयमूर्ति, सदा प्रकाशित ही रहे ॥२॥

**અહીં સરસ્વતીને નમસ્કાર કરે છે.**

**શ્લોકાર્થ :** ''પરપદાર્થો, એમના ગુણ પર્યાયરૂપ ભાવો અને પરપદાર્થોનાં નિમિત્તથી થવાવાળા પોતાના વિકારોથી કથંચિત્ ભિન્ન એકાકાર છે એવા અનંતધર્માત્મક નિજ આત્મતત્ત્વને જોવાવાળી, જાણવાવાળી, પ્રકાશિત કરવાવાળી અનેકાન્તમયી મૂર્તિ સદાય પ્રકાશરૂપ હો, જયવંત વર્તો.''

**ભાવાર્થ :** અહીં સરસ્વતીની મૂર્તિને આર્શીવચનરૂપ નમસ્કાર કર્યો છે. લૌકિકમાં જે સરસ્વતીની મૂર્તિ પ્રસિદ્ધ છે તે યથાર્થ નથી, તેથી અહીં તેનું યથાર્થ વર્ણન કર્યું છે. જે સમ્યગ્જ્ઞાન છે તે જ સરસ્વતીની યથાર્થ મૂર્તિ છે. તેમાં પણ સંપૂર્ણજ્ઞાન તો કેવળજ્ઞાન છે કે જેમાં સર્વ પદાર્થો પ્રત્યક્ષ ભાસે છે. તે અનંતધર્મો સહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે તેથી તે સરસ્વતીની મૂર્તિ છે. તદ્નુસાર જે શ્રુતજ્ઞાન છે તે આત્મતત્ત્વને પરોક્ષ દેખે છે તેથી તે પણ સરસ્વતીની મૂર્તિ છે. વળી દ્રવ્યશ્રુત વચનરૂપ છે તે પણ તેની મૂર્તિ છે, કારણ કે વચનો દ્વારા અનેક ધર્મવાળા આત્માને તે બતાવે છે. આ રીતે સર્વ પદાર્થોના તત્ત્વને જણાવનારી જ્ઞાનરૂપ તથા વચનરૂપ અનેકાંતમયી સરસ્વતીની મૂર્તિ છે; તેથી સરસ્વતીના નામ 'વાણી, ભારતી, શારદા, વાગ્દેવી ઈત્યાદિ ઘણાં કહેવામાં આવ્યા છે. આ સરસ્વતીની મૂર્તિ અનંત ધર્મોને 'સ્યાત્' પદથી એક ધર્મીમાં અવિરોધપણે સાધે છે તેથી તે સત્યાર્થ છે. આત્મામાં અનંત ધર્મો કયા કયા છે?

વસ્તુમાં સત્પણું, વસ્તુપણુ, પ્રમેયપણું, પ્રદેશપણું, ચેતનપણું, અચેતનપણું, મૂર્તિકપણું, અમૂર્તિકપણુ ઈત્યાદી ધર્મ તો ગુણ છે અને તે ગુણોનું ત્રણે કાળે સમય-સમયવર્તી પરિણમન થવું તે પર્યાય છે-જે અનંત છે.

વળી વસ્તુમાં એકપણું, અનેકપણું, નિત્યપણું, અનિત્યપણું, ભેદપણું, અભેદપણું, શુદ્ધપણું, અશુદ્ધપણું આદિ અનેકધર્મ છે. તે સામાન્યરૂપ ધર્મો તો વચનગોચર છે પણ બીજા વિશેષરૂપ ધર્મો જેઓ વચનનો વિષય નથી એવા પણ અનંતધર્મો છે જે જ્ઞાનગમ્ય છે. આત્મા પણ વસ્તુ છે તેથી તેમાં પણ પોતાના અનંતધર્મો છે.

આત્માના અનંતધર્મોમાં ચેતનપણું અસાધારણ ધર્મ છે, બીજા અચેતન દ્રવ્યોમાં નથી. સજાતીય જીવદ્રવ્યો અનંત છે તેમનામાંય જો કે ચેતનપણું છે તો પણ સૌનું ચેતનપણું નિજ સ્વરૂપે જુદું જુદું કહ્યું છે કારણ કે દરેક દ્રવ્યને પ્રદેશભેદ હોવાથી કોઈનું કોઈમાં ભળતું નથી. આ ચેતનપણું પોતાના અનંતધર્મોમાં વ્યાપક છે તેથી તેને આત્માનું તત્ત્વ કહ્યું છે. તેને આ સરસ્વતીની મૂર્તિ દેખે છે અને દેખાડે છે. એ રીતે એનાથી સર્વ પ્રાણીઓનું કલ્યાણ થાય છે માટે, 'સદા પ્રકાશરૂપ રહો !' એવું આર્શીવાદરૂપ વચન તેને કહ્યું છે.

સર્વજ્ઞસ્વભાવને અનુસરીને થવાનો જેનો સ્વભાવ છે એ વાણીને સરસ્વતી કહેવામાં આવી છે. એને શાસ્ત્ર પણ કહીએ. શાસ્ત્રનો અર્થ કળશટીકામાં એકલો વાણી કર્યો, જ્યારે સમયસારમાં ત્રણ લીધા-શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન અને દ્રવ્યશ્રુત એટલે જિનવાણી. આ ત્રણેય સાચી સરસ્વતી છે, માટે ત્રણેને નમસ્કાર કર્યા છે.

નિજસ્વરૂપને સરસ્વતીની મૂર્તિ અવલોકન કરે છે-એટલે ભગવાન આત્માનું જે પૂર્ણસ્વરૂપ એનું શ્રુતજ્ઞાન કે કેવળજ્ઞાન અવલોકન કરે છે અને વાણી એને બતાવે છે. આમ શાસ્ત્રને વંદન કરતાં ત્રણ લીધાં છે. જ્ઞાતા પોતે, જ્ઞાન પોતે અને પોતે જ જ્ઞેય; ત્રણેય અભેદ છે. એને અમારા નમસ્કાર છે એમ કહે છે.

પ્રથમ કળશમાં માંગલિક કરતાં સર્વજ્ઞપણું સિદ્ધ કર્યું. ખરેખર તો જીવનો સર્વજ્ઞ સ્વભાવ છે. એ તેનું સ્વરૂપ છે. સર્વજ્ઞપણું પોતાની અનુભૂતિની ક્રિયાથી પ્રગટ થાય છે. આત્મા સર્વજ્ઞસ્વભાવ કહેતાં પોતે જાણનાર-દેખનાર સ્વભાવ છે એટલે અકર્તાપણું છે અથવા અસ્તિથી જ્ઞાતાપણું જ સિદ્ધ કર્યું છે. જ્ઞાતાપણાનો અનુભવ થવો એ સમ્યક્દર્શન છે. બીજા કળશમાં વાણીને નમસ્કાર કર્યો છે. સર્વજ્ઞની વાણી પણ સર્વજ્ઞપણું સિદ્ધ કરે છે, પરંતુ અકર્તાપણું બતાવી જ્ઞાતાપણું સિદ્ધ કરે છે.

## કળશ-૩

परपरिणतिहेतोर्मोहनाम्नोऽनुभावा-
दविरतमनुभाव्यव्याप्तिकलमाषितायाः ।
मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्ते -
भंवतु समयसार व्याख्ययवानुभूतेः ॥३॥

यद्यपि मैं तो शुद्धमात्र चैतन्यमूर्ति हूँ ।
फिर भी परिणति मलिन हुइ है मोहोदय से ।

परमविशुद्धी को पावे वह परिणति मेरी ।
समयसार की आत्मख्याति नामक व्याख्या से ॥३॥

**આચાર્ય આ ગ્રંથનું વ્યાખ્યાન કરવાના ફળને ચાહતાં પ્રતિજ્ઞા કરે છે.**

**ભાવાર્થ :** જો કે શુદ્ધ દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ તો હું શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું (ભગવાન આત્મા છું), પરંતુ મારી પરિણતિ મોહકર્મના ઉદયનું નિમિત્ત પામીને વર્તમાનમાં મેલી થઈ રહી છે-રાગાદિસ્વરૂપ થઈ રહી છે, કલ્માષિત થઈ રહી છે. તેથી શુદ્ધ આત્માની કથનીરૂપ જે આ સમયસાર ગ્રંથ છે તેની ટીકા કરવાનું ફળ એ ચાહું છું કે મારી પરિણતિ રાગાદિ રહિત થઈ શુદ્ધ થાઓ, મારા શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થાઓ. બીજું કાંઈ પણ-ખ્યાતિ, લાભ, પૂજાદિક-ચાહતો નથી. આ પ્રકારે આચાર્યે ટીકા કરવાની પ્રતિજ્ઞાગર્ભિત એના ફળની પ્રાર્થના કરી.

આચાર્યદેવની પરિણતિ ત્રણ કષાયના અભાવ થવાથી વિશુદ્ધ તો છે, પરંતુ હજી એવી પરમવિશુદ્ધિ નથી કે જેનું ફળ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાઓ; હજી સંજ્વલન કષાય સંબંધી મલિનતા વિદ્યમાન છે, આ કારણથી વિશુદ્ધિની નહિ, પરમવિશુદ્ધિની ભાવના કરે છે. પરમવિશુદ્ધિ એટલે સમસ્ત રાગાદિ વિભાવપરિણતિ રહિત ઉત્કૃષ્ટ નિર્મળતા.

હું શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું, મારામાં કોઈ વિકૃતિ છે જ નહિ. હા, પર્યાયમાં પર્યાયગત યોગ્યતાને કારણ અને મોહ ઉદયના નિમિત્તથી કાંઈક મલિનતા છે, આ પણ આ સમયસારની વ્યાખ્યાથી સમાપ્ત થઈ જાય, કારણ કે વ્યાખ્યાના સમયમાં મારું જોર તો ત્રિકાળી સ્વભાવ પર જ રહેવાનું છે. અત્યારે જે શુભભાવરૂપ મલિનતા છે તેનો નાશ ઈચ્છે છે અને પોતાનો ઉપયોગ શુદ્ધોપયોગમાં ચાલ્યો જાય એવી ભાવના છે.

**સારાંશ :**

(૧) ત્રિકાળી ધ્રુવ, શુદ્ધ આત્મા ઉપાદેય છે.

(૨) અંતરઆત્મા શુદ્ધ વસ્તુ છે, તેને જાણતાં સાચું જ્ઞાન અને સાચું સુખ થાય છે.

(૩) જે ત્રિકાળ શુદ્ધ જીવ છે તેને જાણતાં પર્યાયમાં જ્ઞાન અને સુખ થાય-આનંદનો અનુભવ થાય; નિમિત્તને જાણતાં કાંઈ નહિ. (પરને જાણતાં નહિ).

(૪) સ્વને આશ્રયે થાય તે સમ્યગ્જ્ઞાન છે. પર્યાય પરની હો કે સ્વની હો, પર્યાયનું લક્ષ થતાં પણ વિકલ્પ ઉઠે છે. અનંત ગુણોની પર્યાય અંદરમાં જ્યારે દ્રવ્ય તરફ ઢળે છે ત્યારે તેને જ્ઞાન અને સુખ થાય છે.

(૫) નિશ્ચયથી સ્વાનુભૂતિની પર્યાય, સંવર-નિર્જરાની પર્યાય અને મોક્ષની પર્યાય પણ

પર્યાય હોવાથી હેય છે. પોતાનો શુદ્ધ આત્મા એક જ ઉપાદેય છે. જ્ઞાયકભાવ ઉપાદેય છે.

(૬) પર્યાયમાં રાગ હોવા છતાં ભગવાન આત્મા તો પૂર્ણાનંદનો નાથ છે.

(૭) સંસારી જીવ શુદ્ધ જીવનું (પર અર્હતાદિનું) લક્ષ કરે છે માટે સમ્યગ્જ્ઞાન છે એમ નથી. શુદ્ધ પોતે ત્રિકાળ ધ્રુવ છે તેને પર્યાયમાં સ્વીકારે ત્યારે સાચું જ્ઞાન અને સાચું સુખ થાય; ત્યારે તેને સમ્યક્દર્શન, સમ્યગ્જ્ઞાન અને શાંતિ થાય.

(૮) દ્રવ્ય દ્રવ્યથી કે ગુણથી પ્રકાશતું નથી કારણ કે બંને ધ્રુવ છે તે સ્વાનુભૂતિની પર્યાય દ્વારા પ્રકાશે છે.

(૯) ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા પોતાની અનુભવરૂપ ક્રિયાથી સ્વને અનુસરીને થતી પરિણતિથી-શુદ્ધ ચૈતન્યની નિર્મળ અનુભૂતિથી જણાય એવો છે. પર્યાયને દ્રવ્ય જે ધ્યેય છે તે પર્યાયમાં જણાય છે.

(૧૦) સમ્યક્દર્શનની પર્યાયના ષટ્કારકના પરિણમનમાં પરની તો અપેક્ષા નથી. પણ દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી. એક સમયની વિકારી પર્યાય પણ પોતાના ષટ્કારકથી પરિણમીને વિકારપણે થાય છે. તેને દ્રવ્ય કે ગુણના કારણની અપેક્ષા નથી; કારણ કે દ્રવ્ય-ગુણમાં વિકાર છે જ નહિ. તે એક સમયની સ્વતંત્ર પર્યાય પોતાના કર્તા-કર્મ આદિથી થાય છે. તે પર્યાયનો કર્તા પર્યાય પોતે, કરણ પોતે વગેરે છયે કારકો પોતે છે. ખરેખર ધ્રુવ તો અક્રિય છે.

# સમયસાર ગાથા - ૧

## અહીં મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરે છે

'वंदितु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते ।
वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं' ॥१॥

**'ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વ સિદ્ધને**
**વંદી કહું શ્રુતકેવળીભાષિત આ સમયપ્રાભૂત અહો ॥૧॥**

હું ધ્રુવ, અચળ અને અનુપમ - એ ત્રણ વિશેષણોથી યુક્ત ગતિને પ્રાપ્ત થયેલ એવા સર્વ સિદ્ધોને નમસ્કાર કરી, અહો ! શ્રુતકેવળીઓએ કહેલા આ સમયસાર નામના પ્રાભૃતને કહીશ.

એ સિદ્ધ ભગવંતો સિદ્ધપણાને લીધે, સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને છે - જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો ચિંતવન કરીને, તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાયીને તેમના જેવા થઈ જાય છે અને ચારે ગતિઓથી વિલક્ષણ જે પંચમગતિ મોક્ષ તેને પામે છે. આ પંચમગતિ (સિદ્ધદશા) સ્વભાવના આલંબનથી ઉત્પન્ન થઈ હોવાથી ધ્રુવ છે, અનાદિ કાળના પરિભ્રમણના અભાવ થઈ જવાથી અચલ છે અને ઉપમા દેવા યોગ્ય જગતના સંપૂર્ણ પદાર્થોથી વિલક્ષણ હોવાથી - અદ્ભૂત મહિમાની ધારક હોવાથી અનુપમ છે.

સર્વ સિદ્ધોને ભાવસ્તુતિ અને દ્રવ્યસ્તુતિના માધ્યમથી પોતાના અને બીજાઓના આત્મામાં સ્થાપીત કરીને સર્વપદાર્થોને સાક્ષાત જાણવાવાળા કેવળીઓ દ્વારા પ્રણીત, અનાદિનિધન શ્રુત દ્વારા પ્રકાશિત, સ્વયં અનુભવ કરવાવાળા શ્રુતકેવળીઓ દ્વારા કથિત હોવાથી, પ્રમાણતાંને પ્રાપ્ત, સર્વપદાર્થો યા શુદ્ધાત્માનો પ્રકાશક - અને અરિહંત ભગવાનના પ્રવચનોનો જે અવયવ છે - એવા આ 'સમયસાર' નામના ગ્રંથના, અનાદિકાળના પોતાના અને બીજાઓના મોહના નાશ માટે ભાવવચન અને દ્રવ્યવચનના માધ્યમથી પરિભાષણનો આરંભ કરું છું. આ સિદ્ધ ભગવાનને વંદન કરીને માંગલિક કર્યું. વસ્તુનું સ્વભાવ જેવું છે તેવું યથાર્થ માનવું અને અનુભવવું એ વાસ્તવિક પ્રયોજન છે.

ॐ ॐ ॐ

# સમયસાર ગાથા - ૨

## સમય એટલે શું? તેથી હવે પહેલાં સમયને જ કહે છે.

जीवो चरित्तदंसणणाणढिदो तं हि ससमयं जाण ।
पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं ॥२॥

**જીવ ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત સ્વસમય નિશ્ચય જાણવો;**
**સ્થિત કર્મપુદ્ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો. ॥૨॥**

**ગાથાર્થ :** હે ભવ્ય ! જે જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે તેને નિશ્ચયથી સ્વસમય જાણ; અને જે જીવ પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થયેલ છે તેને પરસમય જાણ.

**ટીકા :** 'સમય' શબ્દનો અર્થ : '**सम**' તો ઉપસર્ગ છે, તેનો અર્થ 'એકપણું' એવો છે; અને '**अय् गतो**' ધાતુ છે એનો ગમન અર્થ પણ છે અને જ્ઞાન અર્થ પણ છે. તેથી એક સાથે જ (યુગપદ્) જાણવું તથા પરિણમન કરવું એ બે ક્રિયાઓ જે એકત્ત્વપૂર્વક કરે છે તે સમય છે. આ જીવ નામનો પદાર્થ એકત્ત્વપૂર્વક એક જ વખતે પરિણમે પણ છે અને જાણે પણ છે તેથી તે સમય છે. સદાય પરિણામસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ જેનું લક્ષણ છે એવી સત્તાથી સહિત છે. ચૈતન્યસ્વરૂપપણાથી નિત્યઉદ્યોતરૂપ નિર્મળ સ્પષ્ટ દર્શનજ્ઞાન-જ્યોતિસ્વરૂપ છે. અનંત ધર્મોમાં રહેલું જે એક ધર્મીપણું તેને લીધે જેને દ્રવ્યપણું પ્રગટ છે. ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી જેણે ગુણપર્યાયો અંગીકાર કર્યા છે. પોતાના અને પરદ્રવ્યોના આકારોને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી જેણે સમસ્ત રૂપને પ્રકાશનારું એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે. અન્ય દ્રવ્યોના જે વિશિષ્ટ ગુણો - અવગાહન-ગતિ-સ્થિતિ-વર્તનાહેતુપણું અને રૂપીપણું-તેમના અભાવને લીધે અને અસાધારણ ચૈતન્યરૂપતા-સ્વભાવના સદ્ભાવને લીધે આકાશ, ધર્મ, અધર્મ, કાળ અને પુદ્ગલ એ પાંચ દ્રવ્યોથી જે ભિન્ન છે. અનંત અન્યદ્રવ્યો સાથે અત્યંત એકક્ષેત્રાવગાહરૂપ હોવા છતાં પણ પોતાના સ્વરૂપથી નહિ છૂટવાથી જે ટંકોત્કીર્ણ ચૈતન્ય-સ્વભાવરૂપ છે. આવો જીવ નામનો પદાર્થ સમય છે.

આ રીતે પ્રથમ સમય શબ્દનો અર્થ સમજવો.

સ્વભાવમાં સ્થિત જીવ સ્વસમય છે અને પરભાવમાં સ્થિત જીવ પરસમય છે.

સ્વસમય અને પરસમય બેઉ અવસ્થામાં વ્યાપક પ્રત્યગાત્મા સમય છે.

'જ્યારે આ જીવ, સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાન જ્યોતિનો ઉદય થવાથી, સર્વ પરદ્રવ્યોથી છૂટી દર્શનજ્ઞાન સ્વભાવમાં નિયત વૃત્તિરૂપ (અસ્તિત્ત્વરૂપ) આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે છે ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી યુગપદ્ સ્વને એકત્ત્વપૂર્વક જાણતો તથા સ્વ-રૂપે એકત્ત્વપૂર્વક પરિણમતો એવો તે 'સ્વસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે; પણ જ્યારે તે અનાદિ અવિદ્યારૂપી જે કેળ તેના મૂળની ગાંઠ જેવો જે (પુષ્ટ થયેલો) મોહ તેના ઉદય અનુસાર પ્રવૃત્તિના આધીનપણાથી દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વથી છૂટી પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન મોહરાગદ્વેષાદિ ભાવો સાથે એકત્ત્વગતપણે (એકપણું માનીને) વર્તે છે ત્યારે પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત હોવાથી યુગપદ્ પરને એકત્ત્વપૂર્વક જાણતો તથા પરરૂપે એકત્ત્વપૂર્વક પરિણમતો એવો તે 'પરસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે. આ રીતે જીવ નામના પદાર્થને સ્વસમય અને પરસમય - એવું દ્વિવિધપણું પ્રગટ થાય છે. આ 'સમય'નામનો જીવ પદાર્થ :-

(૧) ઉત્પાદન - વ્યય - ધ્રુવ યુક્ત સત્તા સહિત છે.

(૨) જ્ઞાન-દર્શનસ્વરૂપ ચૈતન્યસ્વભાવી છે.

(૩) અનંતધર્માત્મક એક અખંડ દ્રવ્ય છે.

(૪) અક્રમવર્તી ગુણો અને ક્રમવર્તી પર્યાયોથી યુક્ત છે.

(૫) સ્વ-પરપ્રકાશક સામર્થ્યથી યુક્ત હોવા છતાં પણ એકરૂપ છે.

(૬) પોતાના અસાધારણ ચૈતન્યસ્વભાવના સદ્ભાવ અને પરદ્રવ્યોના વિશેષગુણોના અભાવને કારણે પરદ્રવ્યોથી ભિન્ન છે.

(૭) પરદ્રવ્યોથી એક ક્ષેત્રાવગાહરૂપથી અત્યંત મળેલો હોવા છતાં પણ પોતાના સ્વરૂપને છોડતો નથી તે કારણે ટંકોત્કીર્ણ ચિત્સ્વભાવી છે.

જ્યારે તે પોતાના સ્વભાવમાં સ્થિત હોય ત્યારે તો સ્વસમય છે અને પરસ્વભાવ-રાગદ્વેષમોહરૂપ થઈને રહે ત્યારે પરસમય છે. આ પ્રમાણે પ્રમાણનો વિષય છે.

(૧) ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત સત્તાથી સહિત છે - એટલે સદાય પરિણમનસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ જેનું લક્ષણ છે એવી સત્તાથી સહિત છે. અહીં અનુભૂતિનો અર્થ રહેવું એમ થાય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ ત્રણેયના એક સમયમાં હોવાપણારૂપ સત્તા છે. ઉત્પાદ એટલે નવી પર્યાયનું થવું - વ્યય એટલે જૂની પર્યાયનું જવું અને ધ્રુવપણે કાયમ રહેવું એવી સત્તાની અહીં વાત

છે. જીવ જે સમયે જાણે તે જ સમયે પરિણમે એવી ઉત્પાદ - વ્યય - ધ્રુવરૂપ સત્તા એ જીવનું સ્વરૂપ છે.

(૨) દર્શન-જ્ઞાન સ્વરૂપ પરિણમન સહિત છે. ચૈતન્યસ્વરૂપપણાથી નિત્ય-ઉદ્યોતરૂપ નિર્મળ સ્પષ્ટ દર્શનજ્ઞાન જ્યોતિસ્વરૂપ છે. અહીં પણ પરિણમનની વાત છે, ત્રિકાળી ધ્રુવની વાત નથી. આ દર્શન એટલે સામાન્ય ઉપયોગ અને જ્ઞાન એટલે વિશેષ ઉપયોગ. ચૈતન્યનું પરિણમન દર્શન-જ્ઞાન સ્વરૂપ છે.

(૩) અનંત ધર્મોમાં રહેલા એકધર્મીપણાને લીધે તેને દ્રવ્યપણું પ્રગટ છે. અનંત ધર્મોની એકતા તે દ્રવ્યપણું છે. અહીં તો બધા ધર્મોની વાત છે. એકલો ધ્રુવ એમ નહીં, પણ ઉત્પાદ, વ્યય, ધ્રુવ આદિ અનંત ધર્મોથી તેનું એકપણું પ્રગટ છે. તે પ્રમાણ જ્ઞાનનો વિષય છે.

(૪) અક્રમવર્તી અને ક્રમવર્તી એવા ગુણપર્યાયો સહિત છે. ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી જેણે ગુણપર્યાયો અંગીકાર કર્યા છે. ક્રમે પ્રવર્તે તે પર્યાય અને અક્રમે પ્રવર્તે તે ગુણ છે.

(૫) સ્વ-પર સ્વરૂપને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી તેને સમસ્ત રૂપને પ્રકાશનારું એકરૂપપણું છે. પોતાનું જ્ઞાન કરે અને પરદ્રવ્યના આકારનું જ્ઞાન કરે એવું સ્વ-પરને પ્રકાશવાનું એનું સામર્થ્ય છે.

(૬) અસાધારણ ચૈતન્યગુણના સદ્ભાવના લીધે તથા પરદ્રવ્યોના વિશેષ ગુણોના અભાવને લીધે પર દ્રવ્યોથી ભિન્ન છે. અન્ય દ્રવ્યના ખાસ ગુણોનો આત્મામાં અભાવ હોવાને લીધે અને અસાધારણ ચૈતન્યસ્વભાવના સદ્ભાવને લીધે અન્ય દ્રવ્યોથી જીવ ભિન્ન છે.

(૭) અન્ય દ્રવ્યોથી અત્યંત એકક્ષેત્રાવગાહ હોવા છતાં પોતાના ભિન્ન ક્ષેત્રપણે રહેતો એક ટંકોત્કીર્ણ ચૈતન્યસ્વરૂપ જ રહેવાનો સ્વભાવ છે. અનંત અન્ય દ્રવ્યોના ક્ષેત્રથી ભિન્ન છે, જ્યાં આત્મા છે ત્યાં અનંત પરમાણુ, આકાશ, કાળ, ધર્મ, અધર્મ બધું જ છે છતાં પોતે ચૈતન્યસ્વરૂપ જ રહે છે.

**સારાંશ :**

(૧) સાત બોલથી જીવના સ્વરૂપને કહી ચરિત-દર્શન-જ્ઞાનસ્થિતિ વ્યાખ્યા કરતાં કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિની વાત કરી છે. સર્વ પરદ્રવ્યોથી ભિન્ન પડી, દર્શનજ્ઞાન સ્વભાવમાં નિયતવૃત્તિ-એટલે ત્રિકાળ જે આત્મતત્ત્વ તેની સાથે એકત્ત્વપણે વર્તવાપણું છે તે ભેદજ્ઞાન છે. આવું **ભેદજ્ઞાન** કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ છે.

(૨) સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશે તે કેવળજ્ઞાન છે. એવા કેવળજ્ઞાનને ભેદજ્ઞાનજ્યોતિ

પ્રગટ કરે છે. આ ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થતાં સર્વ પરદ્રવ્યોથી છૂટી, દર્શનજ્ઞાન સ્વભાવમાં પર્યાયરહિત અભેદ ત્રિકાળ ધ્રુવ, ચૈતન્યરૂપ આત્મતત્ત્વમાં દૃષ્ટિ કરી તેની સાથે એકત્ત્વગતપણે વર્તે છે ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થયો એમ કહેવાય છે. યુગપદ્ સ્વને એકત્ત્વપૂર્વક જાણતો અને સ્વમાં એકત્ત્વપણે પરિણમતો તે **'સ્વસમય'** જાણવામાં આવે છે.

(૩) શુદ્ધ, અભેદ, ચૈતન્યપૂર્ણાનંદ સ્વરૂપ ભગવાનની રુચિ તે સમ્યક્દર્શન, તેનું જ્ઞાન તે સમ્યક્જ્ઞાન અને તેમાં રમણતા-સ્થિરતા તે ચારિત્ર. તે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થવાથી યુગપદ્ સ્વને એકત્ત્વપણે જાણતો અને પરિણમતો તે **'સ્વસમય'** જાણ એમ કહે છે.

(૪) દર્શનજ્ઞાનસ્વભાવી આત્મા અનાદિ અજ્ઞાનથી મોહમાં પડી, પોતાના સ્વભાવથી છૂટી રાગદ્વેષને એકત્ત્વપણે જાણતો અને એકત્વપણે પરિણમતો વર્તે છે ત્યારે તે પુદ્ગલકર્મોના પ્રદેશમાં સ્થિત હોવાથી તેને **'પરસમય'** છે એમ જાણવામાં આવે છે.

(૫) આત્મા આત્માપણે પરિણમ્યો, સ્વભાવપણે પરિણમ્યો તે 'સ્વસમય' છે. આ 'સ્વસમય' તે પરિણમનરૂપ છે, સદ્ભૂત વ્યવહાર છે. દર્શનજ્ઞાન સ્વભાવ એ ત્રિકાળ ઉપયોગ છે. ઉપયોગ તે આત્મા છે ને ? આવો ત્રિકાળ ઉપયોગરૂપ જે સ્વભાવ, એની હયાતીરૂપ જે આત્મતત્ત્વ તેની રુચિ, જ્ઞાન અને રમણતા એ સમ્યક્રત્નત્રયરૂપ ધર્મ છે. તે વડે જીવ ધર્માત્મા છે, આ સ્વસમય છે.

(૬) અને પરસ્વભાવરૂપ-મોહરાગદ્વેષરૂપ થઈને રહે તે પરસમય છે. અર્થાત્ પોતાના શુદ્ધ ત્રિકાળી સ્વરૂપથી ચ્યુત થઈને પુણ્ય-પાપ વા રાગદ્વેષને એકપણે એકકાળે જાણતો અને પરિણમતો જે આત્મા તે અનાત્મા તથા પરસમય છે એમ જાણવામાં આવે છે.

(૭) એકપણે સ્વસ્વરૂપપણે પરિણમે તે સ્વસમય અને અન્યપણે રાગાદિપણે પરિણમે તે પરસમય છે. એક જીવને આ પ્રમાણે દ્વિવિધપણું છે તે અશોભારૂપ છે.

# સમયસાર ગાથા - ૩

## સમયના દ્વિવિધપણામાં બાધા છે, શોભાસ્પદ તો એકત્ત્વ જ છે.

एयत्तणिच्छयगदो समओ सत्वत्थ सुंदरो लोगे ।
बंधकहा एयते तेण विसंवादिणी होदि ॥३ ॥

**એકત્વનિશ્ચય-ગત સમય સર્વત્ર સુંદર લોકમાં;**
**તેથી બને વિખવાદિની બંધનકથા એકત્ત્વમાં ॥ ૩ ॥**

**ગાથાર્થ :** એકત્ત્વનિશ્ચયને પ્રાપ્ત જે સમય છે તે લોકમાં બધે ય સુંદર છે તેથી એકત્ત્વમાં બીજાની સાથે બંધની કથા વિસંવાદ - વિરોધ કરનારી છે.

પ્રત્યેક પદાર્થ પોતામાં જ શોભા પામે છે, પરની સાથે બંધની કથા, મિલાવટની વાત વિસંવાદ કરનારી છે; એટલે જો વિસંવાદથી બચવું હોય તો એકત્ત્વને અપનાવવું શ્રેયકર છે.

**ભાવાર્થ :** નિશ્ચયથી સર્વ પદાર્થ પોતપોતાના સ્વભાવમાં સ્થિર રહે જ શોભા પામે છે. પરંતુ જીવ નામના પદાર્થની અનાદિકાળની પુદ્‌ગલકર્મ સાથે નિમિત્તરૂપ બંધ- અવસ્થા છે; તે બંધાવસ્થાથી આ જીવમાં વિસંવાદ ખડો થાય છે તેથી તે શોભા પામતો નથી. માટે વાસ્તવિક રીતે વિચારવામાં આવે તો એકપણું જ સુંદર છે; તેનાથી આ જીવ શોભા પામે છે.

**ટીકા :-** અહીં 'સમય' શબ્દથી સામાન્યપણે સર્વ પદાર્થ કહેવામાં આવે છે. કારણ કે વ્યુત્પત્તિ પ્રમાણે ' **समयते**' એટલે એકી ભાવે (એકત્ત્વપૂર્વક) પોતાના ગુણપર્યાયોને પ્રાપ્ત થઈ જે પરિણમન કરે તે સમય છે. તેથી ધર્મ - અધર્મ - આકાશ- કાળ - પુદ્‌ગલ - જીવદ્રવ્ય સ્વરૂપ લોકમાં સર્વત્ર જે કોઈ જેટલા જેટલા પદાર્થો છે તે બધા ય નિશ્ચયથી (નક્કી) એકત્ત્વ નિશ્ચયને પ્રાપ્ત હોવાથી જ સુંદરતા પામે છે, કારણ કે અન્ય પ્રકારે તેમાં સર્વસંકર આદિ દોષ આવી પડે. કેવા છે તે સર્વ પદાર્થો ? પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના ચક્રને (સમુહને) ચૂંબે છે - સ્પર્શે છે, તો પણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી, અત્યંત નિકટ એકક્ષેત્રાવગાહરૂપે રહ્યા છે તો પણ જેઓ સદાકાળ પોતાના સ્વરૂપથી પડતા નથી, પરરૂપે નહિ પરિણમવાને લીધે અનંત વ્યક્તિતા નાશ પામતી નથી માટે જેઓ ટંકોત્કીર્ણ જેવા (શાશ્વત) સ્થિત રહે છે અને સમસ્ત વિરુદ્ધ કાર્ય તથા અવિરુદ્ધ કાર્યના હેતુપણાથી જેઓ હંમેશાં વિશ્વને ઉપકાર કરે છે - ટકાવી રાખે છે. આ પ્રમાણે સર્વ પદાર્થોનું ભિન્ન ભિન્ન એકપણું સિદ્ધ થવાથી જીવ નામના સમયને

બંધકથાથી જ વિસંવાદની આપત્તિ આવે છે, તો પછી બંધ જેનું મૂળ છે એવું જે પુદ્‌ગલકર્મોના પ્રદેશોમાં સ્થિત થવું, તે જેનું મૂળ છે એવી પરસમયપણું તેનાથી ઉત્પન્ન થતું (પરસમય-સ્વસમયરૂપ) દ્વિવિધપણું તેને (જીવ નામના સમયને) ક્યાંથી હોય ? માટે સમયનું એકપણું હોવું જ સિદ્ધ થાય છે.

જ્યારે બધા જ પદાર્થ પરસ્પર ભિન્ન જ છે તો પછી આ બંધનની વાત જીવની સાથે જ કેમ ?

બીજી ગાથામાં 'સમય' શબ્દનો અર્થ 'જીવ' દ્રવ્ય લેવામાં આવ્યો છે. જે એક સમયમાં ગમન કરે અને જ્ઞાન પણ કરે. અહીં ત્રીજી ગાથામાં 'છ દ્રવ્ય' લેવામાં આવ્યો છે. જે પોતાના ગુણ - પર્યાયોને પ્રાપ્ત હો તેને સમય કહે છે. બીજી ગાથામાં સમયનું દ્વિવિધપણું બતાવ્યું અને અહીંયા તેનો નિષેધ કરવામાં આવ્યો છે, તેમાં બાધા ઉપસ્થિત કરી છે.

અહીંયા એ કહેવામાં આવ્યું છે કે જ્યારે પ્રત્યેક દ્રવ્ય ભિન્ન ભિન્ન જ છે, પોત પોતામાં રહે છે, કોઈ કોઈને સ્પર્શતું પણ નથી, તો પછી આત્માનો પુદ્‌ગલના પ્રદેશોમાં સ્થિત થવું કેમ સંભવે છે ? આ બંધની કથામાં જ વિસંવાદ છે. આ બંધની કથા જ વિસંવાદ ઉત્પન્ન કરવાવાળી છે. જ્યારે બે દ્રવ્ય પરસ્પર મળતાં જ નથી તો બંધની વાતમાં દમ જ ક્યાં છે ?

જ્યારે આત્મા બંધાયો જ નથી તો તેનું પરસમયપણું ટકતું જ નથી. જ્યારે પરસમય નથી ત્યારે સ્વસમય કહેવું પણ ઠીક નથી; કારણ કે પરસમય તો સ્વસમયની અપેક્ષાએ કહેવામાં આવ્યું છે. એટલે સમય તો સમય જ છે, એ તો સ્વસમય કે પરસમય નથી. આ બંધની કથાએ તો આવા બે ભેદ કર્યા છે; એટલે તો બંધની કથા તો વિસંવાદ પેદા કરવાવાળી છે, દુવિધા પેદા કરવાવાળી છે.

આ વિસંવાદ મટાવવા બંધની વાત જ ન કરો. એકત્ત્વ - વિભક્ત આત્માની કથા વિસંવાદ મટાડવાવાળી છે. તો હવે તમને આ એકત્ત્વ - વિભકત આત્માની કથા સંભળાવીશ.

**સારાંશ**

અહીં એકત્ત્વનિશ્ચયગત 'સમય'નો અર્થ સ્પષ્ટ કરતાં બધા જ પદાર્થોના સંબંધમાં ચાર વાત સ્પષ્ટ કરવામાં આવી છે.

(૧) જીવાદિ બધા પદાર્થ પોતાનામાં જ મગ્ન છે, પોતાના જ ગુણ - પર્યાયોને ચુંબે છે, પરને સ્પર્શ સુધા નથી કરતાં.

(૨) તેઓ એક ક્ષેત્રાવગાહરૂપથી અત્યંત નિકટ રહેવા છતાં પોતાના સ્વરૂપથી ચ્યુત નથી થતા, પોતાના સ્વભાવને છોડતાં નથી.

(૩) પરરૂપ પરિણમન ન કરવાથી તે ટંકોત્કીર્ણની જેમ પોતાના સ્વતંત્ર વ્યક્તિત્ત્વને ધારણ કરી રહ્યા છે, એમની વ્યક્તિત્તા નષ્ટ નથી થતી.

(૪) ઉત્પાદ અને વ્યય તથા ઉત્પાદ - વ્યય અને ધ્રુવ જેવા વિરોધી સ્વભાવને એક સાથે ધારણ કરીને વિશ્વને ટકાવી રાખે છે. વિશ્વ પર ઉપકાર કરે છે.

સર્વ પદાર્થો પોતાના અંતર્મગ્ન અનંત ધર્મોના સમૂહને ચુંબે છે, સ્પર્શે છે, અડે છે, આલિંગન કરે છે તો પણ તેઓ પરસ્પર એકબીજાને સ્પર્શતા નથી, અહાહા...! એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું નથી, આત્મા કર્મને સ્પર્શતો નથી, કર્મ આત્માને સ્પર્શતું નથી. એક પરમાણુ બીજા પરમાણુને સ્પર્શતો નથી. એક પ્રદેશી પરમાણુમાં આકાશ જે અનંતપ્રદેશી સર્વવ્યાપી છે તેમાં જેટલાં (અનંત) ગુણોની સંખ્યા છે. એટલા જ ગુણોની સંખ્યા છે. તે પરમાણુ દ્રવ્ય પોતાના અનંતધર્મોના ચક્રને ચુંબે છે તો પણ બીજા પરમાણુને સ્પર્શ કરતો નથી. રૂપી રૂપીને સ્પર્શતું નથી; કારણ કે એકબીજાનો એકબીજામાં અભાવ છે. અભાવમાં ભાવનું સ્પર્શવું કેમ બને ? તેઓ (દ્રવ્યો) પરસ્પર સ્પર્શતા નથી એટલે કે એક પરમાણુ બીજા પરમાણુને, પરમાણુ આકાશને, આકાશ પરમાણુને, પરમાણુ આત્માને, આત્મા પરમાણુને, આકાશ આત્માને, આત્મા આકાશને પરસ્પર અડતા નથી. આકાશ નામનો પદાર્થ છે. તેમાં અનંત પરમાણુ રહ્યા છે. ત્યાં જ નિગોદના અનંત જીવ પડ્યા છે, પણ કહે છે કોઈ કોઈને અડતા નથી. એક નિગોદનો જીવ બીજા જીવને સ્પર્શતો નથી. આ તો ગજબ વાત છે ભાઈ !

તેથી કર્મ જીવને હેરાન કરે છે વાત ઊડી જાય છે. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. પરિચય ન હોય એટલે ઝીણું પડે, પણ બરાબર સમજવા જેવું છે. પોતે જ્ઞાનનો સમુદ્ર છે. સમજવું - સમજવું - સમજવું. પોતે સમજણનો પિંડ છે પ્રભુ !

આ પ્રમાણે સર્વ પદાર્થોનું ભિન્ન ભિન્ન એકપણું સિદ્ધ થવાથી જીવ નામના સમયને બંધની કથાથી વિસંવાદની આપત્તિ આવે છે. હવે અહીં જીવની વિશેષ વાત કરે છે. જીવ નામના સમયને કર્મના નિમિત્તથી વિભાવભાવરૂપ બંધભાવથી વિસંવાદ ખડો થાય છે, આપત્તિ આવી પડે છે. એકડે એક અને બગડે બે, બે થયા એટલે બગડ્યું. બે થયા ત્યાં બંધ થયો. એક સ્વભાવ ભાવ અને એક વિભાવભાવ એમ બે થયા એ બંધ કથાથી - બંધભાવથી વિસંવાદની આપત્તિ આવે છે. બંધ જેનું મૂળ છે એવું જે પુદ્‌ગલ - કર્મના પ્રદેશોમાં સ્થિત થવું એટલે કે વિભાવ - રાગદ્વેષ - તેમાં સ્થિત થવું તે પરસમયપણું છે. એક સમયમાં આત્મામાં વિભાવનું ઉત્પન્ન થવું તે પરસમયપણું છે. જ્ઞાનસ્વભાવી ભગવાન આત્માને સ્વભાવથી વિરુદ્ધ રાગનું ઉત્પન્ન થવું તે દ્વિવિધપણું છે. આનંદ સ્વરૂપ ભગવાન આત્મા

વિભાવમાં આવી પડે તે દુઃખરૂપ છે, તેથી તે સુંદર નથી. શોભાસ્પદ નથી.

ભગવાને આ જગતમાં છ દ્રવ્યો જોયાં છે, તે છયે દ્રવ્યો પોતપોતામાં છે; પણ જીવ નામના સમયને બંધકથાથી જ એટલે કર્મના-નિમિત્તના સંબંધના ભાવથી જ અર્થાત્ દુઃખરૂપ ભાવ હોવાથી વિસંવાદ આવે છે, એટલે કે અસત્યપણું ઊભું થાય છે.

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ સમય છે. તેને કર્મના નિમિત્તમાં સબંધની અપેક્ષા આવતાં પરિણમનમાં વિકાર ઉત્પન્ન થાય છે – એ જ વિસંવાદ છે અને દુઃખ ઉત્પન્ન કરનાર છે. સમયનું (આત્માનું) એકપણું ઉભું છે, છતાં તે એકપણામાં ઉભા ન રહેતાં (તેમાં સન્મુખ ન થતાં) કર્મના પ્રદેશમાં સ્થિત થાય છે એટલે રાગ-દ્વેષમાં એકપણું કરે છે તે પરસમયપણું છે, અને તે જ વિસંવાદ છે, દુઃખ છે, અનંત સંસારનું મૂળ છે. ભાઈ ! એ દુઃખના ઘેરાવામાં ઘેરાવાનું છે. ભલે એમ માને કે સુખી છીએ, પણ એ તો તેનો મૂઢભાવ છે.

સ્વસમયપણે પરિણમે એ તો સુંદર છે. પણ એના ઠેકાણે પરસમયપણે પરિણમન થયું ત્યાં જ એકમાં બીજી વાત ઊભી થઈ. એક જીવ નામનો સમય, તેને સ્વસમયરૂપ-પરસમયરૂપ દ્વિવિધપણું કેમ હોય ? ન જ હોય. બેપણું અનાદિથી પોતે ઉભું કર્યું છે. પોતાના આત્માને છોડીને શુભરાગ કે અશુભરાગ સાથે એકત્ત્વપણું કર્યું એ બેપણું છે, એ પરસમય છે અને પોતાના શુદ્ધ આત્મા સાથે એકત્ત્વપણે નિર્મળ પરિણમે તે સ્વસમય છે, તે સુંદર છે.

# સમયસાર ગાથા - ૪

## હવે એકત્ત્વની અસુલભતા બતાવે છે.

सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा।
एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स ॥४॥

**શ્રુત, પરિચિત, અનુભૂત સર્વને કામભોગબંધનની કથા;**
**પરથી જુદા એકત્ત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના. ॥૪॥**

**ગાથાર્થ :** સર્વ લોકને કામભોગસંબંધી બંધની કથા તો સાંભળવામાં આવી ગઈ છે, પરિચયમાં આવી ગઈ છે અને અનુભવમાં પણ આવી ગઈ છે તેથી સુલભ છે; પણ ભિન્ન આત્માનું એકપણું હોવું કદી સાંભળ્યું નથી, પરિચયમાં આવ્યું નથી અને અનુભવમાં આવ્યું નથી તેથી એક તે સુલભ નથી.

**ભાવાર્થ :** આ લોકમાં સર્વ જીવો સંસારરૂપી ચક્ર પર ચડી પાંચ પરાવર્તનરૂપ ભ્રમણ કરે છે. ત્યાં તેમને મોહ કર્મના ઉદયરૂપ પિશાચ ધોંસરે જોડે છે, તેથી તેઓ વિષયોની તૃષ્ણારૂપ દાહથી પીડીત થાય છે અને તે દાહનો ઈલાજ ઈન્દ્રિયોના રૂપાદિ વિષયોને જાણીને તે પર દોડે છે; તથા પરસ્પર પણ વિષયોનો જ ઉપદેશ કરે છે. એ રીતે કામ (વિષયોની ઈચ્છા) તથા ભોગ (તેમને ભોંગવવું) એ બે ની કથા તો અનંતવાર સાંભળી, પરિચયમાં લીધી અને અનુભવી તેથી સુલભ છે પણ સર્વ પરદ્રવ્યોથી ભિન્ન એક ચૈતન્ય ચમત્કાર સ્વરૂપ પોતાના આત્માની કથાનું જ્ઞાન પોતાને તો પોતાથી કદી થયું નહિ અને જેમને તે જ્ઞાન થયું હતું તેમની સેવા કદી કરી નહિ; તેથી તેની કથા (વાત) ન કદી સાંભળી, ન તેનો પરિચય કર્યો કે ન તેનો અનુભવ થયો. માટે તેની પ્રાપ્તિ સુલભ નથી, દુર્લભ છે.

ધ્રુવસ્વરૂપ નિત્યાનંદ પ્રભુ જે ભગવાન આત્મા તેમાં એકત્ત્વ થવું એ સુલભ નથી, કેમ કે અનંતકાળથી કર્યું નથી. માટે અસુલભ છે એટલે દુર્લભ છે. આત્મા એકલો સમજણનો પિંડ છે. ન સમજાય એવી લાયકાતવાળો નથી, સમજે એવી લાયકાતવાળો છે. માટે બુદ્ધિ થોડી, અને અમે ન સમજીએ એ વાત કાઢી નાખવી આમાં બુદ્ધિનું કામ ઝાઝું નથી, પરંતુ યથાર્થ રુચિનું કામ છે. રુચિ પલટો મારે તો ઉપયોગ પલટો માર્યા વગર રહે નહિ.

**ટીકા :** આ સમસ્ત જીવલોકને, કામભોગસંબંધી કથા એકપણાથી વિરુદ્ધ હોવાથી અત્યંત વિસંવાદી છે. (આત્માનું અત્યંત બુરું કરનારી છે) તો પણ, પૂર્વે અનંતવાર સાંભળવામાં આવી છે, અનંતવાર પરિચયમાં આવી છે અને અનંતવાર અનુભવમાં પણ

આવી ચૂકી છે. કેવો છે જીવલોક ? જે સંસારરૂપી ચક્રના મધ્યમાં સ્થિત છે, નિરંતરપણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવરૂપ અનંત પરાવર્તનોના લીધે જેને ભ્રમણ પ્રાપ્ત થયું છે, સમસ્ત વિશ્વને એકછત્ર રાજ્યથી વશ કરનાર મોટું મોહરૂપી ભૂત જેની પાસે બળદની જેમ ભાર વહેવડાવે છે, જોરથી ફાટી નીકળેલા તૃષ્ણારૂપી રોગના દાહથી જેને અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે, આકળો બની બનીને મૃગજળ જેવા વિષયગ્રામને (ઈન્દ્રિય વિષયોના સમૂહને) જે ઘેરો ઘાલે છે અને જે પરસ્પર આચાર્યપણું પણ કરે છે (અર્થાત્ બીજાને કહી તે પ્રમાણે અંગીકાર કરાવે છે), તેથી કામભોગની કથા તો સૌને સુલભ (સુખે પ્રાપ્ત) છે.

પણ નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે એવું માત્ર આ ભિન્ન આત્માનું એકપણું જ - જે સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે તો પણ કષાયચક્ર (કષાય સમૂહ) સાથે એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી અત્યંત તિરોભાવ પામ્યું છે (ઢંકાઈ રહ્યું છે). તે પોતામાં અનાત્મજ્ઞપણું હોવાથી (પોતે આત્માને નહિ જાણતો હોવાથી) અને બીજા આત્માને જાણનારાઓની સંગતિ - સેવા નહિ કરી હોવાથી, નથી પૂર્વે કદી સાંભળવામાં આવ્યું, નથી પૂર્વે કદી પરિચયમાં આવ્યું અને નથી પૂર્વે કદી અનુભવમાં આવ્યું, તેથી ભિન્ન આત્માનું એકપણું સુલભ નથી.

**સારાંશ :** અનાદિકાળથી આ આત્મા પંચેન્દ્રિયના વિષયોમાં સુખ માનતો એના સંગ્રહ અને ભોગવામાં મગ્ન છે. પુણ્યના પ્રતાપે અથવા કાળક્રમાનુસાર મનુષ્ય પર્યાય મેળવીને પણ અનાદિ અભ્યાસના કારણે આ પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં જ જોડવામાં અને ભોગવવામાં લાગ્યો છે. ધર્મના નામ પર પણ જે ભાવોમાં પુણ્ય-પાપ બંધાય છે, એ ભાવોનો જ વિચાર કરે છે, ચર્ચા કરે છે, કોઈક બાહ્યાચાર પાળી પોતાને ધર્માત્મા માની લે છે. પરંતુ રાગાદિથી ભિન્ન નિજ ભગવાન આત્માનો વિચાર નથી કરતો. એક તો આ એકત્વ - વિભક્ત ભગવાન આત્માના સ્વરૂપમાં સ્વંય કાંઈ જાણતો નથી, બીજા જે જ્ઞાની ધર્માત્મા જે ભગવાન આત્માના સ્વરૂપને ભલીભાંતિ જાણે છે - એમની સેવા નથી કરતો, એમનો સમાગમ નથી કરતો, એમની પાસે કાંઈ શીખવા - સમજવાની કોશીશ નથી કરતો અને જો એ આગળ આવી કાંઈ સંભળાવે, સમજાવે તો એમની વાત પર ધ્યાન પણ નથી આપતો. એ માટે અનંતકાળથી આ સંસારમાં ભટકી રહ્યો છે.

આત્મોપલબ્ધિ પહેલાં દેશનાલબ્ધિ આવશ્યક છે. દેશનાની પ્રાપ્તિ આત્મજ્ઞાની ધર્માત્માઓના સત્સમાગમથી જ સંભવે છે. આત્મજ્ઞપુરુષોની ઉપાસના નહીં કરવાથી એકત્ત્વ - વિભક્ત ભગવાન આત્માની પ્રાપ્તિ નથી થતી. આ ઉપાસનાનો અર્થ કોઈ પૂજા - પાઠ કરવાનું નથી, પરંતુ એમની પાસેથી પ્રીતિપૂર્વક આત્માની વાત સાંભળવાની છે,

સમજવાની છે. વાત તો શાસ્ત્રમાં લખી છે પણ તેનો મર્મ જ્ઞાનીઓના હૃદયમાં હોય છે. એટલે અહીં જ્ઞાનીઓના સત્સમાગમની વિશેષ પ્રેરણા દેવામાં આવી છે. આનો તો આ જ આશય થયો કે ગુરૂ મુખથી આત્માની વાત સાંભળવી - સ્વરૂપની સમજણ કરવી અને આત્માનુભવ માટે આત્માનો પરિચય પ્રાપ્ત કરવો.

નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે એવું આ ભિન્ન આત્માનું ભિન્નપણું જ સુલભ નથી. જુઓ, રાગથી ભિન્ન અને પરલક્ષી જ્ઞાનથી પણ ભિન્ન અને પોતાથી અભિન્ન એવા આત્માનું એકપણું, નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે. જેમ પ્રકાશમાં જ ચીજ સ્પષ્ટ દેખાય, તેમ ભેદજ્ઞાન પ્રકાશમાં જ આત્મવસ્તુ સ્પષ્ટપણે ભિન્ન દેખાય છે. નિર્મળ ભેદજ્ઞાન પ્રકાશથી આત્માનું એકપણું સ્પષ્ટ દેખવું એ મુદ્દાની વાત છે, ભાઈ ! બાકી દયા પાળો, ભક્તિ કરો, વ્રત કરો ઈત્યાદિ બધાં થોથા છે. આ બધામાં શુભરાગમાં ધર્મ માનીને રોકાઈ ગયો.

**ભાઈ ! લોકો માને છે તેનાથી માર્ગ તદ્દન જુદો છે. સમ્યગ્દર્શન અને તેનો વિષય જેનાથી જન્મ-મરણનો અંત આવે એ વાત તદ્દન જુદી છે. ભગવાનની દિવ્ય ધ્વનીનો સાર જે શુદ્ધાત્મા તે જ અભિપ્રાયમાં લેવાની અહીં વાત છે. આત્મજ્ઞાનની વાત છે.**

# સમયસાર ગાથા - ૫

## હવે ભિન્ન આત્માનું એકત્ત્વ દર્શાવે છે, નિજ વૈભવથી.

**तं एयतविहत्तं दाएहं अप्पणो सविहवेण ।**
**जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण धेत्तव्वं ॥५॥**

**દર્શાવું એક વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી**
**દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ ॥૫॥**

**ગાથાર્થ :** તે એકત્ત્વ વિભક્ત આત્માને હું આત્માના નિજ વૈભવ વડે દેખાડું છું; જો હું દેખાડું તો પ્રમાણ કરવું અને જો કોઈ ઠેકાણે ચૂકી જાઉં તો છળ ન ગ્રહણ કરવું.

**ભાવાર્થ :** આચાર્ય આગમનું સેવન, યુક્તિનું અવલંબન, પરાપર ગુરુનો ઉપદેશ અને સ્વસંવદેન - એ ચારે પ્રકારે ઉત્પન્ન થયેલ પોતાના જ્ઞાનના વૈભવથી એકત્ત્વ - વિભક્ત શુદ્ધ આત્માનું સ્વરૂપ દેખાડે છે. તેને સાંભળનાર હે શ્રોતાઓ ! પોતાના સ્વસંવેદન - પ્રત્યક્ષથી પ્રમાણ કરો; ક્યાંય કોઈ પ્રકરણમાં ભૂલું તો એટલો દોષ ગ્રહણ ન કરવો એમ કહ્યું છે. અહીં પોતાનો અનુભવ પ્રધાન છે; તેનાથી શુદ્ધ સ્વરૂપનો નિશ્ચય કરો - એમ કહેવાનો આશય છે.

**ટીકા :** આચાર્ય કહે છે કે જે કાંઈ મારા આત્માનો નિજ વૈભવ છે તે સર્વથી હું આ એકત્ત્વ - વિભક્ત આત્માને દર્શાવીશ, એવો મેં વ્યવસાય (ઉધમ. નિર્ણય) કર્યો છે. કેવો છે મારા આત્માનો નિજ વૈભવ ?

(૧) આ લોકમાં પ્રગટ સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર અને ' **स्यात्**' પદની મુદ્રાવાળો જે શબ્દબ્રહ્મ અર્હંતના પરમાગમ - તેની ઉપાસનાથી જેનો જન્મ છે.

(૨) સમસ્ત જે વિપક્ષ - અન્યવાદીઓથી ગ્રહણ કરવામાં આવેલા સર્વથા એકાંતરૂપ નયપક્ષ - તેમના નિરાકરણમાં સમર્થ જે અતિનિસ્તુષ નિર્બાધ યુક્તિ તેના અવલંબનથી જેનો જન્મ છે.

(૩) નિર્મળવિજ્ઞાનધન જે આત્મા તેમાં અંતર્નિમગ્ન પરમગુરુ - સર્વજ્ઞદેવ અને અપરગુરુ - ગણધરાદિકથી માંડીને અમારા ગુરુ પર્યંત તેમનાથી પ્રસાદરૂપે અપાયેલ જે શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ, તેનાથી જેનો જન્મ છે.

(૪) નિરંતર ઝરતો - આસ્વાદમાં આવતો, સુંદર જે આનંદ તેની છાપવાળું જે પ્રચુર

સંવેદનસ્વરૂપ સ્વસંવેદન, તેનાથી જેનો જન્મ છે. જો દર્શાવું તો પોતે જ પોતાના અનુભવ પ્રત્યક્ષ થી પરીક્ષા કરી પ્રમાણ કરવું. છલ ગ્રહણ કરવામાં સાવધાન ન થવું. અર્થની પરીક્ષા કરવી.

જગત તો રૂપિયા - પૈસા અને ધૂળ - માટીને જ વૈભવ માને છે, એટલે એ સ્પષ્ટ કરે છે એમનો વૈભવ જ્ઞાન વૈભવ છે અને એ જ્ઞાન વૈભવ મુક્તિ માર્ગના પ્રતિપાદનમાં સંપૂર્ણપણે સમર્થ છે અને એનો જન્મ (૧) આગમના સેવનથી, (૨) યુક્તિના અવલંબનથી, (૩) પરમ્પરાચાર્ય ગુરુઓના ઉપદેશથી, (૪) નિજ આત્માના અનુભવથી થયો છે. એમણે જે વાત કહી એનો આધાર જિનઆગમ - ભગવાન મહાવીરની દિવ્ય ધ્વની છે. એમનો સમયસાર ગ્રન્થાધિરાજ દિવ્ય ધ્વનીનો સાર છે. આવા સંપૂર્ણ જ્ઞાનવૈભવથી જ આચાર્ય એકત્ત્વ - વિભક્ત ભગવાન આત્માને બતાવવા માટે કટિબદ્ધ છે, કૃતસંકલ્પ છે, આ વ્યવસાયમાં બદ્ધ છે અને સન્નદ્ધ છે.

આચાર્ય કહે છે જો હું ભગવાન આત્માને બતાવી દેવાના મારા વ્યવસાયમાં સફળ થાઉં તો તુ સ્વયંના અનુભવ પ્રત્યક્ષથી પરિક્ષા કરીને પ્રમાણ કરજે, સ્વીકારજે અને જો ક્યાંક ભૂલ રહી જાય તો દોષ કાઢવારૂપ છલ ગ્રહણ કરવામાં જાગૃત નહી રહેતો. જો કદાચ ભૂલ હોય તો એ ભગવાન આત્માના સ્વરૂપમાં ભૂલની વાત નથી; આ તો કદાચ પ્રતિપાદનની ભાષાના શબ્દોમાં ભૂલ હોય.

ભગવાન કુંદકુંદાચાર્યદેવ કહે છે કે પરથી ભિન્ન અને સ્વથી એકત્ત્વરૂપ એવા આનંદમૂર્તિ ભગવાન આત્માને નિજ વૈભવ વડે દેખાડું છું. સ્વસંવેદન જ્ઞાન દ્વારા પ્રત્યક્ષ અનુભવ કરી પ્રમાણ કરજે. આ આત્મા પૂર્ણાનંદનો નાથ સ્વભાવથી એકત્ત્વપણે છે, રાગથી વિભક્ત છે. તેને તું સ્વસંવેદન જ્ઞાનની પર્યાય દ્વારા જાણ.

પૂર્ણાનંદનો નાથ અભેદ વસ્તુ છે. એનો સ્વીકાર તે પર્યાય છે. પર્યાય તેનો સ્વીકાર કરે છે કે આ નિજ પરમાત્મા છે.

આ બૈરી-છોકરાં, પૈસા-મકાન, ધન-દૌલત એ આત્માનો વૈભવ નથી. અંદર પુણ્ય-પાપના વિકારીભાવ એ પણ આત્માનો વૈભવ નથી. ત્રિકાળી જ્ઞાયક ધ્રુવના અવલંબને મારી નિર્મળ પર્યાયમાં મને જે વીતરાગતા પ્રગટ થઈ છે એ જ મારો નિજ વૈભવ છે. તે મારા અનુભવના સર્વ વૈભવથી હું આ સ્વભાવથી એકત્ત્વ અને વિભાવથી વિભક્ત એવો ભગવાન આત્મા દર્શાવીશ એવો મેં નિશ્ચય કર્યો છે. સ્વથી એકત્ત્વ અને પરથી પૃથક એવો ભગવાન આત્મા મારા નિજ વૈભવથી બતાવીશ. આચાર્યદેવ અહીં જગત સમક્ષ જાહેર કરે છે કે અમને નિજ વૈભવ પ્રાપ્ત થવામાં યથાર્થ નિમિત્તનું બરાબર જ્ઞાન થયું છે.

**ભાવાર્થ ઉપર પ્રવચન :**

આચાર્યદેવ ચાર પ્રકારે ઉત્પન્ન થયેલ પોતાના જ્ઞાનના નિજ વૈભવથી એકત્વ - વિભક્ત શુદ્ધ આત્માનું સ્વરૂપ દેખાડે છે.

(૧) અમે આગમનું સેવન કર્યું છે. ભગવાન સર્વજ્ઞદેવથી પરંપરાએ ચાલી આવેલી જે જિનવાણી તેની સેવા કરવાથી અમને જ્ઞાન વૈભવ પ્રગટ થયો છે. બીજી રીતે કહીએ તો અમને સમ્યગ્દર્શનાદિ પામવામાં પરંપરા સર્વજ્ઞદેવની વાણીનું નિમિત્ત છે. અજ્ઞાનીના વાણીના નિમિત્તથી સમ્યગ્દર્શન થાય એમ કદીય બનતું નથી. અન્ય સંપ્રદાયના આગમ એ વીતરાગની વાણી નથી. આવી વાતથી કોઈને દુઃખ થાય પણ સત્ય વસ્તુ આ છે. સર્વજ્ઞથી પરંપરા સનાતન સત્ય દિગંબર પંથ ચાલ્યો આવે છે તે જ સત્ય છે. સમ્યગ્દર્શનમાં નિર્ગ્રંથ દિગંબર ગુરુની જ વાણી નિમિત્ત બને છે. કોઈ પ્રત્યે વેરવિરોધની આ વાત નથી પરંતુ જે દ્રષ્ટિ વિપરીત હોય તેનું જ્ઞાન યથાર્થ કરવું જોઈએ.

(૨) હવે કહીએ છીએ અમે યુક્તિનું અવલંબન લીધું છે. તેથી વીતરાગ દેવ શું કહે છે અને વિરોધી અન્યવાદીઓ શું કહે છે તેના યુક્તિના અવલંબનથી નિર્ધાર કર્યો છે. સત્ય શું છે તેનો યુક્તિ દ્વારા અમે સાચો નિર્ણય કર્યો છે.

(૩) પરંપરા ગુરુનો ઉપદેશ અમને મળ્યો છે. સર્વજ્ઞદેવ પરમગુરુ અને ગણધરાદિક અપરગુરુ- તેમના પ્રસાદરૂપ ઉપદેશના નિમિત્તે અમારો આત્મવૈભવ અમને પ્રગટ થયો છે.

(૪) અમને અતિન્દ્રિય આનંદની છાપવાળું પ્રચુર સ્વસંવેદન થવાથી, જ્ઞાયક જે ધ્રુવસ્વરૂપ તેના પ્રત્યક્ષ અનુભવ દ્વારા જ્ઞાન વૈભવ પ્રગટ થયો છે.

એમ ચાર પ્રકારે ઉત્પન્ન થયેલ પોતાના જ્ઞાનના વૈભવથી હું એકત્વ - વિભક્ત શુદ્ધ આત્માનું સ્વરૂપ દેખાડું છું તેને હે શ્રોતાઓ ! પોતાના સ્વસંવેદન પ્રત્યક્ષથી પ્રમાણ કરજો.

ક્યાંય કોઈ પ્રકરણમાં ભૂલું તો દોષ ગ્રહણ ન કરશો. અહીં અનુભવની પ્રધાનતા છે તેના વડે શુદ્ધ સ્વરૂપનો નિશ્ચય કરો એમ આશય છે.

આવા અનુભવથી વસ્તુનો નિશ્ચય કરવાની પ્રધાનતા છે. શાસ્ત્રના બહિર્લક્ષી જ્ઞાનનું અહીં કામ નથી.

ધર્મનો પંથ - અનુભવનો પંથ જગતથી કાંઈ જુદો છે.

**સારાંશ**

(૧) અંદર આત્મા સત્ ચિદાનંદ પ્રભુ સિદ્ધ સમાન બિરાજે છે.

*''ચેતનરૂપ અનૂપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરૌ,*
*મોહ મહાતમ આતમ અંગ, કિયો પર સંગ મહાતમ ઘેરૌ.''*

આત્મા ચૈતન્યરૂપ આનંદઘન છે. આત્મા શરીર, મન, વાણીથી તો ભિન્ન છે, પણ પર્યાયમાં દયા, દાન, ભક્તિ આદિના વિકલ્પ ઊઠે છે એનાથી પણ ભિન્ન છે અને પોતાના સ્વભાવથી અભિન્ન છે. એવા આત્મામાં અંતર્નિમગ્ન થતાં જે અનુભવ પ્રગટ થાય છે તે સમ્યગ્દર્શનાદિ ધર્મ છે. તે જ મોક્ષ માર્ગ છે.

(૨) અરે ! અનંતકાળથી ચોરાસીના અવતાર કરતાં કરતાં નવમી ગ્રૈવેયકના ભવ પણ અનંત કર્યા. અનંતવાર નગ્ન દિગંબર મુનિ થયો. બાર બાર મહિનાના ઉપવાસ આદિ ક્રિયાકાંડ કરીને નવમી ગૈવેયક ગયો. પરંતુ અંતર અનુભવપૂર્વક વસ્તુતત્વને પ્રમાણ કર્યું નહીં. રાગની ક્રિયાથી મારી ચીજ ભિન્ન છે એવું ભાન કર્યું નહીં. તેથી આનંદનો સ્વાદ આવ્યો નહીં. ભવચક્ર ઊભું જ રહ્યું.

(૩) શુદ્ધ ઉપયોગરૂપ ધર્મ શું છે ?

(૧) ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ જે ધ્રુવ તેના અવલંબનથી શુદ્ધોપયોગરૂપ ધર્મ પર્યાયમાં પ્રગટ થાય છે.

(૨) પૂર્ણ શુદ્ધતા ભલે હજી ન હો, પણ જ્યાં પૂર્ણાનંદ શુદ્ધને ધ્યેય બનાવી પર્યાય પ્રગટી ત્યાં શુદ્ધોપયોગરૂપ ધર્મ હોય છે.

(૩) શુદ્ધ ઉપયોગ જે ત્રિકાળ છે - તેને સાધન કરતાં પર્યાયમાં શુદ્ધ ઉપયોગરૂપ ધર્મ પ્રગટ થાય છે. શુદ્ધનું આલંબન, શુદ્ધનું ધ્યેય અને શુદ્ધનું સાધકપણું હોવાથી શુદ્ધપયોગરૂપ વીતરાગી પર્યાય પ્રગટ થાય છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ વીતરાગી પર્યાય છે. એ જ ધર્મ છે.

(૪) *અનુભવ ચિંતામનિ રતન, અનુભવ હૈ રસકૂપ,*
*અનુભવ મારગ મોખ કૌ, અનુભવ મોખસ્વરૂપ.*

અંતરમાં જ 'શુદ્ધ, બુદ્ધ, ચૈતન્ય ઘન, સ્વયંજ્યોતિ સુખધામ' એવો આત્મા બિરાજે છે તેનો સ્વાનુભવ પ્રત્યક્ષથી નિશ્ચય કરજે, તેથી તને સુખ થશે, મોક્ષ થશે. **ધર્મ તો આત્મ-અનુભવની ચીજ છે.**

(૫) *વસ્તુ વિચારત ધ્યાવતૈ, મન પામે વિશ્રામ;*
*રસસ્વાદ સુખ ઉપજૈ, અનુભવ તાકો નામ.*

**વસ્તુ આત્મા જે અતિન્દ્રિય આનંદનો નાથ છે તેનો વિચાર કરી ધ્યાવતાં મન શાંત થઈ જાય ત્યારે અતિન્દ્રિય આનંદના રસનો સ્વાદ આવે તેને આત્મ-અનુભવ કહે છે, તે સમ્યગ્દર્શન છે - ધર્મ છે.**

# સમયસાર ગાથા - ૬

## એવો શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ ?

ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो ।
एवं भणंति सुद्धं णादो जो सो दु सो चेव ॥६॥

**નથી અપ્રમત કે પ્રમત નથી જે એક જ્ઞાયક ભાવ છે,**
**એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ॥૬॥**

**ગાથાર્થ :** જે જ્ઞાયક ભાવ છે તે અપ્રમત પણ નથી અને પ્રમત પણ નથી, એ રીતે એને શુદ્ધ કહે છે; વળી જે જ્ઞાયકપણે જણાયો તે તો તે જ છે, બીજો કોઈ નથી.

**ટીકા :** જે પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી (કોઈથી ઉત્પન્ન થયો નહિ હોવાથી) અનાદિ સત્તારૂપ છે, કદી વિનાશ પામતો નહિ હોવાથી અનંત છે, નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી ક્ષણિક નથી અને સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે એવો જે જ્ઞાયક એક 'ભાવ' છે, તે સંસારની અવસ્થામાં અનાદિ બંધપર્યાયની નિરૂપણાથી (અપેક્ષાથી) ક્ષીર નીરની જેમ કર્મપુદ્ગલો સાથે એકરૂપ હોવા છતાં, દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો દુરંત કષાયચક્રના ઉદયની (કષાય સમૂહના અપાર ઉદયોની) વિચિત્રતાના વશે પ્રવર્તતા જે પુણ્ય - પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભ - અશુભ ભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી (જ્ઞાયક ભાવથી જડ ભાવરૂપ થતો નથી), તેથી પ્રમત પણ નથી અને અપ્રમત પણ નથી; તે જ સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો 'શુદ્ધ' કહેવાય છે.

વળી દાહ્યના (બળવા યોગ્ય પદાર્થના) આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે. તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી, તેવી રીતે જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે, તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી; કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો તે સ્વરૂપ પ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં પણ, દીવાની જેમ, કર્તા - કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે - પોતે જાણનારો માટે પોતે કર્તા અને પોતાને જાણ્યો માટે પોતે જ કર્મ. જેમ દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાં પણ દીપક જ છે, અન્ય કાંઈ નથી; તેમ જ્ઞાયક સમજવું. પ્રમત નથી અને અપ્રમત નથી - જે એક જ્ઞાયકભાવ છે.

સ્વભાવથી એકત્ત્વ અને રાગથી વિભક્ત એવો જે શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા છે, તે આત્મા કોણ છે, કેવો છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ ?

અહા ! અંદર જે પૂર્ણાનંદનો નાથ પ્રભુ શુદ્ધ આત્મા છે, વિકલ્પના વિકારથી તદ્દન જુદો છે અને પોતાના પરિપૂર્ણ સ્વભાવથી એકત્ત્વ અથવા અભેદ છે. તો એવો તે શુદ્ધાત્મા છે કોણ કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ ?

અહીં કહ્યું છે (૧) નથી અપ્રમત કે પ્રમત નથી
(૨) જે એક જ્ઞાયકભાવ છે
(૩) એ રીતે શુદ્ધ કહે છે
(૪) જે જ્ઞાત (જ્ઞાયક પણ જણાયો) તે તો તે જ છે.

**પ્રથમ પદ : અપ્રમત નથી કે નથી પ્રમત**

જે જ્ઞાયક ભાવ છે તે અપ્રમત પણ નથી અને પ્રમત પણ નથી. ચૌદ ગુણસ્થાનકમાં સાતમા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાન સુધીને અપ્રમત કહે છે. જ્યારે પહેલા ગુણ સ્થાનકથી છઠ્ઠા સુધી પ્રમત કહે છે.

અપ્રમત એટલે આત્મા વિષે પ્રમાદ રહિત જાગૃત દશા તે સાતમું ગુણસ્થાનક. શુભ-અશુભ બંને ભાવો પ્રમત ભાવ છે અને એના અભાવમાં થવાવાળા નિર્મળભાવ, શુદ્ધભાવ અપ્રમતભાવ છે.

જે જ્ઞાયકભાવ છે તે અપ્રમત પણ નથી અને પ્રમત પણ નથી. એ રીતે એને શુદ્ધ કહે છે. પોતે જે શુદ્ધ વસ્તુ છે તે પરથી ભિન્ન, સ્વથી અભિન્ન છે. તે શુભાશુભ રૂપે થઈ જ નથી, જે જ્ઞાયક ભાવ છે તે વસ્તુસ્વરૂપ છે અને તે શુભાશુભ ભાવપણે થયેલ જ નથી કારણ કે શુભાશુભ ભાવો તો જડ છે. તેમાં ચૈતન્યનો અભાવ છે. માટે જો એ જ્ઞાયક સ્વરૂપ શુભાશુભભાવ પણે થાય તો જડ થઈ જાય, જુઓ અહીં એકત્ત્વ - વિભક્ત સિદ્ધ કર્યું છે.

અહા ! એ જ્ઞાયકભાવ શુભાશુભથી ભિન્ન છે. એટલે કે જ્ઞાયકભાવ શુભાશુભ ભાવપણે થયો જ નથી. કારણ કે તે શુભાશુભ પણે થાય તો અપ્રમત - પ્રમત રૂપે પણ થઈ જાય, પણ એમ બનતું નથી. એ તો જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે; જ્યારે શુભાશુભ તો અચેતન છે. તેમાં જ્ઞાનનો અંશ નથી. માટે તે રૂપે જ્ઞાયક કેમ થાય ?

અહાં ! શુભાશુભ ભાવરૂપે જ્ઞાયક થયો નથી એટલે તે તેનાથી પૃથક જ રહ્યો છે તેથી અપ્રમત-પ્રમત નથી. આ તો પ્રમત અને અપ્રમતથી પર ગુણસ્થાનાતીત છે.

જો કે સિદ્ધ પણ ગુણસ્થાનાતીત છે, તો પણ અહીંયા સિદ્ધ પર્યાયની વાત નથી; અહીંયા તો ગુણસ્થાનોમાં રહેવા છતાં પણ જે જ્ઞાયકભાવ ગુણસ્થાનક રૂપ નથી થતો તેની વાત છે. આ જ્ઞાયકભાવ સિદ્ધ નથી કે સંસારી નથી, આ તો સંસારી અને સિદ્ધ- બેઉ અવસ્થામાં સમાનરૂપ ગુણસ્થાનાતીત છે. આમાં ન ગુણસ્થાનક રૂપ અવસ્થા કે ન તો

ગુણસ્થાનકના અભાવરૂપ અવસ્થા, આ અવસ્થારૂપ જ નથી, આ તો ત્રિકાળી ધ્રુવ સ્વભાવરૂપ ભાવ છે. આ પર્યાય સ્વભાવની વાત નથી, દ્રવ્ય સ્વભાવની વાત છે.

જો કે અનાદિ બંધપર્યાયની અપેક્ષા આ જ્ઞાયકભાવ સંસાર અવસ્થામાં પુદ્ગલકર્મોની સાથે દૂધ-પાણીની જેમ એકમેક થઈ રહ્યો છે, પરંતુ જ્યારે દ્રવ્ય સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો શુભાશુભ ભાવોનાં સ્વભાવરૂપ પરિણમિત ન હોવાથી તે પ્રમત પણ નથી અને અપ્રમત પણ નથી.

જેનો અંત અત્યંત કઠિન છે, એવા વિભિન્ન પ્રકારના કષાયોના ઉદયને વશ થઈને, પુણ્ય-પાપને ઉત્પન્ન કરવાવાળા જે અનેક પ્રકારના શુભાશુભ ભાવ થાય છે, એમના સ્વભાવરૂપ આ ભગવાન આત્મા પરિણમિત નથી થતો; એટલા માટે આ પ્રમત પણ નથી અને અપ્રમત પણ નથી. આ દ્રવ્ય સ્વભાવની વાત છે.

શુભાશુભના સ્વભાવરૂપ પરિણમિત થવું એક પ્રકારથી જડરૂપ પરિણમિત થવું જ છે, કારણ કે આ પરિણમન જડ કર્મના ઉદયને વશ હોય છે. આ જ્ઞાયકભાવ એ શુભાશુભ ભાવરૂપ પરિણમિત નથી થતો. આ કારણ આ પ્રમત પણ નથી અને અપ્રમત પણ નથી. જ્ઞાયકભાવ ન તો મલિન ભાવોરૂપ જ છે, ન પર્યાયગત નિર્મળ ભાવરૂપ, કારણ કે તે પરિણમનરૂપ જ નથી, એ તો અપરિણામી તત્ત્વ છે.

અહા ! જ્ઞાયકભાવ કે જે એકરૂપ વસ્તુ છે તે શુભાશુભ ભાવરૂપે થઈ નથી તેથી અપ્રમત-પ્રમત એવા ગુણસ્થાનકના ભેદો જ્ઞાયકભાવમાં નથી. એટલે કે ચૈતન્યની એકરૂપરસ-જાણક સ્વભાવની એકરૂપરસ - બીજારૂપે એ શુભાશુભ ભાવ પણે થયો નથી. ચૈતન્ય રસ, જ્ઞાયકરસ - અચેતનના શુભાશુભભાવો પણે થતો નથી. જ્ઞાયક અસ્તિત્ત્વરસ કે જેની હયાતી જ્ઞાયક - સ્વભાવરૂપ છે તે શુભાશુભપણે થતો નથી - અર્થાત્ શુભાશુભભાવથી તે પૃથ્થક છે - કારણ કે તે જ્ઞાયકભાવે જ રહ્યો છે. માટે તેને પ્રમત - અપ્રમત એવા ભેદ લાગુ પડતા નથી. અપ્રમત તે અશુદ્ધ પરિણામ ? હા, કેમ કે તે ભેદ છે ને ! કેવળ જ્ઞાનનું તેરમું ગુણસ્થાન પણ આત્મામાં નથી - અરે, ચૌદમું ગુણસ્થાન પણ આત્મામાં નથી, કેમ કે તે તો ભેદ છે ને ! તેમ જ તે દરેકમાં ઉદય ભાવ છે ને ! એ જ્ઞાયકભાવ શુભાશુભપણે થયેલ નથી તેથી તે અપ્રમત-પ્રમત નથી અને તેથી તે ગુણસ્થાનકના ભેદરૂપ થયેલ નથી.

અનાદિ અનંત અને એકરૂપ એવો જે જ્ઞાનરસમય ચૈતન્યધામ અને ચૈતન્યરસકંદમય પ્રભુ આત્મા છે તે કોઈ દિ શુભાશુભભાવપણે થયેલ નથી અને **તે દ્રષ્ટિનો વિષય છે** તેમજ તે જ્ઞાયકને અહીંયા ભૂતાર્થ છતો પદાર્થ કહ્યો છે. અહીં જ્ઞાયકભાવ... જ્ઞાયકભાવ... જ્ઞાયકભાવ... એમ ધ્રુવ પ્રવાહરૂપ છે. ચૈતન્યપૂરના ધ્રુવપ્રવાહરૂપ છે. પાણીનું પૂર એક

સપાટીએ ચાલે છે, જ્યારે આ પૂર ધ્રુવ - ધ્રુવ ઊર્ધ્વ ઊર્ધ્વ ચાલે છે.

જે પ્રમત-અપ્રમતના ભેદ છે તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે. એ સર્વ ગુણસ્થાનો અશુદ્ધ નયની કથનીમાં છે. શુદ્ધ નયથી આત્મા જ્ઞાયક જ છે. ભગવાન આત્મા આ સઘળી અપ્રમત-પ્રમત એવી પર્યાયોના ભેદથી રહિત શુદ્ધ નય સ્વરૂપ એક જ્ઞાયકભાવ છે. **જે દ્રષ્ટિનો વિષય છે. અર્થાત્ સમ્યગ્દર્શનનો વિષય છે. તે આ જ્ઞાયકભાવ અપ્રમત નથી અને પ્રમત પણ નથી; એ રીતે એને શુદ્ધ કહેવાય છે.**

આ અપરિણામી જ્ઞાયકભાવ અન્ય દ્રવ્યો અને એમના ભાવોથી ભિન્ન ઉપાસીત થતો થકી શુદ્ધ કહેવાય છે.

**બીજું પદ : જ્ઞાયકભાવ**

જે પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી અનાદિ સત્તારૂપ છે. જ્ઞાયકભાવ ધ્રુવ પોતે પોતાથી જ હોવાપણે છે. કોઈ ઈશ્વરે તેને ઉત્પન્ન કર્યો છે એમ નથી, તેથી અનાદિ સત્તાસ્વરૂપે છે. એટલે એને અનાદિથી હોવાપણું છે, એનું હોવાપણું કાંઈ નવું નથી. વળી, કદી વિનાશ પામતો નથી માટે અનંત છે. એનો ભવિષ્યમાં નાશ થશે એમ કદીય બનવું સંભવીત નથી તેથી અનંત છે. આમ, આદિઅંત રહિત ધ્રુવ જ્ઞાયકભાવ અનાદિ- અનંત સત્તારૂપ છે. આ પર્યાય વિનાના ધ્રુવની વાત છે હો; પર્યાય તો વિનાશક છે. આ તો ત્રિકાળી જ્ઞાયકભાવ જે ચૈતન્ય પ્રકાશના નૂરના પૂરથી ભરેલો ભગવાન આત્મા છે. તે અનાદિ - અનંત અવિનાશી ચીજ છે. વર્તમાનમાં - વર્તમાનપણે પોતે કાયમ રહેનારો ત્રિકાળ છે. સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. પરની અપેક્ષા રાખ્યા વિના પોતે પોતાને જ્ઞાનમાં સ્પષ્ટ પ્રત્યક્ષ જણાય એવી ચૈતન્ય જ્યોતિ પોતે છે. એવો જે જ્ઞાયક એક 'ભાવ' છે. એક સ્વરૂપ છે. ઉપશમભાવ, ક્ષાયિકભાવ આદિ પર્યાયભાવો તો અનેક છે. આ તો ત્રિકાળ એકરૂપ, સદ્દશ - સદ્દશ, સામાન્ય જ્ઞાયક પોતે એક ભાવ છે. તે સંસારની અવસ્થામાં અનાદિ બંધ પર્યાયની નિરૂપણાથી ક્ષીરનીરની જેમ કર્મપુદ્ગલો સાથે એકરૂપ છે. આ પર્યાયની વાત છે. સંસારની અવસ્થામાં અનાદિ બંધ પર્યાયની અપેક્ષાથી કર્મપુદ્ગલો સાથે દૂધ અને પાણીની જેમ એક ક્ષેત્રાવગાહ સંબંધ છે. ખરેખર, દૂધ દૂધપણે અને પાણી પાણીપણે છે. તે જ્ઞાયક તે જ્ઞાયકપણે અને કર્મપુદ્ગલો પુદ્ગલપણે છે, પણ બંને વચ્ચે એક સમયની પર્યાય પુરતો નિમિત્ત - નૈમિત્તિક સંબંધ છે.

આ રીતે કર્મપુદ્ગલો સાથે એકરૂપ છે, છતાં દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો દુરંત કષાયચક્રના ઉદયની વિચિત્રતાના વશે પ્રવર્તતા જે પુણ્ય - પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભ-અશુભભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી.

શુભાશુભભાવમાં જ્ઞાયકપણું નથી. શુભ - અશુભ ભાવ એ રાગાદિરૂપ અચેતન છે, તેમાં જ્ઞાનનો અંશ નથી. રાગાદિ પોતાને જાણતા નથી અને પરને પણ જાણતા નથી. આ હું એક જ્ઞાયક શુદ્ધ છું એમ અંતર સન્મુખ, થઈ જેણે જ્ઞાયકને જાણ્યો - અનુભવ્યો તેને મુક્તિનાં કહેણ મળી ગયાં જ સમજો. દ્રવ્યથી - સામાન્ય, ક્ષેત્રથી - અભેદ, કાળથી નિત્ય, ભાવથી એક છે.

**ત્રીજું પદ : શુદ્ધ છે.**

પરપદાર્થો અને એના ભાવોથી ભિન્ન હોવાને કારણે આ જ્ઞાયકભાવ સદા શુદ્ધ જ છે, તથા પણ જ્યાં સુધી આ જ્ઞાયકભાવ આપણા શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનો વિષય ન બને, અનુભૂતિમાં ન આવે, ત્યાં સુધી શુદ્ધ હોવાનો લાભ પર્યાયમાં નથી થતો, આત્મામાં અતીન્દ્રિય આનંદની કણિકા નથી જાગતી, મિથ્યાત્ત્વગ્રંથીનો ભેદ નથી થતો. એટલે એવું કહેવામાં આવ્યું છે કે એ પરભાવોથી ભિન્ન ઉપાસિત થતો શુદ્ધ કહેવાય છે.

પરદ્રવ્યો અને એના ભાવોથી ભિન્ન ભગવાન આત્મા શુદ્ધ તો છે પણ કોને? જેણે જાણ્યો એને. આત્માના અનુભવ કર્યા વગર જો એમ જ કોઈ શુદ્ધ શુદ્ધ કહ્યા કરે તેને જ્ઞાયકભાવના શુદ્ધ હોવાનો લાભ પ્રાપ્ત થતો નથી. જ્ઞાયકભાવ તો સદા શુદ્ધ જ છે, પરંતુ પર્યાયમાં શુદ્ધતા એના અનુભવથી જ આવે છે.

આ રીતે આ જ્ઞાયકભાવ પ્રમત-અપ્રમત નથી, ગુણસ્થાનાતીત છે, પરદ્રવ્ય અને એના ભાવોથી સર્વથા ભિન્ન છે. પરની સાથે એનો કાંઈ પણ સંબંધ નથી, આ કારણથી એ પરથી ભિન્ન અનુભવમાં આવતો થકો શુદ્ધ કહેવાય છે.

જ્ઞાયક ભાવમય આત્મા છે. તો ત્રિકાળ શુદ્ધ પણ જે અન્ય દ્રવ્યના ભાવનું લક્ષ છોડીને સ્વદ્રવ્યની પર્યાયમાં તેનું સેવન કરે છે, ત્યારે તેને શુદ્ધ કહેવાય છે. તેનો અર્થ એ થયો કે અન્ય દ્રવ્યના ભાવથી લક્ષ છૂટયું એટલે સ્વદ્રવ્યના તરફ ઉપાસના થઈ. એટલે વિકારનું લક્ષ પણ તેમાં સાથે છૂટી ગયું. **આ તો મૂળ દર્શનશુદ્ધિની વ્યાખ્યા છે.**

અહા ! મૂળ રકમ છે. એ પવિત્ર અને શુદ્ધરૂપ જ્ઞાયક છે. અર્થાત્ છે એ તો છે પણ એ 'છે' તે કોના ખ્યાલમાં આવે? 'છે' તે કોને પ્રતિતમાં આવે? 'છે' એનું જ્ઞાન કોને થાય? કે જે અન્ય દ્રવ્ય અને અન્ય દ્રવ્યના ભાવનું લક્ષ છોડે. અર્થાત્ અન્ય દ્રવ્યના ભાવમાં જે અસ્તિત્વપણાનું જોર છે તેને છોડે અને અન્ય દ્રવ્યના ભાવથી લક્ષ છૂટયું, એટલે તેની પર્યાય અંતરમાં ચૈતન્યમય જ્ઞાયકભાવ તરફ ગઈ અને તે પર્યાયે તેનું સેવન કર્યું, જે વર્તમાન જ્ઞાન ને શ્રદ્ધાની પર્યાય છે. તે પર્યાયે પરનું લક્ષ છોડીને સ્વચૈતન્યના જ્ઞાયકભાવનું જ્યાં લક્ષ કર્યું ત્યાં પર્યાયમાં શુદ્ધતાનું સેવન થયું એટલે કે શુદ્ધતામાં એકાગ્રતા થઈ અને એકાગ્રતા

થઈ ત્યારે તેમાં જણાયું કે આ શુદ્ધ છે. અહા ! જે સ્વયં જ્યોતિ સુખધામ છે, ચૈતન્યધામ છે એવા પ્રભુ આત્માનું સેવન કરતા એટલે કે પરનો આશ્રય તેમજ લક્ષ છોડી દઈને સ્વચૈતન્ય જ્ઞાયકભાવનું લક્ષ કરતાં એટલે કે તેની પર્યાયમાં તેના તરફનું વલણ થાય ત્યારે અને તો જ એ પર્યાયમાં દ્રવ્યનું સેવન થયું કહેવાય. વસ્તુ તો શુદ્ધ છે પણ તેને ભિન્નપણે ઉપાસવામાં આવતાં શુદ્ધ કહેવાય છે. જેને પર્યાયમાં શુદ્ધપણું જણાણું છે, શુદ્ધ દશામાં આ શુદ્ધ છે એમ જેને જણાણું છે તેને શુદ્ધ કહેવાય છે.

અહા ! એક કોર ભગવાન જ્ઞાયકભાવ અને બીજી કોર બીજાં બધા અનંત દ્રવ્યો. અનાદિથી એમના પ્રત્યે લક્ષ છે અને જ્ઞાયકભાવ પ્રત્યે લક્ષ છૂટી ગયું છે તેથી તેની પર્યાયમાં આ જ્ઞાયકભાવ શુદ્ધ છે એવી દૃષ્ટિ તો થઈ નથી. અન્ય દ્રવ્યના ભાવ અને અન્ય દ્રવ્યથી જ્ઞાયકભાવને જુદો પાડતા એટલે કે સ્વદ્રવ્ય પર લક્ષ જતાં વર્તમાન પર્યાયમાં શુદ્ધતા થાય છે. એટલે સ્વદ્રવ્ય ઉપર લક્ષ ગયું એ શુદ્ધતા છે અને એ શુદ્ધતા દ્વારા 'આ જ્ઞાયકભાવ શુદ્ધ છે.' એમ જણાય છે તથા ત્યારે તેને માટે તે શુદ્ધ છે, પરંતુ જેને 'એ શુદ્ધ છે' એમ જણાણું નથી અને પર્યાયમાં જેને અશુદ્ધતા જ જણાય છે તથા અશુદ્ધતા ઉપર જ જેનો અનુભવ છે એટલે કે પર્યાય ઉપર જેની રુચિ અને દૃષ્ટિ છે તેને તો તે શુદ્ધ છે નહીં. વસ્તુ ભલે શુદ્ધ છે તો પણ તેને માટે તે શુદ્ધ છે નહીં.

તો કહે છે કે જ્ઞાયક છે તે જ એટલે જે ત્રિકાળ જ્ઞાયક સ્વરૂપ છે, જેમાં કોઈ પર્યાય નથી. જેમાં શુભાશુભભાવ નથી તેમજ જેમાં પ્રમત અપ્રમતના ભેદ નથી એવી ચીજ છે તે છે. જ્યારે અન્ય દ્રવ્યનો ભાવ તો અંદર જે કર્મનો ઉદયભાવ છે તે છે પછી ભલેને તીર્થંકર નામ કર્મનો ઉદય હોય પણ તે બધા ભાવો અનેરા છે. પોતે જ્ઞાયક આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ છે. ચૈતન્ય ચંદ્ર છે અર્થાત્ વસ્તુ જિનસ્વરૂપી છે. પણ જેનો અભિપ્રાય રાગનો અને પરનો છે અર્થાત્ જેને રાગ અને પરની રુચિ છે એવા રુચિવાળાને આ વસ્તુ જિનસ્વરૂપી છે, તો પણ, તેની ખબર નથી. અહા ! આ વસ્તુ છે તો જિનસ્વરૂપ એટલે કે છે તો શુદ્ધ. અરે તેને શુદ્ધ કહો, જિનસ્વરૂપ કહો, જ્ઞાયક કહો, ધ્રુવ કહો, અભેદ કહો, સામાન્ય કહો, એક જ છે. આવી ચીજ સમીપમાં હોવા છતાં અજ્ઞાનીને તેની ખબર નથી. જ્ઞાનની જાણવાની જે એક સમયની પર્યાય છે તે પર્યાયની સમીપ જ અનાકુળ આનંદનો નાથ ભગવાન આત્મા-આખી ધ્રુવ ચીજ, પ્રભુ આત્મા પડ્યો છે.

**ચોથું પદ : વળી જે જ્ઞાયકપણે જણાયો તે તો તે જ છે, બીજો કોઈ નથી.**

અહીં જ્ઞાયકને જાણનાર પર્યાયની વાત કરી. જ્ઞાયકને જાણનારી પર્યાય જ્ઞાયકની પોતાની જ છે, એ પર્યાયનો કર્તા પોતે જ છે. જ્ઞાનની પર્યાય તે અન્ય જ્ઞેયનું કાર્ય છે, વા

નિમિત્તનું કાર્ય છે એમ નથી. પોતે જ્ઞાયકભાવ જે પર્યાયમાં જણાયો તેમાં ભલે જ્ઞેયનું જ્ઞાન હોય, પણ એ જ્ઞાન જ્ઞેયનું કાર્ય નથી, પોતાનું કાર્ય છે.

હવે અગ્નિના દાખલાથી સમજાવ્યું છે. દાહ્ય એટલે બળવા યોગ્ય પદાર્થના આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે. છાણાં, લાકડાં વગેરેને દાહ્ય કહેવાય છે. અગ્નિ તેના આકારે થાય છે તેથી અગ્નિને દહન કહેવાય છે. તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. બળવા યોગ્ય પદાર્થના આકારે અગ્નિ થયો એ પોતે પોતાના પરિણમનની લાયકાતથી થયો છે. તેના આકારે થયો માટે અગ્નિ પરાધીન છે એમ નથી. છાણાના આકારે અગ્નિ પરિણમ્યો તેથી તેને અશુદ્ધતા નથી. સ્વયં અગ્નિ તેવાં આકારરૂપે પરિણમ્યો છે, દાહ્યના આકારે પરિણમતો અગ્નિ દાહ્યના કારણે નહીં, પણ સ્વયં પોતાના કારણે તેવા આકારે પરિણમે છે. આ તો દૃષ્ટાંત થયું, હવે સિદ્ધાંત કહે છે.

જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ' ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. જેવો રાગ હોય, પુણ્ય-પાપના ભાવ હોય તેને તે સ્વરૂપે જ જ્ઞાન જાણે, શરીર, મન, વાણી, રાગ આદિ જ્ઞાનમાં જણાય તે કાળે જ્ઞાન જ્ઞેયાકારે પરિણમે છે, છતાં જ્ઞેયના કારણે જ્ઞાન જ્ઞેયાકાર થાય છે એવી પરાધીનતા નથી. જાણનાર જ્ઞેયાકારોના જ્ઞાનપણે પરિણમે તેથી તેને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે, તો પણ જ્ઞેય પદાર્થોના કારણે જ્ઞાન પરિણમ્યું છે એમ નથી. જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. પરના કારણે જ્ઞાન જ્ઞેયાકારરૂપ થાય છે એમ નથી, પરંતુ પોતાની પરિણમન યોગ્યતાથી પોતાનો જ્ઞાન-આકાર પોતાથી થયો છે.

જ્ઞાયક, જે જ્ઞેયો પર છે તેનો જાણનાર છે, પરજ્ઞેયો જેવા હોય તે આકારે જ્ઞાનનું પરિણમન થાય છે, તો પરની અપેક્ષાથી જ્ઞાનનું પરિણમન અશુદ્ધ થયું કે નહીં ? તો કહે છે ના, કેમકે રાગાદિ જ્ઞેયાકારની અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ જ્ઞાયક જ છે. જેમ દાહકૃત અશુદ્ધતા અગ્નિને નથી તેમ જ્ઞેયકૃત અશુદ્ધતા જ્ઞાનને નથી. જ્ઞાયકભાવના લક્ષે જે જ્ઞાનનું પરિણમન થયું તેમાં સ્વનું જ્ઞાન થયું અને જે જ્ઞેય છે, તેનું જ્ઞાન થયું, તે પોતાના કારણે થયું છે. જે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો તે પોતાના સ્વરૂપને જાણવાની અવસ્થામાં પણ દીવાની જેમ, કર્તાકર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે. પોતે જાણનારો માટે પોતે કર્તા અને પોતાને જાણ્યો માટે પોતે જ કર્મ. જ્ઞેયને જાણ્યું જ નથી, પણ જ્ઞેયાકાર થયેલા પોતાના જ્ઞાનને જાણ્યું છે. **આહાહા.... વસ્તુ તો સત, સહજ, સરળ છે.**

**દૃષ્ટાંત :** જેમ દીપક ઘટ-પટને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે અને પોતાને-પોતાની જ્યોતિરૂપ શિખાને-પ્રકાશવાની અવસ્થામાં પણ દિપક જ છે. દીવો ઘટ-પટાદિને

પ્રકાશે ત્યારે પણ દીવારૂપ છે, ઘટ-પટાદિરૂપ થતો નથી અને પોતાની જ્યોતિરૂપ શિખાને પ્રકાશે ત્યારે પણ દીવો દીવો જ છે, અન્ય કાંઈ નથી, તેમ જ્ઞાયકનું પણ સમજવું.

જ્ઞાયક ઘટપટાદિ કે રાગાદિ જ્ઞેયાકારોને જાણવાની અવસ્થામાં પણ જ્ઞાયક જ છે અને પોતાને જાણવાની અવસ્થામાં પણ જ્ઞાયક જ છે. ઘટ-પટાદિ કે રાગાદિને જાણવાના કાળે પણ જ્ઞાનની પર્યાય જ્ઞાનરૂપ જ છે, ઘટ-પટાદિ અન્યરૂપ નથી તથા પોતાની પર્યાયને જાણવાના કાળે પણ જ્ઞાનની પર્યાય જ્ઞાનરૂપ જ છે, અન્યરૂપ નથી.

જ્ઞાયક જ્ઞાનરૂપે પરિણમે છે, તે જ્ઞેયાકારે પરિણમે છે એમ છે જ નહીં. આ જ્ઞાયકરૂપી દીવો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ઈત્યાદિ પરિણામ જે જ્ઞેય છે તેને જાણવાના ટાણે પણ જ્ઞાનરૂપે રહીને જ જાણે છે. અન્ય જ્ઞેયરૂપ થતો નથી. જ્ઞેયોનું જ્ઞાન તે જ્ઞાનની અવસ્થા છે, જ્ઞેયની નથી. જ્ઞાનની પર્યાય જ્ઞેયના જાણણપણે થઈ માટે તેને જ્ઞેયકૃત અશુદ્ધતા નથી.

આત્મા જાણનાર છે તે જાણે છે, તે પરને જાણે છે કે નહીં ? તો કહે છે કે પરના જાણવાના કાળે પણ સ્વનું પરિણમન જ્ઞાનનું પરિણમન પોતાથી થયું છે, પરના કારણે નહીં. આ શાસ્ત્રના શબ્દો જે જ્ઞેય છે, એ જ્ઞેયના આકારે જ્ઞાન થાય છે, પણ તે જ્ઞેય છે માટે જ્ઞાનનું અહીં પરિણમન થયું છે એમ ત્રણ કાળમાં નથી. તે વખતે જ્ઞાનના પરિણમનની લાયકાતથી અર્થાત્ જ્ઞેયનું જ્ઞાન થવાની પોતાની લાયકાતથી જ્ઞાન થયું છે. જ્ઞાન જ્ઞેયના આકારે પરિણમે છે તે જ્ઞાનની, પર્યાયની પોતાની લાયકાતથી પરિણમે છે, જ્ઞેય છે માટે પરિણમે છે એમ નથી.

**સારાંશ :**

(૧) આત્મામાં અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે. ત્યાં મૂળ દ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ થતું નથી, માત્ર પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થઈ જાય છે.

(૨) મૂળદ્રવ્ય જે જ્ઞાયકભાવ છે તે રાગાદિરૂપ મલિન થઈ જતું નથી. એ તો નિર્મળાનંદ, ચિદાનંદ ભગવાન જેવો છે તેવો ત્રિકાળ જ્ઞાયક સ્વરૂપે રહે છે.

(૩) દ્રવ્ય દૃષ્ટિથી તો દ્રવ્ય જે છે તે જ છે અને પર્યાય દૃષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે.

(૪) એ રીતે આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે. જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે, કાંઈ જડપણું થતું નથી.

(૫) અહીં દ્રવ્ય દૃષ્ટિને પ્રધાન કરી કહ્યું છે. પર્યાયમાં જે પ્રમત-અપ્રમતના ભેદ છે તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે. એટલે પ્રમત-અપ્રમત બધી પર્યાયોને સંયોગજનિત કહીને એ જ્ઞાયકભાવ-સ્વભાવ ભાવમાં નથી એમ કહ્યું છે.

(૬) અહીં દ્રવ્ય દૃષ્ટિમાં ચૌદેય ગુણસ્થાનોને અશુદ્ધ કહી ગૌણ કરી વ્યવહાર, અભૂતાર્થ, અસત્યાર્થ, ઉપચાર છે એમ કહેલ છે. ત્રિકાળી દ્રવ્યમાં એ અવસ્થાઓ નથી. દ્રવ્યમાં તો અશુદ્ધતા છે જ નહીં. પર્યાયમાં છે તે દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ થઈ જાય છે.

(૭) **આત્મામાં બે પ્રકાર :** (૧) ત્રિકાળી સ્વભાવ ભાવ. (૨) એક વર્તમાન પર્યાયભાવ.

ત્રિકાળી સ્વભાવ જે જ્ઞાયકભાવ તે કદીય પ્રમત-અપ્રમત એવા ચૌદ ગુણસ્થાનના ભેદરૂપ થયો જ નથી, નિરંતર જ્ઞાયકપણે શુદ્ધ રહ્યો છે.

**માટે વર્તમાન પર્યાયને ગૌણ કરી એવા શુદ્ધ જ્ઞાયકને દૃષ્ટિમાં લેવો તે સમ્યગ્દર્શન અને જાણવો તે સમ્યગ્જ્ઞાન છે.**

(૮) આ વીતરાગ માર્ગની મૂળ વાત છે. દ્રવ્યમાં તો અશુદ્ધતા નથી, પણ દ્રવ્ય દૃષ્ટિમાં પણ અશુદ્ધતા નથી. પર્યાય પરથી નજર ખસેડી લઈ, જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિ કરે તો કાર્ય થાય. તું જ્ઞાયક મહાપ્રભુ છો, તેમાં દૃષ્ટિ એકાગ્ર કરવી એ ભક્તિ છે અને એ મોક્ષમાર્ગ છે.

(૯) વર્તમાન પર્યાયમાં અશુદ્ધતા છે, વસ્તુ પોતે અશુદ્ધપણે થઈ નથી.

(૧૦) વસ્તુ જે આત્મા છે તેમાં અનંત અનંત ગુણો છે, ગુણોમાં વિકાર થાય એવો ભાવ નથી, પણ પરના લક્ષે પર્યાય વિકારી થાય છે.

(૧૧) 'જે પોતે પોતાથી સિદ્ધ હોવાથી' પોતે પોતાથી સત્તારૂપ વસ્તુ હોવાથી 'અનાદિ સત્તા રૂપ છે' અનાદિ હોવારૂપ છે. પર્યાય તો થાય ને જાય - પણ વસ્તુ જે રાગથી પૃથક છે એ તો અનાદિ સત્તારૂપ છે. અનાદિ-અનંત એવી વસ્તુ છે.

(૧૨) 'નિત્ય ઉદ્યોત્તરૂપ હોવાથી' વર્તમાનમાં કાયમ રહેનારો હોવાથી 'ક્ષણિક' નથી. વર્તમાનમાં તે ઉદ્યોત્તરૂપ પ્રગટ છે. એમ રાગથી ભિન્ન અને સ્વભાવથી અભિન્ન એવી શુદ્ધ વસ્તુ-ચીજ વર્તમાનમાં પ્રગટરૂપ હોવાથી 'ક્ષણિક નથી', પરંતુ એ તો ધ્રુવ છે.

(૧૩) સ્પષ્ટ છે. સ્પષ્ટ, પ્રગટ, પ્રત્યક્ષ એ તો પ્રત્યક્ષ પ્રકાશમાન છે. વર્તમાનમાં પ્રત્યક્ષ જણાય એવી એ જ્યોતિ છે. એવો જે જ્ઞાયક એક ભાવ છે.

(૧૪) દ્રવ્ય દૃષ્ટિ શુદ્ધ છે. દ્રવ્ય દૃષ્ટિ એટલે વસ્તુ સ્વભાવથી જોતાં દ્રવ્ય શુદ્ધ છે અને એની દૃષ્ટિ કરતાં જે દ્રવ્ય દૃષ્ટિ પ્રગટ થઈ તે પોતે પણ શુદ્ધ છે અને શુદ્ધ દ્રવ્ય તે એનું ધ્યેય છે.

(૧૫) **દૃષ્ટિનો વિષય શુદ્ધ છે અને દૃષ્ટિ પણ શુદ્ધ છે. દૃષ્ટિ એ ત્રિકાળી શુદ્ધની પ્રતીતિ કરી, શુદ્ધમાં શુદ્ધ જણાયો. દૃષ્ટિ જ્યારે 'શુદ્ધ' થાય ત્યારે વસ્તુ શુદ્ધ છે એમ તેણે જાણ્યું કહેવાય. શુદ્ધ ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિ કરતાં અશુદ્ધતા ગૌણ થાય છે અને તેનો અભાવ થઈને શુદ્ધિ પ્રગટ થતાં મુક્તિ થાય છે.**

(૧૬) દ્રવ્ય દૃષ્ટિ શુદ્ધ છે, અભેદ છે, નિશ્ચય છે, ભૂતાર્થ છે, સત્યાર્થ છે, પરમાર્થ છે. પર્યાય દૃષ્ટિ અભૂતાર્થ છે.

(૧૭) દ્રવ્યનો સ્વભાવ અભેદ છે. તે પર દૃષ્ટિ જતાં દૃષ્ટિ પણ અભેદ છે. ત્રિકાળી દ્રવ્ય અભેદ છે, માટે તેના આશ્રયે પ્રગટેલી જે દૃષ્ટિ તે પણ અભેદ છે.

(૧૮) ત્રિકાળી દ્રવ્ય-વસ્તુ સત્ય છે. આવા સચ્ચિદાનંદસ્વરૂપ આત્માની દૃષ્ટિ કરનારી દ્રવ્ય દૃષ્ટિ પણ સત્યાર્થ છે.

(૧૯) અહીં વ્યવહાર (અશુદ્ધ પર્યાય) સામે દૃષ્ટિ (શુદ્ધ પર્યાય) ને નિશ્ચય કહી છે. ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિથી જોઈએ તો દ્રવ્ય નિશ્ચય સત્ છે અને એના આશ્રયે પ્રગટેલી દૃષ્ટિ પણ નિશ્ચય છે.

(૨૦) 'જ્ઞાયક' એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે, કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે. વિકારાદિ જ્ઞેય છે એવું જ્ઞાનમાં જણાય છે તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી.

(૨૧) **'આ હું જાણનારો છું તે હું જ છું, અન્ય કોઈ નથી'**. એવો પોતાને પોતાનો અભેદરૂપ અનુભવ થયો ત્યારે એ જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે જ છે અને જેને જાણ્યું તે કર્મ પણ પોતે જ છે. આ શુદ્ધ નયનો વિષય છે. શુદ્ધ નયનો વિષય તો પોતાનો ધ્રુવ સ્વભાવ જ્ઞાયક છે.

# સમયસાર ગાથા - ૭

**ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्ति दंसणं णाणं ।**
**ण वि णाणं ण चरितं ण दंसणं जाणगो सुद्धो ॥७॥**

હવે પ્રશ્ન થાય છે કે દર્શન, જ્ઞાન, ચારિત્ર - એ આત્માના ધર્મો કહેવામાં આવ્યા છે. તો એ તો ત્રણ ભેદ થયા, એ ભેદરૂપ ભાવોથી આત્માને અશુદ્ધપણું આવે છે ! આ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :-

**ચારિત્ર, દર્શન, જ્ઞાન પણ વ્યવહાર - કથને જ્ઞાનીને;**
**ચારિત્ર નહિ, દર્શન નહિ, નહિ જ્ઞાન, જ્ઞાયક શુદ્ધ છે. ॥૭॥**

**ગાથાર્થ :** જ્ઞાનીને ચારિત્ર, દર્શન, જ્ઞાન - એ ત્રણ ભાવ વ્યવહારથી કહેવામાં આવે છે; નિશ્ચયથી જ્ઞાન પણ નથી, ચારિત્ર પણ નથી અને દર્શન પણ નથી; જ્ઞાની તો એક શુદ્ધ જ્ઞાયક જ છે.

**ટીકા :** આ જ્ઞાયક આત્માને બંધ પર્યાયના નિમિત્તથી અશુદ્ધપણું તો દૂર રહો, પણ એને દર્શન, જ્ઞાન, ચારિત્ર પણ વિદ્યમાન નથી; કારણ કે અનંત ધર્મોવાળા એક ધર્મીમાં જે નિષ્ણાત નથી એવા નિકટવર્તી શિષ્યજનને, ધર્મીને ઓળખાવનારા કેટલાક ધર્મો વડે, ઉપદેશ કરતા આચાર્યોનો - જો કે ધર્મ અને ધર્મીનો સ્વભાવથી અભેદ છે તો પણ નામથી ભેદ ઉપજાવી - વ્યવહાર માત્રથી જ એવો ઉપદેશ છે કે જ્ઞાનીને દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે. પરંતુ પરમાર્થથી જોવામાં આવે તો અનંત પર્યાયોને એક દ્રવ્ય પી ગયું હોવાથી જે એક છે એવું કાંઈક - મળી ગયેલા આસ્વાદવાળું, અભેદ, એકસ્વભાવી (તત્ત્વ) - અનુભવનારને દર્શન પણ નથી, જ્ઞાન પણ નથી, એક શુદ્ધ જ્ઞાયક જ છે.

**ભાવાર્થ :** આ શુદ્ધ આત્માને કર્મબંધનના નિમિત્તથી અશુદ્ધપણું આવે છે એ વાત તો દૂર જ રહો, પણ તેને દર્શન, જ્ઞાન, ચારિત્રના પણ ભેદ નથી; કારણ કે વસ્તુ અનંતધર્મરૂપ એકધર્મી છે, પરંતુ વ્યવહારીજન ધર્મોને જ સમજે છે, ધર્મીને નથી જાણતા તેથી વસ્તુના કોઈ અસાધારણ ધર્મોને ઉપદેશમાં લઈ અભેદરૂપ વસ્તુમાં પણ ધર્મોના નામરૂપ ભેદને ઉત્પન્ન કરી એવો ઉપદેશ કરવામાં આવે છે કે જ્ઞાનીને દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે. આમ, અભેદમાં ભેદ કરવામાં આવે છે તેથી તે વ્યવહાર છે. પરમાર્થથી વિચારવામાં આવે તો અનંત પર્યાયોને એક દ્રવ્ય અભેદરૂપે પીને બેઠું છે તેથી તેમાં ભેદ નથી.

અહીં કોઈ કહે કે પર્યાય પણ દ્રવ્યના ભેદ છે, અવસ્તુ તો નથી; તો તેને વ્યવહાર કેમ કહી શકાય ? તેનું સમાધાન :-

એ તો ખરું છે પણ અહીં દ્રવ્ય દ્રષ્ટિથી અભેદને પ્રધાન કરી ઉપદેશ છે. અભેદ દ્રષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે તેથી ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે. અહીં એવો અભિપ્રાય છે કે ભેદ દ્રષ્ટિમાં નિર્વિકલ્પ દશા નથી થતી અને સરાગીને વિકલ્પ રહ્યા કરે છે; માટે જ્યાં સુધી રાગાદિક મટે નહિ ત્યાં સુધી ભેદને ગૌણ કરી અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે. વીતરાગ થયા બાદ ભેદાભેદરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે ત્યાં નયનું આલંબન જ રહેતું નથી.

**વિશેષાર્થ :** 'આત્મામાં જ્ઞાન - દર્શન - ચારિત્ર ગુણ નથી' એ વાત નથી. કારણ કે આત્મા તો અનાદિ અનંતગુણોનો અખંડ પિંડ જ છે અને જ્ઞાનાદિ ગુણોના અખંડરૂપ આત્માને જ 'જ્ઞાયકભાવ' કહે છે.

છઠ્ઠી ગાથામાં જ્ઞાયકભાવને ઉપાસિત થતો શુદ્ધ કહ્યો હતો, અનુભૂતિમાં આવતો શુદ્ધ કહ્યો હતો અને આત્માની અનુભૂતિ નિર્વિકલ્પ દશામાં જ થાય છે. ગુણોના વિસ્તારમાં જવાથી, ભેદોમાં જવાથી, વિકલ્પોની ઉત્પત્તિ થાય છે; આ જ કારણે અનુભૂતિના વિષયભૂત 'જ્ઞાયક ભાવ'માં ગુણોનો નહીં, ગુણભેદનો નિષેધ કરવામાં આવ્યો છે. જ્ઞાયકભાવ વ્યવહારાતીત છે એટલે બધા જ વ્યવહાર નયોનો નિષેધ કરવામાં આવ્યો છે.

જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, ચારિત્ર તે આત્મા - આવા ભેદ જ્ઞાયકમાં નથી. આવા ભેદ તે અનુપચરિત સદ્દભૂત વ્યવહાર નયનો વિષય છે. જ્ઞાયક તો જ્ઞાયક અભેદમાત્ર છે.

આ રીતે પરથી ભિન્ન, પ્રમત - અપ્રમત પર્યાયોથી ભિન્ન અને ગુણભેદથી પણ ભિન્ન 'જ્ઞાયક ભાવ' અનુભૂતિમાં આવતો શુદ્ધ કહેવાય છે. ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકભાવની શુદ્ધતાનું વાસ્તવિક સ્વરૂપ આ છે અને **આ જ શુદ્ધ સ્વભાવ દ્રષ્ટિનો વિષય છે, ધ્યાનનો ધ્યેય છે અને પરમશુદ્ધ નિશ્ચય નયનો વિષયભૂત પરમપદાર્થ છે** તથા પરમગ્રાહી દ્રવ્યાર્થિક નયનો વિષયભૂત પરમપારિણામિક ભાવ છે. એને અહીંયા 'શુદ્ધ જ્ઞાયક ભાવ' શબ્દથી અભિહિત કરવામાં આવ્યો છે.

**સારાંશ :**

(૧) વસ્તુમાં અસ્તિત્ત્વ, વસ્તુત્ત્વ, દ્રવ્યત્ત્વ ઈત્યાદિ સાધારણ ધર્મો છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ આત્માના અસાધારણ ધર્મો છે. અભેદ વસ્તુમાં પરમાર્થે ભેદ ન હોવા છતાં, આ અસાધારણ ધર્મો દ્વારા કથનમાત્ર ભેદ ઉત્પન્ન કરી આચાર્યો ઉપદેશ આપે છે કે આત્માને દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે. આમ, અભેદમાં ભેદ કરવામાં આવે છે તેથી તે વ્યવહાર છે, વ્યવહાર છે તેથી અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.

(૨) આ વ્યવહાર છે ખરો, ભેદથી સમજાવવાની શૈલી છે ખરી, પણ ભેદ અનુસરવા લાયક નથી. ભેદના લક્ષે અશુદ્ધતા આવે છે, નિર્વિકલ્પતા થતી નથી.

(૩) પરમાર્થથી વિચારવામાં આવે તો અનંત પર્યાયોને એક દ્રવ્ય અભેદરૂપે પીને બેઠું છે તેથી તેમાં ભેદ નથી. વસ્તુ અંદર એકાકાર અભેદરૂપે સ્થિત છે તેથી તેમાં ભેદ નથી.

(૪) દ્રવ્ય અને પર્યાય બંને આત્માની ચીજ છે. પર્યાય છે તે પણ વસ્તુ છે, અવસ્તુ નથી, પરંતુ અહીં પર્યાય દ્રષ્ટિ છોડાવી દ્રવ્ય દ્રષ્ટિ કરાવવાનું પ્રયોજન છે. તેથી અભેદને મુખ્ય કરી ઉપદેશ છે. અભેદ દ્રષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે. અહીં ભેદને ગૌણ કરીને એટલે અભાવ કરીને નહીં, એનું લક્ષ છોડીને તેને વ્યવહાર કહ્યો છે.

(૫) ભેદ દ્રષ્ટિમાં નિર્વિકલ્પ દશા થતી નથી. અનંતગુણોનો ધરનાર ધર્મી એવો જે અભેદ આત્મા તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, પ્રભુતા, સ્વચ્છતા એવા અનંતગુણોના ભેદ જો લક્ષમાં લેવા જશે તો રાગ ઉત્પન્ન થશે. નિર્વિકલ્પ દશા નહીં થાય, સમ્યગ્દર્શન નહીં થાય. **દ્રષ્ટિનો વિષય તો અભેદ, અખંડ, એક જ્ઞાયક છે. દ્રષ્ટિ પોતે પર્યાય છે પણ પર્યાય તે દ્રષ્ટિનું ધ્યેય નથી.**

(૬) આત્મા વસ્તુ અરૂપી ચિદ્ઘન છે તેમાં આ ભાવ અને આ ભાવવાન એમ બે ભાગ પાડીને વસ્તુને જોવા જાય તો રાગી જીવ છે તેથી તેને રાગ થશે. માટે જ્યાં સુધી રાગાદિક મટે નહિ ત્યાં સુધી ભેદને ગૌણ કરી અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે. રાગીને ભેદના લક્ષે રાગ થાય અને એમાં ધર્મ માને તો તે મિથ્યાદ્રષ્ટિ છે. અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ ધર્મ છે.

(૭) નિર્મળ પર્યાય બહિર્તત્ત્વ છે, તે અંતઃતત્ત્વ નથી તેને ગૌણ કરી દ્રવ્ય સ્વભાવનો આશ્રય લેતાં નિર્વિકલ્પ અનુભવ થાય તે ધર્મ છે.

(૮) પર્યાય તો ભિન્ન રહી અભેદની દ્રષ્ટિ કરે છે. તે નિશ્ચય દ્રષ્ટિ છે.

(૯) વીતરાગ થયા બાદ ભેદાભેદરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે, પછી નયનું આલંબન નથી.

# સમયસાર ગાથા-૮

જો એમ છે તો એક પરમાર્થનો જ ઉપદેશ કરવો જોઈએ; વ્યવહાર શા માટે કહો છો? તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે.

जह ण वि सक्कमणज्जो अणज्जभासं विणा दु गाहेदुं ।
वह ववहारेण विणा परमत्थुवदेसणमसक्कं ।।८।।

**ભાષા અનાર્ય વિના ન સમજાવી શકાય અનાર્યને,**
**વ્યવહાર વિણ પરમાર્થનો ઉપદેશ એમ અશક્ય છે. ।।૮।।**

**ગાથાર્થ :** જેમ અનાર્ય જનને અનાર્યભાષા વિના કાંઈ પણ વસ્તુનું સ્વરૂપ ગ્રહણ કરાવવા કોઈ સમર્થ નથી તેમ વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ કરવા કોઈ સમર્થ નથી.

**ટીકા :** જેમ કોઈ મ્લેચ્છને કોઈ બ્રાહ્મણ 'સ્વસ્તિ' એવો શબ્દ કહે છે ત્યારે તે શબ્દના વાચ્યવાચક સંબંધના જ્ઞાનથી રહિત હોવાથી કાંઈ પણ ન સમજતાં બ્રાહ્મણ સામે મેંઢાની જેમ આંખો ફાડીને ટગટગ જોઈ જ રહે છે, પણ જ્યારે બ્રાહ્મણની ભાષા અને મ્લેચ્છની ભાષા-એ બન્નેનો અર્થ જાણનાર અન્ય કોઈ પુરુષ અથવા તે જ બ્રાહ્મણ મ્લેચ્છભાષા બોલીને તેને સમજાવે છે કે 'સ્વસ્તિ' શબ્દનો અર્થ ''તારું અવિનાશી કલ્યાણ થાઓ'' એવો છે. ત્યારે તુરત જ ઉત્પન્ન થતા અત્યંત આનંદમય આંસુઓથી જેના નેત્રો ભરાઈ જાય છે એવો તે મ્લેચ્છ એ 'સ્વસ્તિ' શબ્દનો અર્થ સમજી જાય છે; એવી રીતે વ્યવહારી જન પણ 'આત્મા' એવો શબ્દ કહેવામાં આવતાં જેવો 'આત્મા' શબ્દનો અર્થ છે તે અર્થના જ્ઞાનથી રહિત હોવાથી કાંઈપણ ન સમજતાં મેંઢાની જેમ આંખો ફાડીને ટગટગ જોઈ જ રહે છે, પણ જ્યારે વ્યવહાર-પરમાર્થ માર્ગ પર સમ્યગ્જ્ઞાનરૂપી મહારથને ચલાવનાર સારથી સમાન અન્ય કોઈ આચાર્ય અથવા તો 'આત્મા' શબ્દ કહેનાર પોતે જ વ્યવહારમાર્ગમાં રહીને ''દર્શન-જ્ઞાન-ચારિત્રને જે હંમેશાં પ્રાપ્ત હોય તે આત્મા છે'' એવો 'આત્મા' શબ્દનો અર્થ સમજાવે છે ત્યારે તુરત જ ઉત્પન્ન થતા અત્યંત આનંદથી જેના હૃદયમાં સુંદર બોધતરંગો (જ્ઞાનતરંગો) ઊછળે છે એવો તે વ્યવહારીજન તે 'આત્મા' શબ્દનો અર્થ સુંદર રીતે સમજી જાય છે એ રીતે જગત મ્લેચ્છના સ્થાને હોવાથી, અને વ્યવહારનય પણ મ્લેચ્છભાષાના સ્થાને હોવાને લીધે પરમાર્થનો પ્રતિપાદક (કહેનાર) હોવાથી વ્યવહારનય સ્થાપન કરવા યોગ્ય છે તેમજ બ્રાહ્મણે મ્લેચ્છ ન થવું-એ વચનથી તે (વ્યવહારનય) અનુસરવા યોગ્ય નથી.

**ભાવાર્થ :** લોકો શુદ્ધનયને જાણતા નથી કારણ કે શુદ્ધનયનો વિષય અભેદ એકરૂપ વસ્તુ છે; તેઓ અશુદ્ધનયને જ જાણે છે કેમ કે તેનો વિષય ભેદરૂપ અનેકપ્રકાર છે, તેથી તેઓ વ્યવહાર દ્વારા જ પરમાર્થને સમજી શકે છે. આ કારણે વ્યવહારનયને પરમાર્થનો કહેનાર જાણી તેનો ઉપદેશ કરવામાં આવે છે. અહીં એમ ન સમજવું કે વ્યવહારનું આલંબન કરાવે છે પણ અહીં તો વ્યવહારનું આલંબન છોડાવી પરમાર્થે પહોંચાડે છે એમ સમજવું.

ગાથા ૭માં એમ કહ્યું કે આત્મા ચિદ્ઘન વસ્તુ છે, એમાં શરીર, મન, વાણી, કર્મ તો છે જ નહિ, પણ કર્મના સંગે જે શુભ-અશુભ ભાવો થાય છે એ મલિનતા, અશુદ્ધતા પણ એના સ્વરૂપમાં નથી. એ તો ઠીક, પણ જ્ઞાનઘન આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ પ્રભુતા, સ્વચ્છતા એવી અનંત શક્તિઓ છે, છતાં આ શક્તિઓના ભેદ અભેદ આત્મામાં નથી. ગુણ અને ગુણી પરમાર્થે અભેદ છે, ભેદરૂપે નથી.

આમ હોવા છતાં શિષ્યને સમજાવવા માટે અભેદમાં નામમાત્ર ભેદ પાડીને જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, ચારિત્ર તે આત્મા એમ ઉપદેશ કરવામાં આવે છે. તો પણ ભેદદ્રષ્ટિમાં નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થતું નથી. માટે ભેદને ગૌણ કરીને અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરવો એમ ઉપદેશ કરવામાં આવ્યો છે.

**વિશેષાર્થ :** આમાં એટલી સાવધાની રાખવાની છે કે મ્લેચ્છને સમજાવવા મ્લેચ્છ ભાષાનો ઉપયોગ કરવાને યોગ્ય માનવામાં આવ્યું છે, પણ મ્લેચ્છ બની જવું ક્યારેય પણ યોગ્ય નથી.

વ્યવહારીજનને વ્યવહારનયથી સમજાવવું અલગ વાત છે અને વ્યવહારી બની જવું એકદમ અલગ વાત છે. વ્યવહારને ઉપાદેય માનવો તે વ્યવહારી બની જવું છે, મ્લેચ્છ થઈ જવા જેવું છે.

આત્માની પ્રારંભિક જાણકારી પ્રાપ્ત કરવા માટે 'જે જાણે તે આત્મા, જે દેખે તે આત્મા' આ વ્યવહારકથન ઉચિત જ છે, પરંતુ આત્માનુભવ માટે નહીં, કારણ કે આત્માનુભવ સ્વરૂપ અસલી આત્મજ્ઞાનને માટે આ વિકલ્પોથી પણ પાર થવું પડશે, નિર્વિકલ્પ થવું પડશે, વ્યવહારાતીત થવું પડશે. આ જ વાત આ ગાથામાં કહેવામાં આવી છે. સમ્યગ્દર્શન થતાં સુંદર આનંદ સહિત જ્ઞાનતરંગો ઊછળે છે. ત્યારે 'આત્મા' એવો યથાર્થ અર્થ સુંદર રીતે સમજાય છે.

**સારાંશ :**

આ ગાથાની ટીકામાં સમ્યગ્દર્શન પહેલાં થતી પાંચ લબ્ધિઓનો સંકેત છે.

(૧) ગુરુના મુખે 'આત્મા' શબ્દ સાંભળનાર શિષ્ય સંજ્ઞીપંચેન્દ્રિય હોવાથી ક્ષયોપશમ લબ્ધિ તો છે જ.

(૨) કાંઈપણ સમજવામાં ન આવે તો પણ ક્રોધીત ન થવું, અરુચિ પ્રદર્શિત ન કરવી અને ટકટકી લગાવીને જોતા રહેવું એ વિશુદ્ધિ લબ્ધિને સૂચિત કરે છે. કષાયની મંદતા વગર આ પ્રવૃતિ સંભવીત નથી.

(૩) આચાર્ય દ્વારા વ્યવહારમાર્ગથી આત્માનું સ્વરૂપ સમજવું કે, 'જે દર્શન-જ્ઞાન- ચારિત્રને પ્રાપ્ત છે તે આત્મા છે' આ દેશનાલબ્ધિ છે.

(૪) પ્રસન્નચિત્તથી આ દેશના સાંભળવી, સમજવામાં ચિત્ત લગાવવું એ પ્રાયોગ્યલબ્ધિ સૂચિત કરે છે.

(૫) અને ગુરુવચનનું મર્મ ખ્યાલમાં આવતા જ બોધતંરગોનું ઉછળવું અને આનંદના અશ્રુ આવવા એ કલ્યાણ-કરણલબ્ધિ સૂચિત છે.

તાત્પર્ય એ છે કે કોઈ જીવ આત્માની બાબતમાં કાંઈ ન જાણતો હોય પણ તેની પાત્રતા હોય, આત્માને સમજવા યોગ્ય બુદ્ધિનો વિકાસ હોય, કષાય મંદ હોય, આત્માની તીવ્રરુચિ હોય, આત્મજ્ઞાની ગુરુ પ્રત્યે બહુમાનનો ભાવ હોય, આસ્થા હોય, યથાયોગ્ય વિનય હોય, એમની પાસેથી આત્માના સ્વરૂપ સમજવાની ધગશ હોય, ઊંડી જિજ્ઞાસા હોય, પૂરેપૂરા પ્રયાસ હોય તો આત્માનુભવ પણ થાય છે.

આ રીતે સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાની વિધિ અહીં બતાવી છે. વ્યવહારનયની ઉપયોગીતા બતાવીને જિનવાણીમાં તેના પ્રયોગની જરૂરીઆત સ્પષ્ટ કરી છે અને અંતમાં વ્યવહારનય અનુસરણ કરવા યોગ્ય નથી એ પણ બતાવી દીધું છે અને છેલ્લે આત્માનુભૂતિની પ્રેરણા પણ કરવામાં આવી છે.

**છેવટે, આપણા બધાનું પરમ કર્તવ્ય છે કે નિજ ભગવાન આત્માની વાત રુચિપૂર્વક સાંભળીએ, ઊંડાણથી સમજીએ, એના પર ગંભીરતાથી વિચાર કરીએ અને ભગવાન આત્માની પ્રાપ્તિ માટે સુખની અનુભૂતિ માટે ઉગ્ર પુરુષાર્થ કરીએ; કારણ કે માનવભવની સફળતા 'આત્મઅનુભવ' કરવામાં જ છે.**

**અખંડ આનંદકંદ અભેદ ચૈતન્ય સામાન્ય વસ્તુ જે આત્મા છે તેનો એકનો જ આશ્રય કરવો તે ધર્મ છે એમ જાણી અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરવો, પણ ભેદમાં અટકવું નહીં.**

❋ ❋ ❋

# સમયસાર ગાથા-૯ અને ૧૦

## વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક કેવી રીતે છે? તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર

जो हि सुदेणहिगच्छदि अप्पाणमिणं तु केवलं सुद्धं ।
तं सुदकेवलिमिसिणो भणंति लोयप्पदीवयरा ।।९।।
जो सुदणाणं सव्वं जाणदि सुदकेवलिं तमाहु जिणा ।
णाणं अप्पा सव्वं जम्हा सुदकेवली तम्हा ।।१०।। जुम्मं ।।

**શ્રુતથી ખરે જે શુદ્ધ કેવળ જાણતો આ આત્મને,**
**લોક પ્રદીપકરા ઋષિ શ્રુતિકેવળી તેને કહે. ।।૯।।**
**શ્રુતજ્ઞાન સૌ જાણે, જિનો શ્રુતકેવળી તેને કહે;**
**સૌ જ્ઞાન આત્મા હોઈને શ્રુતકેવળી તેથી ઠરે. ।।૧૦।। (યુગલ)**

**ગાથાર્થ :** જે જીવ નિશ્ચયથી શ્રુતજ્ઞાનવડે આ અનુભવગોચર કેવળ એક શુદ્ધ આત્માને સન્મુખ થઈ જાણે છે તેને લોકને પ્રગટ જાણનારા ઋષીશ્વરો શ્રુતકેવળી કહે છે;

જે જીવ સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે તેને જિનદેવો શ્રુતકેવળી કહે છે કારણ કે જ્ઞાન બધું આત્મા જ છે તેથી (તે જીવ) શ્રુતકેવળી છે.

**ટીકા :** પ્રથમ,"જે શ્રુતથી કેવળ શુદ્ધઆત્માને જાણે છે તે શ્રુતકેવળી છે" તે તો પરમાર્થ છે, અને "જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે તે શ્રુતકેવળી છે" તે વ્યવહાર છે.

અહીં બે પક્ષ લઈ પરીક્ષા કરીએ છીએ :- ઉપર કહેલું સર્વ જ્ઞાન આત્મા છે કે અનાત્મા ? જો અનાત્માનો પક્ષ લેવામાં આવે તો તે બરાબર નથી કારણ કે સમસ્ત જે જડરૂપ અનાત્મા આકાશાદિ પાંચ દ્રવ્યો છે તેમનું જ્ઞાન સાથે તાદાત્મ્ય બનતું જ નથી (કેમ કે તેમનામાં જ્ઞાન સિદ્ધ જ નથી). તેથી અન્ય પક્ષનો અભાવ હોવાથી જ્ઞાન આત્મા જ છે એ પક્ષ સિદ્ધ થાય છે. માટે શ્રુતજ્ઞાન પણ આત્મા જ છે. આમ થવાથી 'જે આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે'-એમ જ આવે છે; અને તે તો પરમાર્થ જ છે. આ રીતે જ્ઞાન અને જ્ઞાનીના ભેદથી કહેનારો જે વ્યવહાર તેનાથી પણ પરમાર્થમાત્ર જ કહેવામાં આવે છે. તેનાથી ભિન્ન અધિક કાંઈ કહેવામાં આવતું નથી. વળી 'જે શ્રુતથી કેવળ શુદ્ધઆત્માને જાણે છે તે શ્રુતકેવળી છે' એવા પરમાર્થનું પ્રતિપાદન કરવું અશક્ય હોવાથી "જે સર્વ શ્રુતજ્ઞાન ને જાણે છે તે શ્રુતકેવળી છે" એવો વ્યવહાર પરમાર્થના પ્રતિપાદકપણાથી પોતાને દઢપણે સ્થાપિત કરે છે.

**ભાવાર્થ :** જે શાસ્ત્રજ્ઞાનથી (ભાવશ્રુતજ્ઞાનથી) અભેદરૂપ જ્ઞાયકમાત્ર શુદ્ધ આત્માને જાણે છે (અનુભવે છે) તે શ્રુતકેવળી છે એ તો પરમાર્થ (નિશ્ચય કથન) છે. વળી જે સર્વ શાસ્ત્રજ્ઞાનને જાણે છે તેણે પણ જ્ઞાનને જાણવાથી આત્માને જ જાણ્યો કારણ કે જ્ઞાન છે તે આત્મા જ છે; તેથી જ્ઞાન-જ્ઞાનીનો ભેદ કહેનારો જે વ્યવહાર તેણે પણ પરમાર્થ જ કહ્યો. અન્ય કાંઈ ન કહ્યું. વળી પરમાર્થનો વિષય તો કથંચિત્ વચનગોચર નથી તેથી વ્યવહારનય જ આત્માને પ્રગટપણે કહે છે એમ જાણવું.

હવે એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક કેવી રીતે છે ? એટલે કે અખંડ અભેદ જે આત્મા તેમાં નામમાત્રથી ભેદ પાડીને કહેવું કે-આ શ્રદ્ધે તે આત્મા, દેખે તે આત્મા, જાણે તે આત્મા, એકાગ્ર થાય તે આત્મા-તેમાં વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક કેવી રીતે છે ? વસ્તુ અભેદ છે, તેમાં ભેદ પાડીને કથન કરવું તે વ્યવહાર છે; એવો વ્યવહાર નિશ્ચયને બતાવે છે તે કેવી રીતે ?

અહીં નિશ્ચય શ્રુતકેવળી અને વ્યવહાર શ્રુતકેવળીનું ઉદાહરણ આપી એ અનુપચરિત સદ્ભૂત વ્યવહારનયને પરમાર્થનો (નિશ્ચયનો) પ્રતિપાદક સિદ્ધ કરવામાં આવ્યો છે.

શ્રુતજ્ઞાન, જ્ઞાન ગુણનો જે એક પ્રકાર છે અથવા જ્ઞાનગુણની એક પર્યાય છે. આ પ્રમાણે શ્રુતજ્ઞાન (ગુણ) અને આત્મા (ગુણી)માં ગુણ-ગુણીરૂપ તાદાત્મ્ય સંબંધ છે અથવા શ્રુતજ્ઞાન (પર્યાય) અને આત્મા (પર્યાયવાન)માં પર્યાય-પર્યાયવાન તાદાત્મ્ય સંબંધ છે.

એક સમયની જ્ઞાનની પર્યાય જેમાં સર્વશ્રુતજ્ઞાન એટલે બાર અંગ અને ચૌદ પૂર્વનું જે જ્ઞાન-તે જાણવામાં આવે તેને જિનદેવો વ્યવહાર શ્રુતકેવળી કહે છે. એને શ્રુતકેવળી કેમ કહ્યો ? કારણ કે જ્ઞાન બધું આત્મા જ છે. એ જ્ઞાન જ્ઞેયોનું નથી, પણ એ જ્ઞાન આત્માનું છે. એ જાણનારી જ્ઞાનપર્યાય તે આત્મા-એમ ભેદ પડયો તે વ્યવહાર છે. જ્ઞાનની પર્યાયમાં પરજ્ઞેયો જણાય ભલે, પણ એ જ્ઞાનપર્યાયનો સંબંધ કોની સાથે છે ? એ જ્ઞેયનું જ્ઞાન છે કે જ્ઞાતાનું ? તો કહે છે કે સર્વશ્રુતજ્ઞાનને જાણનારું જ્ઞાન જ્ઞાતાનું છે, આત્માનું છે. તે જ્ઞાનની પર્યાયને આત્મા સાથે તાદાત્મ્ય છે. તે જ્ઞાન આત્માને બતાવે છે તેથી તે ભેદરૂપ વ્યવહાર છે. વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે.

**સારાંશ :**

(૧) **ભાવશ્રુત કેવળી :** જે જીવ નિશ્ચયથી શ્રુતજ્ઞાન વડે આ અનુભવગોચર કેવળ એક શુદ્ધ આત્માને સન્મુખ થઈ જાણે છે તેને લોકને પ્રગટ જાણનારા ઋષીશ્વરો શ્રુતકેવળી કહે છે. અંતરના ભાવશ્રુતજ્ઞાન દ્વારા પોતાના આત્માને વેદે તેને શ્રુતકેવળી કહે છે. ભાવશ્રુતજ્ઞાન એટલે જેમાં રાગની કે નિમિત્તની અપેક્ષા નથી એવું જે સ્વને વેદનારું

અરૂપી નિર્વિકલ્પ જ્ઞાન તેના દ્વારા અખંડ એકરૂપ કેવળ શુદ્ધાત્માને અનુભવે, જાણે તેને ભાવશ્રુતકેવળી કહેવામાં આવે છે.

આ આત્મા અખંડ, એકરૂપ, શુદ્ધ, સામાન્ય, ધ્રુવ અનુભવગોચર વસ્તુ છે. તેની સન્મુખ થઈ તેને સ્વસંવેદનજ્ઞાન દ્વારા જે પ્રત્યક્ષ જાણે-અનુભવે તે સમ્યગ્દૃષ્ટિ જીવ છે. અંદર આખું જ્ઞાયકનું દળ જે અનંત બેહદ જ્ઞાન, આનંદ, ઈત્યાદિ અનંતગુણોથી ભરેલું અભેદ છે તેની સન્મુખ પોતાની જ્ઞાનપર્યાયને કરીને જે અનુભવગમ્ય નિજસ્વરૂપને જાણે-અનુભવે છે તે ભાવશ્રુતકેવળી છે. એ તો પરમાર્થ છે, નિશ્ચય છે, યથાર્થ છે.

(૨) **વ્યવહાર શ્રુતકેવળી :** જે જીવ સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે તેને જિનદેવો શ્રુતકેવળી કહે છે. જે જીવ જ્ઞાનની પર્યાયમાં બધા જ્ઞેયોને જાણે છે,-છ દ્રવ્યો તેના ગુણો પર્યાયો એમ બધા જ્ઞેયોને જાણે છે તેને વ્યવહાર શ્રુતકેવળી કહે છે. અહીં તો એક સમયની જ્ઞાનની પર્યાય જેમાં સર્વશ્રુતજ્ઞાન એટલે બાર અંગ અને ચૌદપૂર્વનું જે જ્ઞાન તે જાણવામાં આવે તેને જિનદેવો વ્યવહાર શ્રુતકેવળી કહે છે. એને શ્રુતકેવળી કેમ કહ્યો? કારણ કે જ્ઞાન બધું જ આત્મા છે. એ જ્ઞાન જ્ઞેયોનું નથી, પણ એ જ્ઞાન આત્માનું છે.

ભાવશ્રુત દ્વારા અંતર આત્માને જાણે એ તો પરમાર્થથી શ્રુતકેવળી છે. પરંતુ જ્ઞાનની પર્યાય બીજું બધુ જાણે, સર્વ શ્રુત જાણે, બાર અંગ જાણે, છ દ્રવ્ય અને તેના ગુણ પર્યાયોને જાણે એમ સમસ્ત પરને જાણે તેથી વ્યવહાર શ્રુતકેવળી કહે છે. જ્ઞાનની પર્યાયમાં સર્વ જ્ઞેયો જણાય એ જ્ઞાનની પર્યાય જ્ઞેયની નથી, પરંતુ આત્માની જ છે. એ જાણનારી જ્ઞાનપર્યાય તે આત્મા-એમ ભેદ પડ્યો તે વ્યવહાર છે.

અહીં બે વાત કરી છે. એક તો ભાવશ્રુત એટલે સ્વસંવેદન જ્ઞાન વડે જે પ્રત્યક્ષ સીધો આત્માને જાણે તે શ્રુતકેવળી તે પરમાર્થ છે, નિશ્ચય છે. બીજી વાત એમ કરી છે કે જે સર્વશ્રુતજ્ઞાનને જાણે તે શ્રુતકેવળી છે તે વ્યવહાર છે.

જ્ઞેયોને જાણતી જ્ઞાનની પર્યાય તે જ્ઞેયોની નથી પણ આત્માની છે. તે પર્યાય એમ જણાવે છે કે 'જ્ઞાન તે આત્મા છે' આ જાણે છે તે આત્મા છે. આવો ભેદ પડ્યો તે વ્યવહાર છે અને પરમાર્થનો પ્રતિપાદક છે એટલે કે તે વ્યવહાર નિશ્ચયને બતાવે છે.

"જે શ્રુતથી કેવળ શુદ્ધાત્માને જાણે છે તે શ્રુતકેવળી છે." એવા પરમાર્થનું પ્રતિપાદન કરવું અશક્ય છે. અનંત શક્તિઓનો પિંડ જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા અખંડ એકરૂપ પરમાર્થ વસ્તુ છે. તે અનુભવગમ્ય છે. તેનું કથન કરવું શી રીતે ? તેને ભાવશ્રુતજ્ઞાનથી પકડી અનુભવે એ પણ પરમાર્થ છે, સત્ય છે. એ તો નિશ્ચય સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન છે. પરંતુ પરમાર્થ અનુભવનું કથન કરવું કેવી રીતે ?

એવા પરમાર્થનું કથન કરવું અશક્ય છે તેથી ''જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે તે શ્રુતકેવળી છે'' એવો ભેદરૂપ વ્યવહાર કરવામાં આવે છે અને તે વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે માટે પોતાને દઢપણે સ્થાપિત કરે છે.

જે જ્ઞાનની પર્યાય સર્વશ્રુતને જાણે તે આત્મા છે. તે જ્ઞાન ત્રિકાળી જ્ઞાયકને જણાવે છે. પરમાર્થનું કથન કરવું અશક્ય છે તેથી દ્રવ્યશ્રુતનું જ્ઞાન જે છે-તે જ્ઞાન દ્વારા આત્માને જાણે તે શ્રુતકેવળી છે એમ ભેદપાડી સમજાવવામાં આવે તે વ્યવહાર છે. આમ પરમાર્થને કહેનારો વ્યવહાર છે ખરો, પણ વ્યવહાર અનુસરવા યોગ્ય નથી. ત્રિકાળી જ્ઞાયક એકનું જ અનુસરણ કરવું તે પરમાર્થ છે.

'જ્ઞાન તે આત્મા' એમ જાણવું એ વ્યવહાર છે. તે વ્યવહારનું લક્ષ છોડી દઈ ત્રિકાળી અખંડની દૃષ્ટિ કરવી તે પરમાર્થ છે, સત્ય છે. સર્વ શ્રુતજ્ઞાનને જાણે તે શ્રુતકેવળી છે એવો વ્યવહાર પરમાર્થના પ્રતિપાદકપણાને લીધે દઢપણે સ્થાપિત છે. એ વ્યવહાર છે ખરો, પણ વ્યવહારથી નિશ્ચય થાય એમ નથી. વ્યવહાર જે પરમાર્થને બતાવે તે પરમાર્થ એક જ આદરણીય છે એમ જાણી, વ્યવહારનો આશ્રય છોડી એક પરમાર્થનો જ અનુભવ કરવો.

**વસ્તુસ્વરૂપ યથાર્થ સમજી પરમાર્થનો વિષય જે અભેદ, એક શુદ્ધ આત્મા તેને દૃષ્ટિમાં લેવો તે સમ્યગ્દર્શન છે, મોક્ષમહેલની પ્રથમ સીડી છે.**

વળી જે સર્વ શાસ્ત્રજ્ઞાનને જાણે છે તેણે પણ જ્ઞાનને જાણવાથી આત્માને જ જાણ્યો, કેમ કે જ્ઞાન છે તે આત્મા જ છે; તેથી જ્ઞાન-જ્ઞાનીનો ભેદ કહેનારો જે વ્યવહાર તેણે પણ તે જ્ઞાયકને જ જાણવાનું કહ્યું, પરમાર્થને જાણવાનું કહ્યું ત્રિકાળીને પર્યાયથી જાણવો. જાણનાર પોતે પર્યાય છે, કેમ કે કાર્ય તો પર્યાયમાં થાય છે. આ રીતે વ્યવહારે પણ એક ધ્રુવ સ્વભાવને જાણવાનું કહ્યું છે, બીજું કાંઈ કહ્યું નથી.

❖ ❖ ❖

# સમયસાર ગાથા-૧૧

**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ ।**
**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो ।।११।।**

**વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે. ।।૧૧।।**

હવે વળી એવો પ્રશ્ન ઉઠે છે કે-પહેલાં એમ કહ્યું હતું કે વ્યવહારને અંગીકાર ન કરવો, પણ જો પરમાર્થને કહેનાર છે તો એવા વ્યવહારને કેમ અંગીકાર ન કરવો ? તેના ઉત્તરરૂપ આ ગાથાસૂત્ર કહે છે.

**ગાથાર્થ :** વ્યવહારનય અભૂતાર્થ છે અને શુદ્ધનય ભૂતાર્થ છે એમ ઋષીશ્વરોએ દર્શાવ્યું છે. જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યગ્દષ્ટિ છે.

**ટીકા :-** વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી અવિદ્યમાન, અસત્ય, અભૂત અર્થને પ્રગટ કરે છે; શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી વિદ્યમાન, સત્ય, ભૂત અર્થને પ્રગટ કરે છે. આ વાત દૃષ્ટાંતથી બતાવીએ છીએ. જેમ પ્રબળ કાદવના મળવાથી જેનો સહજ એક નિર્મળભાવ તિરોભૂત (આચ્છાદિત) થઈ ગયો છે એવા જળનો અનુભવ કરનારા પુરુષો-જળ અને કાદવનો વિવેક નહિ કરનારા ઘણા તો, તેને (જળને) મલિન જ અનુભવે છે; પણ કેટલાક પોતાના હાથથી નાખેલા કતકફળ (નિર્મળી ઔષધિ) ના પડવામાત્રથી ઊપજેલા જળ-કાદવના વિવેકપણાથી પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક નિર્મળભાવપણાને લીધે, તેને (જળને) નિર્મળ જ અનુભવે છે; એવી રીતે પ્રબળ કર્મના મળવાથી જેનો સહજ એક જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે એવા આત્માનો અનુભવ કરનાર પુરુષો-આત્મા અને કર્મનો વિવેક નહિ કરનારા, વ્યવહારથી વિમોહીત હૃદયવાળાઓ તો, તેને (આત્માને) જેમાં ભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) પ્રગટ છે એવો અનુભવે છે; પણ ભૂતાર્થદર્શીઓ (શુદ્ધ નયને દેખનારાઓ) પોતાની બુદ્ધિથી નાખેલા શુદ્ધનય અનુસાર બોધ થવા માત્રથી ઊપજેલા આત્મકર્મના વિવેકપણાથી, પોતાના પુરુષાર્થદ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક જ્ઞાયકપણાને લીધે તેને (આત્માને) જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે. અહીં, શુદ્ધનય કતકફળના સ્થાને છે તેથી જેઓ શુદ્ધનયનો આશ્રય કરે છે તેઓ જ સમ્યક્ અવલોકન કરતા (હોવાથી) સમ્યગ્દષ્ટિ છે પણ બીજા (જેઓ અશુદ્ધનયનો સર્વથા આશ્રય કરે છે તેઓ) સમ્યગ્દષ્ટિ નથી. માટે કર્મથી ભિન્ન આત્માના દેખનારાઓએ વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી.

**ભાવાર્થ :** અહીં વ્યવહારનયને અભૂતાર્થ અને શુદ્ધનયને ભૂતાર્થ કહ્યો છે. જેનો વિષય વિદ્યમાન ન હોય, અસત્યાર્થ હોય, તેને અભૂતાર્થ કહે છે. વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય એવો છે કે શુદ્ધ નયનો વિષય અભેદ એકાકારરૂપ નિત્ય દ્રવ્ય છે, તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી; માટે તેની દૃષ્ટિમાં અવિદ્યમાન, અસત્યાર્થ જ કહેવો જોઈએ. એમ ન સમજવું કે ભેદરૂપ કાંઈ વસ્તુ જ નથી. જો એમ માનવામાં આવે તો તો જેમ વેદાન્તમતવાળાઓ ભેદરૂપ અનિત્યને દેખી અવસ્તુ માયારૂપ કહે છે અને સર્વવ્યાપક એક અભેદ નિત્ય શુદ્ધબ્રહ્મને વસ્તુ કહે છે એવું ઠરે અને તેથી સર્વથા એકાંત શુદ્ધનયના પક્ષરૂપ મિથ્યાદૃષ્ટિનો જ પ્રસંગ આવે. માટે અહીં એમ સમજવું કે જિનવાણી સ્યાદ્‌વાદરૂપ છે, પ્રયોજનવશ નયને મુખ્ય-ગૌણ કરીને કહે છે. પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિકાળથી જ છે અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે. વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબન (સહાયક) જાણી બહુ કર્યો છે; પણ એનું ફળ સંસાર જ છે. શુદ્ધ નયનો પક્ષ તો કદી આવ્યો નથી અને એનો ઉપદેશ પણ વિરલ છે-ક્યાંક ક્યાંક છે. તેથી ઉપકારી શ્રી ગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી (મુખ્યતાથી) દીધો છે કે ''શુદ્ધનય ભૂતાર્થ છે, સત્યાર્થ છે; એનો આશ્રય કરવાથી સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે; એને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારમગ્ન છે ત્યાં સુધી આત્માના જ્ઞાનશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી.'' એમ આશય જાણવો.

**વિશેષાર્થ :**

(૧) વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી અવિદ્યમાન, અસત્ય, અભૂત અર્થને પ્રગટ કરે છે.

(૨) જે વસ્તુના સ્વરૂપમાં નથી તેને વ્યવહારનય પ્રગટ કરે છે માટે તે અભૂતાર્થ છે.

(૩) અભેદ વસ્તુમાં ભેદ નથી છતાં એવા અવિદ્યમાન અર્થને વ્યવહારનય પ્રગટ કરે છે.

(૪) જ્ઞાનમાં જણાય તેવો બુદ્ધિપૂર્વકનો રાગ તથા જ્ઞાનમાં ન જણાય એવો અબુદ્ધિપૂર્વકનો રાગ-એવા રાગના બન્ને પ્રકાર વસ્તુમાં નથી તેમજ રાગને જાણનારું જ્ઞાન એ વસ્તુમાં નથી અને જ્ઞાન તે આત્મા-એવો ભેદ પણ અભેદ વસ્તુમાં નથી. આમ વ્યવહારનય અવિદ્યમાન અર્થને પ્રગટ કરે છે તેથી તે અભૂતાર્થ છે.

(૫) અભૂત અર્થને પ્રગટ કરે છે એવો વ્યવહારનય ચાર પ્રકારે છે.
(૧) ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનય (૨) અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનય
(૩) ઉપચરિત સદ્‌ભૂત વ્યવહારનય (૪) અનુપચરિત સદ્‌ભૂત વ્યવહારનય

(૬) (૧) **ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર : રાગને આત્માનો કહેવો** રાગ-મૂળ સત્તરૂપ વસ્તુમાં નથી તેથી અસદ્ભૂત છે, ભેદ પાડ્યો તેથી વ્યવહાર છે અને જ્ઞાનમાં સ્થૂળપણે જણાય છે તેથી ઉપચરિત છે.

(૨) **અનુપચરિત અસદ્ભૂત વ્યવહાર** : જે સૂક્ષ્મ રાગનો અંશ વર્તમાન જ્ઞાનમાં જણાતો નથી, પકડાતો નથી તે અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયનો વિષય છે.

(૩) **ઉપચરિત સદ્ભૂત વ્યવહારનય** : 'જ્ઞાન રાગને જાણે છે' આત્માનું જ્ઞાન રાગને જાણે-તે જ્ઞાન પોતાનું હોવાથી સદ્ભૂત, ત્રિકાળીમાં ભેદ પાડ્યો માટે વ્યવહાર અને જ્ઞાન પોતાનું હોવા છતાં પરને જાણે છે એમ કહેવું તે ઉપચાર છે. આ ઉપચરિત સદ્ભૂત વ્યવહારનય.

(૪) **અનુપચરિત સદ્ભૂત વ્યવહારનય** : જ્ઞાન તે આત્મા એમ ભેદ પાડીને કથન કરવું તે અનુપચરિત સદ્ભૂત વ્યવહારનય છે.

(૭) ભગવાન આત્મા અભેદ એકરૂપ વસ્તુ છે. તે ભૂતાર્થ છે. વ્યવહારના ઉપરોક્ત ચારેય પ્રકાર ત્રિકાળી જ્ઞાયકમાં નહીં હોવાથી અસત્યાર્થ છે, જુઠા છે. વળી ધ્રુવ આત્મા અને વર્તમાન પર્યાય બંનેને સાથે લઈએ તો તે પણ વ્યવહારનય, અશુદ્ધનયનો વિષય થઈ જાય છે. તેથી તે પણ અભૂતાર્થ-અસત્યાર્થ છે. એનો લક્ષ કરવાનું છોડાવ્યું છે. તેથી વ્યવહાર છે એમ જાણવા માટે છે, પણ આદરવા યોગ્ય નથી આશ્રય કરવા લાયક નથી.

જૈન ધર્મ તો કોઈ અલૌકિક ચીજ છે. એનો મર્મ કહેતા સાર આ છે.

(૧) જિનસ્વરૂપ આત્મા છે, એટલે આત્મા વીતરાગ સ્વરૂપ છે, તે ભૂતાર્થ છે-તેથી મુખ્ય છે. બાકી બધું કર્મ એટલે રાગાદિ છે, તે વ્યવહાર છે, અભૂતાર્થ છે તેથી ગૌણ છે, અસત્યાર્થ છે.

(૨) અહીં મુખ્યનું પ્રયોજન સિદ્ધ કરવા વ્યવહારને ગૌણ કરીને તે નથી એમ કહેવામાં આવ્યું છે.

(૩) શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી વિદ્યમાન, સત્ય, ભૂત અર્થને પ્રગટ કરે છે. શુદ્ધનય એટલે ત્રિકાળી ચીજ પોતે શુદ્ધનય છે. તેમાં જ્ઞાન તે આત્મા, પર્યાય તે આત્મા, એ બધા ભેદ અભૂતાર્થ છે. અવિદ્યમાન છે. શુદ્ધનય એક જ ભૂતાર્થ એટલે સાચો છે.

(૪) ત્રિકાળી ભગવાન આત્મા ધ્રુવ-ધ્રુવ-ધ્રુવ, અખંડ, એકરૂપ ભૂતાર્થ, છતી વસ્તુ છે, તે પોતે શુદ્ધનય અથવા તેને જાણનાર જે શુદ્ધનય, તે એક જ છે.

(૫) અહીં તો ત્રિકાળી એકરૂપ શુદ્ધ જ્ઞાયકભાવ, ચૈતન્યઘન દ્રવ્ય જે અનાકુળ સમાધિ અને આનંદનું ધામ ભગવાન પૂર્ણ છે, એ જ એક સત્યાર્થ છે.

(૬) રાગ વિનાનો ખરો પણ જે એક સમયની પર્યાય વિનાનો ત્રિકાળી, ધ્રુવ જ્ઞાયકભાવ છે તે એક જ સત્યાર્થ છે અને તેને જાણનારો શુદ્ધનય તે પણ એક જ છે.

(૭) વસ્તુની દૃષ્ટિ અને એનો વિષય જે શુદ્ધ વસ્તુ એ શું છે તે જાણ્યા વિના સમ્યગ્દર્શન ન થાય.

(૮) ત્રિકાળ વિદ્યમાન તત્ત્વ ભગવાન આત્મા, એક સમયની પર્યાય વિનાનો, અવિનાશી, અવિચળ, ધ્રુવ, ચૈતન્યસૂર્ય તેને શુદ્ધનય પ્રગટ કરે છે. **દૃષ્ટિનો વિષય આ એકમાત્ર વિદ્યમાન જ્ઞાયકતત્ત્વ છે.**

(૯) ભૂતાર્થના આશ્રયે જીવ સમ્યગ્દૃષ્ટિ થાય છે. પ્રગટ ત્રિકાળી ભગવાનનો જે આશ્રય લે તેને નિશ્ચયથી સમ્યગ્દર્શન થાય છે તેમ કહ્યું છે.

(૧૦) અહા ! જેવું અંદર પૂર્ણ સત્ય સ્વરૂપ પડ્યું છે, તેનો અનુભવ કરીને પ્રતીતિ કરે તેને નિશ્ચયથી સમ્યગ્દર્શન થાય છે. આ જૈન ધર્મ છે. આત્મા અને રાગાદિનું ભેદજ્ઞાન, અખંડ એકરૂપ નિર્મળ જ્ઞાયકભાવનો આશ્રય કરી, કરવાથી આત્માનો અનુભવ થાય છે.

**સમન્વય :**

(૧) અહીં વ્યવહારનયને અભૂતાર્થ અને શુદ્ધનયને ભૂતાર્થ કહ્યો છે. જેનો વિષય વિદ્યમાન ન હોય તેને અભૂતાર્થ કહે છે. વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય એવો છે કે શુદ્ધનયનો વિષય અભેદ એકાકારરૂપ નિત્ય દ્રવ્ય છે, તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી; માટે તેની દૃષ્ટિમાં ભેદ અવિદ્યમાન, અસત્યાર્થ જ કહેવો જોઈએ.

(૨) શુદ્ધનયને અહીં ભૂતાર્થ કહ્યો છે. અતિન્દ્રિય આનંદનો પિંડ એવો જે જ્ઞાયકભાવ એને જ સત્ય કહ્યો છે. પરદ્રવ્યની તો અહીં વાત નથી. શરીર, મન, વાણી, દેવ, ગુરુ, શાસ્ત્ર ઈત્યાદિ પર તો પરમાં જ રહ્યા. અહીં તો એક ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ અને બીજો વર્તમાન પર્યાયભાવ એમ આત્મામાં બે પ્રકાર છે, તેમાં ત્રિકાળી દ્રવ્યસ્વભાવ સત્ય છે અને પર્યાયભાવ અસત્ય છે એમ કહ્યું છે.

(૩) અનાદિથી આ જીવ દુઃખના પંથે એટલે કે રાગના અને પર્યાયના પંથે દોરાઈ રહ્યો છે. તેણે ત્રિકાળી ચીજ સત્યાર્થ દ્રવ્યસ્વભાવનો કદીય સ્વીકાર કર્યો નથી.

(૪) જીવને સુખના પંથે ચઢાવવા અહીં કહે છે કે ત્રિકાળી વસ્તુ જ્ઞાયક એ સત્ય છે અને પર્યાય તે અસત્ય છે. આમ કહીને ભૂતાર્થ દ્રવ્યસ્વભાવનો આશ્રય કરાવવા માંગે છે, કેમ કે ભૂતાર્થ સ્વભાવની દૃષ્ટિ થતાં સંસાર રહેતો નથી.

(૫) એમ ન સમજવું કે ભેદરૂપ કાંઈ વસ્તુ જ નથી. દ્રવ્યમાં ગુણ છે જ નહિ, પર્યાય છે જ નહિ, ભેદ છે જ નહિ-એમ નથી. આત્મામાં અનંતગુણો છે, તે બધા નિર્મળ છે. કોઈ વળી એમ માને કે એકાકાર દ્રવ્ય જ છે અને પર્યાય નથી તો એમ નથી. દૃષ્ટિના વિષયમાં ગુણોનો ભેદ નથી, પણ અંદર વસ્તુમાં અનંતગુણો છે. ભેદ સર્વથા કાંઈ વસ્તુ નથી એમ ન માનવું.

(૬) પર્યાય સમ્યગ્દર્શનનો વિષય નથી, પરંતુ ત્રિકાળ ધ્રુવ જ્ઞાયકને વિષય કરનાર પર્યાય છે. આમ સર્વથા પર્યાય નથી એમ નથી. કથંચિત્ અશુદ્ધતા છે, ભેદો છે, પર્યાય છે એમ અપેક્ષાથી બરાબર સમજવું.

(૭) જિનવાણી સ્યાદ્વાદરૂપ છે, પ્રયોજન વશ નયને મુખ્ય ગૌણ કરીને કહે છે. જ્યાં જે અપેક્ષા હોય, ત્યાં તે સમજવી જોઈએ.

(૮) પ્રયોજન સિદ્ધ કરવા, સમ્યગ્દર્શન કરવા ત્રિકાળી દ્રવ્યને અભેદ કહીને ભૂતાર્થ કહ્યું છે અને પર્યાયનું લક્ષ છોડાવવા તેને ગૌણ કરી અસત્યાર્થ કહી છે. ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પતા થતી નથી માટે પ્રયોજનવશ ભેદને ગૌણ કરી અસત્યાર્થ કહ્યો છે. બરાબર સમજવું.

**સારાંશ :**

(૧) વ્યવહારનય અભૂતાર્થ એટલે અસત્ય છે, જૂઠો છે અને નિશ્ચયનય ભૂતાર્થ એટલે કે સત્ય, સાચો છે.

(૨) ત્રિકાળી પૂર્ણ આનંદસ્વરૂપ જે જ્ઞાયકભાવ, છતો પદાર્થ, શાશ્વત ચીજ આત્મા છે તે ભૂતાર્થ છે. ધ્રુવ વસ્તુ જે અનાદિ-અનંત અસંયોગી, શાશ્વત, ભૂતાર્થ વસ્તુ-જેમાં સંયોગ, રાગ, પર્યાય કે ગુણભેદ નથી, એવા અભેદની દૃષ્ટિ કરવી, આશ્રય કરવો, તેની સન્મુખ થવું એ સમ્યગ્દર્શન છે. અંદર આત્મા ત્રિકાળી એકરૂપ અભેદ જ્ઞાયક છે તેનો દૃષ્ટિમાં જ્યાં સુધી સ્વીકાર આવે નહીં ત્યાં સુધી સમ્યગ્દર્શન નથી. અનંતગુણોનો અભેદ પિંડ એક ધ્રુવ આત્માનો આશ્રય લઈ એની પ્રતીતિ કરે તે સમ્યગ્દર્શન છે. આત્માને એની સન્મુખ થઈને જાણવો તેનું નામ સમ્યગ્દર્શન છે. ત્રિકાળી સત્ ચૈતન્યસ્વરૂપ પરમબ્રહ્મસ્વરૂપ આનંદકંદ આત્મા ભૂતાર્થ છે અને તેનો આશ્રય કરતાં જે નિર્વિકલ્પ અનુભવ થાય તે સમ્યગ્દર્શન છે.

(૩) વર્તમાન પર્યાય સ્વતંત્રપણે કર્તા થઈને રાગનું લક્ષ છોડી અંતરમાં સ્વભાવ-સન્મુખ થઈને જ્ઞાયક પૂર્ણાનંદ તરફ વળે, ઢળે, તે આત્માની પ્રાપ્તિ છે, તે સમ્યગ્દર્શન છે.

(૪) અખંડ એક અભેદ સામાન્ય ધ્રુવ જે વસ્તુ, વર્તમાન પર્યાયને બાદ કરતાં જે રહે તે અભેદ વસ્તુ-તે ભૂતાર્થ છે, સત્યાર્થ છે. **તે જ દૃષ્ટિનો વિષય છે અને એનો આશ્રય કરવાથી એટલે એની સન્મુખ થવાથી-ઢળવાથી જીવ સમ્યગ્દૃષ્ટિ થાય છે.**

(૫) કર્મ, રાગ, ગુણ-ગુણીના ભેદ એ સઘળો વ્યવહાર છે. તે અસત્યાર્થ છે, જૂઠો છે કેમ કે કર્મ, રાગ અને ગુણભેદ એ ત્રિકાળી વસ્તુમાં નથી. અનાદિથી પર્યાય રાગની પ્રાપ્તિમાં પડી છે, એ મિથ્યાત્વ છે.

(૬) આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શાંતિ, અનંત પ્રભુતા, અનંત સ્વચ્છતા, એમ અનંત અનંત ભાવસ્વરૂપે અનંત શક્તિઓથી સંપન્ન પરમાર્થ વસ્તુ છે. તેની સન્મુખ થઈ તેનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.

(૭) રાગમાં ધર્મ માની પ્રવર્તે, દયા, દાન, તપ, પૂજા, વ્રત એ જેટલા બાહ્ય ક્રિયાકાંડ છે તે સઘળા ચારગતિમાં રખડવાના માર્ગ છે, મિથ્યાદર્શન છે. શુભ રાગ છે તે ધર્મ નથી-તે અસત્યાર્થ છે.

(૮) વીતરાગનો માર્ગ જે જૈન ધર્મ છે, જે વસ્તુનું સ્વરૂપ બતાવે છે જે સૂક્ષ્મ ધર્મનું સ્વરૂપ સમજાવે છે તેની વાત બહુ ધીરજથી સમજવા જેવી છે.

# સમયસાર ગાથા-૧૨

सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं ।
ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे ॥१२॥

**દેખે પરમ જે ભાવ તેને શુદ્ધનય જ્ઞાતવ્ય છે;**
**અપરમ ભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે. ॥ ૧૨ ॥**

હવે, "એ વ્યવહારનય પણ કોઈ કોઈને કોઈ વખતે પ્રયોજવાન છે, સર્વથા નિષેધ કરવા યોગ્ય નથી; તેથી તેનો ઉપદેશ છે."

**ગાથાર્થ :** જે શુદ્ધનય સુધી પહોંચી શ્રદ્ધાવાન થયા તથા પૂર્ણ જ્ઞાનચારિત્રવાન થઈ ગયા તેમને તો શુદ્ધ (આત્મા)નો ઉપદેશ (આજ્ઞા) કરનાર શુદ્ધનય જાણવા યોગ્ય છે.

વળી જે જીવો અપરમભાવે અર્થાત્ શ્રદ્ધા તથા જ્ઞાન-ચારિત્રના પૂર્ણ ભાવને નથી પહોંચી શક્યા, સાધક અવસ્થામાં જ સ્થિત છે તેઓ વ્યવહાર દ્વારા ઉપદેશ કરવા યોગ્ય છે.

**ટીકા :** જે પુરુષો છેલ્લા પાકથી ઉતરેલા શુદ્ધ સુવર્ણ સમાન (વસ્તુ) ઉત્કૃષ્ટ ભાવને અનુભવે છે તેમને પ્રથમ, દ્વિતિય આદિ અનેક પાકોની પરંપરાથી પચ્યમાન (પકાવવામાં આવતા) અશુદ્ધ સુવર્ણ સમાન જે અનુત્કૃષ્ટ (મધ્યમ) ભાવ તેનો અનુભવ નથી હોતો; તેથી શુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી જેણે અચલિત અખંડ એકસ્વભાવરૂપ એક ભાવ પ્રગટ કર્યો છે એવો શુદ્ધનય જ, સૌથી ઉપરની એક પ્રતિવર્ણિકા (સુવર્ણના વર્ણ) સમાન હોવાથી, જાણેલો પ્રયોજવાન છે.

પરંતુ જે પુરુષો પ્રથમ, દ્વિતિય આદિ અનેક પાકોની પરંપરાથી પચ્યમાન અશુદ્ધ સુવર્ણ સમાન જે (વસ્તુનો) અનુત્કૃષ્ટ (મધ્યમ) ભાવ તેને અનુભવે છે તેમને છેલ્લા પાકથી ઊતરેલા શુદ્ધ સુવર્ણ સમાન ઉત્કૃષ્ટ ભાવનો અનુભવ નથી હોતો; તેથી, અશુદ્ધ દ્રવ્યને કહેનારા હોવાથી જેણે જુદા જુદા એક એક ભાવસ્વરૂપ અનેક ભાવો દેખાડયા છે એવો વ્યવહારનય, વિચિત્ર (અનેક) વર્ણમાળા સમાન હોવાથી, જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. એ રીતે પોતપોતાના સમયમાં બંનેનયો કાર્યકારી છે; કારણ કે તીર્થ અને તીર્થના ફળની એવી જ વ્યવસ્થિતિ છે. (જેનાથી તરાય તે તીર્થ છે; એવો વ્યવહારધર્મ છે. પાર થવું તે વ્યવહારધર્મનો ફળ છે અથવા પોતાના સ્વરૂપને પામવું તે તીર્થફળ છે).

આચાર્ય કહે છે કે ભવ્ય જીવો ! જો તમે જિનમતને પ્રવર્તાવવા ચાહતા હો તો વ્યવહાર અને નિશ્ચય-એ બન્ને નયોને ન છોડો; કારણ કે વ્યવહારનય વિના તો તીર્થ-વ્યવહારમાર્ગનો નાશ થઈ જશે અને નિશ્ચય વિના તત્ત્વ (વસ્તુ)નો નાશ થઈ જશે.

**ભાવાર્થ :** લોકમાં સોનાના સોળ વાલ પ્રસિદ્ધ છે. પંદર-વલા સુધી તેમાં ચુરી આદિ પરસંયોગની કાલિમા રહે છે તેથી અશુદ્ધ કહેવાય છે. અને તાપ દેતાં દેતાં છેલ્લા તાપથી ઊતરે ત્યારે સોળ-વલું શુદ્ધ સુવર્ણ કહેવાય છે. જે જીવોને સોળ-વલા સોનાનું જ્ઞાન, શ્રદ્ધાન તથા પ્રાપ્તિ થઈ તેમને પંદર-વલા સુધીનું કાંઈ પ્રયોજન નથી અને જેમને સોળ-વલા શુદ્ધ સોનાની પ્રાપ્તિ નથી થઈ તેમને ત્યાં સુધી પંદર-વલા સુધીનું પણ પ્રયોજનવાન છે. એવી રીતે આ જીવ નામનો પદાર્થ છે તે પુદ્ગલના સંયોગથી અશુદ્ધ અનેકરૂપ થઈ રહ્યો છે. તેના સર્વ પરદ્રવ્યોથી ભિન્ન, એક જ્ઞાયકપણામાત્રનું જ્ઞાન, શ્રદ્ધાન તથા આચરણરૂપ પ્રાપ્તિ-એ ત્રણે જેમને થઈ ગયાં તેમને તો પુદગલ સંયોગજનિત અનેક રૂપપણાને કહેનારો અશુદ્ધનય કાંઈ પ્રયોજનવાન (કોઈ મતલબનો) નથી; પણ જ્યાં સુધી શુદ્ધ ભાવની પ્રાપ્તિ નથી થઈ ત્યાં સુધી જેટલું અશુદ્ધનયનું કથન છે તેટલું યથાપદવી પ્રયોજનવાળું છે. જ્યાં સુધી યથાર્થ જ્ઞાન-શ્રદ્ધાનની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી તો જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે એવાં જિનવચનોનું સાંભળવું, ધારણ કરવું તથા જિનવચનોને કહેનારા શ્રી જિન-ગુરુની ભક્તિ, જિનબિંબના દર્શન ઈત્યાદિ વ્યવહારમાર્ગમાં પ્રવૃત થવું પ્રયોજવાન છે અને જેમને શ્રદ્ધાન-જ્ઞાન તો થયાં છે પણ સાક્ષાત્ પ્રાપ્તિ નથી થઈ તેમને પૂર્વકથિત કાર્ય, પરદ્રવ્યનું આલંબન છોડવારૂપ અણુવ્રત, મહાવ્રતનું ગ્રહણ, સમિતિ, ગુપ્તિ, પંચ પરમેષ્ઠીના ધ્યાનરૂપ પ્રવર્તન, એ પ્રમાણે પ્રવર્તનારાઓની સંગતિ કરવી અને વિશેષ જાણવા માટે શાસ્ત્રોનો અભ્યાસ કરવો ઈત્યાદિ વ્યવહારમાર્ગમાં પોતે પ્રવર્તવું અને બીજાને પ્રવર્તાવવું-એવો વ્યવહારનયનો ઉપદેશ અંગીકાર કરવો પ્રયોજનવાન છે. વ્યવહારનયને કથંચિત્ત અસત્યાર્થ કહેવામાં આવ્યો છે; (વ્યવહારનયના ઉપદેશથી એમ ન સમજવું કે આત્મા પરદ્રવ્યની ક્રિયા કરી શકે છે, પણ એમ સમજવું કે વ્યવહારોપદિષ્ટ શુભ ભાવોને આત્મા વ્યવહારે કરી શકે છે. વળી તે ઉપદેશથી એમ પણ ન સમજવું કે આત્મા શુભ ભાવો કરવાથી શુદ્ધતાને પામે છે, પરંતુ એમ સમજવું કે સાધકદશામાં ભૂમિકા અનુસાર શુભ ભાવો આવ્યા વિના રહેતા નથી).

પણ જો કોઈ તેને સર્વ અસત્યાર્થ જાણી છોડી દે તો શુભઉપયોગરૂપ વ્યવહાર છોડે અને શુદ્ધોપયોગની સાક્ષાત્ પ્રાપ્તિ તો થઈ નથી, તેથી, ઊલ્ટો અશુભોપયોગમાં જ આવી, ભ્રષ્ટ થઈ, ગમે તેમ સ્વેચ્છારૂપ પ્રવર્તે તો નરકાદિ ગતિ તથા પરંપરા નિગોદને પ્રાપ્ત થઈ સંસારમાં જ ભ્રમણ કરે. માટે શુદ્ધનયનો વિષય જે સાક્ષાત્ શુદ્ધાત્મા તેની પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી વ્યવહાર પણ પ્રયોજવાન છે-એવો સ્યાદ્‌વાદમતમાં શ્રી ગુરુઓનો ઉપદેશ છે.

**વિશેષાર્થ :** વ્યવહાર વિના તીર્થનો લોપ થઈ જશે અને નિશ્ચય વિના તત્ત્વનો લોપ

થઈ જશે, અર્થાત્ તત્ત્વની પ્રાપ્તિ નહીં થાય. અહીંયા 'તીર્થ'નો અર્થ ઉપદેશ અને 'તત્ત્વ'નો અર્થ શુદ્ધાત્માના અનુભવનો છે. ઉપદેશની પ્રક્રિયા પ્રતિપાદન દ્વારા સંપન્ન થાય છે તથા પ્રતિપાદન કરવું વ્યવહારનું કામ છે; એટલે વ્યવહારને સર્વથા અસત્યાર્થ માનવાથી તીર્થનો લોપ થઈ જશે એમ કહ્યું છે. શુદ્ધાત્માનો અનુભવ નિશ્ચયનયેના વિષયભૂત અર્થમાં એકાગ્ર થવા પર થાય છે; એટલે નિશ્ચયનયને છોડવાથી તત્ત્વની પ્રાપ્તિ નહીં થાય અર્થાત્ આત્માનો અનુભવ નહી થાય. દ્વાદશાંગ જિનવાણીમાં વ્યવહાર દ્વારા જે પણ ઉપદેશ આપવામાં આવ્યો છે, તેનો સાર એકમાત્ર આત્માનો અનુભવ જ છે. **'આત્માનુભૂતિ' જ સમસ્ત જિન શાસનનો સાર છે.**

આ પ્રમાણે આ ગાથામાં એમ કહેવામાં આવ્યું છે કે ઉપદેશની પ્રક્રિયામાં વ્યવહારનય પ્રધાન છે અને અનુભવની પ્રક્રિયામાં નિશ્ચયનય પ્રધાન છે.

આત્માના અનુભવમાં વ્યવહારનય પોતે જ ગૌણ થઈ ગયો છે. જ્ઞાનીજન જ્યારે વ્યવહારનયને હેય અથવા અસત્યાર્થ કહે છે તો એને ગૌણ કરીને અસત્યાર્થ કહે છે-અભાવ કરીને નહીં.

જો જિનમતને પ્રવર્તાવું ઈચ્છો તો વ્યવહાર-નિશ્ચયને નહી છોડતાં. પ્રવર્તાવું ના બે ભાવ છે (૧) તીર્થ-પ્રવર્તન (૨) આત્મઅનુભવ. (૧) તીર્થ પ્રવર્તનનો અર્થ જિનધર્મની ઉપદેશ-પ્રક્રિયાને નિરંતર પ્રદાન કરવી છે, તો આ તો વ્યવહારથી જ સંભવીત છે. પરંતુ (૨) જિનમતનું વાસ્તવિક પ્રવર્તન તો આત્માનુભવ જ છે અને આત્માનુભૂતિરૂપ જિનમતનું પ્રવર્તન તો નિશ્ચયનયના વિષયભૂત અર્થમાં મગ્ન થવાથી જ સંભવ છે.

તીર્થંકર મહાવીરનું તીર્થ આજે પણ પ્રવર્તિત છે, કારણ કે એમની વાણીથી કરવામાં આવેલું શુદ્ધાત્મ વસ્તુનું અનુભવ જ્ઞાનીજન આજે પણ કરે છે. આ વ્યવહાર- નિશ્ચયની અદ્દભૂત સંધિ છે. અનુભવની પ્રેરણાની દેશનારૂપ વ્યવહાર અને અનુભવરૂપ નિશ્ચયની વિધમાનતા-વ્યવહાર નિશ્ચયને નહી છોડવાની પ્રક્રિયા છે.

બીજી રીતે કહીએ તો મોક્ષમાર્ગની પર્યાયને તીર્થ કહે છે અને જે ત્રિકાળી ધ્રુવ નિજ શુદ્ધાત્મવસ્તુના આશ્રયથી મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ થાય છે તેને તત્ત્વ કહે છે. એટલે વ્યવહારને નહીં માનવાથી મોક્ષમાર્ગરૂપ તીર્થ અને નિશ્ચયનયને નહીં માનવાથી નિજ શુદ્ધાત્મતત્ત્વના લોપનો પ્રસંગ ઊભો થશે.

વ્યવહાર નથી એમ નહીં કહો. વ્યવહાર છે, જેને અસત્યાર્થ કહ્યો છે એ ત્રિકાળી ધ્રુવ નિશ્ચયની વિવિક્ષામાં ગૌણ કરીને અસત્ય કહ્યો છે. વ્યવહાર છે. મોક્ષનો માર્ગ છે. ચોથા, પાંચમા અને છઠ્ઠા અને ચૌદ ગુણસ્થાન જે વ્યવહારનો વિષય છે એ છે મોક્ષનો ઉપાય-જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, તે વ્યવહાર છે. ચૌદ ગુણસ્થાન દ્રવ્યમાં નથી-એ તો ઠીક

પણ પર્યાયમાં પણ નથી એમ કહેશો તો તીર્થનો નાશ થઈ જશે અને તીર્થનું ફળ જે મોક્ષ અને સિદ્ધપદ છે તેનો પણ અભાવ થઈ જશે. અહીં મોક્ષમાર્ગની પર્યાયને તીર્થ કહ્યો અને વસ્તુને તત્ત્વ કહી છે. ત્રિકાળી ધ્રુવ ચૈતન્યઘન વસ્તુ નિશ્ચય છે. જો એને નહીં માનો તો તત્ત્વનો નાશ થઈ જશે અને તત્ત્વના અભાવમાં, તત્ત્વના આશ્રયથી ઉત્પન્ન થતું જે મોક્ષમાર્ગરૂપ તીર્થ તે પણ નહિ રહે. આ નિશ્ચયરૂપ વસ્તુને નહિ માનવાથી તત્ત્વ અને તીર્થ બંનેનો નાશ થઈ જશે.માટે વસ્તુસ્વરૂપ જેમ છે તેમ યથાર્થ માનવું. જ્યાં સુધી પૂર્ણતા નથી થઈ ત્યાં સુધી નિશ્ચય અને વ્યવહાર બંને હોય છે. પૂર્ણતા થઈ ગઈ અર્થાત્ સ્વયંમાં પૂર્ણ સ્થિર થઈ ગયા ત્યાં બધા પ્રયોજન સિદ્ધ થઈ ગયા. શુદ્ધનયનો વિષય જે સાક્ષાત્ શુદ્ધઆત્મા તેની પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી વ્યવહારનય પણ પ્રયોજનવાન છે. એવો સ્યાદ્વાદમતમાં ઉપદેશ છે.

**કળશ-૪**

**શ્લોકાર્થ :** નિશ્ચય અને વ્યવહાર એ બે નયોને વિષયના ભેદથી પરસ્પર વિરોધ છે; એ વિરોધને નાશ કરનારું ''સ્યાત્'' પદથી ચિહ્નિત જે જિનભગવાનનું વચન (વાણી) તેમાં જે પુરુષો રમે છે ( પ્રચુર પ્રીતિ સહિત અભ્યાસ કરે છે) તે પુરુષો પોતાની મેળે (અન્ય કારણ વિના) મિથ્યાત્વકર્મના ઉદયનું વમન કરીને આ અતિશયરૂપ પરમજ્યોતિ પ્રકાશમાન શુદ્ધ આત્માને તુરત દેખે જ છે કેવો છે સમયસારરૂપ શુદ્ધ આત્મા ? નવીન ઉત્પન્ન થયો નથી, પહેલાં કર્મથી આચ્છાદિત હતો તે પ્રગટ વ્યક્તિરૂપ થઈ ગયો છે. વળી કેવો છે ? સર્વથા એકાંતરૂપ કુ નયના પક્ષથી ખંડિત થતો નથી, નિર્બાધ છે.

હવે આચાર્ય શુદ્ધનયને પ્રધાન કરી નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે. અશુદ્ધ નયની (વ્યવહારનયની) પ્રધાનતામાં જીવાદિ તત્ત્વોના શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહ્યું છે તો અહીં એ જીવાદિ તત્ત્વોને શુદ્ધનય વડે જાણવાથી સમ્યક્ત્વ થાય એમ કહે છે.

**ભાવાર્થ :** જિનવચન (વાણી) સ્યાદ્વાદરૂપ છે. જ્યાં બે નયોને વિષયનો વિરોધ છે. સત્રૂપ હોય તે અસત-રૂપ ન હોય, જે નિત્ય હોય તે અનિત્ય ન હોય.....ઈત્યાદિ નયોના વિષયોમાં વિરોધ છે. ત્યાં જિનવચન કથંચિત્ત વિવક્ષાથી સત્-અસત્રૂપ, નિત્ય-અનિત્યરૂપ, ભેદ-અભેદરૂપ જે રીતે વિદ્યમાન વસ્તુ છે તે રીતે કહીને વિરોધ મટાડી દે છે. તે જિનવચન દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક-એ બે નયોમાં, પ્રયોજનવશ શુદ્ધ દ્રવ્યાર્થિક નયને મુખ્ય કરીને તેને નિશ્ચય કહે છે અને અશુદ્ધ દ્રવ્યાર્થિકરૂપ પર્યાયાર્થિકનયને ગૌણ કરી તેને વ્યવહાર કહે છે. આવા જિનવચનમાં જે પુરુષ રમણ કરે છે તે આ શુદ્ધાત્માને યથાર્થ પામે છે. અન્ય સર્વથા-એકાન્તી સાંખ્યાદિક એ આત્માને પામતા નથી, કારણ કે વસ્તુ સર્વથા એકાંત

પક્ષનો વિષય નથી. તો પણ તેઓ એક જ ધર્મને ગ્રહણ કરી વસ્તુની અસત્ય કલ્પના કરે છે. જે અસત્યાર્થ છે.

**કળશ-૫**

**શ્લોકાર્થ :** જે વ્યવહારનય છે તે જો કે આ પહેલી પદવીમાં (જ્યાં સુધી શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી) જેમણે પોતાનો પગ માંડેલો છે એવા પુરુષોને, અરેરે ! હસ્તાવલંબ તુલ્ય કહ્યો છે, તો પણ જે પુરુષો ચૈતન્ય-ચમત્કારમાત્ર પરદ્રવ્યભાવોથી રહિત (શુદ્ધનયના વિષયભૂત) પરમ ''અર્થ''ને અંતરંગમાં અવલોકે છે, તેની શ્રદ્ધા કરે છે તથા તદ્રૂપ લીન થઈ ચારિત્રભાવને પ્રાપ્ત થાય છે તેમને એ વ્યવહારનય કાંઈપણ પ્રયોજનવાન નથી.

**ભાવાર્થ :** શુદ્ધસ્વરૂપનું જ્ઞાન, શ્રદ્ધાન તથા આચરણ થયા બાદ અશુદ્ધનય કાંઈપણ પ્રયોજનકારી નથી.

**કળશ-૬**

હવે પછીના શ્લોકમાં નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે :-

આ આત્માને અન્ય દ્રવ્યોથી જુદો દેખવો (શ્રદ્ધવો) તે જ નિયમથી સમ્યગ્દર્શન છે. કેવો છે તે આત્મા ? પોતાના ગુણ-પર્યાયોમાં વ્યાપનારો છે. વળી કેવો છે ? શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે. વળી કેવો છે ? પૂર્ણજ્ઞાનઘન છે. વળી જેટલું સમ્યગ્દર્શન છે તેટલો જ આ આત્મા છે. તેથી આચાર્ય પ્રાર્થના કરે છે કે આ નવતત્ત્વની પરિપાટીને છોડી, આ આત્મા એક જ અમને પ્રાપ્ત હો.

**ભાવાર્થ :** શુદ્ધનયથી જ્ઞાયકમાત્ર એક-આકાર દેખાડવામાં આવ્યો, તેને સર્વ અન્યદ્રવ્યો અને અન્યદ્રવ્યોના ભાવોથી ન્યારો દેખવો, શ્રદ્ધવો તે નિયમથી સમ્યગ્દર્શન છે. આ વ્યવહારી છદ્મસ્થજીવ આગમને પ્રમાણ કરી, શુદ્ધનયે દર્શાવેલા પૂર્ણ આત્માનું શ્રદ્ધાન કરે તે શ્રદ્ધાન નિશ્ચય સમ્યગ્દર્શન છે. સર્વજ્ઞની વાણીમાં જેવું પુર્ણ આત્માનું સ્વરૂપ કહ્યું છે તેવું શ્રદ્ધાન થવાથી જ નિશ્ચય સમ્યક્ત્વ થાય છે.

**કળશ-૭**

હવે, ''ત્યારપછી શુદ્ધનયને આધીન, સર્વદ્રવ્યોથી ભિન્ન, આત્મજ્યોતિ પ્રગટ થઈ જાય છે'' એમ આચાર્ય કહે છે.

**શ્લોકાર્થ :** ત્યારબાદ શુદ્ધનયને આધીન જે ભિન્ન આત્મજ્યોતિ છે તે પ્રગટ થાય છે કે જે નવ તત્ત્વમાં પ્રાપ્ત થવા છતાં પોતાના એકપણાને છોડતી નથી.

**ભાવાર્થ :** નવ તત્ત્વમાં પ્રાપ્ત થયેલો આત્મા અનેકરૂપ દેખાય છે, જો તેનું ભિન્ન સ્વરૂપ વિચારવામાં આવે તો તે પોતાની ચૈતન્ય-ચમત્કારમાત્ર જ્યોતિને છોડતો નથી.

**સારાંશ :**

પરમભાવ : શુદ્ધોપયોગરૂપ શુદ્ધભાવ પરમભાવ છે.

અપરમભાવ : શુભાશુભભાવરૂપ અશુદ્ધભાવ અપરમભાવ છે.

પરમભાવ અને અપરમભાવને ત્રણ પ્રકારથી ઘટિત કરી શકાય.

(૧) આત્માનુભવી સમ્યગ્દષ્ટિ જ્ઞાની પુરુષ શ્રદ્ધાની અપેક્ષા પરમભાવમાં સ્થિત છે. એટલે એમને દેશના લબ્ધિ વ્યવહારનું કોઈ વિશેષ પ્રયોજન નથી રહ્યું ; કારણ કે સમજવા યોગ્ય ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્માને તે સમજી ગયા છે અને અનુભવ પણ કરી લીધો છે.

અજ્ઞાની મિથ્યાદષ્ટિ અપરમભાવમાં સ્થિત છે. એ આત્માને નથી સમજતા એટલે એમને આત્માનું સ્વરૂપ સમજાવવાળો વ્યવહારનય પ્રયોજવાન છે.

મુખ્યરૂપથી સમજાવવું તો અજ્ઞાની ને જ છે અને વ્યવહારની ઉપયોગીતા પણ સમજવામાં-સમજાવવામાં જ વધુ છે. આખરે વ્યવહાર નિશ્ચયનો પ્રતિપાદક તો છે. એટલે નિશ્ચયને નહીં જાણવાવાળાને તો વ્યવહારમાર્ગને સમજવું-સમજાવવું પ્રયોજનવાન છે.

(૨) શુભોપયોગ અને શુદ્ધોપયોગની અપેક્ષા ચોથા ગુણસ્થાને અવિરત સમ્યગ્દષ્ટિ, પાંચમા ગુણસ્થાને અણુવૃતી અને છઠ્ઠા ગુણ સ્થાને વર્તતા મહાવૃત્તિ મુનિરાજ શુભોપયોગના સમયમાં અપરમભાવમાં સ્થિત છે અને અનુભવના કાળમાં તથા સાતમાથી આગળ ગુણસ્થાનોમાં સ્થિત શુદ્ધોપયોગી પરમભાવમાં સ્થિત છે.

(૩) છદ્મસ્થ અને વીતરાગી-સર્વજ્ઞની અપેક્ષા બારમા ગુણસ્થાનસુધીના બધા જ જ્ઞાની અથવા બધા જ જ્ઞાની-અજ્ઞાની છદ્મસ્થ અપરમભાવમાં સ્થિત છે અને તેરમા ગુણસ્થાનથી લઈને આગળના બધા જ વીતરાગી-સર્વજ્ઞ પરમભાવમાં સ્થિત છે; કારણ કે અંતિમ પાકથી ઉતરેલી શુદ્ધ સુવર્ણ સમાન શુદ્ધતા તો તેમના પર જ ઘટીત થાય છે.

અહીં કઈ ભૂમિકામાં કેટલી શુદ્ધિ હોય છે અને કેટલો રાગ હોય છે એ બતાવ્યું છે.

જે ભૂમિકામાં જેટલો રાગ-વ્યવહાર રહે છે તે ભૂમિકામાં તે રાગ-વ્યવહાર એ કાળે જાણવામાં આવતો પ્રયોજનવાન છે.

એ પ્રમાણે જે ભૂમિકામાં જેટલી શુદ્ધિ વિધમાન હોય છે, તે પણ માત્ર જાણવામાં આવતી પ્રયોજનવાન છે. શુદ્ધનય જાણવામાં આવતો પ્રયોજનવાન છે અને વ્યવહારનય એ કાળે જાણવામાં આવતો પ્રયોજનવાન છે.

# સમયસાર ગાથા ૧૨ નો ઉપોદ્‌ઘાત

**સારાંશ :** ગાથા ૧૧માં એમ કહ્યું કે વ્યવહારનય અસત્યાર્થ છે અને નિશ્ચયનય સત્યાર્થ છે. આ આત્મા જે વસ્તુ છે તે દ્રવ્ય, ગુણ, પર્યાય એમ ત્રણ મળીને આખું સત્ છે. તેમાં અનંતગુણનો પિંડ તે દ્રવ્ય, ગુણ એટલે શક્તિ અને પર્યાય કહેતાં અવસ્થા. આ ત્રણ થઈને સત્‌નું પૂર્ણરૂપ છે એ ત્રણ થઈને એક સત્તાની અપેક્ષાએ બીજા પર પદાર્થોને અસત્ કહેવામાં આવે છે. બીજી રીતે કહીએ તો ''ઉત્પાદ-વ્યય-ધ્રોવ્યયુક્તમ ''સત્'' તેમા ઉત્પાદ-વ્યય તે પર્યાય છે, દ્રવ્ય (અને ગુણ) ત્રિકાળ છે. આ ત્રણ થઈને એક સત્ છે. તેની અપેક્ષાએ બીજા પર પદાર્થો અસત્ છે. આત્મા બીજામાં નહિં અને બીજા પદાર્થો આત્મામાં નહીં એ અપેક્ષાએ બીજા પદાર્થોને અસત્ કહી વ્યવહાર કહ્યો છે.

હવે અહીં એમ કહે છે કે-દ્રવ્ય-અનંતગુણોથી અભેદ એક વસ્તુ છે, એવું પર્યાય વિનાનું ત્રિકાળી ધ્રુવ અખંડ એક અભેદ પૂર્ણ દ્રવ્ય જે વસ્તુ તે સત્ છે અને તેની અપેક્ષાએ એક સમયની પર્યાય તે અસત્ છે.

ત્યારે પ્રશ્ન એમ થાય છે કે પર્યાય જે છે તેને અસત્ કેમ કહી ? તેનો ખુલાસો એમ છે કે પ્રયોજનવશ મુખ્ય-ગૌણ કહીને આમ કહેવામાં આવ્યું છે. પર્યાય પર્યાયપણે તો છે, એક દ્રવ્યમાં જેમ બીજી ચીજ સર્વથા નથી, તેમ આ પર્યાય સર્વથા નથી એમ નથી. જેમ બીજી ચીજ આત્મામાં છે જ નહીં તેમ પર્યાયના સ્વરૂપનું ન સમજવું. પર્યાય પર્યાયપણે તો સત્ છે, પરંતુ ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ જેને દ્રવ્ય કહીએ, જે અખંડ એક જ્ઞાયક ભાવમાત્ર પરમપરિણામિક સ્વભાવભાવરૂપ છે. તેનો આશ્રય કરતાં સમ્યગ્દર્શનાદિ ધર્મ પ્રગટ થાય છે. ધર્મ પ્રગટ કરવાનું આ પ્રયોજન સિદ્ધ કરવા ત્રિકાળી ધ્રુવ દ્રવ્યને મુખ્ય કરીને તેને નિશ્ચય કરી સત્યાર્થ કરેલ છે. જ્યારે વર્તમાન પર્યાયના આશ્રયે સમ્યગ્દર્શનાદિ ધર્મ પ્રગટ થતો નથી, પણ રાગાદિ વિકલ્પ થાય છે. તેથી પર્યાયનો આશ્રય છોડાવવા તેને ગૌણ કરીને વ્યવહાર કહી અસત્યાર્થ કહેલ છે. પર્યાયને ગૌણ કરીને એટલે તેને પેટામાં રાખીને, દ્રવ્યમાં ભેળવીને નહીં, પર્યાય પર્યાયમાં છે એમ રાખીને એની મુખ્યતા ન કરતાં, તળેટીમાં રાખીને તેને અસત્યાર્થ કહેવામાં આવેલ છે.

ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ જેને દ્રવ્ય કહીએ, જેને જ્ઞાયક કહીએ, જેને પરમપારિણામિક સ્વભાવભાવ કહીએ તેને મુખ્ય કરી નિશ્ચય કહી સત્ય કહેવામાં આવેલ છે. આમ શા માટે કહ્યું ? કે ત્રિકાળી સત્યાર્થ વસ્તુના આશ્રયે સમ્યક્‌દર્શન પ્રગટ થાય છે અને બીજી કોઈ રીતે સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી. **આવા ભૂતાર્થ, અભેદ એકરૂપ દ્રવ્યમાં દષ્ટિ જાય, દષ્ટિ**

**પ્રસરે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે.** આ તો હજુ સમ્યક્દર્શનની પ્રાપ્તિનું પ્રયોજન સિદ્ધ કરવાની વાત ચાલે છે, ચારિત્ર તો ક્યાંય રહ્યું. આ કોઈ અલૌકિક અને અપૂર્વચીજ છે ભાઈ !

આ રીતે પર્યાયને ગૌણ કરીને ગાથા ૧૧માં કથંચિત્ અસત્ય કહી, તો પર્યાય છે કે નહીં, એનું અસ્તિત્ત્વ છે કે નહીં, એનું ગાથા ૧૨માં જ્ઞાન કરાવે છે.

અનાદિકાળથી જીવને મિથ્યાભાવના કારણે રાગનું વેદન અને રાગનો સ્વાદ હતો. તેને કોઈ **પ્રકારે દષ્ટિનો વિષય** જે પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન આત્મા એનું ભાન થતાં, એનો પ્રત્યક્ષ અનુભવ થતાં સમ્યગ્દર્શન સહિત અતિન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો એ તો નિશ્ચય થયો. ત્યારે તે ધર્મની શરૂઆત થતાં સાધક બન્યો. આવા સાધક આત્માને પૂર્ણશુદ્ધતારૂપ પરમાત્મ દશા પ્રાપ્ત ન થાય-સ્વનો પૂર્ણ આશ્રય ન થાય ત્યાં સુધી પર્યાયમાં ક્રમશઃ શુદ્ધિ વધે છે, અશુદ્ધિ ઘટે છે. એવું કાંઈ રહે છે કે નહીં ? આમ વ્યવહારનું ૧૧મી ગાથા પછી ૧૨મી ગાથામાં સ્પષ્ટ જ્ઞાન કરાવે છે.

પૂર્ણ દશાને પ્રાપ્ત પરમાત્માને કાંઈક શુદ્ધતા અને કાંઈક અશુદ્ધતા એવું હોતું નથી. એને તો સંપૂર્ણ શુદ્ધતા પ્રગટ થઈ ગઈ છે એટલે વ્યવહાર હોતો નથી. પરંતુ નીચલી દશામાં એટલે કે જઘન્યદશાથી-સમ્યદર્શનથી જે આગળ ચાલ્યો છે, એટલે કે શ્રદ્ધાથી આગળ જેને આત્મ-એકાગ્રતા ક્રમશઃવધતી ચાલી છે, પણ પૂર્ણદશા-ઉત્કૃષ્ટ દશા થઈ નથી એવા મધ્યમભાવને અનુભવતા સાધકને શુદ્ધતાની સાથે મહાવ્રત આદિના વિકલ્પ પણ છે, તે જાણેલા પ્રયોજનવાન છે એમ કહે છે.

# ગાથા ૧૨ ની ઉત્થાનિકા

હવે "એ વ્યવહાર નય પણ કોઈ કોઈને, કોઈ વખતે પ્રયોજનવાન છે, સર્વથા નિષેધ કરવા યોગ્ય નથી; તેથી તેનો ઉપદેશ છે." ૧૧મી ગાથામાં નિશ્ચય નય આશ્રય કરવાની અપેક્ષાએ આદરેલો પ્રયોજનવાન કહ્યો. હવે વ્યવહાર નય પણ કોઈ કોઈને એટલે કે જે જઘન્યપૂર્વક મધ્યમ દશામાં વર્તે છે, તેને સાધક દશાના કાળમાં પ્રયોજનવાન છે; અર્થાત્ સાધક-અવસ્થામાં શુદ્ધતાના અંશો પૂર્ણ નથી અને કાંઈક અશુદ્ધતા છે એને જાણેલી પ્રયોજનવાન છે. પર્યાયગત્ શુદ્ધતા-અશુદ્ધતા છે એ વ્યવહાર છે, એને જાણવું કે આટલું છે એનું નામ વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે; આદરેલો પ્રયોજનવાન છે એમ નથી. આદરેલો પ્રયોજનવાન તો એકમાત્ર ત્રિકાળી શુદ્ધ નિશ્ચય જ છે. ત્રિકાળી શુદ્ધ નિશ્ચયનો આશ્રય લઈને સમ્યગ્દર્શન, જ્ઞાન અને સ્વરૂપની સ્થિરતાના અંશરૂપ સ્વરૂપાચરણ થયું, પરંતુ સંપૂર્ણ નિર્વિકલ્પ વીતરાગ દશા પ્રગટ ન થઈ હોય ત્યાં લગી સાધક દશામાં સાધકને મહાવ્રતાદિના વિકલ્પો છે, તે વ્યવહાર છે. તે સાધક અવસ્થામાં જાણેલો પ્રયોજનવાન છે; આ એનો સાર છે. "વ્યવહાર નય પણ પ્રયોજનવાન છે." **તેની વ્યાખ્યા આ એક જ છે કે જાણેલો પ્રયોજનવાન છે, આદરેલો નહીં. કથનશૈલી ગમે તે આવે પણ અર્થ તો આ જ છે કે ત્રિકાળી નિશ્ચય આદરેલો પ્રયોજનવાન છે અને આ રાગ જે વ્યવહાર છે તે જાણેલો પ્રયોજનવાન છે.**

સાધકની પર્યાયમાં શુદ્ધતા સાથે મહાવ્રતના, અણુવ્રતના, ભક્તિ આદિના વિકલ્પો હોય છે. એ નથી એમ નહીં. 'નથી' એમ કહ્યું હતું એ તો ગૌણ કરીને કહ્યું હતું. સાધક દશામાં જીવને કાંઈક શુદ્ધતા અને કાંઈક અશુદ્ધતા પર્યાયમાં છે. વ્રત, ભક્તિ આદિનો શુભરાગ છે. પણ એ શુભરાગ નિશ્ચયનું કારણ નથી, તેમ પર્યાયમાં રાગ નથી એમ પણ નહીં, તે શુભરાગ આદિ જાણવા યોગ્ય છે એટલું જ; માટે તો કહે છે કે સર્વથા નિષેધ કરવા યોગ્ય નથી. જુઓ, જેમ પરદ્રવ્ય જીવમાં નથી, એમ રાગ પર્યાયમાં સર્વથા નથી એમ તો નથી. કથંચિત્ નથી કથંચિત્ છે; ત્રિકાળી ધ્રુવ દ્રવ્યમાં નથી તે અપેક્ષાએ "નથી" અને એને જે વર્તમાનના અપેક્ષાએ "છે" એમ કહે છે. એ "છે" તે જાણેલો પ્રયોજનવાન છે એમ કહે છે.

# સમયસાર ગાથા-૧૩

## એ પ્રમાણે શુદ્ધ નયથી જાણવું તે સમ્યક્ત્વ છે.

भूदत्थेणाभिगदा जीवाजीवा य पुण्णपावं च ।
आसवसंवरणिज्जरबंधो मोक्खो य सम्मतं ॥१३॥

**ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ વળી પુણ્ય, પાપ ને,**
**આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે. ॥૧૩॥**

**ગાથાર્થ :** ભૂતાર્થનયથી જાણેલ જીવ, અજીવ વળી પુણ્ય, પાપ તથા આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ તત્ત્વ સમ્યક્ત્વ છે.

**ટીકા :** આ જીવાદિ નવતત્ત્વો ભૂતાર્થ નયથી જાણ્યે સમ્યગ્દર્શન જ છે. (એ નિયમ કહ્યો); કારણ કે તીર્થની (વ્યવહાર ધર્મની) પ્રવૃત્તિ અર્થે અભૂતાર્થ (વ્યવહાર) નયથી કહેવામાં આવે છે. એવાં આ નવ તત્ત્વો-જેમનાં લક્ષણ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ છે-તેમનામાં એકપણું પ્રગટ કરનાર ભૂતાર્થ નયથી એકપણું પ્રાપ્ત કરી, શુદ્ધ નયપણે સ્થાપાયેલા આત્માની અનુભૂતિ કે જેનું લક્ષણ આત્મખ્યાતિ છે-તેની પ્રાપ્તિ હોય છે. (શુદ્ધ નયથી નવતત્ત્વને જાણવાથી આત્માની અનુભૂતિ થાય છે તે હેતુથી આ નિયમ કહ્યો.) ત્યાં, વિકારી થવા યોગ્ય અને વિકાર કરનાર-એ બન્ને પુણ્ય છે, તેમ જ બન્ને પાપ છે, આસ્રવ થવા યોગ્ય અને આસ્રવ કરનાર-એ બન્ને આસ્રવ છે, સંવરરૂપ થવા યોગ્ય (સંવાર્ય) અને સંવર કરનાર (સંવારક) એ બંન્ને સંવર છે, નિર્જરવા યોગ્ય અને નિર્જરા કરનાર એ બન્ને નિર્જરા છે, બંધાવા યોગ્ય અને બંધન કરનાર-એ બન્ને બંધ છે અને મોક્ષ થવા યોગ્ય અને મોક્ષ કરનાર-એ બન્ને મોક્ષ છે; કારણ કે એકને જ પોતાની મેળે પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષની ઉપપત્તિ (સિદ્ધિ) બનતી નથી. તે બન્ને જીવ અને અજીવ છે, (અર્થાત્ તે બબ્બેમાં એક જીવ છે ને બીજું અજીવ છે.)

બાહ્ય (સ્થૂલ) દૃષ્ટિથી જોઈએ તો : જીવ-પુદ્‌ગલના અનાદિ બંધ પર્યાયની સમીપ જઈને એકપણે અનુભવ કરતાં આ નવ તત્ત્વો ભૂતાર્થ છે, સત્યાર્થ છે અને એક જીવ દ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. (જીવનના એકાકાર સ્વરૂપમાં તેઓ નથી) તેથી આ નવ તત્ત્વોમાં ભૂતાર્થ નયથી એક જીવ જ પ્રકાશમાન છે. એવી રીતે અંતદૃષ્ટિથી જોઈએ તો :-જ્ઞાયક ભાવ જીવ છે અને જીવના વિકારનો હેતુ અજીવ છે; વળી પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ જેમનાં લક્ષણ

છે એવા તો કેવળ જીવના વિકારો છે અને પુણ્ય, પાપ, આસ્રવ, સંવર-નિર્જરા, બંધ અને મોક્ષ એ વિકાર હેતુઓ કેવળ અજીવ છે. આવાં આ નવ તત્ત્વો, જીવ દ્રવ્યના સ્વભાવને છોડીને, પોતે અને પર જેમનાં કારણ છે એવા એક દ્રવ્યના પર્યાયોપણે અનુભવ કરવામાં આવતાં ભૂતાર્થ છે અને સર્વ કાળે અસ્ખલિત એક જીવ દ્રવ્યના સમીપ જઈને અનુભવ કરવામાં આવતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. તેથી આ નવે તત્ત્વોમાં ભૂતાર્થ નયથી એક જીવ જ પ્રકાશમાન છે. એમ તે એકપણે પ્રકાશતો, શુદ્ધ નયપણે અનુભવાય છે અને જે આ અનુભૂતિ તે આત્મખ્યાતિ (આત્માની ઓળખાણ) જ છે ને આત્મખ્યાતિ તે સમ્યગ્દર્શન છે. આ રીતે આ સર્વ કથન નિર્દોષ-બાધારહિત છે.

**ભાવાર્થ :** આ નવ તત્ત્વોમાં, શુદ્ધ નયથી જોઈએ તો, જીવ જ એક ચૈતન્ય ચમત્કાર માત્ર પ્રકાશરૂપ પ્રગટ થઈ રહ્યો છે, તે સિવાય જુદાં જુદાં નવ તત્ત્વો કાંઈ દેખાતાં નથી. જ્યાં સુધી આ રીતે જીવ તત્ત્વનું જાણપણું જીવને નથી, ત્યાં સુધી તે વ્યવહારદૃષ્ટિ છે, જુદાં જુદાં નવ તત્ત્વોને માને છે.

જીવ પુદ્ગલના બંધ પર્યાયરૂપ દૃષ્ટિથી આ પદાર્થો જુદા જુદા દેખાય છે પણ જ્યારે શુદ્ધ નયથી જીવ-પુદ્ગલનું નિજસ્વરૂપ જુદું જુદું જોવામાં આવે ત્યારે એ પુણ્ય, પાપ આદિ સાત તત્ત્વો કાંઈપણ વસ્તુ નથી. નિમિત્ત-નૈમિત્તિક ભાવથી થયાં હતાં તે નિમિત્ત-નૈમિત્તિક ભાવ જ્યારે મટી ગયો ત્યારે જીવ-પુદ્ગલ જુદાં જુદાં હોવાથી બીજી કોઈ વસ્તુ (પદાર્થ) સિદ્ધ થઈ શકતી નથી. વસ્તુ તો દ્રવ્ય છે ને દ્રવ્યનો નિજભાવ દ્રવ્યની સાથે જ રહે છે તથા નિમિત્ત-નૈમિત્તિક ભાવનો તો અભાવ જ થાય છે. માટે શુદ્ધ નયથી જીવને જાણવાથી જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ શકે છે. જ્યાં સુધી જુદા જુદા નવ પદાર્થો જાણે, શુદ્ધ નયથી આત્માને જાણે નહીં. ત્યાં સુધી પર્યાયબુદ્ધિ છે.

અહીં, એ અર્થનું કલશરૂપ કાવ્ય કહે છે :-

**કલશ-૮**

**શ્લોકાર્થ :** આ રીતે નવ તત્ત્વોમાં ઘણા કાળથી છુપાયેલી આ આત્મજ્યોતિને, જેમ વર્ણોના સમૂહમાં છુપાયેલા એકાકાર સુવર્ણને બહાર કાઢે તેમ, શુદ્ધ નયથી બહાર કાઢી પ્રગટ કરવામાં આવી છે. માટે, હે ભવ્ય જીવો ! હંમેશાં આને અન્ય દ્રવ્યોથી તથા તેમનાથી થતા નૈમિત્તિક ભાવોથી ભિન્ન, એકરૂપ દેખો. આ (જ્યોતિ), પદે પદે અર્થાત્ પર્યાયે પર્યાયે એકરૂપ ચિત્ચમત્કાર માત્ર ઉદ્યોતમાન છે.

**ભાવાર્થ :** આ આત્મા સર્વ અવસ્થાઓમાં વિધવિધ રૂપે દેખાતો હતો તેને શુદ્ધ નયે એક ચૈતન્ય-ચમત્કાર માત્ર દેખાડ્યો છે તેથી હવે સદા એકાકાર જ અનુભવ કરો, પર્યાય

બુદ્ધિનો એકાંત ન રાખો-એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે.

**(૯) શ્લોકાર્થ :** આચાર્ય શુભ નયનો અનુભવ કરી કહે છે કે આ સર્વ ભેદોને ગૌણ કરનાર જે શુદ્ધનયનો વિષયભૂત ચૈતન્ય-ચમત્કાર માત્ર તેજઃપુંજ આત્મા, તેનો અનુભવ થતાં નયોની લક્ષ્મી ઉદય પામતી નથી. પ્રમાણ અસ્તને પ્રાપ્ત થાય છે અને નિક્ષેપોનો સમૂહ ક્યાં જતો રહે છે તે અમે જાણતા નથી. આથી અધિક શું કહીએ ? દ્વૈત જ પ્રતિભાસિત થતું નથી. એકાકાર ચિન્માત્ર જ દેખાય છે ?

**(૧૦) શ્લોકાર્થ :** શુદ્ધ નય આત્માના સ્વભાવને પ્રગટ કરતો ઉદયરૂપ થાય છે. તે આત્મસ્વભાવને કેવો પ્રગટ કરે છે? પરદ્રવ્ય, પરદ્રવ્યના ભાવો તથા પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિભાવો એવા પરભાવોથી ભિન્ન પ્રગટ કરે છે. વળી તે, આત્મસ્વભાવ સમસ્તપણે પૂર્ણ છે-સમસ્ત લોકાલોકને જાણનાર છે-એમ પ્રગટ કરે છે (કારણ કે જ્ઞાનમાં ભેદ કર્મસંયોગથી છે, શુદ્ધ નયમાં કર્મ ગૌણ છે). વળી તે, આત્મસ્વભાવને આદિ-અંતથી રહિત પ્રગટ કરે છે (અર્થાત્ કોઈ આદિથી માંડીને જે કોઈથી ઉત્પન્ન કરવામાં આવ્યો નથી અને ક્યારેય કોઈથી જેનો વિનાશ નથી એવા પારિણામિક ભાવને તે પ્રગટ કરે છે).

વળી તે, આત્મસ્વભાવને એક-સર્વ ભેદભાવોથી (દ્વૈતભાવોથી) રહિત એકાકાર-પ્રગટ કરે છે અને જેમાં સમસ્ત સંકલ્પ-વિકલ્પના સમૂહો વિલય થઈ ગયા છે એવો પ્રગટ કરે છે. દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ આદિ પુદ્ગલ દ્રવ્યોમાં પોતાની કલ્પના કરવી તેને સંકલ્પ કહે છે અને જ્ઞેયોના ભેદથી જ્ઞાનમાં ભેદ માલૂમ થવો તેને વિકલ્પ કહે છે. આવો શુદ્ધ નય પ્રકાશરૂપ થાય છે.

**શુદ્ધ નય :**

(૧) **'શુદ્ધ નય'** આત્માના સ્વભાવને પ્રગટ કરતો ઉદયરૂપ થાય છે.

(૨) જ્ઞાનની જે પર્યાય ત્રિકાળી ધ્રુવને વિષય કરે તેને **'શુદ્ધ નય'** કહે છે.

(૩) એક સમયની પર્યાય સિવાયની આખી ચીજ જે સત્યાર્થ અનાદિ-અનંત શુદ્ધ અખંડ દ્રવ્ય છે તે 'શુદ્ધ નય' છે.

(૪) ત્રિકાળીને સત્યાર્થ કહીને પર્યાયને ગૌણ કરીને અસત્યાર્થ કહી પર્યાય અને પરનું લક્ષ છોડાવવા માટે પર્યાય હોવા છતાં એને ગૌણ કરીને વ્યવહાર કહી.

(૫) વ્યવહાર છે, પરદ્રવ્ય છે, રાગ છે, પર્યાય છે. પરંતુ સમ્યગ્દર્શન અને જ્ઞાનની પ્રાપ્તિ કરાવવાના પ્રયોજનની સિદ્ધિ અર્થે ત્રિકાળી દ્રવ્યને સત્ય કહ્યું અને પર્યાયને ગૌણ કરી વ્યવહાર કહી અસત્ય કહી છે.

(૬) 'શુદ્ધ નય' આત્મસ્વભાવને, પરદ્રવ્ય, પરદ્રવ્યના ભાવો તથા પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિભાવ ભાવો-એવા પરભાવોથી ભિન્ન પ્રગટ કરે છે.

(૭) પર્યાય થાય છે પોતાથી, પરથી નહીં. એ વિકારી પર્યાયથી પણ આત્મા ભિન્ન છે. સર્વ પરભાવોથી ભિન્ન આત્માને શુદ્ધ નય પ્રગટ કરે છે.

(૮) ત્રિકાળી વિષય કરનારી પર્યાય, કર્મ, કર્મનોભાવ અને વિભાવથી ભિન્ન પડીને અંતરમાં દ્રવ્ય તરફ ઝૂકે છે-ત્યારે એ પર્યાય આત્મસ્વભાવને પરભાવોથી ભિન્ન પ્રગટ કરે છે.

(૯) આત્મસ્વભાવ સમસ્તપણે પૂર્ણ છે એમ પ્રગટ કરે છે.

(૧૦) શુદ્ધનય પૂર્ણશક્તિઓથી મંડિત જે સમસ્ત લોકાલોકને જાણવાના સામર્થ્યવાળો આત્મસ્વભાવ છે તેને પ્રગટ કરે છે.

(૧૧) આત્મસ્વભાવને આદિઅંતથી રહિત પ્રગટ કર છે

(૧૨) પારિણામિક એટલે જેમાં નિમિત્તના સદ્‌ભાવ કે અભાવની અપેક્ષા નથી એવો સહજસ્વભાવ. એકલો પરમ પારિણામિક સ્વભાવ ભાવરસ-અનંતરસનું જે અનાદિ-અનંત એકરૂપ તેને પ્રગટ કરે છે.

(૧૩) આત્મસ્વભાવને એક એટલે સર્વ ભેદભાવોથી રહિત એકાકાર પ્રગટ કરે છે.

(૧૪) જેમાં સમસ્ત સંકલ્પ-વિકલ્પના સમૂહો વિષય થઈ ગયા છે એવો પ્રગટ કરે છે.

(૧૫) સમ્યગ્દર્શન થતાં અર્થાત્ પૂર્ણસ્વરૂપનો અનુભવ થતાં એવા આત્મસ્વભાવને પ્રગટ કરતો શુદ્ધનય ઉદય પામે છે.

**સારાંશ : (ગાથા ૧૩)**

(૧) જીવાદિ નવ તત્ત્વો ભૂતાર્થનયથી જાણ્યે સમ્યગ્દર્શન જ છે એ નિયમ કહ્યો. વસ્તુ સ્થિતિનો આ નિયમ છે.

(૨) તીર્થની-વ્યવહાર ધર્મની પ્રવૃત્તિ અર્થે અભૂતાર્થનયથી જીવ-અજીવ આદિ નવ તત્ત્વો કહેવામાં આવે છે.

(૩) **(૧) જીવ** : એક સમયની પર્યાય તે અહીં જીવ કહે છે.

**(૨) અજીવ** : અજીવનું જે જ્ઞાન થાય છે તેને અહીં અજીવ કહે છે.

**(૩) પુણ્ય** : દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ આદિનો ભાવ તે પુણ્યભાવ છે.

**(૪) પાપ** : હિંસા, જૂઠ, ચોરી, કુશીલ, ભોગ આદિ ભાવ, આ રળવા-કમાવાનો, દુકાન ચલાવવાનો, દવા-ઈન્જેકશન દેવાનોભાવ, તે પાપભાવ છે.

(૫) **આસ્રવ** : પુણ્ય અને પાપ બંને ભાવ તે આસ્રવ છે. આ એટલે મર્યાદાથી અને સ્રવવું એટલે આવવું. મર્યાદાથી કર્મનું આવવું તે આસ્રવ છે. આત્મામાં પુણ્ય-પાપના ભાવ થાય તો એના સંબંધમાં નવા (કર્મનાં) આવરણ આવે તે આસ્રવ છે.

(૬) **સંવર** : આત્મા શુદ્ધરૂપે પૂર્ણ છે, પૂર્ણના શુદ્ધના આશ્રયે શુદ્ધિનો અંશ પ્રગટે તે સંવર છે.

(૭) **નિર્જરા** : સંવરપૂર્વક અશુદ્ધતાનું ખરવું, કર્મનું ગળવું અને શુદ્ધતાનું વધવું એ ત્રણેય નિર્જરા છે.

(૮) **બંધ** : દયા, દાન જે વિકલ્પ ઊઠે તેમાં અટકવું તે બંધ છે.

(૯) **મોક્ષ** : વસ્તુ જ્ઞાયક સ્વરૂપ અબંધ છે. તેમાં પૂર્ણ સ્થિરતા થતાં પૂર્ણ નિર્મળ દશા, પૂર્ણ શુદ્ધતા, પૂર્ણ વીતરાગતા પ્રગટ થવી એનું નામ મોક્ષ છે. જેવું પૂર્ણાનંદ સ્વરૂપ છે તેવો પૂર્ણ આનંદ પ્રગટ થવો તે મોક્ષ છે.

(૪) આ નવ તત્ત્વની જે ભેદરૂપ દશાઓ તેમનામાં એકપણું પ્રગટ કરનાર ભૂતાર્થનયથી એકપણું પ્રાપ્ત કરીને શુદ્ધનયપણે સ્થાપાયેલા આત્માની અનુભૂતિ-કે જેનું લક્ષણ આત્માનુભૂતિ છે તેની પ્રાપ્તિ હોય છે.

(૫) નવ તત્ત્વમાં આત્મા પ્રસિદ્ધ ન હતો, દ્રવ્ય જે જ્ઞાયક શાશ્વત ચૈતન્યમૂર્તિ છે એને પર્યાય સહિત જોતાં પ્રસિદ્ધ નહોતો થતો તે એકરૂપ ચૈતન્યને જોતાં ચૈતન્યનો પ્રકાશ આત્મખ્યાતિ પ્રસિદ્ધ થાય છે, પ્રાપ્ત થાય છે. આત્મપ્રસિદ્ધ જે નું લક્ષણ છે તે આત્માનુભૂતિ પ્રગટ થાય છે.

(૬) એ પ્રમાણે જ શુદ્ધનયથી જાણવું તે સમ્યક્ત્વ છે. એટલે કે ત્રિકાળી જ્ઞાયકભાવને જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયક સામાન્યપણે જાણવો એનું નામ સમ્યગ્દર્શન છે એમ આ ગાથામાં કહે છે.

(૭) ભૂતાર્થનયથી જાણેલ-એટલે છતી-વિદ્યમાન જે વસ્તુ ત્રિકાળ છે તેને જાણનારા નયથી જાણેલ જીવ, અજીવ વળી પુણ્ય અને પાપ તથા આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ તત્ત્વ સમ્યક્ત્વ છે. એટલે એ નવતત્ત્વમાંથી એક ત્રિકાળીને જુદો તારવીને એ જાણનાર, જાણનાર, જાણનાર માત્ર એકને જ દૃષ્ટિમાં લેવો એનું નામ સમ્યગ્દર્શન છે. એને આત્મા છે તેવો બરાબર માન્યો, જાણ્યો અને અનુભવ્યો કહેવાય.

(૮) અહીં તો આત્મા જ્ઞાયકપણે જે ત્રિકાળ છે તેના સંસ્કાર નાખવા, અનુભવ કરવો એ અભ્યાસ સાર્થક છે.

(૯) જીવ અને અજીવ બે પદાર્થ છે. જીવ છે, શરીર, કર્મ આદિ અજીવ છે. કર્મના નિમિત્તના સંબંધમાં પુણ્ય-પાપ અને આસ્રવ અને બંધ થાય છે તથા સંવર નિર્જરા અને મોક્ષ નિમિત્તના (કર્મના) અભાવમાં થાય છે પણ આ નવે તત્ત્વોમાં નિમિત્તની અપેક્ષા આવે છે.

(૧૦) તે અપેક્ષા છોડી દઈને એકલો જ્ઞાયક, જ્ઞાયકભાવ જે પૂર્ણજ્ઞાનઘન છે એની દૃષ્ટિ કરવી, એનો સ્વીકાર કરવો, સત્કાર કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. આ સિવાય દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા કે નવ તત્ત્વને ભેદથી માનવા તે કાંઈ સમ્યગ્દર્શન નથી. આ સમ્યક્ અનેકાન્ત છે.

(૧૧) આત્મા અતિન્દ્રિય, આનંદમૂર્તિ છે. એનું ભાન થઈને એમાં વિશેષ વિશેષ લીનતા-રમણતાં થતાં જે પ્રચુર આનંદનું વેદન થાય તે ચારિત્રદશા છે. પ્રથમ જેને સમ્યગ્દર્શન હોય તેને વિશેષ સ્થિરતા થાય તે ચારિત્ર છે.

(૧૨) સમ્યગ્દર્શન ન હોય અને વ્રત લઈને બેસી જાય એ તો મિથ્યાત્ત્વની ભૂમિકા છે.

(૧૩) આ જીવાદિ નવતત્ત્વો ભૂતાર્થનયથી જાણ્યે-સમ્યગ્દર્શન જ છે-એ નિયમ છે. અભેદ એકરૂપ જ્ઞાયક વસ્તુમાં દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે.

(૧૪) જે નવતત્ત્વો છે તેમાં ત્રણલોકનો નાથ ભગવાન આત્મા ચૈતન્યહીરલો બિરાજમાન છે. ત્રિકાળી વસ્તુ એ જ શુદ્ધનય છે.

# સમયસાર ગાથા-૧૪

## એ શુદ્ધનયને ગાથાસૂત્રથી કહે છે

जो पस्सदि अप्पाणं अबद्धट्ठं अणण्णयं णियदं ।
अविसेसमसुजुत्तं तं सु द्धणयं वियाणीहि ।।१४।।

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્માને,**
**અવિશેષ, અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે. ।।૧૪।।**

**ગાથાર્થ :** જે નય આત્માને બંધ રહિત અને પરના સ્પર્શ રહિત, અન્યપણા રહિત, ચળાચળતા રહિત, વિશેષ રહિત, અન્યના સંયોગ રહિત-એવા પાંચ ભાવરૂપ દેખે છે તેને હે શિષ્ય ! તું શુદ્ધનય જાણ !

**ટીકા :** નિશ્ચયથી અબદ્ધ-અસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત-એવા આત્માની જે અનુભૂતિ તે શુદ્ધનય છે, અને એ અનુભૂતિ આત્મા જ છે; એ રીતે આત્મા એક જ પ્રકાશમાન છે. (શુદ્ધનય કહો યા આત્માની અનુભૂતિ કહો યા આત્મા કહો-એક જ છે.) ઉપર કહ્યો એવા આત્માની અનુભૂતિ કેમ થઈ શકે ? બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો અભૂતાર્થ હોવાથી એ અનુભવ થઈ શકે છે. આ વાતને દૃષ્ટાંતથી પ્રગટ કરવામાં આવે છે.

(૧) જેમ કમલિનીનું પત્ર જળમાં ડુબેલું હોય તેનો જળથી સ્પર્શાવા રૂપ અવસ્થાથી અનુભવ કરતાં જળથી સ્પર્શાવાપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તો પણ જળથી જરાય નહિ સ્પર્શાવા યોગ્ય એવા કમલિની-પત્રના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં જળથી સ્પર્શાવાપણું અભૂતાર્થ છે, અસત્યાર્થ છે; એવી રીતે અનાદિકાળથી બંધાયેલા આત્માનો, પુદ્‌ગલકર્મથી બંધાવા-સ્પર્શાવા રૂપ અવસ્થાથી અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તો પણ પુદ્‌ગલથી જરાય નહિ સ્પર્શાવા યોગ્ય એવા આત્મ સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.

(૨) વળી, જેમ માટીનો, કમંડળ, ઘડો, ઝારી, રામપાત્ર આદિ પર્યાયોથી અનુભવ કરતાં અન્યપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તો પણ સર્વતઃ અસ્ખલિત (સર્વ પર્યાયભેદોથી જરાય ભેદરૂપ નહિ થતા એવા) એક માટીના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અન્યપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો, નારક આદિ પર્યાયોથી અનુભવ કરતાં (પર્યાયોના બીજા-બીજાપણા રૂપ) અન્યપણું ભૂતાર્થ છે-

સત્યાર્થ છે, તો પણ સર્વતઃ અસ્ખલિત (સર્વ પર્યાયભેદોથી જરાય ભેદરૂપ નહિ થતા એવા) એક ચૈતન્યાકાર આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અન્યપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.

(૩) જેમ સમુદ્રનો, વૃદ્ધિહાનિરૂપ અવસ્થાથી અનુભવ કરતાં અનિયતપણું (અનિશ્ચિતપણું) ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તો પણ નિત્ય-સ્થિર એવા સમુદ્રભાવની સમીપ જઈને અનુભવ કરતાં અનિયતપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો, વૃદ્ધિહાનિરૂપ પર્યાયભેદોથી અનુભવ કરતાં અનિયતપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તો પણ નિયત-સ્થિર (નિશ્ચલ) એવા આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અનિયતપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.

(૪) જેમ સુવર્ણનો, ચીકણાપણું, પીળાપણું, ભારેપણું આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે. તો પણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે એવા સુવર્ણસ્વભાવથી સમીપ જઈને અનુભવ કરતાં વિશેષપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો જ્ઞાન, દર્શન આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તો પણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે એવા આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં વિશેષપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.

(૫) જેમ જળનો, અગ્નિ જેનું નિમિત્ત છે એવી ઉષ્ણતા સાથે સંયુક્તપણારૂપ-તપ્તપણારૂપ-અવસ્થાથી અનુભવ કરતાં (જળને) ઉષ્ણતાપણારૂપ સંયુક્તપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તો પણ એકાંત શીતળતારૂપ જળસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં (ઉષ્ણતા સાથે) સંયુક્તપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે; એવી રીતે આત્માને, કર્મ જેનું નિમિત્ત છે એવા મોહ સાથે સંયુક્તપણારૂપ અવસ્થાથી અનુભવ કરતાં સંયુક્તપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તો પણ જે પોતે એકાંત બોધરૂપ (જ્ઞાનરૂપ) છે એવા જીવસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં સંયુક્તપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.

**ભાવાર્થ : આત્મા પાંચ પ્રકારથી અનેકરૂપ દેખાય છે;**

(૧) અનાદિ કાળથી કર્મપુદ્ગલના સંબંધથી બંધાયેલો કર્મપુદ્ગલના સ્પર્શવાળો દેખાય છે.

(૨) કર્મના નિમિત્તથી થતા નર, નારક આદિ પર્યાયોમાં ભિન્ન ભિન્ન સ્વરૂપે દેખાય છે.

(૩) શક્તિના અવિભાગ પ્રતિચ્છંદ (અંશ) ઘટે પણ છે-વધે પણ છે-એ વસ્તુનો સ્વભાવ છે તેથી તે નિત્ય-નિયત એકરૂપ દેખાતો નથી.

(૪) વળી તે દર્શન, જ્ઞાન આદિ અનેક ગુણોથી વિશેષરૂપ દેખાય છે.

(૫) કર્મના નિમિત્તથી થતા મોહ, રાગ, દ્વેષ આદિ પરિણામો સહિત તે સુખ દુઃખરૂપ દેખાય છે.

આ સૌ અશુદ્ધ દ્રવ્યાર્થિકરૂપ વ્યવહારનયનો વિષય છે. એ દૃષ્ટિ (અપેક્ષા)થી જોવામાં આવે તો એ સર્વ સત્યાર્થ છે. પરંતુ આત્માનો એક સ્વભાવ આ નયથી ગ્રહણ નથી થતો, અને એક સ્વભાવને જાણ્યા વિના યથાર્થ આત્માને કેમ જાણી શકાય ? આ કારણે બીજા નયને-તેનો પ્રતિપક્ષી શુદ્ધદ્રવ્યાર્થિક નયને-ગ્રહણ કરી, એક અસાધારણ જ્ઞાયકમાત્ર આત્માનો ભાવ લઈ, તેને શુદ્ધ નયની દૃષ્ટિથી સર્વ પરદ્રવ્યોથી ભિન્ન, સર્વ પર્યાયોમાં એકાકાર, હાનિવૃદ્ધિથી રહિત, વિશેષોથી રહિત અને નૈમિત્તિક ભાવોથી રહિત જોવામાં આવે તો તો સર્વ (પાંચ) ભાવોથી જે અનેક પ્રકારપણું છે તે અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.

અહીં એમ જાણવું કે વસ્તુનું સ્વરૂપ અનંત ધર્માત્મક છે. તે સ્યાદ્‌વાદથી યથાર્થ સિદ્ધ થાય છે. આત્મા પણ અનંત ધર્મવાળો છે. તેના કેટલાક ધર્મો તો સ્વાભાવિક છે અને કેટલાક પુદ્‌ગલના સંયોગથી થાય છે. જે કર્મના સંયોગથી થાય છે, તેમનાથી તો આત્માને સંસારની પ્રવૃત્તિ થાય છે અને તે સંબંધી સુખ દુઃખ આદિ થાય છે તેમને ભોગવે છે. એ, આત્માને અનાદિ અજ્ઞાનથી પર્યાયબુદ્ધિ છે; અનાદિઅનંત એક આત્માનું જ્ઞાન તેને નથી, તે બતાવનાર સર્વજ્ઞનું આગમ છે. તેમાં શુદ્ધદ્રવ્યાર્થિક નયથી એ બતાવ્યું છે કે આત્માનો એક અસાધારણ ચૈતન્યભાવ છે તે અખંડ છે, નિત્ય છે, અનાદિનિધન છે. તેને જાણવાથી પર્યાયબુદ્ધિનો પક્ષપાત મટી જાય છે. પરદ્રવ્યોથી, તેમના ભાવોથી અને તેમના નિમિત્તથી થતા પોતાના વિભાવોથી પોતાના આત્માને ભિન્ન જાણી તેનો અનુભવ જીવ કરે ત્યારે પરદ્રવ્યોના ભાવોરૂપ પરિણમતો નથી; તેથી કર્મ બંધાતા નથી અને સંસારથી નિવૃત્તિ થઈ જાય છે.

માટે પર્યાયર્થિકરૂપ વ્યવહારનયને ગૌણ કરી અભૂતાર્થ (અસત્યાર્થ) કહ્યો છે અને શુદ્ધનયને સત્યાર્થ કહી તેનું આલંબન દીધું છે. વસ્તુસ્વરૂપની પ્રાપ્તિ થયા પછી તેનું પણ આલંબન રહેતું નથી. એ કથનથી એમ ન સમજી લેવું કે શુદ્ધનયને સત્યાર્થ કહ્યો તેથી અશુદ્ધનય સર્વથા અસત્યાર્થ જ છે. એમ માનવાથી વેદાંતમતવાળા જેઓ સંસારને સર્વથા અવસ્તુ માને છે તેમનો સર્વથા એકાંત પક્ષ આવી જશે અને તેથી મિથ્યાત્ત્વ આવી જશે, એ રીતે શુદ્ધનયનું આલંબન પણ વેદાંતીઓની જેમ મિથ્યાદૃષ્ટિપણું લાવશે. માટે સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થપણાનું શ્રદ્ધાન કરવાથી જ સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે. આ રીતે સ્યાદ્‌વાદને સમજી જિનમતનું સેવન કરવું, મુખ્ય-ગૌણ કથન સાંભળી સર્વથા એકાંત પક્ષ ન પકડવો. આ ગાથાસુત્રનું વ્યાખ્યાન કરતાં ટીકાકાર આચાર્યે પણ કહ્યું છે કે આત્મા

વ્યવહારનયની દૃષ્ટિમાં જે બદ્ધસ્પૃષ્ટ આદિ રૂપે દેખાય છે તે એ દૃષ્ટિમાં તો સત્યાર્થ જ છે. પરંતુ શુદ્ધનયની દૃષ્ટિમાં બદ્ધસ્પૃષ્ટાદિપણું અસત્યાર્થ છે. આ કથનમાં ટીકાકાર આચાર્યે સ્યાદ્વાદ બતાવ્યો છે એમ જાણવું.

વળી, અહીં એમ જાણવું કે આ નય છે તે શ્રુતજ્ઞાન પ્રમાણનો અંશ છે; શ્રુતજ્ઞાન વસ્તુને પરોક્ષ જણાવે છે. તેથી આ નય પણ પરોક્ષ જણાવે છે. શુદ્ધદ્રવ્યાર્થિકનયનો **વિષયભૂત** બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચભાવોથી રહિત આત્મા ચૈતન્યશક્તિ'માત્ર છે. તે શક્તિ તો આત્મામાં પરોક્ષ છે જ. વળી તેની વ્યક્તિ કર્મસંયોગથી મતિ-શ્રુતાદિ જ્ઞાનરૂપ છે તે કથંચિત્ અનુભવ ગોચર હોવાથી પ્રત્યક્ષરૂપ પણ કહેવાય છે, અને સંપૂર્ણજ્ઞાન જે કેવળજ્ઞાન તે જો કે છદ્મસ્થને પ્રત્યક્ષ નથી તો પણ આ શુદ્ધનય આત્માના કેવળજ્ઞાનરૂપને પરોક્ષ જણાવે છે. જ્યાં સુધી આ નયને જીવ જાણે નહિ ત્યાં સુધી આત્માના પૂર્ણ રૂપનું જ્ઞાન-શ્રદ્ધાન થતું નથી. તેથી શ્રી ગુરુએ આ શુદ્ધનયને પ્રગટ કરી ઉપદેશ કર્યો કે બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચભાવોથી રહિત પૂર્ણજ્ઞાન ઘનસ્વભાવ આત્માને જાણી શ્રદ્ધાન કરવું, પર્યાય બુદ્ધિ ન રહેવું.

અહીં કોઈ એવો પ્રશ્ન કરે કે-એવો આત્મા પ્રત્યક્ષ તો દેખાતો નથી અને વિના દેખ્યે શ્રદ્ધાન કરવું તે જૂઠું શ્રદ્ધાન છે. તેનો ઉત્તર-દેખેલાનું જ શ્રદ્ધાન કરવું એ તો નાસ્તિકમત છે. જિનમતમાં તો પ્રત્યક્ષ અને પરોક્ષ-બંને પ્રમાણ માનવામાં આવ્યાં છે. તેમાં આગમ પ્રમાણ પરોક્ષ છે. તેનો ભેદ શુદ્ધનય છે. આ શુદ્ધનયની દૃષ્ટિથી શુદ્ધ આત્માનું શ્રદ્ધાન કરવું, કેવળ વ્યવહાર-પ્રત્યક્ષનો એકાંત ન કરવો.

**કળશ-૧૧ શ્લોકાર્થ :** જગતના પ્રાણીઓ એ સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો કે જ્યાં આ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો સ્પષ્ટપણે તે સ્વભાવના ઉપર તરે છે તો પણ (તેમાં) પ્રતિષ્ઠા પામતા નથી, કારણ કે દ્રવ્યસ્વભાવ તો નિત્ય છે, એકરૂપ છે અને આ ભાવો અનિત્ય છે, અનેકરૂપ છે; પર્યાયો દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કરતા નથી, ઉપર જ રહે છે. આ શુદ્ધસ્વભાવ સર્વ અવસ્થાઓ માં પ્રકાશમાન છે. એવા શુદ્ધસ્વભાવનો, મોહ રહિત થઈને જગત અનુભવ કરો; કારણ કે મોહકર્મના ઉદયથી ઉત્પન્ન મિથ્યાત્વરૂપ અજ્ઞાન જ્યાં સુધી રહે છે ત્યાં સુધી એ અનુભવ યથાર્થ થતો નથી.

**કળશ-૧૨ શ્લોકાર્થ :** જો કોઈ સુબુદ્ધિ (સમ્યગ્દૃષ્ટિ) ભૂત, વર્તમાન અને ભાવી એવા ત્રણે કાળનાં કર્મોના બંધને પોતાના આત્માથી તત્કાળ-શીઘ્ર ભિન્ન કરીને તથા તે કર્મના ઉદયના નિમિત્તથી થયેલ મિથ્યાત્વ (અજ્ઞાન)ને પોતાના બળથી (પુરુષાર્થથી) રોકીને અથવા નાશ કરીને અંતરંગમાં અભ્યાસ કરે-દેખે તો આ આત્મા પોતાના

અનુભવથી જ જણાવવા યોગ્ય જેનો પ્રગટ મહિમા છે એવો વ્યક્ત (અનુભવગોચર), નિશ્ચલ, શાશ્વત, નિત્ય કર્મકલંક-કર્દમથી રહિત-એવો પોતે સ્તુતિ કરવા યોગ્ય દેવ વિરાજમાન છે.

શુદ્ધનયની દૃષ્ટિથી જોવામાં આવે તો સર્વ કર્મોથી રહિત ચૈતન્યમાત્ર દેવ અવિનાશી આત્મા અંતરંગમાં પોતે બિરાજી રહ્યો છે. આ પ્રાણી-પર્યાયબુદ્ધિ બહિરાત્મા-તેને બહાર ઢૂંઢે છે તે મોટું અજ્ઞાન છે.

**કળશ-૧૩ શ્લોકાર્થ :** એ રીતે જે પૂર્વકથિત શુદ્ધનયસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે જ ખરેખર જ્ઞાનની અનુભૂતિ છે એમ જાણીને તથા આત્મામાં આત્માને નિશ્ચળ સ્થાપીને, 'સદા સર્વ તરફ એક જ્ઞાનઘન આત્મા છે' એમ દેખવું. પહેલા સમ્યગ્દર્શનને પ્રધાન કરી કહ્યું હતું. હવે આ શુદ્ધનયના વિષયસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે જ સમ્યગ્જ્ઞાન છે.

**સારાંશ :**

(૧) અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત આત્માની અનુભૂતિ શુદ્ધનય છે, અને એ અનુભૂતિ આત્મા જ છે, એ પ્રમાણે એક આત્મા જ પ્રકાશમાન છે. શુદ્ધનય, આત્માની અનુભૂતિ અને આત્મા-બધા એક જ છે-અલગ અલગ નથી.

(૨) બદ્ધસ્પૃષ્ટાદિ ભાવોના અભૂતાર્થ થવાથી એ આત્માની અનુભૂતિ થઈ શકે છે. આ વાતને પાંચ દૃષ્ટાંતો વડે સમજાવી છે.

(૩) (૧) અબદ્ધસ્પૃષ્ટ-આત્માની પરથી ભિન્નતા બતાડે છે.

(૨) અનન્ય-અનેક દ્રવ્યપર્યાયોથી-નર-નારકાદિ પર્યાયોથી ભિન્ન બતાડે છે.

(૩) નિયત-ષટગુણી-હાની વૃદ્ધિરૂપ પર્યાય-તથા નિરંતર જેનો સ્વભાવ ઘટવું-વધવું છે એવા ઔપશમિક ભાવ, ક્ષાયોપશમિક ભાવરૂપ પર્યાય અને ક્ષાયિકભાવરૂપ પર્યાયથી ભિન્ન છે એમ બતાડયું છે.

(૪) અવિશેષ-ગુણભેદથી ભિન્ન બતાડયો છે. (પ્રદેશભેદ)

(૫) અસંયુક્ત-રાગાદિ વિકારી પર્યાયોથી અસંયુક્ત બતાડયો છે.

(૪) આ પાંચ બોલમાં બે દૃષ્ટિઓનો ઉલ્લેખ છે.

(૧) સંયોગથી, પર્યાયથી કે ભેદના પક્ષથી જોવાની દૃષ્ટિ

(૨) સ્વભાવની સમીપ જઈને જોવાની દૃષ્ટિ

(૧) દૃષ્ટિ અશુદ્ધનય, અભૂતાર્થનય, વ્યવહારનયની દૃષ્ટિ છે.

(૨) દૃષ્ટિ શુદ્ધનય, ભૂતાર્થનય, પરમશુદ્ધનિશ્ચયનયની દૃષ્ટિ છે.

(૫) આ ગાથામાં અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ, અસંયુક્ત આ પાંચ વિશેષણોના માધ્યમથી શુદ્ધનયના વિષયભૂત ભગવાન આત્માના સ્વરૂપ સ્પષ્ટ કરવામાં આવ્યા છે. કારણ કે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ઉત્પતિ આ આત્માના આશ્રયથી થાય છે.

(૬) છઠ્ઠી અને સાતમી ગાથામાં દૃષ્ટિના વિષયભૂત જે શુદ્ધાત્માનું પ્રતિપાદન કરવામાં આવ્યું હતું, એને જ અહીંયા અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત વિશેષણોથી સમજાવ્યો છે.

(૭) શુદ્ધનયના વિષયભૂત બદ્ધસ્પૃષ્ટદિ પાંચભાવોથી રહિત, પોતાની સમસ્ત અવસ્થાઓમાં પ્રકાશમાન સમ્યક્ આત્માસ્વભાવની અનુભૂતિ કરવાની પ્રેરણા આપવામાં આવી છે. આ પાંચભાવો છે એની સાથે એકત્વનો મોહ છોડો, તેને પોતાના માનવાનું છોડો.

(૮) **શુદ્ધનયના વિષયભૂત ભગવાન આત્માને જાણો, અનુભવો તેમાં જ પોતાપણું સ્થાપીત કરો, તેમાં જ સ્થિર થઈ જાઓ, લીન થઈ જાઓ, જમીજાઓ, રમીજાઓ, તેનું જ ધ્યાન કરો, સાચો ધર્મ, મુક્તિનો માર્ગ આ છે.**

❖ ❖ ❖

# સમયસાર ગાથા-૧૫

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं ।**
**अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं ।।१५।।**

હવે, આ અર્થરૂપ ગાથા કહે છે :-

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, જે અવિશેષ દેખે આત્મને,**
**તે દ્રવ્ય તેમ જ ભાવ જિનશાસન સકલ દેખે ખરે ।।૧૫।।**

**ગાથાર્થ :** જે પુરુષ આત્માને અબદ્ધ-સ્પૃષ્ટ, અનન્ય, અવિશેષ (તથા ઉપલક્ષણથી નિયત અને અસંયુક્ત) દેખે છે તે સર્વ જિનશાસનને દેખે છે,-કે જે જિનશાસન બાહ્ય દ્રવ્યશ્રુત તેમ જ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે.

**ટીકા :** જે આ અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત એવા પાંચ ભાવોસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે નિશ્ચયથી સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે, કારણ કે શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે. તેથી જ્ઞાનની અનુભૂતિ છે. તે જ આત્માની અનુભૂતિ છે. પરંતુ હવે ત્યાં, સામાન્ય જ્ઞાનના અવિર્ભાવ (પ્રગટપણું) અને વિશેષ (જ્ઞેયાકાર) જ્ઞાનના તિરોભાવ (આચ્છાદન) થી જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે ત્યારે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે. તો પણ જેઓ અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસકત છે તેમને તે સ્વાદમાં આવતું નથી. તે પ્રગટ દૃષ્ટાંતથી બતાવીએ છીએ :-

જેમ-અનેક તરેહનાં શાક આદિ ભોજનોના સંબંધથી ઊપજેલ સામાન્ય લવણના તિરોભાવ અને વિશેષ લવણના આવિર્ભાવથી અનુભવમાં આવતું જે (સામાન્યના તિરોભાવરૂપ અને શાક આદિના સ્વાદભેદે ભેદરૂપ-વિશેષરૂપ) લવણ તેનો સ્વાદ અજ્ઞાની,શાકના લોલુપ મનુષ્યોને આવે છે પણ અન્યના સંબંધ રહિતપણાથી ઊપજેલ સામાન્યના અવિર્ભાવ અને વિશેષના તિરોભાવથી અનુભવમાં આવતું જે એકાકાર અભેદરૂપ લવણ તેનો સ્વાદ આવતો નથી; વળી પરમાર્થથી જોવામાં આવે તો તો, જે વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવતું (ક્ષારરસરૂપ) લવણ છે તે જ સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવતું (ક્ષારરૂપ) લવણ છે એવી રીતે અનેક પ્રકારમા જ્ઞેયોના આકારો સાથે મિશ્રરૂપપણાથી ઊપજેલ સામાન્યના તિરોભાવ અને વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવતું જે (વિશેષભાવરૂપ, ભેદરૂપ, અનેકાકારરૂપ) જ્ઞાન તે અજ્ઞાની, જ્ઞેય-લુબ્ધ જીવોને સ્વાદમાં આવે છે-પણ અન્ય જ્ઞેયાકારના સંયોગ રહિતપણાથી ઊપજેલ સામાન્યના આવિર્ભાવ અને વિશેષના તિરોભાવથી અનુભવમાં

આવતું જે એકાકાર અભેદરૂપ જ્ઞાન તે સ્વાદમાં આવતું નથી; વળી પરમાર્થથી વિચારીએ તો, તો જે જ્ઞાન વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવે છે તે જ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે. અબુધ્ધ જ્ઞાનીઓને તો, જેમ સૈંધવની ગાંગડી, અન્યદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ સૈંધવનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ એક ક્ષારરસપણાને લીધે ક્ષારપણે સ્વાદમાં આવે છે તેમ આત્માપણ, પરદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ આત્માનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ એક વિજ્ઞાનઘનપણાને લીધે જ્ઞાનપણે સ્વાદમાં આવે છે.

**ભાવાર્થ :** અહીં આત્માની અનુભૂતિ તે જ જ્ઞાનની અનુભૂતિ કહેવામાં આવી છે. અજ્ઞાનીજન જ્ઞેયોમાં જ-ઈન્દ્રિયજ્ઞાનના વિષયોમાં જ-લુબ્ધ થઈ રહ્યાછે; તેઓ ઈન્દ્રિયજ્ઞાનના વિષયોથી અનેકાકાર થયેલ જ્ઞાનને જ જ્ઞેયમાત્ર આસ્વાદે છે પરંતુ જ્ઞેયોથી ભિન્ન જ્ઞાનમાત્રનો આસ્વાદ નથી લેતા.અને જેઓ જ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત નથી તેઓ જ્ઞેયોથી જુદા એકાકાર જ્ઞાનનો જ આસ્વાદ લે છે, કારણ કે જ્ઞાન છે તે આત્મા છે અને આત્મા છે તે જ્ઞાન છે. આ પ્રમાણે ગુણી-ગુણની અભેદ દૃષ્ટિમાં આવતું જે સર્વ પરદ્રવ્યોથી જૂદું, પોતાના પર્યાયોમાં એકરૂપ, નિશ્ચળ, પોતાના ગુણોમાં એકરૂપ, પરનિમિત્તથી ઉત્પન્ન થયેલ ભાવોથી ભિન્ન પોતાનું સ્વરૂપ, તેનું અનુભવન તે જ્ઞાનનું અનુભવન છે, અને આ અનુભવન તો ભાવશ્રુતજ્ઞાનરૂપ જિનશાસનનું અનુભવન છે. શુદ્ધનયથી આમાં કાંઈ ભેદ નથી.

**કળશ-૧૪**

**શ્લોકાર્થ :** આચાર્ય કહે છે કે તે ઉત્કૃષ્ટ તેજ-પ્રકાશ અમને હો કે જે તેજ સદાકાળ ચૈતન્યના પરિણમનથી ભરેલું છે, જેમ મીઠાની કાંકરી એક ક્ષારરસની લીલાનું આલંબન કરે છે તેમ જે તે જ એક જ્ઞાનસ્વરૂપને અવલંબે છે, જે તે જ અખંડિત છે-જ્ઞેયોના આકારરૂપે ખંડિત થતું નથી, જે અનાકુળ છે-જેમાં કર્મના નિમિત્તથી થતા રાગાદિથી ઊત્પન્ન આકુળતા નથી, જે અવિનાશીપણે અંતરંગમાં અને બહારમાં પ્રગટ દેદીપ્યમાન છે-જાણવામાં આવે છે, જે સ્વભાવથી થયું છે-કોઈએ રચ્યું નથી અને હમેશાં જેનો વિલાસ ઉદયરૂપ છે-જે એકરૂપ પ્રતિભાસમાન છે.

**ભાવાર્ચ :-** આચાર્યે પ્રાર્થના કરી છે કે આ જ્ઞાનાનંદમય એકાકાર સ્વરૂપજ્યોતિ અમને સદા પ્રાપ્ત રહો. ૧૪.

**કળશ-૧૫**

**શ્લોકાર્થ :** આ (પૂર્વકથિત) જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે, સ્વરૂપની પ્રાપ્તિના ઈચ્છુક પુરુષોએ સાધ્યસાધક ભાવના ભેદથી બે પ્રકારે, એક જ નિત્ય સેવવા યોગ્ય છે; તેનું સેવન કરો.

**ભાવાર્થ :** આત્મા તો જ્ઞાનસ્વરૂપ એક જ છે. પરંતુ એનું પૂર્ણરૂપ સાધ્યભાવ છે અને અપૂર્ણરૂપ સાધક ભાવ છે; એવા ભાવભેદથી બે પ્રકારે એકને જ સેવવો. ૧૫.

**સમસ્ત જૈનશાસનના રહસ્યની આ ગાથા છે. સર્વજ્ઞ પરમેશ્વરનો જે માર્ગ છે એ જ જૈનશાસનનો મોક્ષ માર્ગ છે.**

**ગાથાર્થનું વિસ્તાર :** જે પુરુષ શુદ્ધઆનંદઘન ચૈતન્ય સ્વરૂપ આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, અવિશેષ, નિયત અને અસંયુકત દેખે છે એટલે કે અંતરમાં અનુભવે છે તે સર્વ જિનશાસનને દેખે છે. સમસ્ત જૈનશાસનનું રહસ્ય તે આત્માએ જાણી લીધું. ભગવાન આત્મા નિત્ય મુક્તસ્વરૂપ શુભાશુભભાવરહિત ત્રિકાળ શુદ્ધ ચૈતન્યવસ્તુ છે. એવા આત્માનો અભ્યંતર જ્ઞાનથી (ભાવશ્રુત જ્ઞાનથી) અનુભવ કરવો એ (અનુભવ) શુદ્ધોપયોગ છે. એ વીતરાગી પર્યાય છે અને એ જ જૈન ધર્મ છે. રાગ વિનાની વીતરાગી દશા તે જૈનશાસન છે અને એ જ જૈનધર્મનું રહસ્ય છે.

આ જૈનશાસન અર્થાત્ અનુભૂતિ તે શું છે ?

શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે. ભાવશ્રુતજ્ઞાન-શુદ્ધોપયોગથી જે આત્માનો અનુભવ થાય એ આત્મા જ છે. સ્વરૂપની વીતરાગ સ્વસંવેદનદશા-પ્રત્યક્ષ જ્ઞાનની અનુભૂતિ જે પ્રગટ થઈ એ આત્મા જ છે. રાગાદિ જે છે તે આત્મા નથી, અનાત્મા છે. ધર્મીને પણ અનુભૂતિ પછી જે રાગ આવે છે તે અનાત્મા છે. દ્રવ્યશ્રુતમાં આ જ કહ્યું છે અને એ જ અનુભવમાં આવ્યું. માટે જ્ઞાનની અનુભૂતિ તે જ આત્માની અનુભૂતિ છે; કેમ કે ભાવશ્રુતમાં જે ત્રિકાળી વસ્તુ જણાઈ તે વીતરાગસ્વરૂપ છે-અને એની અનુભૂતિ એ પ્રગટ થઈ એ પણ વીતરાગ પરિણતિ છે. ભગવાન આત્મા ત્રિકાળ મુક્ત સ્વરૂપ જ છે. એનો પર્યાયમાં અનુભવ થયો એ ભાવશ્રુતજ્ઞાન છે, શુદ્ધોપયોગ છે. એ આત્માની જાત હોવાથી આત્મા જ છે. અનુભૂતિમાં પૂરા આત્માનો નમૂનો આવ્યો માટે આત્મા જ છે. તેથી દ્રવ્યની અનુભૂતિ કહો કે જ્ઞાનની અનુભૂતિ કહો-એક જ ચીજ છે સર્વજ્ઞ સ્વભાવી 'જ્ઞ' સ્વભાવી આત્મા એકલો જ્ઞાનસ્વભાવી છે અને એની અનુભૂતિ જ્ઞાનસ્વરૂપ જ છે.

સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ અને વિશેષ જ્ઞાનના તિરોભાવથી જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે ત્યારે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે. જુઓ, રાગમિશ્રિત જ્ઞેયાકાર જ્ઞાન જે (પૂર્વે) હતું એની રુચિ છોડી દઈને (પર્યાય બુદ્ધિછોડીને) અને જ્ઞાયકની રુચિનું પરિણમન કરીને સામાન્ય જ્ઞાનનો પર્યાયમાં અનુભવ કરવો એને સામાન્યજ્ઞાનનો આવિર્ભાવ અને વિશેષ જ્ઞાનનો તિરોભાવ કહે છે. આ પર્યાયની વાત છે. જ્ઞાનની પર્યાયમાં એકલા જ્ઞાન, જ્ઞાન, જ્ઞાનનું વેદન થવું અને શુભાશુભ જ્ઞેયાકાર જ્ઞાનનું ઢંકાઈ જવું તેને સામાન્યજ્ઞાનનો

આવિર્ભાવ અને વિશેષ જ્ઞેયાકાર જ્ઞાનનો તિરોભાવ કહે છે. અને એ પ્રમાણે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવતાં જ્ઞાન આનંદ સહિત પર્યાયમાં અનુભવમાં આવે છે. અહીં 'સામાન્યજ્ઞાનનો આવિર્ભાવ એટલે ત્રિકાળી ભાવનો આવિર્ભાવ એમ વાત નથી. સામાન્યજ્ઞાન એટલે શુભાશુભ જ્ઞેયાકાર રહિત એકલા જ્ઞાનનું પર્યાયમાં પ્રગટપણું એનો વિષય ત્રિકાળી છે. તો પણ જેઓ અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે તેમને તે સ્વાદમાં આવતું નથી. ચૈતન્યસ્વરૂપ નિજ પરમાત્માની જેમને રુચિ નથી એવા અજ્ઞાની જીવો રાગ કે પરજ્ઞેય છે (રાગ તે જ્ઞાન નથી) તેમાં આસક્ત છે. વ્રત, તપ, દયા, દાન, પૂજા, ભક્તિ એવા જે વ્યવહાર રત્નત્રયના પરિણામ છે તેમાં જેઓ આસક્ત છે, શુભાશુભ વિકલ્પોને જાણવામાં જેઓ રોકાયેલા છે એવા જ્ઞેયલુબ્ધ જીવોને આત્માના અતિન્દ્રિય જ્ઞાન અને આનંદનો સ્વાદ આવતો નથી. શુભરાગની-પુણ્યભાવની જેમને રચિ છે તેમને આત્માના આનંદનો સ્વાદ આવતો નથી. અજ્ઞાનીને વસ્તુ પ્રત્યે જે રાગ છે તેનો સ્વાદ આવે છે, વસ્તુનો નહીં. વસ્તુ પ્રત્યે રાગમાં આસક્ત અજ્ઞાની જીવને રાગનો સ્વાદ આવે છે, અને તે આકુળતામય છે, અધર્મ છે.

આત્માનો સ્વાદ તો અનાકુળ આનંદમય છે.

*"વસ્તુ વિચારત ધ્યાવતૈં, મન પાવૈ વિશ્રામ;*
*રસ સ્વાદત સુખ ઉપજૈ, અનુભૌ યાકૌ નામ."*

**વસ્તુ જે જ્ઞાયકસ્વરૂપ તેને જ્ઞાનમાં લઈ અંતરમાં ધ્યાન કરે છે તેને મનના વિકલ્પો, રાગ વિશ્રામ પામે છે. હઠી જાય છે. મન શાંત થઈ જાય છે. ત્યારે અતિન્દ્રિય આનંદના રસનો સ્વાદ આવે છે. પરિણામ અંતર્નિમગ્ન થતાં અનાકુળ સુખનો સ્વાદ આવે છે તેને અનુભવ અર્થાત જૈનશાસન કહે છે.**

જ્ઞેયમાં આસકત છે તે ઈન્દ્રિયના વિષયોમાં આસક્ત છે. જે પદાર્થો ઈન્દ્રિયો વડે જાણવામાં આવે છે તે ઈન્દ્રિયના વિષયો છે. પાંચ દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો અને ઈન્દ્રિયોના વિષયભૂત પદાર્થો ત્રણેને ઈન્દ્રિય ગણવામાં આવી છે. એ ત્રણેને જીતીને એટલે કે તેમના તરફનો ઝુકાવ-રુચિને છોડીને એનાથી અધિક અર્થાત ભિન્ન પોતાના જ્ઞાન સ્વભાવને-અતિન્દ્રિય ભગવાનને અનુભવે છે તે જૈનશાસન છે. પોતાના સ્વજ્ઞેયમાં લીન છે એવી આ અનુભૂતિ-શુદ્ધોપયોગરૂપ પરિણતિ તે જૈનશાસન છે. રાગનો સ્વાદ, રાગનું વેદન અનુભવમાં આવવું એ જૈનશાસની વિરુદ્ધ છે તેથી અધર્મ છે. શુભક્રિયા કરવી એ કરતાં કરતાં ધર્મ થઈ જશે એવી માન્યતા મિથ્યાભાવ છે. તથા શુભાશુભ રાગથી ભિન્ન અંતર આનંદકંદ ભગવાન આત્માને જ્ઞેય બનાવી જ્ઞાયકના જ્ઞાનનું વેદન કરવું એ જિનશાસન છે, ધર્મ છે.

**સારાંશ :**

(૧) આત્મા જે ત્રિકાળી વસ્તુ છે એ જિનસ્વરૂપ જ છે. જિનવરમાં અને આત્મામાં કાંઈ ફેર નથી.

(૨) પ્રત્યેક આત્માનો દ્રવ્યસ્વભાવ તો ત્રિકાળ આવો જ એકરૂપ છે. જે ભગવાન થયા તે આવા આત્માનો પૂર્ણ આશ્રય કરી પૂર્ણ નિર્મળ પર્યાય પ્રગટ કરીને થયા.

(૩) શુદ્ધોપયોગ વડે જિનસ્વરૂપ ભગવાન આત્મામાં રમણતા કરવી, એને જાણવો-અનુભવવો એને ભગવાને જૈનશાસન કહ્યું છે.

(૪) આ જૈનશાસન પર્યાયમાં છે, દ્રવ્યમાં નહીં-આ પૂર્ણ જિનસ્વરૂપ આત્માને ગ્રહણ કરનાર શુદ્ધોપયોગ એ જ જૈનશાસન છે, પરમેશ્વરનો માર્ગ છે.

(૫) જેણે આવા આત્માને જાણ્યો નથી એણે કાંઈપણ જાણ્યું નથી. આત્મ પદાર્થનું વેદન-અનુભવ પરિણતિ-એ જૈનશાસન છે.

(૬) પર્યાયદૃષ્ટિમાં આત્માને બદ્ધસ્પૃષ્ટ, અન્ય અન્ય અવસ્થારૂપ, અનિયત, ભેદરૂપ અને રાગરૂપે દેખે છે એ જૈન શાસન નથી, એ તો અજૈનશાસન છે.

(૭) દાન, ભક્તિ, પૂજા, દયા વ્રત પાળે એ કાંઈ જૈનશાસન નથી, કે જૈનધર્મ નથી.

(૮) અંતરમાં એકરૂપ પરમાત્મતત્ત્વ સામાન્ય સ્વભાવ નિર્લેપ ભગવાન છે એને જાણવો, એની પ્રતીતિ અને રમણતા કરવી એવો જે શુદ્ધોપયોગ છે તે જૈનશાસન છે.

(૯) આ જૈનશાસન બાહ્ય દ્રવ્યશ્રુત તેમ જ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે. દ્રવ્યશ્રુત વાચક છે, અંદર ભાવશ્રુતજ્ઞાન તેનું વાચ્ય છે. દ્રવ્યશ્રુત અબદ્ધસ્પૃષ્ટ આત્માના સ્વરૂપને નિરૂપે છે, ભાવશ્રુત આત્માનો અનુભવ કરે છે.

(૧૦) દ્વાદશાંગજ્ઞાન વિકલ્પ છે. શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે. વીતરાગી શુદ્ધાત્માને અનુસરીને જે અનુભવ થાય એ અનુભૂતિ મોક્ષમાર્ગ છે.

(૧૧) સર્વજ્ઞસ્વભાવનો અનુભવ જે શુદ્ધોપયોગ એ જૈનશાસન છે. જૈનધર્મ છે. વ્યવહાર કે રાગ જૈનશાસન નથી.

(૧૨) જૈનધર્મ કોઈ સંપ્રદાય નથી, એ તો વસ્તુનું સ્વરૂપ છે. શુદ્ધનયના વિષયભૂત ચૈતન્ય સામાન્ય ત્રિકાળી દ્રવ્યનો અનુભવ કરવો તેને અહીં જૈનશાસન કહે છે.

# સમયસાર કળશ ૧ થી ૧૪ શ્લોકાર્થ

नमः समयसाराय स्वानुभूत्या चकासते ।
चितस्वभायाय भावाय सर्वभावान्तरच्छिदे ॥१॥

**શ્લોકાર્થ :** 'સમય' અર્થાત્ જીવ નામનો પદાર્થ, તેમાં સાર-જે દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત શુદ્ધ આત્મા, તેને મારા નમસ્કાર હો. તે કેવો છે? શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ છે. વળી તે કેવો છે? જેનો સ્વભાવ ચેતનાગુણરૂપ છે. વળી તે કેવો છે? પોતાની જ અનુભવનરૂપ ક્રિયાથી પ્રકાશે છે, અર્થાત્ પોતાને પોતાથી જ જાણે છે-પ્રગટ કરે છે. વળી તે કેવો છે? પોતાની અન્ય સર્વ જીવાજીવ, ચરાચર પદાર્થોને સર્વ ક્ષેત્રકાળ સંબંધી, સર્વ વિશેષણો સહિત, એક જ સમયે જાણનારો છે. આ પ્રકારનાં વિશેષણો (ગુણો)થી શુદ્ધ આત્માને જ ઈષ્ટદેવ સિદ્ધ કરી તેને નમસ્કાર કર્યો છે.

अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः ।
अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम् ॥२॥

**શ્લોકાર્થ :** જેમાં અનેક અંત (ધર્મ) છે એવું જે જ્ઞાન તથા વચન તે-મય મૂર્તિ સદાય પ્રકાશરૂપ હો. કેવી છે તે મૂર્તિ? જે અનંત ધર્મવાળો છે અને જે પરદ્રવ્યોથી ને પરદ્રવ્યના ગુણ પર્યાયોથી ભિન્ન તથા પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિકારોથી કથંચિત્ ભિન્ન એકાકાર છે એવા આત્માના તત્ત્વને. અર્થાત્ અસાધારણ-સજાતીય વિજાતીય દ્રવ્યોથી વિલક્ષણ-નિજસ્વરૂપને, તે મૂર્તિ અવલોકન કરે છે-દેખે છે.

मम परमविशुद्धिः शुद्ध चिन्मात्रमूर्ते-
र्भवतु समयसार व्यारव्याख्ययैवानुभूतेः ॥३॥

**શ્લોકાર્થ :** આ સમયસાર (શુદ્ધાત્મા તથા ગ્રંથ)ની વ્યાખ્યા (કથની તથા ટીકા) થી જ મારી અનુભૂતિની અર્થાત્ અનુભવનરૂપ પરિણતિની પરમ વિશુદ્ધિ (સમસ્ત રાગાદિ વિભાવ પરિણતિ રહિત ઉત્કૃષ્ટ નિર્મળતા) થાઓ. કેવી છે તે પરિણતિ? પરપરિણતિનું કારણ જે મોહ નામનું કર્મ તેના અનુભવ (- ઉદયરૂપ વિપાક) ને લીધે જે અનુભાવ્ય (રાગાદિ પરિણામો)ની વ્યાપ્તિ છે તેનાથી નિરંતર કલ્યાષિત (મેલી) છે. અને હું કેવો છું? દ્રવ્યદૃષ્ટિથી શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું.

उभयनयविरोध ध्वंसिनि स्थात्पदाङ्के:
जिनवचसि रमन्ते ये स्वयं पान्तमोहा: ।
सपदि समयसारं ते परं ज्योतिरुच्चै-
रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव ॥४॥

**શ્લોકાર્થ :** નિશ્ચય અને વ્યવહાર એ બે નયોને વિષયના ભેદથી પરસ્પર વિરોધ છે; એ વિરોધને નાશ કરનારું 'સ્યાત્' પદથી ચિહ્નત જે જિન ભગવાનનું વચન તેમાં જે પુરુષો રમે છે (-પ્રચુર પ્રીતિ સહિત અભ્યાસ કરે છે) તે પુરુષો પોતાની મેળે (અન્ય કારણ વિના) મિથ્યાત્વકર્મના ઉદયનું વમન કરીને આ અતિશય રૂપ પરમજ્યોતિ પ્રકાશમાન શુદ્ધ આત્માને તુરત દેખે જ છે. કેવો છે સમયસાર રૂપ શુદ્ધ આત્મા? નવીન ઉત્પન્ન થયો નથી, પહેલાં કર્મથી આચ્છાદિત હતો તે પ્રગટ વ્યક્તિરૂપ થઈ ગયો છે. વળી કેવો છે? સર્વથા એકાંતરૂપ કુ નયના પક્ષથી ખંડિત થતો નથી. નિર્બાધ છે.

व्यवहरणनय: स्याद्यद्यपि प्राक्पदव्या-
मिह निहितपदानां हन्त हस्तावलम्ब: ।
तदपि परममर्थं चिच्चमत्कारमात्रं
परविरहितमन्त: पश्यतां नैष किञ्चत् ॥५॥

**શ્લોકાર્થ :** જે વ્યવહારનય છે તે જો કે આ પહેલી પદવીમાં (જ્યાં સુધી શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી) જેમણે પોતાનો પગ માંડેલો છે એવા પુરુષોને, અરેરે ! હસ્તાવલંબ તુલ્ય કહ્યો છે, તોપણ જે પુરુષો ચૈતન્ય-ચમત્કારમાત્ર પરદ્રવ્યભાવોથી રહિત (શુદ્ધ નયના વિષયભૂત) પરમ 'અર્થ'ને અંતરંગમાં અવલોકે છે, તેની શ્રદ્ધા કરે છે તથા તદ્રૂપ લીન થઈ ચારિત્રભાવને પ્રાપ્ત થાય છે. તેમને એ વ્યવહારનય કાંઈપણ પ્રયોજનવાન નથી.

एकत्त्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मन:
पूर्णज्ञानधनस्य दर्शनमिह द्रव्यान्तरेभ्य: पृथक ।
सम्यग्दर्शनमेतदेव नियमादात्मा च तावानयं
तन्मुकत्वा नवतत्त्वसन्ततिमिमामात्मायमेकोऽस्तु न: ॥६॥

**શ્લોકાર્થ :** આ આત્માને અન્ય દ્રવ્યોથી જુદો દેખવો (શ્રદ્ધવો) તે જ નિયમથી સમ્યગ્દર્શન છે. કેવો છે આત્મા? પોતાના ગુણ-પર્યાયોમાં વ્યાપનારો છે. વળી કેવો છે? શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે. વળી કેવો છે? પૂર્ણ જ્ઞાનઘન છે. વળી જેટલું સમ્યગ્દર્શન છે તેટલો જ આ આત્મા છે. તેથી આચાર્ય પ્રાર્થના કરે છે કે ''આ નવતત્ત્વની પરિપાટીને છોડી, આ આત્મા એક જ અમને પ્રાપ્ત હો.

अतः शुद्धनयायत्तं प्रत्यग्ज्योतिश्चकास्ति तत् ।
नवतत्त्वगतत्वेऽपि यदेकत्वं न मुञ्चति ॥७॥

**શ્લોકાર્થ :** ત્યારબાદ શુદ્ધનયને આધીન જે ભિન્ન આત્મજ્યોતિ છે તે પ્રગટ થાય છે કે જે નવ તત્ત્વમાં પ્રાપ્ત થવા છતાં પોતાના એકપણાને છોડતી નથી.

**ભાવાર્થ :** નવતત્ત્વમાં પ્રાપ્ત થયેલો આત્મા અનેકરૂપ દેખાય છે; જો તેનું ભિન્ન સ્વરૂપ વિચારવામાં આવે તો તે પોતાની ચૈતન્ય-ચમત્કાર જ્યોતિને છોડતો નથી. ૭

चिरमिति नवतत्त्वच्छन्नमुन्नीयमानं
कनकमिव निमग्नं वर्णमालाकलापे ।
अथ सततविविक्तं दश्यतामेकरूपं
प्रतिपदमिदमात्मज्योतिरुद्योतमानम् ॥८॥

**શ્લોકાર્થ :** આ રીતે નવ તત્ત્વોમાં ઘણા કાળથી છુપાયેલી આ આત્મજ્યોતિને, જેમ વર્ણોના સમૂહમાં છુપાયેલા એકાકાર સુવર્ણને બહાર કાઢે તેમ, શુદ્ધનયથી બહાર કાઢી પ્રગટ કરવામાં આવી છે. માટે હવે હે ભવ્ય જીવો ! હમેશાં આને અન્ય દ્રવ્યોથી તથા તેમનાથી થતા નૈમિત્તિક ભાવોથી ભિન્ન, એકરૂપ દેખો આ (જ્યોતિ), પદે પદે અર્થાત્ પર્યાયે પર્યાયે એકરૂપ ચિત્ચમત્કારમાત્ર ઉદ્યોતમાન છે.

**ભાવાર્થ :** આ આત્મા સર્વ અવસ્થાઓમાં વિધવિધ રૂપે દેખાતો હતો તેને શુદ્ધ નયે એક ચૈતન્ય-ચમત્કાર દેખાડ્યો છે; તેથી હવે સદા એકકાર જ અનુભવ કરો, પર્યાયબુદ્ધિનો એકાંત ન રાખો-એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે.

उदयति न नयश्रीरस्तमेति प्रमाणं
कचिदपि च न विद्मोयाति निक्षेपचक्रम् ।
किमपरमभिदध्मो धाम्नि सर्वङ्कषेऽस्मि-
न्ननुभवमुपयाते भाति न द्वैतमेव ॥९॥

**શ્લોકાર્થ :** આચાર્ય શુદ્ધનયનો અનુભવ કરી કહે છે કે-આ સર્વ ભેદોને ગૌણ કરનાર જે શુદ્ધનયનો વિષયભૂત ચૈતન્ય-ચમત્કારમાત્ર તેજઃપુંજ આત્મા, તેનો અનુભવ થતાં નયોની લક્ષ્મી ઉદય પામતી નથી, પ્રમાણ અસ્તને પ્રાપ્ત થાય છે અને નિક્ષેપોનો સમુહ ક્યાં જતો રહે છે તે અમે જાણતા નથી. આથી અધિક શું કહીએ ? દ્વૈત જ પ્રતિભાસિત થતું નથી.

**ભાવાર્થ :** ભેદને અત્યંત ગૌણ કરીને કહ્યું છે કે-પ્રમાણ, નયાદિ ભેદની તો વાત જ શી? શુદ્ધ અનુભવ થતાં દ્વૈત જ ભાસતું નથી, એકાકાર ચિન્માત્ર જ દેખાય છે.

आत्मस्वभावं परभावभिन्न मापूर्णमाद्यन्त विमुक्त मेकम् ।
विलीनसङ्कल्पविकल्प जालं प्रकाशयन् शुद्धनयोऽभ्युदेति ॥१०॥

**શ્લોકાર્થ :** શુદ્ધનય આત્માના સ્વભાવને પ્રગટ કરતો ઉદયરૂપ થાય છે. તે આત્મભાવને કેવો પ્રગટ કરે છે? પરદ્રવ્ય, પરદ્રવ્યના ભાવો તથા પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિભાવો-એવા પરભાવોથી ભિન્ન પ્રગટ કરે છે. વળી તે આત્મસ્વભાવ સમસ્તપણે પૂર્ણ છે-સમસ્ત લોકાલોકને જાણનાર છે-એમ પ્રગટ કરે છે; (કારણ કે જ્ઞાનમાં ભેદ કર્મસંયોગથી છે, શુદ્ધનયમાં કર્મ ગૌણ છે). વળી તે, આત્મ સ્વભાવને આદિ-અંતથી રહિત પ્રગટ કરે છે. (અર્થાત્ કોઈ આદિથી માંડીને જે કોઈથી ઉત્પન્ન કરવામાં આવ્યો નથી અને ક્યારેય કોઈથી જેનો વિનાશ નથી એવા પારિણામિક ભાવને તે પ્રગટ કરે છે). વળી તે, આત્મસ્વભાવને એક-સર્વ ભેદભાવોથી (દ્વૈત ભાવોથી) રહિત એકાકાર-પ્રગટ કરે છે અને જેમા સમસ્ત, સંકલ્પ, વિકલ્પના સમુહો વિલય થઈ ગયા છે એવો પ્રગટ કરે છે. (દ્રવ્ય કર્મ, ભાવકર્મ, નોકર્મ આદિ પુદ્‌ગલદ્રવ્યોમાં પોતાની કલ્પના કરવી તે સંકલ્પ કહે છે અને જ્ઞેયોના ભેદથી જ્ઞાનમાં ભેદ માલૂમ થવો તેને વિકલ્પ કહે છે.) આવો શુદ્ધનય પ્રકાશરૂપ થાય છે. ૧૦.

न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी
स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम् ।
अनभवतु तमेव द्योतमानं समन्तात्
जगदषगतमोहीभूय सम्यकस्वभावम् ॥११॥

**શ્લોકાર્થ :** જગતના પ્રાણીઓ એ સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો, કે જ્યાં આ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો સ્પષ્ટપણે તે સ્વભાવના ઉપર તરે છે એકરૂપ છે તો પણ (તેમા) પ્રતિષ્ઠા પામતા નથી, કારણ કે દ્રવ્ય સ્વભાવ તો નિત્ય છે. એકરૂપ છે અને આ ભાવો અનિત્ય છે, અનેકરૂપ છે; પર્યાયો દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કરતા નથી, ઉપર જ રહે છે. આ શુદ્ધ સ્વભાવ સર્વ અવસ્થાઓમાં પ્રકાશમાન છે. એવા શુદ્ધ સ્વભાવનો, મોહ રહિત થઈને જગત અનુભવ કરો; કારણ કે મોહકર્મના ઉદયથી ઉત્પન્ન મિથ્યાત્વરૂપ અજ્ઞાન જ્યાં સુધી રહે છે ત્યાં સુધી એ અનુભવ યથાર્થ થતો નથી.

भूतं मान्तमभूतमेव रभसान्निर्भिद्य बन्धं सुधी-
र्यद्यन्त: किल कोडप्यहो कलयति व्याहस्य मोहं इष्ठात्
आत्मात्मानुमवैकगम्यमहिमा व्यक्तोऽयभास्ते ध्रुवं
नित्यं कर्मकलङ्कपङ्कविकलो देव: स्वयं शाश्वत: ॥१२॥

**શ્લોકાર્થ :** જો કોઈ સુબુદ્ધિ (સમ્યગ્દષ્ટિ) ભૂત, વર્તમાન અને ભાવિ એવા ત્રણે કાળનાં કર્મોના બંધને પોતાના આત્માથી તત્કાળ-શીઘ્ર ભિન્ન કરીને તથા તે કર્મના ઉદયના

નિમિત્તથી થયેલ મિથ્યાત્વ (અજ્ઞાન) ને પોતાના બળથી (પુરુષાર્થથી) રોકીને અથવા નાશ કરીને અંતરંગમાં અભ્યાસ કરે-દેખે તો આ આત્મા પોતાના અનુભવથી જ જણાવા યોગ્ય જેનો પ્રગટ મહિમા છે એવો વ્યક્ત (અનુભવગોચર) નિશ્ચલ, શાશ્વત, નિત્ય કર્મકલંક-કર્દમથી રહિત-એવો પોતે સ્તુતિ કરવા યોગ્ય દેવ વિરાજમાન છે.

**ભાવાર્થ :** શુદ્ધ નયથી દૃષ્ટિથી જોવામાં આવે તો સર્વ કર્મોથી રહિત ચૈતન્યમાત્ર દેવ અવિનાશી આત્મા અંતરંગમાં પોતે વિરાજી રહ્યો છે. આ પ્રાણી-પર્યાયબુદ્ધિ બહિરાત્મા તેને બહાર ઢૂંઢે છે તે મોટું અજ્ઞાન છે. ૧૨.

**आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या**
**ज्ञानानुभूतिरियमवे किलेति बुद्ध्वा ।**
**आत्मानमात्मनि निवेश्य सुनिष्प्रकम्प-**
**मेकोऽस्ति नित्यमवबोधधनः समन्तात् ॥१३॥**

**શ્લોકાર્થ :** એ રીતે જે પૂર્વકથિત શુદ્ધનયસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે જ ખરેખર જ્ઞાનની અનુભૂતિ છે એમ જાણીને તથા આત્માને આત્મામાં નિશ્ચવી સ્થાપીને 'સદા સર્વ તરફ એક જ્ઞાનધન આત્મા છે' એમ દેખાવું.

**अखण्डितमानकुलं ज्वलदनन्तमन्तर्धहि-**
**र्महः परममस्तु नः सहजमुद्विलासं सदा ।**
**चिदुच्छलननिर्भरं सकलकालमालम्बते**
**यदेकरसमुल्लसल्लवण खिलयलीलायितम् ॥१४॥**

**શ્લોકાર્થ :** આચાર્ય કહે છે કે તે ઉત્કૃષ્ટ તેજપ્રકાશ અમને હો કે જે તેજ સદાકાળ ચૈતન્યના પરિણમનથી ભરેલું છે, જેમ મીઠાની કાંકરી એક ક્ષારરસની લીલાનું આલંબન કરે છે તેમ જે તે જ એક જ્ઞાનરસ સ્વરૂપને અવલંબે છે, જે તે જ અખંડિત છે-જ્ઞેયોના આકારરૂપે ખંડિત થતું નથી, જે અનાકુળ છે-જેમાં કર્મના નિમિત્તથી થતા રાગાદિથી ઉત્પન્ન આકુળતા નથી, જે અવિનાશીપણે અંતરંગમાં અને બહારમાં પ્રગટ દેદીપ્યમાન છે-જાણવામાં આવે છે, જે સ્વભાવથી થયુ છે-કોઈએ રચ્યું નથી અને હંમેશાં જેનો વિલાસ ઉદયરૂપ છે-જે એકરૂપ પ્રતિભાસમાન છે.

**ભાવાર્થ :** આચાર્યે પ્રાર્થના કરી છે કે આ જ્ઞાનાનંદમય એકાકાર સ્વરૂપજ્યોતિ અમને સદા પ્રાપ્ત રહો. ૧૪.

# દૃષ્ટિનો વિષય

# દૃષ્ટિનો વિષય

જો કે દેહમાં સ્થિત અને દેહથી ભિન્ન આત્મદ્રવ્ય પર્યાયાર્થિક નયથી ઉત્પાદ-વ્યય સહિત છે; તો પણ દ્રવ્યાર્થિક નયથી ઉત્પાદ-વ્યય રહિત છે.

શુદ્ધ નિશ્ચય નયથી ભગવાન આત્મા જન્મ-મરણ બંધ અને મોક્ષને નથી કરતો. એ તો જેવો છે તેવો જ છે.

પરમભાવ ગ્રાહક શુદ્ધ નિશ્ચય નયથી વિચારવામાં આવે તો આ જીવ નથી ઉત્પન્ન થતો, કે નથી મરતો અને નથી બંધ-મોક્ષને કરતો. એ તો બંધ-મોક્ષથી રહિત છે.

જો કે જીવ શુદ્ધાત્માનુભૂતિના અભાવને કારણે શુભાશુભ ઉપયોગથી પરિણમન કરીને જીવન-મરણ અને શુભાશુભ કર્મબંધ કરે છે તો પણ શુદ્ધપારિણામિક પરમભાવ ગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી ન બંધનો કર્તા છે અને ન મોક્ષનો કર્તા છે.

આ પ્રમાણે દ્રવ્યાર્થિક નયનો વિષયભૂત જીવન-મરણ અને બંધ-મોક્ષાદિથી રહિત સામાન્ય, અખંડ, નિત્ય અને અભેદ (એક) શુદ્ધાત્માની સત્ શ્રદ્ધા, દ્રવ્યાર્થિક નયના વિષયભૂત વસ્તુનું જ્ઞાન અને તેનું જ નિર્વિકલ્પ ધ્યાન જ દ્રવ્યદૃષ્ટિ છે. આ દૃષ્ટિનો વિષય છે.

# ૨ દૃષ્ટિનો વિષય

## ૧ દૃષ્ટિનો વિષય (સારાંશ)

(૧) દરેક વસ્તુ સ્વચતુષ્ટથી યુક્ત છે. આ એક નિયમ છે. વસ્તુ તેનું જ નામ છે જે સ્વચતુષ્ટથી યુક્ત હોય.

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એ ચાર ચીજ જેનામાં હોય તેનું જ નામ વસ્તુ છે.

(૨) વસ્તુ દ્રવ્યની અપેક્ષા સામાન્ય-વિશેષાત્મક છે.
વસ્તુ ક્ષેત્રની અપેક્ષા અભેદ-ભેદમય છે.
વસ્તુ કાળની અપેક્ષા નિત્ય-અનિત્યત્મક છે.
વસ્તુ ભાવની અપેક્ષા એક-અનેકાત્મક છે.

(૩) આ રીતે વસ્તુની આઠ વિશેષતાઓ છે.
(૧) સામાન્ય પણ છે. (૨) વિશેષ પણ છે.
(૩) અભેદ પણ છે. (૪) ભેદમય પણ છે.
(૫) નિત્ય પણ છે. (૬) અનિત્ય પણ છે.
(૭) એક પણ છે. (૮) અનેક પણ છે.

(૪) આમાંથી સામાન્ય, અભેદ, નિત્ય, એક, દ્રવ્યાર્થિકનયનો વિષય છે.
આમાંથી વિશેષ, ભેદ, અનિત્ય, અનેક, પર્યાયાર્થિકનયનો વિષય છે.
દ્રવ્યાર્થિકનયનો જે વિષય બને એ બધાને દ્રવ્ય સંજ્ઞા છે-દ્રવ્ય કહે છે.
પર્યાયાર્થિકનયનો જે વિષય બને એ બધાને પર્યાય સંજ્ઞા છે-પર્યાય કહે છે.

(૫) વિશેષ, ભેદ, અનિત્ય અને અનેક એને પર્યાય કહે છે માટે એ દૃષ્ટિના વિષયમાં સામેલ નથી.

સામાન્ય, અભેદ, નિત્ય અને એક એ દ્રવ્યાર્થિકનયનો વિષય છે. વસ્તુ એક છે પણ એ ચાર એના વિષય છે-આ ચાર હોવાથી ભેદ થઈ ગયો-એટલા માટે એ 'ચારપણું' એ પર્યાયાર્થિકનયનો વિષય છે. એ ચારોને અભેદ એક કહો તો દ્રવ્યાર્થિકનયનો વિષય બને અને એ દૃષ્ટિનો વિષય છે. આનું જ નામ પર્યાયથી રહિત દૃષ્ટિનો વિષય.

(૬) દ્રવ્ય શબ્દનો પ્રયોગ તો અનેક અર્થોમાં થાય છે એમાં દૃષ્ટિનો વિષય કયો દ્રવ્ય છે? મુખ્ય ત્રણ અપેક્ષાથી જોઈએ.

(૧) પ્રત્યેક વસ્તુ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમય છે. વસ્તુના આ ચારપક્ષમાં દ્રવ્ય પણ એક પક્ષ છે-એ સામાન્ય-વિશેષાત્મક હોય છે.

(૨) મૂળ વસ્તુને પણ દ્રવ્ય કહે છે-છદ્રવ્યવાળો દ્રવ્ય. આ બે દૃષ્ટિના વિષય નથી. પ્રમાણનો દ્રવ્ય.

(૩) સામાન્ય, અભેદ, અનિત્ય અને એક-આ ચારોના સમ્મિલિતરૂપને પણ દ્રવ્ય કહે છે-**આ દૃષ્ટિનો વિષય છે.**

(૭) દ્રવ્યનો ભેદ, પ્રદેશોનો ભેદ, કાળનો ભેદ, ગુણોનો ભેદ એ ચારનું નામ પર્યાય છે-માત્ર કાળના ભેદનું નામ પર્યાય નથી.

(૮) 'પર્યાય' માં કાળનો અભેદ સામેલ નથી અને દ્રવ્યોનો ભેદ, પ્રદેશનો ભેદ, ગુણનો ભેદ અને કાળનો ભેદ પર્યાયમાં સામેલ છે આ જ પર્યાયનો વાસ્તવિક અર્થ છે. એ પર્યાય દૃષ્ટિના વિષયમાં નથી.

(૯) પર્યાયનો બીજો અર્થ આમ પણ છે.
જેનાથી વિકલ્પ ઉત્પન્ન થાય તે પર્યાય છે. એ દૃષ્ટિનો વિષય નથી.

(૧૦) જેનાથી નિર્વિકલ્પતા ઉત્પન્ન થાય તે દ્રવ્ય છે-**તે દ્રવ્ય એ દૃષ્ટિનો વિષય છે.**

(૧૧) એક બીજી વાત સમજવા જેવી છે કે નિત્યતા અને અનિત્યતામાં નિત્યતા તો દ્રવ્યનો વિષય છે અને અનિત્યતા પર્યાયનો વિષય છે પરંતુ આત્મામાં જે નિત્યત્વ અને અનિત્યત્વ નામના ધર્મ છે એ બે ગુણ છે-ધર્મ છે-પર્યાય નહિ.

(૧૨) જ્યારે એમ કહેવામાં આવે કે દૃષ્ટિના વિષયમાં પર્યાય સામેલ નથી ત્યારે 'પર્યાય' નો અર્થ માત્ર 'દ્રવ્ય-ગુણ-પર્યાય' વાળી પર્યાય જ નથી-એ પર્યાયમાં ગુણ ભેદ, પ્રદેશભેદ, દ્રવ્યભેદ અને કાળભેદ પણ સામેલ છે.

(૧૩) સામાન્ય, અભેદ, નિત્ય અને એક આ તો દૃષ્ટિના વિષયમાં સામેલ છે, પરંતુ આ ચારેનો ભેદ દૃષ્ટિના વિષયમાં સામેલ નથી. અર્થાત્ એ ચારેય અભેદરૂપ દૃષ્ટિના વિષયમાં સામેલ છે. (રાખવામાં આવ્યા છે)

(૧૪) દૃષ્ટિના વિષયમાં પર્યાયને એટલા માટે કાઢવા તૈયાર છીએ કારણ કે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું છે-પર્યાયમાં નિર્મળતા પ્રગટ કરવી છે-એટલા માટે પર્યાયમાં નિર્મળતા પ્રગટ કરવા ભેદની ઉપેક્ષા છે-જ્યારે પર્યાયની સામે નહી જોવામાં પણ આપણું પ્રયોજન તો પર્યાયને શુદ્ધ કરવાનું જ છે.

(૧૫) દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી હું ક્યારેય ખંડીત થતો નથી. જ્ઞાનમાત્ર-શુદ્ધભાવ છું. ધ્રુવ શુદ્ધાત્મસ્વરૂપ જ છું.

દ્રવ્ય-હું એક છું, અસંગ છું, સર્વ પરભાવથી મુક્ત છું.
ક્ષેત્ર-અસંખ્યાત પ્રદેશી નિજ અવગાહના પ્રમાણ છું.
કાળ -અજર, અમર, ત્રિકાળ શાશ્વત છું. સ્વપર્યાય પરિણામી સમયાત્મક છું.
ભાવ-શુદ્ધ ચૈતન્યમાત્ર નિર્વિકલ્પ દૃષ્ય છું.

(૧૬) દ્રવ્યભેદનો નિષેધ કરીને દ્રવ્યને રાખીને અથવા સામાન્યને રાખીને દ્રવ્યને અખંડિત કરી લીધો.

પ્રદેશભેદનો નિષેધ કરીને પ્રદેશોને અભેદરૂપથી રાખીને ક્ષેત્રને પણ અખંડિત કરી લીધો.

કાળભેદનો નિષેધ કરીને-કાળના અભેદ રાખીને કાળને પણ અખંડિત કરી લીધો.

આ રીતે દૃષ્ટિના વિષયભૂત ભગવાન આત્માને સામાન્ય, અસંખ્યાત પ્રદેશી અભેદ, અનાદિ-અનંત ત્રિકાળી ધ્રુવ નિત્ય અને અનંતગુણાત્મક-અખંડ-એક કહેવામાં આવ્યો છે અને પછી એક કહ્યો તેમાં બધા પ્રકારની અનેકતાનો નિષેધ કરવામાં આવ્યો છે.

(૧૭) **ખાસ ધ્યાન રાખવા જેવી વાત એ છે કે દૃષ્ટિના** વિષયભૂત ત્રિકાળી ધ્રુવ દ્રવ્યમાં સ્વકાળનો નિષેધ કરવામાં નથી આવ્યો. પરંતુ વિશિષ્ટ પર્યાયોનો જ નિષેધ કરવામાં આવ્યો છે.

(૧૮) ભૂતકાળની પર્યાયો તો વિનષ્ટ થઈ ગઈ છે, ભવિષ્યની પર્યાયો હજીતો ઉત્પન્ન જ થઈ નથી અને વર્તમાન પર્યાય **સ્વયં દૃષ્ટિ** છે, જે વિષયી છે **એ દૃષ્ટિના વિષયમાં કેવી રીતે સામેલ છે?**

વિષય બનાવવાના રૂપમાં તો એ સામેલ થઈ જ રહી છે કારણ કે જ્યાંસુધી વર્તમાન પર્યાય દ્રવ્ય તરફ ન ઢળે, એની સન્મુખ ન થાય, એમાં તન્મય ન થાય, એમાં એકાકાર ન થાય ત્યાં સુધી આત્માનુભૂતિની પ્રક્રિયા સમ્પન્ન જ થતી નથી. આ પ્રમાણે વર્તમાન પર્યાય અનુભૂતિના સમયે દ્રવ્યની સન્મુખ થઈ દ્રવ્યથી અભેદ થાય છે. અભેદરૂપે પરિણમી જાય છે. એ પર્યાયે દ્રવ્યમાં સામેલ થવા દ્રવ્ય સાથે એકાકાર પણ થઈ ગઈ એણે પોતાનું નામ પણ બદલાવી નાખ્યું અને પોતાનો સ્વર પણ એવો કરી લીધો કે, 'હું દ્રવ્ય છું, હું ત્રિકાળી ધ્રુવ, અનાદિ અનંત, અખંડ આત્મા છું' આનાથી વધુ તે શું કરી શકે? વિષય બનાવવાની અપેક્ષા પર્યાય દૃષ્ટિના વિષયભૂત દ્રવ્યમાં સામેલ છે.

(૧૯) જ્યારે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ સંબંધીત ભેદના વિકલ્પ નથી હોતા ત્યારે એ અનુભૂતિનો કાળ છે. એ સમયે જે દ્રવ્યદૃષ્ટિનો વિષય બને છે તે દ્રવ્યાર્થિકનયનો વિષય છે.

(૨૦) દૃષ્ટિના વિષયમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો અન્વય (એકરૂપતા) સામેલ છે અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના વ્યતિરેક (અનેકરૂપતા) સામેલ નથી.

આ રીતે દ્રવ્ય-ગુણ-પર્યાયના રૂપમાં વસ્તુ વ્યવસ્થા સમજાય છે તેમ સ્વદ્રવ્ય-સ્વક્ષેત્ર-સ્વકાળ અને સ્વભાવના રૂપમાં વસ્તુ વ્યવસ્થાનો અભ્યાસ કરવો જોઈએ.

**ખાસ નોંધ :** 'તન્મયનું' અર્થ ઉપયોગની એકાગ્રતા નથી.

તન્મય થવું એ શ્રદ્ધાગુણની વાત છે.

'આ હું છું' એ બુદ્ધિનું નામ તન્મય, 'આ હું નથી' આનું નામ અતન્મય.


ધ્યાનનો અર્થ ઉપયોગની એકાગ્રતા હોય છે.

'આ હું છું' એવું જાણવું એને એકાકાર થવું પણ કહે છે-એકાકારનો અર્થ પણ ઉપયોગની એકાગ્રતા સાથે નથી.

સ્વાશ્રિતને નિશ્ચય અને પરાશ્રિતને વ્યવહાર કહેવાય છે.

## (૨) અનુભૂતિની વિધિ

**દૃષ્ટિનો વિષય**
પરમપારિણામિક ભાવ
ભગવાન આત્મા
કારણ પરમાત્મા
**'શુદ્ધ છે'**



**શુદ્ધ આત્મા**

બધાથી ભિન્ન છે.
જડ-પુદ્ગલથી ભિન્ન
વિકારી પર્યાયથી ભિન્ન
નિર્મળ પર્યાયથી ભિન્ન
ગુણભેદથી પણ ભિન્ન

આવો શુદ્ધ ક્યારેપણ જાણ્યો-માન્યો નથી....

આવો બધાથી ભિન્ન હોય ત્યારે જ જણાય....

**વિષયી-વર્તમાન જ્ઞાનની પર્યાય :-**

હવે જ્યારે આ જ્ઞાનની પર્યાય પણ જેવો સ્વભાવ છે એવા વીતરાગભાવરૂપે પરિણમે-

એક સમય માટે-જેવો ત્રિકાળી છે એવી જ્યારે થઈ જાય-એ શુદ્ધ જ્ઞાનની પર્યાયમાં ભગવાન આત્મા જણાય છે.

જ્યારે જ્ઞાનની પર્યાય-શ્રદ્ધાનપૂર્વક-જ્ઞાયકને જાણે છે અને અવિચ્છિન્નધારા-જો બે ઘડી ચાલુ રહે તો આત્માની અનુભૂતિ થાય.

## ૩ સાધક દશા

પોતાના શ્રદ્ધા-જ્ઞાન-આનંદનું સ્વતંત્ર સાધન થવાની શક્તિ આત્મામાં છે. આ વાત સમજે તો નિમિત્ત-ઉપાદાનનું પૃથ્થકરણ થઈ જાય, ને બાહ્ય સાધનના અવલંબનની બુદ્ધિ છૂટી જાય. એટલે અંતરસ્વભાવને જ સાધન બનાવીને તેના અવલંબને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે.

*મારા જ્ઞાનનું સાધન ઈન્દ્રિયો કે પુસ્તક નહિ,*
*મારા જ્ઞાનનું સાધન મારો **જ્ઞાનસ્વભાવ.***
*મારી શ્રદ્ધાનું સાધન બહારના દેવ-ગુરુ નહિ,*
*મારી શ્રદ્ધાનું સાધન મારો **જ્ઞાનસ્વભાવ.***
*મારા આનંદનું સાધન બહારના વિષયો નહિ,*
*મારા આનંદનું સાધન મારો **જ્ઞાનસ્વભાવ.***

બસ આવી પ્રતીત થઈ ત્યાં પોતાના સ્વભાવનું જ અવલંબન કરવાનું રહ્યું, ને પરાવલંબનની બુદ્ધિ છુટી ગઈ અને હવે પર્યાયે પર્યાયે સ્વાવલંબન વધતું જાય છે એટલે શુદ્ધતા વધતી જાય છે, ને પરાવલંબન તૂટતું જાય છે એટલે અશુદ્ધતા છૂટતી જાય છે. આનું નામ સાધક દશા **આનું નામ મોક્ષ માર્ગ**

પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વગેરે ભાવોના કર્તા થવાની આત્મામાં સ્વયંસિદ્ધ તાકાત છે, તેમાં તેને બીજા કોઈની સહાય જરૂર નથી.

માટે હે જીવ ! તારા સમ્યગ્દર્શનાદિને માટે અંતરમાં તારા સ્વયંસિદ્ધ સ્વભાવનું અવલંબન લઈને તેને જ સાધન બનાવ; બહારમાં બીજા સાધનને ન શોધ.

## ૪ દૃષ્ટિનો વિષય (વિશેષ ચિંતન)

(૧) વસ્તુ ત્રિકાળી છે, તેના આશ્રયે નિર્મળ પર્યાય થાય છે; પર્યાયના આશ્રયે પર્યાય નિર્મળ થતી નથી.

(૨) ગુરુનાં વચન પ્રત્યે લક્ષ જાય છે, ત્યાં સુધી નિમિત્ત, શાસ્ત્ર, ગુરુ અને જ્ઞાન-બધું વિનાશી; પણ ધ્રુવ તરફ દૃષ્ટિ કરે તો જ્ઞાન અવિનાશી થાય છે.

(૩) અનુભવ અને સમ્યગ્દર્શન અવસ્થા છે. તેને અને આત્માને ત્રિકાળ સંબંધ નથી, કેમ કે અવસ્થા બદલી જાય છે.

(૪) દર્શન નિમિત્તનો સ્વીકાર કરતું નથી, પરંતુ પછીથી ઉપચારથી નિમિત્ત કહેવાય છે.

(૫) જ્ઞાન નિમિત્તને જાણે છે, દર્શનના કાળે નિમિત્ત નથી, પાછળથી નિમિત્ત કહેવાયું, નિમિત્તને રાગ વડે જાણે છે ત્યાં સુધી જ્ઞાન વિનાશી-અનિત્ય છે, તે અવિનાશીને લાભ કરતું નથી. તે તો પૂર્વનો ઉઘાડ છે, પોતે જ જ્યારે સ્વયંની તરફ ઢળીને નિર્ણય કર્યો ત્યારે તેને નિમિત્ત કહેવાય છે. જે સમયે અવિનાશી જ્ઞાન થાય છે તે સમયે નિમિત્તનો પ્રશ્ન જ રહેતો નથી.

(૬) જ્ઞાન સામાન્ય તરફ ઢળી ગયું કે તરત જ સંસાર છૂટી ગયો. સંસાર છૂટવાનું કારણ દ્રવ્ય પોતે જ છે. જ્ઞાન થયા બાદ નિમિત્ત કહેવામાં આવે છે.

(૭) ધ્રુવ શક્તિ સાધ્ય છે, મોક્ષ સાધ્ય નથી. મોક્ષ પ્રગટ થાય છે. પ્રગટ-અપ્રગટ પર્યાયમાં થાય છે, ધ્રુવ નિત્ય પ્રગટ જ છે, પ્રગટ-અપ્રગટનો સવાલ વસ્તુમાં છે જ નહિ, વસ્તુ સાધ્ય, નિર્ણય (વ્યવહાર) સાધન.

(૮) ધ્રુવ લક્ષમાં આવવાથી નિર્મળ અવસ્થા સહજ પ્રગટે છે. પુરુષાર્થ કરવો પડતો નથી. પુરુષાર્થ સહજ થઈ જાય છે.

(૯) પર્યાયનો આશ્રય શું ! આશ્રય તો સ્વભાવનો જ ! ધ્રુવ અને મોક્ષ-બંનેને સાધ્ય માનતાં તો બે ભંગ પડી જાય. દર્શનનો વિષય ભંગ નથી.

(૧૦) સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન પ્રગટે તે નિશ્ચયથી આદરણીય નથી. સાધ્ય-સાધનનો ભેદ નિશ્ચયમાં છે જ નહિ. ભેદ ઉપર જોર જાય તો અભેદ ઉપર જોર આવતું નથી.

## ૫ દૃષ્ટિના નિધાન (સારભૂત)

પુરુષાર્થ કરવાની કળ અંદર સૂઝી જાય તો માર્ગ મળ્યે જ છૂટકો. કળ એટલે પોતાનો સ્વભાવ છે તેને ઓળખીને અંતરમાં પોતે પોતાને ગ્રહણ કરવું તે. પોતે જ પોતાને પકડી શકે, બીજો કોણ પકડાવે? અનેક જાતની વિભાવ પર્યાયો વચ્ચે રહેનારો આત્મા શાશ્વત છે, તેને સૂક્ષ્મ થઈને જો. શાસ્ત્રમાં આવે છે કે-પ્રજ્ઞા છીણી વડે પોતે પોતાને પરથી ને રાગાદિ વિભાવોથી જુદો પાડે. પોતે સૂક્ષ્મ દૃષ્ટિ કરે, પોતે પોતાને જુએ, ધીરે થઈ પોતે પોતાની પરિણતિને પોતા તરફ દોડાવે. એવું કોઈ જ્ઞાન ને વિરકતિ પ્રગટ થાય કે જેથી પોતે પોતાને ગ્રહણ કરે. કળ પોતે જ પોતાને અંદરથી સૂઝાડી શકે એમ છે. સત્ પુરુષોએ જે માર્ગ બતાવ્યો છે તે માર્ગે ચાલવાથી અંદર જ્ઞાન અને આનંદ વગેરે બધું પ્રગટ થાય છે.

# ૩ "પરમાત્મા પ્રકાશ"

## (દ્રષ્ટિનો વિષય)

### ૧ ગાથા ૪૩

भावभावहिं संजुवउ भावाभावहिं जो जि ।
देहि जि दिट्ठउ जिणवरिहिं मुणि परमप्पउ सो जि ॥४३॥

હવે જે પર્યાયાર્થિકનયથી ઉત્પાદ વ્યયથી સંયુક્ત હોવા છતાં પણ દ્રવ્યાર્થિકનયથી ઉત્પાદ વ્યયથી રહિત છે તે જ પરમાત્માને જિનવરે નિર્વિકલ્પ સમાધિના બલથી દેહમાં પણ દેખ્યો છે એમ કહે છે.

**અન્વયાર્થ :** જે ભાવાભાવથી સંયુક્ત છે, ભાવાભાવથી રહિત છે અને જેને જિનવરે દેહમાં પણ દેખ્યો છે તે પરમાત્માને જ તું પરમાત્મા જાણ.

**ભાવાર્થ :** જે પર્યાયાર્થિકનયથી ઉત્પાદવ્યયરૂપે (ભાવાભાવરૂપે) પરિણત છે (પરિણમેલો છે), દ્રવ્યાર્થિકનયથી ભાવાભાવથી (ઉત્પાદવ્યયથી) રહિત છે અને તે જ ભવે મોક્ષની સાધક એવી આરાધનમાં સમર્થ એવી એક (કેવલ) વીતરાગ નિર્વિકલ્પ આનંદરૂપ સમાધિ વડે જિનવરે દેહમાં પણ જેને દેખ્યો છે તે પરમાત્માને જ તું જાણ અર્થાત્ વીતરાગ પરમ સમાધિના બલથી અનુભવ.

**વિશેષ પ્રવચન :** જો કે પર્યાયાર્થિક નયથી, ભગવાન આત્માકારણ શુદ્ધ ધ્રુવ પ્રભુને-અવસ્થાનું ઉત્પાદ-વ્યય થવું, અર્થાત્ પૂર્વ અવસ્થાનો અભાવ તે વ્યય અને નવી અવસ્થાનું થવું તે ઉત્પાદ છે. તો પણ પર્યાયનું પરિણમન દ્રવ્યમાં નથી. પરથી તો ભિન્ન જ છે, પણ પર્યાય પણ વસ્તુમાં નથી. વસ્તુમાં કર્મ નથી, શરીર નથી, પુણ્ય-પાપનો ભાવ નથી, ઉત્પાદ-વ્યયરૂપ પર્યાય વસ્તુમાં નથી.

સુવર્ણના આભૂષણમાં, સુવર્ણમાંથી કડાની અવસ્થા થઈ પછી કુંડળાદિ થયાં; છતાં સુવર્ણ ઉત્પાદ-વ્યય રહિત છે, એવી રીતે આત્મદ્રવ્યમાં પરિણમન નથી-તે કહે છે.

આત્મા એકલો ધ્રુવ પિંડ છે, તેમાં રાગ, વિકલ્પ, ઉત્પાદ-વ્યય નથી; તેથી તે બધા ઉપરનું લક્ષ છોડી દે. વસ્તુ ઉત્પાદ-વ્યયના પરિણમન વિનાની છે. પર્યાયાર્થિક નયથી ઉત્પાદ-વ્યય સહિત છે. તોપણ દ્રવ્યાર્થિકનયથી ઉત્પાદ-વ્યય રહિત છે. વસ્તુ અનાદિ-અનંત છે, છે અને છે. તેમાં અવસ્થાનું થવું અને નાશ થવો-તે અંતરમાં નથી, ધ્રુવમાં નથી. આ કોના ઘરની વાત છે? આ આત્મદ્રવ્ય છે, ચિદ્ઘન છે, ધ્રુવ છે, પ્રત્યક્ષ છે, નિત્ય છે,

એકરૂપ છે, જેને ભાવ-અભાવ નથી. ભાવ અર્થાત્ પર્યાયનું ઉત્પન્ન થવું અને અભાવ અર્થાત્ પર્યાયનો વ્યય થવો-તે વસ્તુની અંદર નથી.

જુઓ, વસ્તુ સ્વભાવની અચિંત્યતા,, અપરિમિતતા, બેહદતા ! સ્વભાવનું સામર્થ્ય પૂર્ણ ધ્રુવ છે. ધ્રુવ વસ્તુમાં પર્યાયના ઉત્પાદ-વ્યયરૂપ પરિણમન નથી. દ્રવ્ય સદા ધ્રુવ, સદા નિત્ય છે. આમ અંતર ધ્રુવ ભગવાન આત્મામાં વીતરાગી શાંતિ દ્વારા-નિર્વિકલ્પ શાંતિ દ્વારા તેના બળ દ્વારા જુઓ, રાગના બળ દ્વારા નહિ, નિમિત્તના બળ દ્વારા નહિ, શરીરના બળ દ્વારા નહિ, શરીરના સંહનનનું બળ હતું તેથી થયું એમ પણ નથી. તેં પરમાત્માને, નિજ સ્વરૂપ-ધ્રુવ-ચિદ્‌ઘનને-નિર્વિકલ્પ શાંતિ દ્વારા,-અંદરમાં વીતરાગી શાંત સમાધિ દ્વારા, તેના બળથી શ્રી તીર્થંકર દેવે એવા ધ્રુવ સ્વરૂપને, આ ભગવાન આવા છે-એમ અંતરમાં જોઈ લીધું છે, અહા... હા ! આ પરમાત્મા પ્રકાશ છે ને ? આત્મા દેહમાં રહ્યો છે. તે અસદ્‌ભૂત ઉપચરિત વ્યવહાર. અસદ્‌ભૂત પર્યાય તે વ્યવહાર. દ્રવ્યાર્થિકનય તે નિશ્ચય. આમાં પર્યાય છે તે વ્યવહાર. વ્યવહાર છે જ નહિ-એમ કોણ કહે છે? એવી રીતે રાગાદિ છે જ નહિ, એમ કોણે કહ્યું? પણ આ વ્યવહાર અને રાગના આશ્રયે નિશ્ચય છે, એમ નથી. પર્યાય-વ્યવહારના આશ્રયે દ્રવ્ય છે, એમ નથી.

આ અનાદિ અનંત પદાર્થ છે કે નહિ ? અંદરમાં પુણ્ય અને પાપ આવ્યાં અને ગયાં. ભગવાન આત્મા અનાદિ-અનંત ધ્રુવ પદાર્થ છે તેની વર્તમાન દશામાં ઉત્પાદ-વ્યયનું થવું તે વ્યવહાર છે. તેથી એક ન્યાયે તેને અભૂતાર્થ કહેલ છે. આશ્રય લેનાર તો પર્યાય છે તે વ્યવહાર છે, છતાં વ્યવહારથી નિશ્ચય પ્રાપ્ત થાય છે-એમ નથી.

**પ્રશ્ન :** નિશ્ચયનો આશ્રય તો વ્યવહારે (પર્યાયે) કર્યો ને?

**ઉત્તર :** પર્યાયે આશ્રય કર્યો, તો કોનો કર્યો? દ્રવ્યનો કર્યો. પર્યાયે વિષય કર્યો છે અર્થાત્ ભૂતાર્થ દ્રવ્ય એનો વિષય છે. પર્યાયના આશ્રયે ભૂતાર્થ વિષય નથી થતો. આ સૂક્ષ્મ વાત છે.

આત્મા ધ્રુવ, અપરિણામી-વસ્તુ એકલી ધ્રુવ છે, અપરિણામી છે. દ્રવ્ય અપરિણામી છે, પર્યાય પરિણમે છે; દ્રવ્ય-વસ્તુને પરિણમન કેવું?

જો કે વસ્તુ ઉત્પાદ અને વ્યય સહિત છે. **'परिणत'** શબ્દ સંસ્કૃતમાં પડ્યો છે. ભાઈ ! આ તો બાદશાહનું ઘર છે ! સામાન્ય બાદશાહને ત્યાં પણ ઠીક થઈને જવાનું હોય છે, તો પછી આ તો પરમાત્મા પોતે, ત્રણ લોકનો નાથ છે, એકલો ધ્રુવ છે, પર્યાયમાં ભલે પરિણમન હોય, પણ ધ્રુવમાં પર્યાય નથી.

આ પરમાત્મા પ્રકાશ છે, એક સમયની પર્યાય પરમાત્મા નથી, અહીં તો દ્રવ્ય પરમાત્મા છે, એ ભાવ-અભાવથી રહિત છે. ઉત્પાદ-વ્યય સહિત છે, તો પણ દ્રવ્યાર્થિકનયથી

ઉત્પાદ-વ્યય રહિત છે, એકલો વીર્યનો પિંડ પ્રભુ છે. આત્મા એકલો ચૈતન્ય દળરૂપ છે, તેનાથી અનંત કેવળજ્ઞાન ચાલ્યું આવે છે. આત્મા એકલો ધ્રુવ છે, પરિણમન રહિત છે.

દ્રવ્યાર્થિકનયનું પ્રયોજન એકલા ધ્રુવને જાણવાનું છે. જે જ્ઞાનનો પર્યાય ધ્રુવને જાણવા ચાહે છે એ ધ્રુવમાં પરિણમન નથી. આ આત્મા અનંત ગુણનો પિંડ પડ્યો છે. નિર્મળ પર્યાય, ક્ષાયિક સમ્યક્ત્વની પર્યાય, યથાખ્યાત ચારિત્રની પર્યાય પણ વસ્તુમાં ક્યાં છે? સંસાર પર્યાયનો વ્યય અને કેવળ પર્યાયનો ઉત્પાદ-બંને ધ્રુવમાં નથી. આ અનાદિ-અનંત ધ્રુવ વસ્તુને જિનવર દેહમાં રહેવા છતાં પણ જાણી લીધી છે-દેખી લીધી છે. સંપૂર્ણ દ્રવ્યને એક સમયમાં જોઈ લીધું છે, એમ કહે છે.

આ દ્રવ્યની દૃષ્ટિ થઈ કે દ્રવ્ય સિદ્ધ-અવસ્થારૂપ, કેવળજ્ઞાનરૂપ પરિણમે છે. સિદ્ધ-સ્વરૂપનો પિંડ જ આત્મા છે. પર્યાયમાં સિદ્ધ થાય છે. વસ્તુપણે સિદ્ધ-સ્વરૂપ જ આત્મા છે. દ્રવ્ય તો ધ્રુવ અનાદિ-અનંત સિદ્ધ છે, પરમાત્મા સ્વરૂપ છે. તેમાં અનંત પરમાત્મા બિરાજે છે. વસ્તુ પૂરી વીતરાગ પિંડ છે. તેને ભગવાન પરમાત્મા અરિહંત તીર્થંકરદેવે જોઈ લીધેલ છે. વસ્તુ ઉત્પાદ-વ્યય રહિત છે. જાણનારી ભલે પર્યાય છે. પણ જાણેલી વસ્તુ ધ્રુવ છે. તેને વીતરાગ, નિર્વિકલ્પ, આનંદરૂપ સમાધિદ્વારા તદ્ભવ મોક્ષના સાધક એવા જિનવર દેવે દેહમાં પણ જાણી લીધી છે. એમ નથી કે મોક્ષ થશે ત્યારે જાણશે. અહીં ને અહીં જાણી લીધું છે કે આ ધ્રુવ છે.

ભાઈ ! જેમાં પરિણામ નથી. આહાહા !... ગજબ વાત છે. દ્રવ્ય પરમાત્મા એવા ને એવા ત્રિકાળ છે, એવો વીતરાગ સામધિના બળથી અનુભવ કર-એમ શિષ્યને પણ ભગવાન કહે છે.

## (૨) ગાથા ૬૫

હવે નિશ્ચયનયથી બંધ-મોક્ષ કર્મ કરે છે-એમ કહે છે :-

**बंधु वि मोक्खु वि सयलु जिय जीवहं कम्मु जणेइ ।**

**अप्पा किंपि वि कुणइ णवि णिच्छउ एउं भणेई ॥६६॥**

**અન્વયાર્થ :** હે જીવ ! જીવોને બંધ અને મોક્ષ બધુંય કર્મ કરે છે. આત્મા બંધમોક્ષ સ્વરૂપને કાંઈ પણ કરતો નથી, એ પ્રમાણે નિશ્ચયનય કહે છે.

**ભાવાર્થ :** અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી દ્રવ્યબંધ તેમ જ અશુદ્ધ નિશ્ચયનયથી ભાવબંધ તથા બંને નયોથી દ્રવ્યભાવરૂપ મોક્ષને પણ જો કે જીવ કરે છે તો પણ શુદ્ધ પારિણામિક પરમભાવગ્રાહક શુદ્ધ નિશ્ચયનયથી કરતો જ નથી એમ નિશ્ચયનય કહે છે.

**અહીં જે શુદ્ધ નિશ્ચયનયથી બંધ-મોક્ષને કરતો નથી તે જ શુદ્ધ આત્મા ઉપાદેય છે એવો ભાવાર્થ છે.**

**વિશેષ પ્રવચન :** ભગવાન તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે આત્મા ધ્રુવ ચૈતન્ય આનંદકંદ જ્ઞાયકમૂર્તિ અનંતગુણનો ધ્રુવ સ્વભાવ છે. આત્મા આદિ-અંત વિનાનું અકૃત્રિમ સામાન્ય ધ્રુવ તત્ત્વ છે. તેવા આત્માની જીવે અનંતકાળમાં દૃષ્ટિ કરી નથી.

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકર દેવ, જેણે એક સમયમાં સૂક્ષ્મકાળમાં ત્રણકાળ-ત્રણલોક પ્રત્યક્ષ જોયા અને જાણ્યા-એ ભગવાનની વાણીમાં એમ આવ્યું કે ભાઈ, નિશ્ચયથી અર્થાત્ સત્યદૃષ્ટિથી જોવામાં આવે તો ભગવાન આત્મા સત્-શાશ્વત-ધ્રુવ પદાર્થ છે, તેમાં બેહદ, જ્ઞાન, દર્શન, આનંદ એવી શક્તિઓ ભરેલી છે, પરને ગ્રહે કે છોડે તે વસ્તુમાં નથી.

ભગવાન શું કહે છે, તે જીવે કદી વાસ્તવિકપણે સાંભળ્યું નથી. આત્મ-વસ્તુ સ્વયં અનંત આનંદરૂપ છે. નવ તત્ત્વમાં આત્મા છે તે ધ્રુવ જ્ઞાયક આનંદકંદ સત્ ચિદાનંદ-સ્વરૂપ છે. જેવું પર્યાયમાં ભગવાનનું (સ્વરૂપ) છે-એવું આ આત્મવસ્તુનું સ્વરૂપ છે. વસ્તુ પોતે પરને બાંધે કે છોડે તે વસ્તુસ્વરૂપમાં નથી. જ્ઞાયકમૂર્તિ, સત્ચિદ્, અનાદિઅનંત, અકૃત્રિમ સત્ત્વરૂપ આત્મવસ્તુ એક સમયની અવસ્થામાં આવતી નથી. અંતર સન્મુખની દૃષ્ટિ વિના, પરસન્મુખની દૃષ્ટિથી, એક અંશના લક્ષ્યથી ઉત્પન્ન થયેલ મિથ્યાભાવ અને રાગ-દ્વેષ ભાવ તેને કર્મ કહેવામાં આવે છે. આ ભાવકર્મ છે, અને તેના નિમિત્તે બંધાયેલ જડ જ્ઞાનાવરણાદિ આઠ કર્મ એ જડ કર્મ છે. વસ્તુ પોતે પરમસ્વરૂપ પરમાત્મા સ્વયં છે. ભાઈ! જો **તું પરમાત્મા પૂર્ણ પરમાત્મા પૂર્ણ ન** હો તો પર્યાયમાં પરમાત્મા ક્યાંથી થશે? લીંડી-પીપરના પ્રત્યેક દાણામાં પૂર્ણ તીખાશ ભરી ન હોય તો ઘસવાથી બહાર આવશે ક્યાંથી? શું તીખાશ બહારથી આવે છે?-ના, અંદર શક્તિરૂપ પડી છે તે પ્રગટ થાય છે. એવી રીતે ભગવાન આત્મા અરિહંત અને સિદ્ધની અવસ્થારૂપ, કેવળજ્ઞાન-કેવળદર્શન-પૂર્ણ આનંદરૂપ પરમાત્મા પર્યાયમાં થાય છે, તે પર્યાય ક્યાંથી થાય છે? શું બહારથી આવે છે ? ના. પોતે જાતે પરમાત્મા અનંતગુણની ખાણ છે, એની અંતરદૃષ્ટિ ન કરતાં, અનાદિથી બાહ્યદૃષ્ટિ દ્વારા, વર્તમાન અંશને, રાગને, વિકલ્પને, ઈન્દ્રિયને લક્ષમાં લઈને વર્તમાન પર્યાયમાં વિકાર ઉત્પન્ન કરે છે. તે કર્મ-સહિત ચાર ગતિમાં ભ્રમણ કરે છે. બંધ પામે છે, અને કર્મના અભાવથી મુક્ત થાય છે. આવી રીતે કર્મના સદ્ભાવથી બંધન અને કર્મના અભાવથી મુક્તિ, છતાં આત્મવસ્તુ તો ત્રિકાળ નિર્વિકલ્પ એક સ્વરૂપ છે. ભગવાન સર્વજ્ઞ તીર્થંકરદેવે કહ્યો એવો આત્મા એક સેંકડ પણ અનંતકાળમાં દૃષ્ટિમાં લીધો નથી અને બધું વિપરીત જ્ઞાન કરીને હેરાન થયો છે, એમ ભગવાન સર્વજ્ઞદેવ કહે છે.

**સાર : ચાર ગતિનું બંધન અને બંધનનો અભાવ-આ બંને વસ્તુના સ્વરૂપમાં નથી. વર્તમાન પર્યાય નવી ઉત્પન્ન થાય છે અને વ્યય થાય છે.**

**ભાવાર્થ :** અનાદિ કાળથી કર્મ અને આત્માનો સંબંધ છે. કર્મ સૂક્ષ્મ રજકણ જડ છે, આત્મા અરૂપી, ચૈતન્ય, આનંદકંદ છે. તેની સમીપે (એકક્ષેત્રાવગાહે) આઠ કર્મ જ્ઞાનાવરણાદિ સૂક્ષ્મ ધૂળ રૂપ છે. તેનો સંબંધ અયથાર્થ સ્વરૂપે અર્થાત્ જૂઠા નયથી અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી છે.

આ અંતરની વાતો જીવે સાંભળી નથી. અનંત-વાર નવમી ગ્રૈવેયક ગયો, પણ વાસ્તવિક તત્ત્વ-ચૈતન્યભગવાનનું સમ્યગ્જ્ઞાન જીવે એક સેકંડ માત્ર પણ કર્યું નથી-એમ સર્વજ્ઞ ભગવાન કહે છે.

આત્મજ્ઞાન વિના બધું કર્યું. ક્રિયા-કાંડ, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, આદિ ઘણા શુભભાવ કર્યા, સ્વર્ગમાં પણ ગયો, પરંતુ તેનાથી જન્મ-મરણનો અંત આવ્યો નહિ. ધૂળનો દેવ થયો, ધૂળનો રાજા થયો, ધૂળનો (પૈસાદાર) શેઠ થયો, પરંતુ ભગવાન આત્માનાં શ્રદ્ધા અને જ્ઞાન જીવે અનંતકાળમાં કર્યાં નહિ. ભગવાન આત્માને અનાદિથી અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી આઠ કર્મનો સંબંધ છે. ધર્મના નામે હા-હો-અને ધમાલ થાય છે. કેટલાક માણસો તો વ્યાપાર-ધંધામાંથી નિવૃત્તિ મેળવતા નથી અને કેટલાક ધર્મના નામે બાહ્ય ક્રિયાકાંડમાં સંતુષ્ઠ છે. વસ્તુ શું છે? આત્માનું સ્વરૂપ શું છે? તેને કેવો કેવો સંબંધ છે, ક્યા સંબંધથી પરિભ્રમણ છે? કાંઈ ખબર નથી.

અહીં તો કહે છે ભગવાન આત્માનું અંતર સ્વરૂપ બેહદ જ્ઞાન અને આનંદ છે. તેને અનાદિથી જડ કર્મનો સંબંધ જૂઠા નયથી છે. વાસ્તવિક સંબંધ ન હોવાથી જૂઠા નયથી સંબંધ કહ્યો. સમીપ છે તેથી સંબંધ, અને નિમિત્ત છે તેથી વ્યવહાર કહ્યો. જડ કર્મનો બંધ અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી છે એમ કહેવામાં આવે છે. આ ચૈતન્ય અને તે જડ બંનેનો સંબંધ જૂઠા નયથી છે. કુટુંબ-પરિવારનો તો આત્મા સાથે સંબંધ છે જ નહિ.

બીજી વાત-ભગવાન-પરમાત્માસ્વરૂપ સ્વયં, અખંડ, જ્ઞાયકભાવ તત્ત્વ-તેને પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત, કામ-ભોગાદિના ભાવ છે, તે અશુદ્ધ નિશ્ચયનયથી છે, અર્થાત્ વર્તમાન અંશમાં છે. રજકણ દૂર છે-તે તો તેની જાતિમાં અને અંશમાં નથી.

વસ્તુ જે ધ્રુવ ત્રિકાળ છે તેમાં તો કર્મ નથી પણ એક સમયની અવસ્થામાં ય કર્મ નથી. અખંડ જ્ઞાયકમૂર્તિ, ચિદાનંદ એવા ભગવાન આત્માને વર્તમાન અવસ્થામાં વિકારનો સંબંધ છે. કર્મ તો દશામાં ન હતા તેથી જૂઠા નયથી સંબંધ કહ્યો હતો. અહીં તો વર્તમાન દશામાં સંબંધ છે, દશામાં હોવાથી નિશ્ચય છે પણ અશુદ્ધ છે. પુણ્ય-પાપ, કામ, ક્રોધ, દયા,

દાનાદિ વિકલ્પ જે ઊઠે છે તે વિકાર છે, તે એક અંશમાં છે, તેથી નિશ્ચય કહ્યો અને અશુદ્ધ હોવાથી અશુદ્ધ નિશ્ચયથી સંબંધ છે એમ કહ્યું.

**રાગાદિ ભાવકર્મ અર્થાત્ પુણ્ય અને પાપનો જે વિકલ્પ ઊઠે છે, શુભ-અશુભ ભાવ ઊઠે છે, તે મલિન હોવાથી ભાવકર્મ કહેવાય છે. તે પર્યાયનો ભાવ છે, દ્રવ્યનો નહિ. દ્રવ્ય પર્યાય વિનાનું છે, દ્રવ્યમાં પર્યાય ક્યાં છે? દ્રવ્ય તો દ્રવ્ય જ છે.**

ભગવાન આત્મા અનાદિ અનંત, અકૃત્રિમ વસ્તુ સત્ છે, અનંતકાળનું એક જ સત્ત્વ છે. તે વસ્તુ બેહદ જ્ઞાન, દર્શન, આનંદથી ભરેલી છે. તેની વર્તમાન એક સમયની અવસ્થામાં પરનો સંબંધ કહેવો, તે અસદ્ભૂત અર્થાત્ જુઠા નયથી છે. અખંડ પૂર્ણ દ્રવ્ય હોવા છતાં પણ, તેના એક અંશમાં, પુણ્ય-પાપ અને રાગ-દ્વેષ અને આ પુણ્ય તથા પુણ્યના ફળ ઠીક છે-એવો જે મિથ્યાદૃષ્ટિનો મિથ્યાત્ત્વભાવ તે પર્યાયના એક અંશમાં છે; તેથી તેને નિશ્ચય કહ્યો અને મલિન હોવાથી અશુદ્ધ કહ્યો. ભગવાન આત્મા ! એક સેકંડના અસંખ્યાત ભાગમાં પૂર્ણ ધ્રુવ, આનંદકંદ, દ્રવ્ય-વસ્તુ છે; રાગ અને વિકલ્પમાં પ્રેમ કરીને તેનો અનાદાર કર્યો. હે જીવ ! તેમાં તારા જીવનો ઘાત થાય છે.

પરમ આનંદમૂર્તિ ભગવાન વસ્તુ, જેની ખાણમાં અનંત પરમાત્મા પડ્યા છે. સિદ્ધની સમય સમયની અવસ્થા થાય છે, એવા અનંત પરમાત્મા આત્મદ્રવ્યમાં પડ્યા છે. આવું જે આત્મદ્રવ્ય તેનો આદર છોડીને એક સમયના અંશનો આદર કર્યો તેથી મિથ્યાભાવ થયો અને તેથી જ રાગ-દ્વેષ થયા તે અશુદ્ધ નિશ્ચયનયથી થયા છે, શુદ્ધ નિશ્ચય સ્વભાવમાં તે નથી.

ભગવાન ! તારી વાત ભગવાન કહે છે. હેપ્રભુ ! તું પૂર્ણ સ્વરૂપ વસ્તુ છે, એનો તેં આદર કર્યો નથી. એક સમયની પર્યાયને લક્ષમાં લઈને મિથ્યાભ્રમ અને રાગ-દ્વેષ ઉત્પન્ન કર્યા છે, તે એક સમયની પર્યાયમાં ઉત્પન્ન થયેલો વિકાર છે. આ વિકાર અને તારો સંબંધ અશુદ્ધ નિશ્ચયનયથી છે. ભાઈ, તું કોણ છે? તારી ભૂલ કેટલી? કેટલા સમયની? એનો વિચાર તે કદી કર્યો નથી.

અહીં કહે છે કે ભગવાન ! વાસ્તવમાં તારું સ્વરૂપ, અશુદ્ધ નિશ્ચયથી ઉત્પન્ન થયેલ વિકાર અને કર્મના સંબંધ વિનાનું, ત્રિકાળી, પૂર્ણ એકરૂપ છે. એક સમયમાં ભગવાન પૂર્ણાનંદ વસ્તુ છે અને અશુદ્ધતા છે તે આત્માની અવસ્થામાં છે. ત્રિકાળીની સાથે અશુદ્ધ નિશ્ચયનયથી તેનો સંબંધ કહેવામાં આવે છે.

સંયોગ બધા ક્યાં રહ્યા ? તેની સાથે સંબંધ કેવો ? સ્ત્રી, દુકાન, ઝવેરાત, મકાન આદિ સાથેનો સંબંધ અસદ્ભૂત જૂઠા નયથી, વ્યવહારથી, નિમિત્તરૂપ હોવાથી, ઉપચારથી છે-દૂર

છે તેથી કર્મના રજકણ નજદીક છે-એક ક્ષેત્રાવગાહ છે, તેથી તેને અનુપચાર કહ્યાં, છતાં પણ તે અસદ્‌ભૂત છે, કેમ કે જીવની પર્યાયમાં નથી-ભિન્ન છે. તે એક ક્ષેત્રમાં ભિન્ન છે. સંયોગો ભિન્ન ક્ષેત્રમાં ભિન્ન છે, તેથી અસદ્‌ભૂત ઉપચાર છે. વાસ્તવમાં એની સાથે સંબંધ નથી. શરીરને આત્મા થોડું રાખી શકે છે? શરીરની અવસ્થા રાગ અને વિકલ્પને આધીન ત્રણ કાળમાં નથી. અજીવતત્ત્વની અવસ્થા જો જીવતત્ત્વ કરે તો અજીવની સ્વતંત્રતા રહેતી નથી. ભગવાન કારણ તત્ત્વમાં આ ધૂળ નથી. આ ભિન્ન તત્ત્વ છે.

**જડ કર્મથી મુક્તિ પણ અસદ્‌ભૂત વ્યવહારથી છે. પુણ્ય-પાપના ભાવનો સંબંધ પણ અશુદ્ધ નિશ્ચયથી હતો. એ બંને છૂટી ગયા. આ સૂક્ષ્મ વાત છે.**

ભગવાન આત્મા વસ્તુ, અનાદિ અનંત ધ્રુવ તત્ત્વ, તેની પર્યાયમાં આવા બે પ્રકાર કહ્યાં. અવસ્થામાં મલિન ભાવ, તે અશુદ્ધ નિશ્ચયનયથી સંબંધ કહ્યો. અને રજકણનો સંબંધ એકક્ષેત્રાવગાહ હોવાથી અસદ્‌ભૂત અનુપચાર કહ્યો. બે નયથી બંધ અને મુક્તિ કહી. જો કે મુક્તિ આત્માના આશ્રયપૂર્વક છે તોપણ વ્યવહારથી કહેવામાં આવે છે. નિશ્ચય શુદ્ધ પરમાત્માને બંધનું હોવું અને બંધનો અભાવ થવો તે દ્રવ્યમાં નથી. **તેને અહીં શુદ્ધ કહે છે.** નિશ્ચય સ્વરૂપ ભગવાન આત્મદ્રવ્યમાં બંધ અને મુક્તિ નથી. ભાઈ ! વસ્તુ જે છે તે ત્રિકાળી તત્ત્વ છે, તેમાં બંધ હોય તો વસ્તુનો અભાવ થઈ જાય અને તેની મુક્તિનો અર્થ શો? વસ્તુમાં બંધ અને મુક્તિ છે જ નહિ. અહીં તો ઉપચારથી કહીને બંધ અને મુક્તિ-બંનેને વ્યવહારમાં નાખ્યાં છે.

ભાઈ ! તારો પદાર્થ ભગવાન જેવડો મહાન છે, ભગવાનના આત્મામાં અને આ આત્મામાં વસ્તુપણે કાંઈ તફાવત નથી. પર્યાય અર્થાત વ્યવહારથી તફાવત છે. વસ્તુમાં તફાવત નથી.

ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય છે. એકલા ચૈતન્યના પ્રકાશનો પિંડ પ્રભુ આત્મા છે. એનું અભાન હોવાથી એક સમયની અવસ્થામાં ઉત્પન્ન કરેલો વિકાર-વિકલ્પ-મિથ્યાત્ત્વભાવ, પરલક્ષીભાવ, જેના નિમિત્તે જડકર્મ બંધાયું. આ બંને અશુદ્ધ વ્યવહારનયથી છે; શુદ્ધ નિશ્ચયથી વસ્તુના સ્વરૂપમય વસ્તુ છે.

ભગવાન આત્મા વસ્તુ.... અનાદિ અનંત ધ્રુવ, અનંત ગુણનો પિંડ, તેનો આશ્રય કરતાં જે (નિર્મળ) પર્યાય પ્રગટ થઈ, તે પર્યાય વ્યવહારનયનો વિષય છે. અંતરમાં પૂર્ણ એકાગ્ર થતાં કેવળજ્ઞાન પ્રગટ થયું. સિદ્ધપણું થયું-એ બધો પણ વ્યવહારનયનો વિષય છે. વ્યવહાર અર્થાત્ ત્રિકાળી દ્રવ્યનો એક અંશ છે. શુદ્ધ દશા પણ એક અંશ છે, ત્રિકાળી સ્વરૂપ નથી. સંસાર પણ પર્યાય છે અને મોક્ષ પણ નિર્વિકારી પૂર્ણ દશા છે. **વસ્તુ તો અનાદિ-અનંત ધ્રુવ છે.**

વસ્તુ શુદ્ધ પારિણામિક સ્વભાવી છે, જે કદી પરિણમતિ નથી, ઉત્પાદ-વ્યયમાં આવતી નથી. આત્મામાં નવી અવસ્થા ઉત્પન્ન થાય છે; પુરાણી અવસ્થાનો નાશ થાય છે તે પર્યાયનું કાર્ય છે. વસ્તુ ધ્રુવ છે તે તો જેવી ને તેવી છે. અવિનશ્વર શક્તિમાન સ્વતત્ત્વ છે, તે શુદ્ધ પારિણામિક છે અર્થાત્ પરમ સત્યસ્વરૂપ-એકરૂપ-પરમભાવ છે, વિકાર-પર્યાય-એક સમયનો ભાવ અપરમ-ભાવ છે, તેને, જે ત્રિકાળી વસ્તુ છે, તે શુદ્ધ પરમભાવના ગ્રહણ કરનાર નિશ્ચયનયથી કરતી નથી. ભગવાન શુદ્ધ પારિણામિક વસ્તુ સ્વયં ન તો બંધ કરે છે, ન તો બંધનો અભાવ કરે છે. કેવળજ્ઞાન પણ એક સમયની દશા છે, કેવળજ્ઞાન પણ ત્રિકાળી વસ્તુ નથી. ત્રિકાળીને જાણવા છતાં પણ કેવળજ્ઞાન એક સમયની દશા છે, સિદ્ધપણ એક સમયની દશા છે.

એક સમયની હાલત છે, તે સંસારની હોય કે સંસારના અભાવની હોય. વસ્તુસ્વરૂપ પરમ પારિણામિક સત.. સત... સત... અનાદિ અનંત એવો આત્મા, એક નયથી વિકારને કરતો પણ નથી, વિકારને ટાળતો પણ નથી. બંધ અને મોક્ષથી રહિત ભગવાન વસ્તુસ્વરૂપ છે.

ત્રણકાળના ભગવંતો આ જ ફરમાવે છે કે વસ્તુ જે એકરૂપ, પરમસ્વરૂપ, ત્રિકાળ આનંદકંદ, જ્ઞાયક દ્રવ્ય એવો શુદ્ધાત્મા તે જ આરાધવા યોગ્ય છે. આરાધન કરનારી તો પર્યાય છે.

અનંતગુણનો પિંડ, એકરૂપ ધ્રુવ વસ્તુ, જેમાં બંધ-મોક્ષની પર્યાય નથી. એવો આત્મા શ્રદ્ધાન કરવા યોગ્ય છે અર્થાત્ એની દૃષ્ટિ અને અનુભવ કરવા યોગ્ય છે. **એ દૃષ્ટિનો વિષય છે.**

આવું અખંડ આનંદ દ્રવ્ય, ચૈતન્યમૂર્તિ તેની અંદર ટગીટગી લગાવીને એકાગ્રતા કરવી યોગ્ય છે. આવી એકાગ્રતાનું નામ ધર્મ છે અર્થાત્ મોક્ષમાર્ગ છે.

ભાઈ ! સાંભળ તો ખરો તારી રિધ્ધિની વાત !! તું કેવો છે ? અને કેવડો છે ? સાંભળ્યા વિના કેવી રીતે સમજાય ? અને સમજ્યા વિના ધર્મ ક્યાંથી થાય? બજારમાં માલ લેવા જાય છે તોપણ આ ચીજ લેવી છે એમ નિશ્ચય કરે છે-નહિ તો કામ કેવી રીતે થાય? એવી રીતે આ આત્મા કેવો છે? એને દેખવો છે, ગ્રહવો છે, સમજવો છે. નહિ તો ધર્મ ક્યાંથી થશે? ધર્મ કરવો છે પણ થશે કેવી રીતે? એની ખબર નથી.

અહીં તો કહે છે કે ધર્મ સીધો આત્માથી થાય છે. શુદ્ધ વસ્તુ, અખંડ આનંદ પ્રભુ આત્મા, એની અંતર શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ કરતાં ધર્મ આત્મામાંથી આવે છે. બીજે ક્યાંથી ધર્મ આવી શકે એમ નથી. આ આત્માના અનુભવની વાત છે-પ્રથમાં પ્રથમ ધર્મની વાત છે. સુખ કેમ પ્રગટ થાય **એવા દૃષ્ટિના વિષયની વાત છે.**

## ૩ ગાથા ૬૮

હવે શુદ્ધ નિશ્ચયનયથી આત્મા જન્મ, મરણ, બંધ અને મોક્ષને કરતો નથી એમ કહે છે :-

ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ ।
जिउ परमत्थे जोइया जिणवरु एउँ भळेइ ॥६८॥

**અન્વયાર્થ :** હે યોગી ! પરમાર્થથી જીવ ઉત્પન્ન થતો નથી, મરતો નથી, બંધ અને મોક્ષને કરતો નથી. એમ જિનેન્દ્રદેવ કહે છે.

**ભાવાર્થ :** જો કે આત્મા શુદ્ધ આત્માની અનુભૂતિનો અભાવ હોતાં, શુભાશુભ ઉપયોગરૂપે પરિણમીને જન્મ, મરણ અને શુભ-અશુભ બંધને કરે છે, અને શુદ્ધ આત્માની અનુભૂતિના સદ્‌ભાવમાં શુદ્ધ ઉપયોગરૂપે પરિણમીને મોક્ષ પણ કરે છે તોપણ શુદ્ધ પારિણામિક પરમભાવગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જન્મમરણ અને બંધ મોક્ષને કરતો નથી.

અહીં શિષ્ય પ્રશ્ન પૂછે છે : જો શુદ્ધ દ્રવ્યાર્થિકનયરૂપ શુદ્ધ નિશ્ચયનયથી મોક્ષને કરતો નથી તો શુદ્ધનયથી મોક્ષ નથી, તો પછી તેને માટે અનુષ્ઠાન કરવું વૃથા છે?

**તેનો પરિહાર :** મોક્ષ ખરેખર બંધપૂર્વક છે અને શુદ્ધ નિશ્ચયનયથી તો તે બંધ પણ નથી તે કારણે બંધના પ્રતિપક્ષભૂત એવો મોક્ષ તે પણ શુદ્ધ નિશ્ચયનયથી નથી. વળી જો શુદ્ધ નિશ્ચયનયથી બંધ હોય તો સર્વદા બંધ જ રહે. આ વિષયના સમર્થનમાં દૃષ્ટાંત કહે છે : કોઈ એક પુરુષ સાંકળથી બંધાયો છે અને બીજો બંધ રહિત છે. જે બંધાયો છે તેને 'છૂટચો' એવો વ્યવહાર ઘટે છે. બીજા પુરુષને (જે પહેલેથી જ બંધાયો નથી તેને) તમે 'છૂટચા' એમ જો કહેવામાં આવે તો તે ક્રોધ કરે છે કારણ કે બંધ નહોતો તો પછી મોક્ષનું વચન કઈ રીતે ઘટે? તેવી રીતે શુદ્ધ નિશ્ચયનયથી જીવને પણ બંધના અભાવમાં 'મુક્ત' એવું વચન પણ ઘટતું નથી.

**'અહીં વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં રત સ્વશુદ્ધાત્મા મુક્ત જીવ સદૃશ ઉપાદેય છે.' એવો ભાવાર્થ છે.**

**વિશેષ પ્રવચન :** જો કે આ આત્મા શુદ્ધ પરમ પારિણામિક ભાવરૂપ વસ્તુ છે, તે ન બંધની કર્તા છે, ન મોક્ષ માર્ગની કર્તા છે, ન મોક્ષની કર્તા છે-આ સૂક્ષ્મ વાત છે. જે ધ્રુવ વસ્તુ છે, તે સંસારના ભાવને કરતી નથી, મોક્ષમાર્ગને કરતી નથી અને મોક્ષને પણ કરતી નથી.

અખંડાનંદ ધ્રુવ તત્ત્વ એવો આત્મા જન્મ-મરણ, બંધ-મોક્ષ આદિ અવસ્થા કરતો

નથી. વર્તમાન પર્યાયમાં શુદ્ધાત્માનુભૂતિનો અભાવ હોવાથી શુભ-અશુભ ઉપયોગને કરતો થકો, જીવન-મરણ, શુભ-અશુભ કર્મબંધ કરે છે. વસ્તુતો પર્યાયવિનાની ધ્રુવ છે. વસ્તુ જે છે નિશ્ચયતત્ત્વ તે નિશ્ચયનો વિષય અને તેની જે પર્યાય છે તે વ્યવહારનો વિષય છે. આત્મા જે નિશ્ચયતત્ત્વ છે તે એકરૂપ ધ્રુવ છે અને વ્યવહારતત્ત્વ છે તે પર્યાય છે. પર્યાયમાં જ્યાં સુધી વસ્તુનું લક્ષ, રુચિ, સ્થિરતારૂપ મોક્ષમાર્ગનો અભાવ છે ત્યાંસુધી શુભાશુભ ભાવને પર્યાય કરે છે આત્મા કરે છે તેનો અર્થ દ્રવ્ય નહિ, પર્યાય કરે છે. ચૈતન્ય ભગવાન જ્ઞાયક સ્વરૂપ જે દ્રવ્ય છે, તે તો પર્યાય વિનાનું, ઉત્પાદ-વ્યય વિનાનું છે. ઉત્પાદ-વ્યય જે છે તે વ્યવહારનયનો વિષય છે, નિશ્ચયનો વિષય ત્રિકાળ ધ્રુવ છે. જ્ઞાયકમૂર્તિના શ્રદ્ધાન, જ્ઞાન, રમણતારૂપ મોક્ષનો માર્ગ, એવી જે શુદ્ધ પર્યાય, તેના અભાવમાં પર્યાય માં જીવ શુભાશુભ ભાવ કરે છે અને શુભાશુભ ભાવના કારણે જન્મ-મરણ કરે છે. શુદ્ધાત્માનુભૂતિ પ્રગટ થતાં શુદ્ધોપયોગે પરિણત જીવ મોક્ષનો કર્તા છે.

વસ્તુ તો વસ્તુ છે. તે વસ્તુ જ્ઞાયક ચૈતન્ય પદાર્થ, તેના અનુભવરૂપ શ્રદ્ધાન, જ્ઞાન અને શાંતિરૂપ પર્યાય પ્રગટ થાય છે તેને વ્યવહાર તત્ત્વ કહેવામાં આવે છે.

શુદ્ધ સ્વભાવમાં એક લક્ષ કરીને, શુદ્ધોપયોગરૂપ પર્યાયે પરિણમીને મોક્ષનો કર્તા આત્મા છે તે પણ વ્યવહાર છે. મોક્ષ પર્યાય પણ વ્યવહાર છે. બંધ-મોક્ષ, મોક્ષમાર્ગ નિશ્ચય ધ્રુવ વસ્તુમાં નથી. નિશ્ચય-નયનું સત્, વસ્તુ ત્રિકાળ એકરૂપ છે.

ભાઈ ! ત્રિકાળ એકરૂપ સદશ ધ્રુવતત્ત્વ છે. તેમાં બંધ-મોક્ષ નથી. માત્ર એક સમયની પર્યાયમાં ઉત્પાદ-વ્યય થાય છે. શુદ્ધાત્માનુભૂતિના અભાવમાં શુભાશુભ ભાવે પરિણમે છે અને જીવન-મરણ કરે છે અને એ જ આત્મા શુદ્ધાત્માનુભૂતિના કાળે, શુદ્ધોપયોગરૂપ પરિણમન કરીને મોક્ષનો કર્તા છે. મોક્ષની પર્યાયને કરે છે તે પણ વ્યવહાર છે. નિશ્ચય દ્રવ્યમાં પર્યાય નથી. શુદ્ધ પારિણામિક પરમભાવગ્રાહક શુદ્ધ નયથી આત્મા બંધ અને મોક્ષનો કર્તા નથી. શુદ્ધ પારિણામિક ભાવ ધ્રુવ છે. તે એક સમયની પર્યાય-ઉત્પાદ-વ્યય વિનાનું તત્ત્વ છે. નિશ્ચય આત્મા બંધ-મોક્ષનો કર્તા નથી. વ્યવહાર આત્મા પર્યાયમાં શુભાશુભ બંધ કરે અને પર્યાયમાં અનુભૂતિથી મોક્ષ કરે. એકરૂપ રહેનારી વસ્તુ તે નિશ્ચયનયનો વિષય છે. આ જ નિશ્ચયતત્ત્વ છે.

અવસ્થાનું ઉત્પન્ન થવું અને અવસ્થાનો નાશ થવો એ વ્યવહારનો વિષય છે. આ પર્યાયતત્ત્વ છે. અહીં પરદ્રવ્ય સાથેના કોઈ સંબંધરૂપ વ્યવહારની વાત નથી. નિશ્ચય ધ્રુવમાં પર્યાય નથી. શુદ્ધ પારિણામિક ભાવ, ત્રિકાળ એકરૂપ, અનંત ગુણનો ભંડાર તેમાં બંધ નથી, મોક્ષ નથી અને મોક્ષનો માર્ગ નથી. વસ્તુ તત્ત્વ છે, તેના બે પ્રકાર, એક શાશ્વત રહેનાર

સદશ છે અને એક પર્યાયરૂપ થનાર વિસદશ છે. સર્વ પર્યાય અપરમભાવ છે. મોક્ષ, મોક્ષનો માર્ગ એ બધા અપરમભાવ છે, ક્ષાયિકભાવ પણ અપરમભાવ છે, પરમભાવ નથી. ત્રિકાળી ધ્રુવ સદશ રહે તે પરમભાવ છે. **આ જ ધ્રુવ ઉપર દૃષ્ટિ દેવી, પર્યાય તરફ ન જોવું, તો મુક્તિ થશે એમ કહેવાનો અભિપ્રાય છે.**

ધ્રુવનો આખો કંદ પડ્યો છે, એના આશ્રયવિના સમ્યક્ત્વ થતું નથી, જ્ઞાન થતું નથી, ચારિત્ર થતું નથી, મુક્તિ થતી નથી. કાર્ય થાય છે પર્યાયમાં પણ કારણ આ મહાભગવાન છે. તેનાં શ્રદ્ધાન જ્ઞાન વિના મોક્ષમાર્ગ ઉત્પન્ન થતો નથી. વિસદશનો અર્થ વિકાર નથી- તેનો અર્થ ઉત્પાદ-વ્યયરૂપ થવું એવો છે.

વીતરાગ સર્વજ્ઞદેવ કથિત તત્ત્વ જીવે જાણ્યું નથી. ભગવાન આત્મા, સદશ ધ્રુવ પરમ પારિણામિક ભાવ છે, આ દૃષ્ટિએ દેખવામાં આવે તો બંધ અને મોક્ષ એમાં નથી. મોક્ષ પણ અપરમભાવ છે. મોક્ષનો માર્ગ તો અપરમભાવ છે જ, પણ કેવળદર્શન કેવળજ્ઞાન, કેવળઆનંદ, કેવળવીર્ય એ પણ એક સમયની પર્યાય હોવાથી, અપરમભાવ છે; **ત્રિકાળભાવ પરમભાવ છે.**

દ્રવ્ય પરિણમન વિનાનું, ઉત્પાદ-વ્યય વિનાનું છે. તેના ઉપર દૃષ્ટિ દેવાની છે. આવું **સાંભળીને શિષ્યે પ્રશ્ન કર્યો :-** 'શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી આત્મા મોક્ષનો કર્તા નથી તો એમ સમજવું જોઈએ કે શુદ્ધનયથી મોક્ષ જ નથી, અને જ્યાં મોક્ષ જ નથી તો મોક્ષ માટે પ્રયત્ન કરવો નકામો છે?' **એનો ઉત્તર આપે છે :-** વસ્તુ જે સત્ ત્રિકાળ, તે સ્વયં બંધ-મોક્ષ કરતી નથી. પરિણમેલી પર્યાયમાં બંધ મોક્ષ કે મોક્ષમાર્ગ છે. શુદ્ધ નિશ્ચયનયથી વસ્તુમાં બંધ-મોક્ષ નથી, તો શુદ્ધનયથી મોક્ષનો પુરુષાર્થ પણ નથી. મોક્ષ છે, તે બંધપૂર્વક છે. મોક્ષની પર્યાય આત્મામાં થાય છે તે બંધપૂર્વક છે. બંધનો ઉત્પાદ થાય છે, તેનો નાશ થઈને મોક્ષ થાય છે પણ તે બંધ છે તે શુદ્ધ નિશ્ચયનયથી થતો નથી. વસ્તુ સ્વરૂપથી -શુદ્ધ નિશ્ચય-નયથી બંધ હોય તો બંધ કદી છૂટે નહિ. શુદ્ધ નિશ્ચય અર્થાત્ શુદ્ધ સત્ત્વ, વસ્તુ ત્રિકાળ એકરૂપના નયથી જોતાં બંધ થતો જ નથી. આ કારણે બંધના અભાવરૂપ મોક્ષ છે- એ પણ શુદ્ધ નિશ્ચયનયથી નથી. જો શુદ્ધ નિશ્ચયનયથી બંધ હોય તો આત્મા હમેશાં બંધાયેલો જ રહેત. કેવી વાત છે?

ધ્રુવ રહેનારી વસ્તુને ધ્રુવની દૃષ્ટિએ જોવામાં આવે અને બંધ એમાં હોય તો બંધ પણ ધ્રુવ રહે-એમ કહે છે. બંધનો અભાવ કદી ન થઈ શકે. વસ્તુરૂપ, નિત્યપણે, ધ્રુવરૂપ બંધ હોય તો બંધનો પણ નાશ ન હોઈ શકે. આ વિષય સમજવા માટે દૃષ્ટાંત કહે છે. એક પુરુષ સાંકળથી બંધાયેલો છે અને કોઈ એક પુરુષ બંધ રહિત છે. તેમનામાંથી જે પહેલાં બંધાયો હતો, તેને 'મુક્ત' એમ કહેવું ઠીક લાગે છે અને બીજો જે બંધાયો જ નથી, તેને જો 'આપ છૂટી ગયા' એમ કહેવામાં આવે તો એ ક્રોધ કરે, કે હું ક્યારે બંધાયો હતો ! કે જેથી આ મને

છૂટ્યો એમ કહે છે? બંધાયો હોય તે છૂટે. તેથી બંધાયેલને તો છૂટ્યો કહેવું ઠીક છે પણ જે બંધાયેલ જ ન હોય તેને છૂટ્યો કેવી રીતે કહી શકીએ?

તેવી જ રીતે આ જીવ શુદ્ધ નિશ્ચયનયથી બંધાયેલો નથી. વસ્તુ જે છે તે ધ્રુવ છે, સદશ છે. એકલા સદશ ગુણનું સત્ત્વ છે દ્રવ્ય, તે કદી બંધાયું નથી. દ્રવ્યને બંધાયેલું કહેવું અને દ્રવ્યને મુક્ત-કહેવું તે ઠીક નથી. બંધ-મુક્તિ, ઉત્પાદ-વ્યય, પર્યાય વિનાનું દ્રવ્ય એવો ભગવાન પરમાત્મા શુદ્ધ નિશ્ચયનયથી ભૂતાર્થ છે. નિશ્ચયનયથી યથાર્થ છે. તેની દૃષ્ટિ કરવાથી, તેનો અનુભવ કરવાથી, સમ્યગ્દર્શન થાય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર તો બહાર રહ્યા, વિકલ્પ પણ બહાર રહ્યો અને નિશ્ચય-વ્યવહારની પર્યાય પણ બહાર રહી ગઈ.

**(૧) દૃષ્ટિને નિમિત્ત ઉપર રાખવાથી સમ્યગ્દર્શન થાય છે? ત્રણ કાળમાં નહિ.**

**(૨) દૃષ્ટિને વિકલ્પ, દયા, દાન, ભક્તિ, પૂજાના ભાવ ઉપર રાખવાથી સમ્યગ્દર્શન થાય છે? ત્રણ કાળમાં નહિ.**

**(૩) દૃષ્ટિને ક્ષયોપશમજ્ઞાન-વીર્યાદિની પર્યાય જે પ્રગટ છે, તેના ઉપર રાખવાથી સમ્યગ્દર્શન થાય છે? ત્રણ કાળમાં નહિ.**

બંધ પણ વ્યવહારનયથી છે. વિકારમાં અટકેલી આત્માની પર્યાય પણ વ્યવહારથી છે. મુક્તિ પણ વ્યવહારનયથી છે. શુદ્ધ નિશ્ચયનયથી ન બંધ છે, ન મોક્ષ છે. અશુદ્ધનયથી બંધ છે, તે વ્યવહાર નય થયો. બંધ અને મોક્ષની અવસ્થા અશુદ્ધનયથી છે. અશુદ્ધનય કહો કે વ્યવહારનય કહો, એક જ વાત છે. મોક્ષ પણ સદ્ભૂત ઉપચરિત વ્યવહારનયનો વિષય છે. મોક્ષની પર્યાય જે છે એ સ્વયં વ્યવહાર છે.

સ્વભાવાશ્રિત મોક્ષનો માર્ગ જે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તે પણ વ્યવહાર છે. વ્યવહાર મોક્ષમાર્ગ, જે દયા-દાનનો વિકલ્પ તે વ્યવહારની વાત અહીં નથી. તે તો બંધમાર્ગમાં ગયા. કષાયની મંદતાના પરિણામ, ભક્તિ, પૂજા, દયા દાન, દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે શ્રદ્ધાનો ભાવ-તે રાગ તો બંધની પર્યાય છે. નિશ્ચયમાં તો તે છે જ નહિ. આ બંધના અભાવરૂપ મોક્ષમાર્ગ, તે પણ વ્યવહાર પર્યાય છે. ઉત્પાદ-વ્યયરૂપ પર્યાય છે, તે ધ્રુવ નથી. સ્વભાવને આશ્રિત શુદ્ધોપયોગનું પરિણમન તે પણ વ્યવહાર છે, મોક્ષ પણ વ્યવહાર છે. એક અપૂર્ણ પર્યાય છે, એક પૂર્ણ પર્યાય છે. બંને વ્યવહાર છે. પર્યાય સ્વયં વ્યવહાર છે. આશ્રય લેનારી પર્યાય વ્યવહાર છે, જેનો આશ્રય લેવામાં આવે છે તે નિશ્ચય છે. અહીં વ્યવહારનો અર્થ વિકલ્પ અને ભેદ નહિ, પર્યાયઅંશ છે તેથી વ્યવહાર છે. વ્યવહારની વ્યાખ્યા શી? ધ્રુવમાં ઉત્પાદ-વ્યયનું થવું તે વ્યવહાર છે. આ જ સિદ્ધાંત છે.

આગમ પદ્ધતિમાં દયા-દાનના ભાવને વ્યવહાર કહે છે. દ્રવ્ય શુદ્ધ નિશ્ચય છે. દ્રવ્ય જે

છે તે નિષ્ક્રિય છે. ત્રિકાળી ધ્રુવના અવલંબનથી જે નિર્મળ પર્યાય થઈ, એ મોક્ષનો માર્ગ સક્રિય છે. ધ્રુવમાં સક્રિયપણું-પરિણમન-ક્યાં છે? દ્રવ્યસ્વભાવ નિષ્ક્રિય છે. વિકલ્પ છે તે બંધના પરિણમનરૂપ સક્રિય છે, મોક્ષના માર્ગરૂપ જે નિર્મળ પર્યાય તે સક્રિય અવસ્થા છે અને પૂર્ણ પર્યાય મોક્ષરૂપ તે પણ સક્રિય અવસ્થા છે.

અહો ! વીતરાગ કથિત તત્ત્વ અલૌકિક છે. અહો ! વીતરાગ દ્વારા અનુભવાયેલો પૂર્ણ માર્ગ ! શ્રીમદ્દે કહ્યું છે ને ! 'અહો ! આ દેહની રચના ! અહો, આ ચેતનનું, સામર્થ્ય ! અહો ! જ્ઞાની ! અહો જ્ઞાનીની ગવેષણા ! અહો જ્ઞાનીનું ધ્યાન ! અહો ! જ્ઞાનીની સમાધિ ! અહો ! તેમનાં વચનનો યોગ ! અંતરની વાતમાં વીતરાગતાના ભાસમાં આ ઉદ્‌ગાર છે. ભગવાન આત્મા, ત્રિકાળી તત્ત્વ, એવા નિશ્ચય સ્વરૂપમાં સક્રિયતા અથવા બંધ-મોક્ષ કેવી રીતે હોય ? નિશ્ચય મોક્ષમાર્ગનું પરિણમન પણ સક્રિય છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યદ્રવ્ય નિષ્ક્રિય છે. નિષ્ક્રિય અર્થાત્ પર પદાર્થની ક્રિયા કરે એવું નહિ, રાગ કરે એ પણ નિષ્ક્રિય નહિ, પરંતુ મોક્ષમાર્ગની પર્યાય જેનામાં નથી તે વસ્તુતત્ત્વ નિષ્ક્રિય, એ મોક્ષની સક્રિય પર્યાય પણ કેવી રીતે કરે ? શુદ્ધ નિશ્ચયનયથી ન બંધ છે, ન મોક્ષ છે. વાસ્તવમાં અશુદ્ધ નિશ્ચયથી જ બંધ છે. અશુદ્ધ નિશ્ચય તે વ્યવહાર પર્યાય. એકદેશ શુદ્ધનય છે તે પણ વ્યવહાર છે તેથી બંધના નાશનો પ્રયત્ન પણ અવશ્ય કરવો જોઈએ. ધ્રુવમાં અંતરલક્ષ કરવું જોઈએ.

અહીં આ અભિપ્રાય છે કે સિદ્ધ સમાન પોતાનો શુદ્ધાત્મા વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં લીન પુરુષોને ઉપાદેય છે. ભગવાન આત્મા તરફની રાગ વિનાની શ્રદ્ધા, માન અને શાંતિ, એવી અરાગી-વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિના કાળમાં, આ આત્મા ઉપાદેય અર્થાત્ દૃષ્ટિમાં આવે છે. આ પર્યાય રાગ વિનાની થઈ, નિર્વિકલ્પ અભેદ પરિણતિ થઈ, આ પર્યાયમાં શુદ્ધાત્મા ઉપર લક્ષ છે, એ ધ્રુવ ઉપાદેય છે.

ભગવાન આત્મા જે ધ્રુવ છે તેના ઉપર દૃષ્ટિ દેનારી દશા, તેમાં સ્થિર થનારી દશાને નિર્વિકલ્પ શાંતિ કહે છે. તેમાં આ (વિદ્યમાન) દ્રવ્ય ઉપાદેય છે. અન્ય સર્વ હેય છે. ક્ષાયિક સમ્યક્ત્વની પર્યાય પ્રગટ થવા છતાં પણ, દ્રવ્યની ઉપાદેયતાના કાળમાં હેય છે, એક જ વાત છે. ક્ષાયિક સમ્યક્ત્વ કે જે દ્રવ્યના લક્ષે થાય છે તે પણ હેય છે, કારણ કે દ્રવ્યમાં જોર દેવાનું છે, તેમાંથી નવી પર્યાય પ્રગટ થાય છે.

ક્ષાયિક સમકિતના લક્ષે ચારિત્ર થતું નથી. નિશ્ચય મોક્ષમાર્ગ હેય છે, મોક્ષ પણ હેય છે. દ્રવ્ય જ ઉપાદેય છે. આ તો ''પરમાત્મા પ્રકાશ'' છે. પરમાત્મા દ્રવ્ય વસ્તુ એકમાત્ર આદરણીય છે, બીજું કાંઈ આદરણીય નથી.

શાશ્વત આનંદધામરૂપ ધ્રુવ દ્રવ્ય, આ એક જ લક્ષ કરવા યોગ્ય છે, બીજી બધી પ્રગટ થયેલી પર્યાય પણ લક્ષ કરવા યોગ્ય નથી. આ અપેક્ષાએ હેય કહેવામાં આવે છે.

મુનિને છઠ્ઠા ગુણસ્થાને ત્રણ કષાયના અભાવરૂપ ચારિત્ર પ્રગટ છે. તેમને પણ આ ત્રણ કષાયના અભાવરૂપ ચારિત્ર ઉપાદેય નથી, કારણ કે દ્રવ્ય અંતરમાં એકાકાર પડ્યું છે, તે જ પરમેશ્વર દ્રવ્ય, ત્રિકાળ ધ્રુવ આદરણીય છે, અન્ય કાંઈ આદરણીય નથી.

ભગવાન ! તું શું અપૂર્ણ છો? કે જેથી તારે પરના સહારે રહેવું પડે ? ભગવાન આત્મા સત્, શાશ્વત, ધ્રુવ છે. તેના લક્ષે પ્રગટ થયેલી પર્યાય, તે વ્યવહાર પણ હેય છે.

એક ચિદાનદ ધ્રુવ શાશ્વત પ્રભુ, તે નિજ મંદિરમાં આદરવા લાયક છે. ભગવાન આત્મા, દ્રવ્યાર્થિકનયનો વિષય અર્થાત દ્રવ્ય વસ્તુ, મહાપરમેશ્વર, ચૈતન્ય મહાપ્રભુ, એ ધ્રુવમાં લક્ષ કરીને અર્થાત્ તેને ઉપાદેય કરીને, તેનો આશ્રય કરવો એ જ મોક્ષમાર્ગ છે, મોક્ષ પણ તેનાથી થાય છે, તેથી તે જ એક આદરણીય છે.

❊ ❊ ❊

# ૪ સમયસાર

## (દૃષ્ટિનો વિષય)

પૂર્ણાનંદનો નાથ અભેદ વસ્તુ છે. એનો સ્વીકાર તે પર્યાય છે. પર્યાય તેનો સ્વીકાર કરે છે કે આ નિજ પરમાત્મા છે. સમયસાર ગાથા ૩૨૦ આચાર્ય જયસેનની ટીકામાં આવે છે કે **'પર્યાય એમ જાણે છે કે-સકળ-નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ નિજ પરમાત્મા દ્રવ્ય તે જ હું છું'** આમ વસ્તુનો યથાર્થ સ્વીકાર તેના સ્વસંવેદનજ્ઞાન વડે જ થાય છે.

આ જિનેશ્વરે બતાવેલું તત્ત્વ સમજીને કોઈ દ્રવ્યનો-ધ્રુવનો આશ્રય લે તો જરૂર સિદ્ધ પદ પામે. શુદ્ધ પર્યાય ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લે છે તે માર્ગ છે. પર્યાય ધ્રુવનું ધ્યાન કરે છે.

ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે 'જે સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ નિજ પરમાત્મા દ્રવ્ય તે હું જ છું'

પર્યાય એમ જાણે છે-અનુભવે છે કે ત્રિકાળી દ્રવ્ય તે હું છું.

ન્યાલભાઈએ કહ્યું છે કે-'પર્યાય મારું ધ્યાન કરે તો કરો, હું કોનું ધ્યાન કરું ?'

માટે એકલો જ જ્ઞાયક ધ્રુવ ભગવાન છે તે એક જ દૃષ્ટિનો વિષય આશ્રય કરવા યોગ્ય છે, નિર્મળ પર્યાય પણ આશ્રય કરવા યોગ્ય નથી એમ નિશ્ચય કરવો.

નિર્મળાનંદ, ધ્રુવ જ્ઞાયકનું લક્ષ કરતાં સમ્યગ્દર્શનાદિ પ્રગટ થાય છે અને તે ધર્મ છે.

વસ્તુ ત્રિકાળી છે, જેના આશ્રયથી નિર્મળ પર્યાય થાય છે. પર્યાયના આશ્રયથી પર્યાય નિર્મળ નથી થઈ શકતી. ગુરુના વચન પ્રત્યે લક્ષ જાય છે ત્યાં સુધી નિમિત્ત, શાસ્ત્ર, ગુરુ અને જ્ઞાન બધા વિનાશી, પરંતુ ધ્રુવની તરફ નજર લાગે ત્યારે જ્ઞાન અવિનાશી થાય છે. અનુભવ અને સમ્યગ્દર્શન અવસ્થા છે. તેને (સમ્યગ્દર્શનની પર્યાયને) અને આત્માને ત્રિકાળી સંબંધ નથી. કારણ કે એ અવસ્થા બદલાઈ જાય છે. દર્શન (શ્રદ્ધા), નિમિત્તનો સ્વીકાર નથી કરતી. પરંતુ પાછળથી ઉપચારથી નિમિત્ત કહેવામાં આવે છે. પાછળથી જ્ઞાન નિમિત્તને જાણે છે. દર્શનના વખતે નિમિત્ત નથી. પાછળથી નિમિત્ત કહેવાયો. નિમિત્તને રાગથી જાણે છે ત્યાં સુધી જ્ઞાન વિનાશી (અનિત્ય) છે. એ વિનાશી જ્ઞાન અવિનાશીને લાભ નથી કરતો. એ તો પૂર્વનો ઉઘાડ (ક્ષયોપશમ) છે. પોતે જ જ્યારે સ્વયંની તરફ ઢળીને નિર્ણય કર્યો ત્યારે નિમિત્ત કહેવામાં આવે છે. જે કાળે અવિનાશી જ્ઞાન થાય છે તે કાળે નિમિત્તનો પ્રશ્ન જ નથી રહેતો. નિર્ણય સામાન્ય પ્રતિ ઢળી ગયો, તત્કાળ સંસાર છુટી ગયો. સંસાર છૂટવાનું કારણ દ્રવ્ય સ્વયં જ છે. નિર્ણય થયા બાદ નિમિત્ત કહેવામાં આવે છે. ધ્રુવ શક્તિ સાધ્ય છે, મોક્ષ સાધ્ય નથી. મોક્ષ પ્રગટ થાય છે. પ્રગટ અપ્રગટ પર્યાય

દૃષ્ટિમાં થાય છે. ધ્રુવ નિત્ય પ્રગટ છે. પ્રગટ અપ્રગટ વસ્તુમાં સવાલ જ નથી. પ્રગટ-અપ્રગટ અવસ્થામાં પણ ધ્રુવ તો નિત્ય પ્રગટ જ છે. સાધ્ય વસ્તુ, સાધન નિર્ણય (વ્યવહાર) ધ્રુવ લક્ષમાં આવવાથી સહજ નિર્મળ અવસ્થા પ્રગટે છે. પુરુષાર્થ કરવાનો નથી. સહજ પુરુષાર્થ થઈ જાય છે.

**આશ્રય પર્યાયનો કેવો? આશ્રય સ્વભાવનો!**

ધ્રુવ અને મોક્ષ બંને સાધ્ય હોવાથી તો બે ભંગ પડી જાય. દર્શનનો વિષય ભંગ (બે) નથી.

સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન પ્રગટી જાય તો નિશ્ચયથી તે આદરણીય નથી. સાધ્ય, સાધનનો ભેદ નિશ્ચયમાં છે જ નહિ, ભેદનો જોર આવે તો અભેદ પર જોર જતું નથી.

(ગુજરાતી આત્મધર્મ માંથી..)

આત્મા દ્રવ્યદૃષ્ટિથી અપરિણમન સ્વરૂપ છે, અર્થાત્ દ્રવ્યદૃષ્ટિથી પુણ્ય-પાપના વિકાર થવાનું સામર્થ્ય આત્મામાં નથી. પર્યાય દૃષ્ટિથી પરિણામી છે, સ્વભાવમાં શુદ્ધ પર્યાયરૂપ પણ પરિણમે છે, અશુદ્ધપર્યાયરૂપ પણ પરિણમે છે.

શુદ્ધ વસ્તુદૃષ્ટિથી આત્મા અપરિણમન સ્વરૂપ છે અથાત્ કૂટસ્થ છે, પરંતુ તદ્દ્ન કૂટસ્થ છે એવું નથી; કથંચિત-કોઈ અપેક્ષાથી કૂટસ્થ છે અને કથંચિત કોઈ અપેક્ષાથી પરિણામી પણ છે. બંધ અને મોક્ષ પર્યાય છે, એટલે નિમિત્તની અપેક્ષા રાખવાવાળી પર્યાય છે, નિરપેક્ષ દૃષ્ટિથી આત્મા અપરિણામી છે. અને દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદ પાડવાથી આત્મામાં શુદ્ધ નિરપેક્ષ પર્યાય છે, એટલે આત્મા પરિણામી પણ છે. સિદ્ધ ભગવાનના અનંત ગુણોમાં પણ પરિણમન થઈ રહ્યું છે, એટલે આત્મા પરિણામી છે. પરંતુ દ્રવ્યદૃષ્ટિથી આત્મા અપરિણામી છે. (ગાથા ૨૮૦ ના પ્રવચન પરથી)

**સારરૂપ :**

નિત્ય શુદ્ધ સુખ સાગરનો રસ પ્રતિ-વૃત્તિ દ્વારા આસ્વાદન કરતા રહેવું એ જ દરેક આત્માને માટે પરમ કાર્ય છે. અન્ય સર્વ અકાર્ય છે.

જેવો પણ હોય, પરસન્મુખ રસ, શિથિલ (ક્ષય) કરો! કોઈપણ રીતે, કોઈપણ ભોગે!

સ્વસન્મુખ આનંદમાં નિરંતર લીનતા એ સ્થિતિ પૂર્ણપણે પ્રગટ કરી દેશે.

નિકટ આત્માર્થીઓને આ હેતુ વગર અન્ય લક્ષ્ય કિંચિત પણ નથી હોતો-ન હોવો જોઈએ-નહિં તો સંસાર પ્રત્યેના દુઃખોનો કિંચિત પણ હટાવવું નહી થઈ શકે.

'હું ત્રિકાળી સહજ જ્ઞાન સ્વભાવી ધ્રુવ પદાર્થ છું-એ પ્રતિક્ષણ જ્ઞાનરૂપ પરિણમન મારો સહજ સ્વભાવ છે-જડ આશ્રિત પરિણામ જડના છે.'

આ સિદ્ધાંતના ઘૂંટણથી પરિણામના તરફના વલણનો રસ ફીક્કો પડી જાય છે અને સહજ સ્વભાવ સ્વના સિવાય કોઈ કાર્યમાં રસ નહિ આવે.

# ૫ નિયમસાર

## (દૃષ્ટિનો વિષય)

### ગાથા ૩

(૧) જે નિયમથી કરવા યોગ્ય છે તે નિયમ છે એટલે કે જ્ઞાન-દર્શન-ચારિત્ર જ નિયમ છે અને તેના વિપરિતતાના પરિહાર માટે 'સાર' શબ્દ યોજેલ છે.

(૨) યથાર્થરૂપે કરવા યોગ્ય જે રત્નત્રય છે; તે નિયમ છે; નિશ્ચય રત્નત્રયથી વિપરિત એવો વ્યવહાર રત્નત્રયનો રાગ મોક્ષમાર્ગ નથી, પરંતુ બંધ માર્ગ છે. મોક્ષ માટે જો કાંઈ કરવા યોગ્ય હોય તો તે રાગરહિત શુદ્ધ રત્નત્રય જ છે.

(૩) નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે શુદ્ધ રત્નત્રય છે તે જ મોક્ષમાર્ગ છે. એના સિવાય વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ પણ નિશ્ચયરત્નત્રયથી વિપરીત છે, તેના આશ્રયથી-અવલંબનથી મોક્ષમાર્ગ નથી-એમ તે વ્યવહારનું અવલંબન છોડવા જેવું છે.

(૪) શુદ્ધ રત્નત્રયરૂપ તારું કર્તવ્ય છે તેનું કારણ તારા સ્વભાવમાં જ મોજૂદ છે. અંતરમાં જ્યારે દૃષ્ટિ કર ત્યારે મોક્ષમાર્ગનું કારણ તારામાં રહેલું જ છે. આ કાર્ય થઈ જાય છે.

(૫) શુદ્ધ રત્નત્રયરૂપ નિયમ તે મોક્ષમાર્ગ છે-કાર્યરૂપે છે, કર્તવ્યરૂપ જે કાર્યનિયમ તેનું કારણ કોણ? કારણ તેને કહેવાય કે જેના આશ્રયથી કાર્ય પ્રગટ થાય. જે રીતે કાર્ય વર્તમાનમાં હોય છે, તે જ રીતે તેના આશ્રયભૂત કારણ પણ વર્તમાનમાં જ હોય છે.

(૬) 'નિયમ સાર' એટલે સ્વભાવ રત્નત્રય. એ સ્વભાવ રત્નત્રયના બે પ્રકાર છે-એક કારણરૂપ અને બીજો કાર્યરૂપ; 'જે સહજ પરમ પારિણામિક ભાવમાં સ્થિત, સ્વભાવ અનંત ચતુષ્ટયાત્મક શુદ્ધ જ્ઞાનચેતના પરિણામ છે તે કારણ નિયમ છે અને નિશ્ચયથી જે કરવા યોગ્ય છે એટલે પ્રયોજનરૂપ છે-એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ કાર્ય નિયમ છે.

(૭) કારણ નિયમ તો બધા જીવોમાં ત્રિકાળ રહેલ છે તે કાંઈ નવો નથી કરવો પડતો પરંતુ તે કારણ નિયમનું લક્ષ કરવાથી તેના આશ્રયથી કાર્યનિયમરૂપ મોક્ષમાર્ગ નવો પ્રગટ થાય છે અને તે જ ખરેખર કર્તવ્ય છે.

(૮) જીવને નિયમથી કરવા યોગ્ય જે કાર્ય છે તે નિયમ છે. શરીરાદિ જડ પદાર્થોનાં કાર્ય તો આત્માથી ભિન્ન છે. તેથી તે જીવના કાર્યો નથી. મિથ્યાત્વ તથા રાગદ્વેષરૂપી કાર્યને પ્રતિક્ષણ કરતો એવો આ જીવ અનાદિથી સંસાર પરિભ્રમણ કરી રહ્યો છે, એટલા માટે તે પણ જીવનું ખરું કર્તવ્ય નથી.

(૯) જેનાથી સંસારનો અભાવ થાય અને પરમાનંદરૂપ મોક્ષદશા પ્રગટ થાય એવા રત્નત્રયરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જ નિયમથી કરવા યોગ્ય છે, તેથી શુદ્ધ રત્નત્રય જ 'નિયમસાર' છે.

(૧૦) આત્મામાં સહજ અનંતચતુષ્ટમય શુદ્ધ જ્ઞાનચેતના પરિણામ ત્રિકાળ છે, તે સહજ પારિણામિક ભાવમાં સ્થિત છે તે શુદ્ધજ્ઞાન ચેતના પરિણામના આશ્રયથી મોક્ષમાર્ગ પ્રગટ થાય છે. આ શુદ્ધ ચેતના પરિણામ કહ્યું છે તે ત્રિકાળ પરમપારિણામિક ભાવ છે, ઔદયિકાદિ ભાવોથી નિરપેક્ષ છે અને **દ્રવ્યદૃષ્ટિનો વિષય છે.**

(૧૧) ચેતનાના ત્રણ પ્રકારોમાં જે જ્ઞાનચેતના છે તે તો પર્યાયરૂપ છે, કાર્ય છે અને વ્યવહારનયનો વિષય છે તથા ત્રિકાળિક શુદ્ધ જ્ઞાનચેતના પરિણામ છે તે દ્રવ્યરૂપ છે, કારણ છે અને નિશ્ચયનયનો વિષય છે;એના અવલંબનથી નિર્મળ પર્યાયરૂપ કાર્ય પ્રગટ થાય છે.

(૧૨) સહજ શુદ્ધ જ્ઞાનચેતના પરિણામ-કારણ શુદ્ધ પર્યાય તે મોક્ષનું નિશ્ચય કારણ છે, કેમકે તેના આધારે આશ્રયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તેમજ મોક્ષદશા પ્રગટ થાય છે. તથા મોક્ષદશામાં પણ તે કારણનો અભાવ નથી થતો. મોક્ષદશામાં પણ તે સદૈવ સાથે રહે છે.

ત્રિકાળિક સામાન્યરૂપ ધ્રુવ અને તેનું વર્તમાન વર્તતું વિશેષરૂપ ધ્રુવ એ બંને અભેદ છે અને તે **દ્રવ્યદૃષ્ટિનો વિષય છે.**

જે રીતે સહજ પરમ પારિણામિક ભાવ ત્રિકાળ ધ્રુવરૂપ છે તે જ રીતે તે પરમ પારિણામિક ભાવમાં સ્થિત આ સ્વભાવ ચતુષ્ટમય શુદ્ધ જ્ઞાન ચેતના પરિણામ પણ ધ્રુવરૂપ છે, કારણ નિયમરૂપ છે, જે પ્રત્યેક આત્મા માં ત્રિકાળ એકરૂપ સ્થિત છે, પારિણામિક ભાવરૂપ છે, તેમાં પરિણમન કહેવામાં આવે છે. પરંતુ તે પરિણમન સદશરૂપ છે, સંસાર તેમ જ મોક્ષ પર્યાયની જેમ ઉત્પાદ વ્યયરૂપ પરિણમન નથી. આવો કારણ સ્વભાવ **અન્તર્દૃષ્ટિનો** વિષય છે. આવા કારણને ઓળખે તો નિર્મળ કાર્ય (સમ્યગ્દર્શનાદિ) થયા વિના રહે નહિ.

(૧૩) પોતાના મોક્ષનું કારણ પોતાની પાસે સત્રૂપે નિરંતર પ્રવાહિત છે એટલે કે મોક્ષપર્યાય પ્રગટ થવાની કારણરૂપ શક્તિ પ્રત્યેક જીવ પાસે ત્રિકાળ વિધમાન છે જેના સેવનથી મોક્ષમાર્ગ પ્રગટ થાય છે. તેના સિવાય બાહ્ય વ્યવહાર કારણના આશ્રયથી મોક્ષમાર્ગ પ્રગટતો નથી.ચૈતન્યની શક્તિમાં પરમાત્મા દશા પ્રગટ થવાની શક્તિ વિધમાન છે તેથી તેમાંથી જ પરમાત્મા દશા પ્રગટ થાય છે.

(૧૪) જે રીતે કાર્ય વર્તમાન છે તે જ રીતે તે કાર્યના આધારરૂપ ધ્રુવકારણ પણ વર્તમાન છે. જે રીતે સામાન્ય દ્રવ્ય ત્રિકાળ ધ્રુવ છે. તે જ રીતે તેનું વિશેષરૂપ વર્તમાન ધ્રુવ પણ વર્તે છે. જો વર્તમાન પરિપૂર્ણ કારણરૂપ ધ્રુવ ન વર્તતું હોય તો તેમાં મોક્ષમાર્ગરૂપી કાર્ય પ્રગટવાનું સામર્થ્ય ક્યાંથી આવશે? જે નિર્મળ કાર્ય છે તે વર્તમાન વર્તતા ધ્રુવકારણની સાથે અભેદ થાય છે.

(૧૫) અહીં 'સામાન્ય ધ્રુવ' અને 'વિશેષ ધ્રુવ' એમ કહીને કાંઈ ધ્રુવના બે ભાગ નથી બતાવવા, પરંતુ ધ્રુવ સ્વભાવની પરિપૂર્ણતા બતાવવી છે.

(૧૬) જે રીતે ત્રિકાળી સામાન્ય ધ્રુવ છે તે રીતે તેનું વર્તમાન વિશેષ પણ ધ્રુવ છે, તેના આશ્રયે નિર્મળ કાર્ય પ્રગટ થઈ જાય છે, તેથી તેને કારણ એટલે કે **'કારણ શુદ્ધ પર્યાય'** કહેવાય છે. **ત્રિકાળી અભેદ સ્વભાવનું બળ વર્તમાનમાં પણ એવું ને એવું જ છે. તે દૃષ્ટિનો વિષય છે.** પરંતુ તેનું વેદન નથી હોતું, વેદન તેના આશ્રયે જે નિર્મળ પર્યાય પ્રગટ થાય છે તેનું હોય છે.

(૧૭) આત્મામાં ત્રિકાળી ધ્રુવસ્વભાવનો અંદરનો ભાગ શુદ્ધ છે અને તેની વર્તમાન સપાટી પણ તેવી જ શુદ્ધ છે, તેના આધારે મોક્ષમાર્ગરૂપી ઝાડ ઊગે છે, 'વર્તમાન' કહેવાથી અહીં વર્તમાન વર્તતી ઉત્પાદ-વ્યયવાળી પર્યાય નહિ સમજવાની.

(૧૮) પ્રત્યેક આત્મામાં પરમાત્મા દશા પ્રગટ થવાની શક્તિ છે, તેથી પ્રત્યેક આત્મા **'કારણ પરમાત્મા'** છે. કારણ પરમાત્મા કહેતાં તેમાં ત્રિકાળી દ્રવ્ય ,ગુણ તથા તેની વર્તમાનરૂપ 'કારણ શુદ્ધ પર્યાય'-ત્રણેય આવી જાય છે. આ વર્તમાન ધ્રુવરૂપ કારણ શુદ્ધ પર્યાય વિના દ્રવ્યની અખંડતા સિદ્ધ નથી થતી.

(૧૯) ધર્માસ્તિકાયાદિ ચાર દ્રવ્યોમાં તો ઉત્પાદ-વ્યયવાળી પરિણતિ પારિણામિક ભાવરૂપ હંમેશા એકરૂપ છે અને અનાદિ અનંત સદૃશ પરિણમન છે. સર્વેને જાણનારો જ્ઞાયકતત્ત્વ જીવ છે તેની પર્યાયો સંસાર અથવા મોક્ષરૂપ ઉત્પાદ-વ્યયવાળી છે, તે હંમેશા એકરૂપ નથી પરંતુ વિવિધતા છે. કોઈવાર મિથ્યાત્વાદિ સંસાર પર્યાય, કોઈવાર સમ્યગ્દર્શનાદિ સાધક દશા અને કોઈવાર પૂર્ણ શુદ્ધતારૂપ સિદ્ધ દશા આ રીતે ખંડખંડ છે, એકરૂપ નથી. જીવની જે ખંડરહિત એકરૂપ ધ્રુવ પરિણતિ છે તેને અહીં 'શુદ્ધ જ્ઞાન ચેતના'પરિણામ કહેલ છે જે સદા એકરૂપ પારિણામિક ભાવસ્વરૂપ છે. આ કારણ શુદ્ધ પર્યાય પારિણામિક ભાવની નિરપેક્ષ પરિણતિ છે.

(૨૦) એવો કયો ભાવ છે કે જેના આશ્રયે એકાગ્રતા થઈ શકે ? સ્વયં આત્મામાં જ એક ધ્રુવ પરિણતિ અનાદિ-અનંત એકરૂપ શુદ્ધ પારિણામિકભાવે વર્તે છે. દ્રવ્ય, ગુણ

અને કારણ શુદ્ધ પર્યાય એ ત્રણેય અખંડરૂપે દ્રવ્યાર્થિકનયનો પૂર્ણ વિષય છે, આ જૈન દર્શનની મૂળ વાત છે. આના વિના દ્રવ્યની વર્તમાન અખંડતા સિદ્ધ થતી નથી. **દૃષ્ટિનો વિષય વર્તમાનમાં પૂર્ણ થતો નથી.**

જીવની પર્યાયમાં સંસાર અથવા મોક્ષ એવી વિસદશતા હોવા છતાં પણ દ્રવ્ય, ગુણ અને કારણ શુદ્ધ પર્યાયની એકરૂપતા કદીપણ છુટતી નથી.

આ કારણ શુદ્ધ પર્યાય સદા ત્રિકાળી દ્રવ્યના પરમપારિણામિક સ્વભાવમાં લીનતારૂપ વર્તે છે, તે કદી ગૌણ નથી થતી, કદી એક સમયમાત્ર પણ તેનો વિરહ નથી થતો, દૃષ્ટિના વિષયમાં પણ તે અભેદરૂપે આવી જાય છે.

ચૈતન્યનો પરિપૂર્ણ ધ્રુવપિંડ વર્તમાનમાં કારણરૂપે પ્રવર્તમાન થઈ રહ્યો છે તેમાં એકાગ્ર થઈને તેનું મનન કરવાથી મોક્ષમાર્ગ પ્રગટ થઈ જાય છે.

**પ્રશ્ન :** નિર્વિકલ્પ થતાં પહેલાં વિકલ્પ જ હોય છે ને ?

**ઉત્તર :** અશુભ ફળ પ્રત્યે જેમને દ્વેષ છે તેણે અશુભભાવને હેય માન્યો નથી.

શુભભાવના ફળમાં જેને ગલગલીયા થઈ જાય છે અને મીઠાશ આવે છે તેણે શુભ ભાવને હેય માન્યો નથી.

ચૈતન્ય વસ્તુને બિલ્કુલ પરનો સહારો જ નથી. પહેલાં અમુક પ્રકારના વિકલ્પો હતા ને ગુણ-ગુણી ભેદનું ચિંતવન હતું-વિચારો હતા માટે વસ્તુ પ્રગટી છે એમ નથી.

વિકલ્પ સહિત પહેલા પાકો નિર્ણય કરે કે રાગથી નહિ, નિમિત્તથી નહિ, ખંડખંડ જ્ઞાનથી નહિ, ગુણ-ગુણના ભેદથી પણ આત્મા જણાતો નથી એમ પહેલા નિર્ણયનો પાકો સ્થંભ તો નાંખે ! એટલે પર તરફનું વીર્ય તો ત્યાં જ અટકી જાય છે. ભલે સ્વસન્મુખ વળવું હજુ બાકી છે, વિકલ્પવાળા નિર્ણયમાં પણ હું વિકલ્પવાળો નહિ એમ તો પહેલા દૃઢ કરે! નિર્ણય પાકો થતા રાગ લંગડો થઈ જાય છે, રાગનું જોર તૂટી જાય છે, વિકલ્પ સહિતના નિર્ણયમાં સ્થૂળ વિપરીતતા અને સ્થૂળ કર્તૃત્ત્વ છૂટી જાય છે પછી નિરંતર ભેદજ્ઞાનથી અંદર સ્વાનુભવમાં જતા નિર્ણય સમ્યક્‌રૂપે થાય છે.

સ્વાનુભૂતિ એ પાકો નિર્વિકલ્પ નિર્ણય છે.

(મિથ્યાત્વ એ જ મોટામાં મોટો કષાય છે, તત્ત્વ નિર્ણય કરતાં કરતાં તે મંદ થતું થાય છે. નિર્ણય પૂરો થઈ ગયો એટલે તેનો અભાવ થઈ જશે.)

## ૬ દૃષ્ટિના વિષયમાં કઈ પર્યાયને સાથે લેવી?

ઉત્પાદ-વ્યયની પર્યાય આત્માને સંયોગ-વિયોગરૂપ છે. ઉત્પાદ તે આત્માને સંયોગ છે, વ્યય તે વિયોગ છે, એક સમયની પર્યાયને આત્મા રાખી શકતો નથી તો બહારના કોને રાખી શકે? ઉત્પાદ-વ્યય પર્યાય છે તે આત્માની આસપાસ છે (ઉપર ઉપર છે), ધ્રુવ સ્વભાવની અંદર તે પ્રવેશતી નથી.

પર્યાયમાં જોવાની છે પોતાની વર્તમાન યોગ્યતા અને દ્રવ્યમાં જોવાનું છે ત્રિકાળી સામર્થ્ય. પરમાં તો એને જોવાનું છે જ નહિ. કર્મને આધિન થઈને રાગ કરે છે એ પરતંત્રતા પણ ભોગવવાની તેની પર્યાયમાં યોગ્યતા છે અને તે જ વખતે તે રાગથી ભિન્ન દ્રવ્યસ્વભાવની શુદ્ધતાનું સામર્થ્ય એવું ને એવું જ છે એમ દેખે છે.

પ્રમાણ જ્ઞાનના લોભથી નિશ્ચયમાં આવી શકતો નથી ત્યાં એમ કહેવું છે કે, અજ્ઞાની પર્યાયનું અને દ્રવ્યનું જ્ઞાન કરવા જાય છે ત્યાં અનાદિના અભ્યાસથી પર્યાયમાં અહંપણાનું જોર રહેવાથી દ્રવ્યનું જ્ઞાન સાચું થતું નથી. અજ્ઞાનીને એમ લાગે છે કે પર્યાય છે ને! પર્યાય છે તો ખરી ને? એમ પર્યાય ઉપર જોર આપવાથી દ્રવ્ય ઉપર જોર આપી શકતો નથી અને તેથી અંદરમાં ઢળી શકતો નથી. પર્યાય નહિ માનું તો એકાંત થઈ જશે એવો ભય રહે છે. આ રીતે પ્રમાણ જ્ઞાનના લોભથી પર્યાયને ગૌણ કરી દ્રવ્યસન્મુખ ઢળી શકતો નથી.

ત્રિકાળી દ્રવ્ય સામાન્ય તે નિશ્ચયનયનો વિષય છે. તે તેના આશ્રયે શુદ્ધ પર્યાય પ્રગટે છે તે પર્યાયનયનો વિષય છે. તે બંનેને ભેગા લેવા તે પ્રમાણનો વિષય છે. તેના બદલે જો કોઈ નિશ્ચયનયનો વિષય માને તો તે વિપરીતતા છે. નિશ્ચયનયના વિષયમાં શુદ્ધ પર્યાય વિનાનું ત્રિકાળી ધ્રુવતત્ત્વ એકલું આવે છે.

કોઈ કહે કે અમે દ્રવ્ય ને પર્યાય એક છે એમ નથી માનતા, પરંતુ આશ્રયનો વિષય શુદ્ધ પર્યાય સહિત અભેદ દ્રવ્ય છે એમ માનીએ છીએ-તો તે મુઢદૃષ્ટિ છે વિપરીત દૃષ્ટિ છે, ખરેખર તો અનાદિની જે દૃષ્ટિ છે તેવી ને તેવી પર્યાયદૃષ્ટિ જે તેને છે. જો આશ્રયનો વિષય પર્યાય સહિતનું દ્રવ્ય હોય તો આશ્રય કરશે કોણ? પર્યાયને તો તે આશ્રયનો વિષય માને છે. તો પછી આશ્રય કરનાર કોણ? આશ્રય કરનાર અને આશ્રયનો વિષય જુદા છે.

દ્રવ્ય પર્યાય અભેદ થઈ એમ કોઈ જગ્યાએ આવે છે, તો એનો અર્થ શું?

ત્યાં પર્યાય દ્રવ્યની સન્મુખ વળી છે તે બતાવવાનું છે. તેથી પર્યાય દ્રવ્યમાં અભેદ થઈ એમ કહ્યું છે. અનાદિથી પર્યાય વિમુખ હતી તે હવે દ્રવ્યસન્મુખ થઈ તે બતાવતાં તેમ કહ્યું છે. પર્યાય દ્રવ્યમાં ભળીને દ્રવ્યરૂપે થઈ જતી નથી.

મોક્ષમાર્ગની ક્ષાયોપશમિક ભાવરૂપ શુદ્ધ પર્યાય પરમપારિણામિક ભાવનું ધ્યાન કરે છે. જો તે પર્યાય તે પારિણામિક ભાવમાં અભેદ કરીને તેને ધ્યાનનો વિષય માનવામાં આવે તો પારિણામકભાવ તથા ક્ષાયોપશમિક ભાવ એમ બે ભાવ જુદા છે તે જુદા રહેતા નથી. એ રીતે દૃષ્ટિને દૃષ્ટિનો વિષય એમ બે સિદ્ધ થતા ન હોવાથી તે માન્યતા વિપરીત છે.

વળી કયારેક પર્યાય દ્રવ્યમાં અભેદરૂપે પરિણમી ગઈ એમ કહેવાનો આશય એટલો જ છે કે પર્યાયમાં જેટલું સામર્થ્ય દ્રવ્યમાં છે તેટલું એક સમય માટે પ્રગટ થઈ ગયું છે એ અપેક્ષાએ દ્રવ્ય પર્યાયમાં અભેદ થઈ જાય છે એમ કહેવાય છે.

પરદ્રવ્યના લક્ષની જેમ નિર્મળ પર્યાયના લક્ષે પણ રાગ ઊઠતો હોવાથી એ પણ ખરેખર પરદ્રવ્ય છે, તે દ્રવ્યથી સર્વથા ભિન્ન છે એમ જોર દીધા વિના દૃષ્ટિનું જોર દ્રવ્ય પર જતું નથી, તેથી નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય, પરભાવ ને હેય કરી છે. પર્યાય ઉપર પ્રેમ છે તેનું લક્ષ પર દ્રવ્ય ઉપર જાય છે, તેથી તેને પરદ્રવ્યનો જ પ્રેમ છે. પરમ સત્ સ્વભાવ એવા દ્રવ્ય સામન્યની ઉપર લક્ષ જવું અલૌકિક વાત છે.

ધ્રુવ દ્રવ્યસ્વભાવ સાથે નિર્મળ પર્યાય ભેળવવાથી દૃષ્ટિનો વિષય થાય છે એમ માનનાર, વ્યવહારથી નિશ્ચય થવાનું માનનારની જેવા જ, મિથ્યાદૃષ્ટિ છે; એનું જોર પર્યાય ઉપર છે ધ્રુવ સ્વભાવ ઉપર નથી.

સમ્યગ્દર્શનના વિષયમાં દ્રવ્ય સાથે ઉત્પાદરૂપ નિર્મળ પર્યાયને ભેગી લેવાથી તે નિશ્ચયનયનો વિષય ન રહેતાં પ્રમાણનો વિષય થઈ જાય છે, અને પ્રમાણ પોતે સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે, નિશ્ચયનયનો વિષય અભેદ એકરૂપ દ્રવ્ય છે, પ્રમાણની જેમ ઉભય અશંગ્રાહી નથી. જો પર્યાયને દ્રવ્ય સાથે ભેળવવામાં આવે તો તે,નિશ્ચયનયનો વિષય ત્રિકાળી સામાન્ય છે તે રહેતો નથી, પણ પ્રમાણનો વિષય થઈ જતો હોવાથી, દૃષ્ટિમાં ભૂલ છે, વિપરીતતા છે.

અનિત્ય તે નિત્યને જાણે છે. પર્યાય તે દ્રવ્યને જાણે છે. પર્યાયરૂપ વ્યવહાર છે નિશ્ચયરૂપ ધ્રુવદ્રવ્યને જાણે છે; ભેદ છે તે અભેદ દ્રવ્યને જાણે છે; પર્યાય તે જાણનાર એટલે કે વિષયી છે ને ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય તે (જાણનાર પર્યાયનો) વિષય છે. જો દ્રવ્યની સાથે નિર્મળ પર્યાયને ભેળવીને નિશ્ચયનયનો વિષય કહેવામાં આવે તો વિષય કરનાર પર્યાય તો કોઈ જુદી રહી નહી. જો પર્યાયને વિષય કરનાર તરીકે દ્રવ્યથી જુદી લેવામાં આવે તો જ વિષય-વિષયી બે ભાગ સિદ્ધ થઈ શકે છે; પરંતુ અન્યથા માનવાથી મહા વિપરીતતા થાય છે.

નિયયસાર કલશ ૨૬માં આચાર્યે એમ કહ્યું છે કે :-

'કેવળજ્ઞાન આદિ પૂર્ણ નિર્મળ પર્યાય, મતિ-શ્રુતજ્ઞાન આદિ અપૂર્ણ પર્યાય, અગુરુલઘુની

પર્યાય અને નર-નારકાદિની પર્યાય, પર્યાય સહિત હોવા છતાં એ બધી પર્યાયોથી રહિત એવા શુદ્ધ જીવતત્ત્વને-જ્ઞાયકતત્ત્વને સકળ અર્થની સિદ્ધિ અર્થે એટલે કે મોક્ષની સિદ્ધિની અર્થે નમું છું, ભજું છું અર્થાત્ શુદ્ધ જીવ તત્ત્વમાં એકાગ્ર થાઉં છું.

**પ્રશ્ન :** પર્યાય વગરના એકાંત ધ્રુવનું ધ્યાન થઈ શકે?

૧) ધ્યાન પર્યાય છે અને તે ધ્યાન ત્રિકાળ આત્મા-ધ્રુવઆત્મા જે કારણ પરમાત્મા કહેવાય છે તે ધ્યાનનો વિષય હોય તો નિર્વિકલ્પતા પ્રગટે છે માટે વર્તમાન પર્યાય ત્રિકાળી ધ્રુવનું ધ્યાન કરે તેથી તેનો વિષય જે ધ્રુવ છે તે એકાંત ધ્રુવ થઈ જતો નથી.

૨) ઉત્પાદ અને વ્યય પર્યાયરૂપે સત્ છે તેથી એક સમયના તે હોય છે, અને ધ્રુવ ત્રિકાળ એકરૂપ રહે છે, માટે પર્યાય ધ્રુવનું ધ્યાન ધરે તેમાં ધ્રુવ એકાંત થઈ જતું નથી, પરંતુ ધ્યાન કરતાં નિર્વિકલ્પતા ઉત્પન્ન થાય છે ત્યાં ધ્યાન-ધ્યાતા-ધ્યેયનો ભેદ જે રાગરૂપ છે તે રહેતો નથી, તેને સાચું ધ્યાન કહેવામાં આવે છે. નિર્વિકલ્પ ધ્યાન સીવાયનું જે ધ્યાન હોય છે તે રાગવાળું હોવાથી તે ખરું ધ્યાન નથી, પણ આર્ત અથવા રૌદ્ર ધ્યાન હોય છે.

જ્યારે સમ્યગ્દર્શનની નિર્મળ પર્યાય પ્રગટ હોય છે. ત્યારે જે ધ્યાન હોય છે-જે નિર્વિકલ્પ દશા હોય છે તેને ધર્મ ધ્યાન કહેવામાં આવે છે.

જ્યારે ઉપયોગની ઉગ્રપણે એકાગ્રતા થતાં કેવળજ્ઞાનની જે પર્યાય પ્રગટે છે-ત્યારે ધ્યાનની જે સ્થિતિ હોય છે તેને શુકલધ્યાન કહેવામાં આવે છે. આવી ધ્યાનની પરિભાષા છે.

# ૭ દૃષ્ટિનો વિષય

## (વિશેષ વાત)

(૧) જેમ સર્વજ્ઞને લોકાલોક જ્ઞેય છે, લોકાલોકને સર્વજ્ઞ જાણે છે, તેમ સર્વજ્ઞ સ્વભાવીને દૃષ્ટિમાં લીધો છે એવો સમ્યગ્દૃષ્ટિ સર્વજ્ઞની જેમ રાગને જાણે જ છે.

સર્વજ્ઞને જાણવામાં લોકાલોક નિમિત્ત છે, તેમ સમ્યગ્દૃષ્ટિને જાણવામાં રાગ નિમિત્ત છે. સમ્યગ્દૃષ્ટિ રાગને કરતો જ નથી પણ લોકાલોકને જાણનાર સર્વજ્ઞની જેમ સમ્યગ્દૃષ્ટિ રાગને જાણે જ છે. આમ વસ્તુસ્થિતિ છે અને આમ જ અંદરથી બેસે છે, આમ જ અંદરથી આવે છે અને આમ જ વસ્તુની સ્થિતિ છે. આ વાત ત્રણ કાળ ત્રણ લોકમાં ફરે તેમ નથી. બીજી રીતે બેસાડવા જાય તો કોઈ રીતે વસ્તુ સિદ્ધ થઈ શકે તેમ નથી. આ તો અંદરથી જ આવેલી વસ્તુસ્થિતિ છે. શાસ્ત્ર ભલે અનેક રીતે કહે પણ વસ્તુ આમ જ છે ને આમ જ અંદરથી આવે છે. આ તો અનુભવથી નીવડો છે.

(૨) ભાઈ! આ વીતરાગે કહેલાં તત્ત્વની વાતો બહુ ઝીણી ને અપૂર્વ છે. જે પુણ્ય-પાપના ભાવો છે, રાગ-દ્વેષ છે, દયા, દાન, ભક્તિ, કામ,ક્રોધ આદિના ભાવો છે-એ બધાં પુદ્ગલના પરિણામ છે. આહાહા! પ્રભુ!તારી દશામાં થતાં દયા, દાન, ક્રોધાદિના શુભાશુભ ભાવો તે તારા નહિ, પણ તે પુદ્ગલના પરિણામ છે. તું તો આનંદસ્વરૂપ શાંતિનો સાગર છો. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપે છે તે દયા, દાન, કામ, ક્રોધરૂપે કેમ પરિણમે ? ભાઈ! તારું ઘર તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે, તેમાં ઠરવું એ તારી ચીજ છે. તું રાગ-દ્વેષ સુખ-દુઃખરૂપે કેમ પરિણમે? એ તો પુદ્ગલ કર્મનો સ્વાદ છે. એ તારો સ્વાદ નથી. જેમ જળ અને અગ્નિની શીત-ઉષ્ણ પર્યાય છે તે પુદ્ગલની છે, પુદ્ગલથી અભિન્ન છે ને તેનો અનુભવ-જ્ઞાન તે આત્માની પર્યાય છે, તેમ રાગ-દ્વેષ, સુખ-દુઃખ રૂપે આત્માને પરિણમવું અશક્ય છે. જેણે શુભ-અશુભની કલ્પનાથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને અનુભવ્યો છે તે જ્ઞાનીને શુભાશુભરૂપે થવું અશક્ય છે. ભલે હજુ અધુરી દશામાં રાગ આવશે પણ તેનો જાણનાર રહે છે. આહાહા! અહીં રાગાદિ પરિણામને આત્માથી ભિન્ન પુદ્ગલ પરિણામ કહે છે ને જગત એ શુભરાગથી ધર્મ થવાનું માને છે! વીતરાગ સર્વજ્ઞે કહેલું તત્ત્વ જગતને કઠણ પડે એવું છે. આવી વાતો તો જેના ભાગ્ય હોય તેને સાંભળવા મળે છે. અબજો રૂપીયા મળે તેને અહીં ભાગ્યશાળી કહેતા નથી. અલૌકિક વાતો છે.

(૩) સંતો કહે છે કે ભાઈ! તારી પર્યાયને જોવાની આંખને સર્વથા બંધ કરી દે! દેવ-ગુરુ પંચપરમેષ્ઠી આદિને જોવાનું તો બંધ કરી દે પણ ભાઈ! તારી પર્યાયને જોવાની આંખને સર્વથા બંધ કરીને તારા દ્રવ્યને જોવાની આંખને ખુલ્લી કરીને જો! ભાઈ! આ તો પ્રવચનસાર એટલે સંતોના હૃદયના કાળજા છે. એ સંતો એમ કહે છે કે ભાઈ! તારી પર્યાયને જોવાની આંખને સર્વથા બંધ કરી દે. નરકાદિ પર્યાયને જોવાની આંખ તો બંધ કરી દે પણ સિદ્ધ પર્યાયને જોવાનું પણ બંધ કરી દે, તો તને દ્રવ્ય-ભગવાનને જોવાના-દેખવાના ચક્ષુ ખુલી જશે. ભાઈ! એક વાર જો તો ખરો! પ્રભુ! તું કોણ છો! જ્યાં પર્યાયને જોવાની આંખ બંધ કરી ત્યાં દ્રવ્યને જોવાનું જ્ઞાન ઊઘડી ગયું. હવે એ ભગવાન છાનો નહિ રહી શકે!

(૪) આહાહા! ચૈતન્ય બાદશાહનો સ્વભાવ તો જુઓ! કેવો અગમ્ય છે! કેવળજ્ઞાનની પર્યાય હોય કે મિથ્યાત્વની પર્યાય હોય કે સમયગ્દર્શનની પર્યાય હોય પણ જ્ઞાયકભાવ એકપણું છોડતો નથી, જ્ઞાયકભાવ તો જ્ઞાયકરૂપ જ રહ્યો છે. નિગોદની પર્યાય અક્ષરના અનંતમાં ભાગે રહી ગઈ છે ને કેવળજ્ઞાનની પર્યાય અનંત અવિભાગ-પ્રતિચ્છેદ સહિત પૂરણ પ્રગટ થઈ છતાં જ્ઞાયક-ચૈતન્યજ્યોતિ એકપણું છોડતી નથી. સ્વર્ગ, નરક, નિગોદ આદિ અનેક પર્યાયમાં રહ્યો છતાં ચૈતન્યજ્યોતિ એકપણુ છોડતી નથી. નવતત્ત્વમાં પ્રાપ્ત થયેલા આત્મા અનેકરૂપ દેખાય, અનેક સ્વાંગો ધારણ કરે છતાં ચૈતન્યજ્યોતિ એકપણું છોડતી નથી, આર્ત-રૌદ્રધ્યાનના અનેકરૂપ વિચિત્ર શુભાશુભ ભાવના બંધનમાં આવવા છતાં ચૈતન્યજ્યોતિ એકપણું કદી છોડતી નથી! આહાહા! જ્ઞાનજ્યોતિ નવતત્ત્વની સંતતિમાં આવવા છતાં, અનેક સ્વાંગો ધારવા છતાં, પોતાનું એકપણું છોડતી નથી. અહો! જેનું ક્ષેત્ર મર્યાદિત હોવા છતાં જેના કાળનો અંત નથી, જેના ગુણોનો અંત નથી, એવી અનંત સ્વભાવી ચૈતન્યજ્યોતિ સદાય એકરૂપ ચૈતન્યસ્વરૂપે જ રહી છે. આત્મવસ્તુ જ ગંભીર સ્વભાવી છે, એની ગંભીરતા ભાસે નહીં ત્યા સુધી ખરો મહિમા આવે નહીં એની ગંભીરતા ભાસતાં આત્માનો એવો મહિમા આવે કે એ મહિમા આવતાં આવતાં એ મહિમા વિકલ્પને ઓળંગી જાય છે, વિકલ્પને તોડવો પડતો નથી પણ તૂટી જાય છે અને નિર્વિકલ્પ સ્થિતિ થતાં અતિન્દ્રિય આનંદનો અનુભવ થાય છે. ભગવાન આત્મા ચૈતન્યરસનું ધામ છે. તેની સન્મુખ થઈને તેનો અનુભવ કરવો-તેનું નામ ધર્મ છે.

(૫) કારણ પરમાત્મા એ જ ખરેખર આત્મા છે. નિર્ણય કરે છે પર્યાય, નિત્યનો નિર્ણય કરે છે અનિત્ય પર્યાય, પણ તેનો વિષય છે કારણ પરમાત્મા, તેથી તે જ ખરેખર આત્મા છે પર્યાયને અભૂતાર્થ કહીને વ્યવહાર કહીને અણાત્મા કહ્યો છે.

કારણ પરમાત્મા પ્રભુ ઉપાદેય છે, અતિ આસન્નભવ્ય જીવોને એવા નિજ કારણપરમાત્મા સિવાય અન્ય કોઈ ઉપાદેય નથી. પર્યાય કે રાગ કે નિમિત્ત કોઈ ઉપાદેય નથી. નિજ પરમાત્માને જે પર્યાયે ઉપાદેય કર્યો, તે પર્યાયને આત્મા કરતો નથી. અમિતગતિ આચાર્યદેવના યોગસારમાં આવે છે કે પર્યાયનો દાતા દ્રવ્ય નથી, કેમ કે પર્યાય સત્ છે ને સત્‌ને કોઈનો હેતુ નથી. તેથી સમ્યગ્દર્શનની પર્યાય સ્વનો આશ્રય લ્યે છે તે પર્યાય પોતાના સામર્થ્યથી છે, આત્માનું જેવું સામર્થ્ય છે તેવું શ્રદ્ધા-જ્ઞાનમાં આવે છે પણ તે સમ્યગ્દર્શનની જ્ઞાનની પર્યાયના પોતાના સામર્થ્યથી છે, પરંતુ એ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે નિજ પરમાત્મા સિવાય અન્ય કાંઈ ઉપાદેય નથી.

જિનવચનમાં શુદ્ધ દ્રવ્ય અર્થાત્ ત્રિકાળી ધ્રુવ વસ્તુ તે જ મુખ્ય છે, તેથી તે જ ઉપાદેય છે. આવા ત્રિકાળી ધ્રુવ શુદ્ધ ચૈતન્યને મુખ્ય કરીને તેમાં જે પુરુષો રમે છે, પ્રચુર પ્રીતિ સહિત વારંવાર અભ્યાસ કરે છે, તે પુરુષો શુદ્ધ ચૈતન્યમાત્ર આત્માનો તુરત જ સ્વાનુભવ કરે છે પરમ શુદ્ધ ચૈતન્યજ્યોતિને દેખે છે, અનુભવે છે અર્થાત્ તેમાં ક્રિડા કરે છે, રમે છે.

(૬) સ્વપરને જાણવાની યોગ્યતા પર્યાયની પોતાની છે તેથી તેને જાણે ત્યારે જ્ઞેય તેમાં જણાયા એમ નિકટપણાને લીધે કહેવામાં આવે છે. જ્ઞાનની એક સમયની પર્યાય અનંતા દ્રવ્યોને જાણે છે ને પર્યાયમાં અનંતા દ્રવ્યો જણાવા લાયક છે તેમ કહેવું તે પણ વ્યવહાર છે, ખરેખર તો જ્ઞાનની એક સમયની પર્યાય સ્વજ્ઞેય નિજ આત્માને જાણે ત્યાં અનંતા પરજ્ઞેયો તેમાં જણાઈ જાય એવી તે પર્યાયની શક્તિ છે.

(૭) કોઈપણ તેની પર્યાય હોય, ચાહે તો કેવળજ્ઞાન કે મોક્ષની પર્યાય હો પણ તેની મુદત એક સમયની હોવાથી તે નષ્ટ થવા યોગ્ય છે. સમસ્ત પર્યાયો નષ્ટ થવા યોગ્ય છે સંવરની પર્યાય હો તો પણ તે નષ્ટ થવા યોગ્ય છે. અને ત્રિકાળી તત્ત્વ તો છે એમ ને એમ સદાય છે. તેથી સમસ્ત નાશવાન ભાવોથી ધ્રુવ સામાન્ય વસ્તુ દૂર છે, ભિન્ન છે દૂર એટલે સત્યાચળ ને વિંધ્યાચળ પર્વતની જેમ ભિન્ન ભિન્ન ક્ષેત્ર છે એમ નહીં, પણ પર્યાયમાં ધ્રુવ નથી ને ધ્રુવમાં પર્યાય નથી. તેથી નાશવાન ભાવોથી ધ્રુવ સામાન્યવસ્તુ દૂર છે.

(૮) જેમ દર્પણની સ્વચ્છતા દર્પણને બતાવે છે અને અગ્નિની જ્વાળા આદિને પણ દર્શાવે છે. તો પણ દર્પણમાં દેખાતો સ્વ-પરના આકારનો પ્રતિભાસ-પ્રતિબિંબ તે દર્પણની સ્વચ્છતાની જ અવસ્થા છે. તે કાંઈ અગ્નિની અવસ્થા નથી, પ્રતિબિંબિત વસ્તુની અવસ્થા નથી વળી જેવા પદાર્થો દર્પણની સામે હોય તેવું પ્રતિબિંબ દેખાડવું તે દર્પણની સ્વચ્છતાનો સ્વભાવ હોવાથી પ્રતિબિંબિત પદાર્થોને લીધે પ્રતિબિંબ પડતું નથી પણ દપર્ણની સ્વચ્છતાને લીધે જ પ્રતિબિંબ પડે છે. તેવી રીતે જ્ઞાતૃતા તે આત્માની જ છે અર્થાત્ સ્વ-પરને જાણનાર જ્ઞાનસ્વરૂપ આત્મા છે અને ભાવકર્મ દ્રવ્યકર્મ ને નોકર્મ પુદ્‌ગલના પરિણામ છે. જ્ઞાનસ્વરૂપી જ્ઞાયકને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને તેનું જ્ઞાન કરવું તથા પરજ્ઞેયોને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને તે સંબંધીનું જ્ઞાન થવું તે જ્ઞાનનો સ્વતઃસિદ્ધ સ્વભાવ જ છે. પરદ્રવ્યો છે માટે તેનું જ્ઞાન થયું એવો પરતંત્ર સ્વભાવ જ નથી.

(૯) પ્રાપ્ય, વિકાર્ય ને નિર્વર્ત્ય એવું વ્યાપ્ય લક્ષણવાળું પુદ્‌ગલદ્રવ્યના પરિણામસ્વરૂપ કર્મ એટલે કે ભક્તિ, પૂજા, દયા, દાન આદિના શુભ પરિણામો તેની આદિ-મધ્ય-અંતમાં પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને પરિણમે છે, ગ્રહણ કરે છે ને ઊપજે છે. આહાહા! રાગાદિ પરિણામમાં પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને રાગરૂપે પરિણમે છે, રાગને ગ્રહણ કરે છે, રાગરૂપે ઊપજે છે. જીવ એ રાગની આદિ-મધ્ય-અંતમાં વ્યાપક થઈને પરિણમતો નથી, ગ્રહણ કરતો નથી કે રાગરૂપે ઊપજતો નથી. કેમ કે જીવ તો એકલો જ્ઞાયકભાવ સ્વરૂપ છે, એ જ્ઞાયકભાવ દયા-દાન-ભક્તિ આદિ રાગરૂપ એવા પુદ્‌ગલેકર્મને કેમ કરે? ભક્તિ-વિનય-વૈયાવ્રત આદિના ભાવની આદિ-મધ્ય-અંતમાં પુદ્‌ગલદ્રવ્ય વ્યાપક થઈને રાગને કરે છે. આહાહા! ત્રણલોકનો નાથ ચૈતન્યસ્વભાવ એ રાગાદિ પરિણામને કરતો નથી. જ્ઞાયક પ્રભુ એ રાગાદિ પરિણામમાં વ્યાપતો નથી. ચારિત્રમોહની નબળાઈથી પણ જીવ રાગાદિ ભાવને કરતો નથી-એમ અહીં એકલા દ્રવ્યસ્વભાવને સિદ્ધ કરવો છે. અરે પ્રભુ! કયાં તારી મહાનતા ને કયાં વિભાવની તુચ્છતા? તુચ્છ એવા વિભાવભાવ તારાથી કેમ થાય? તું તો જાણન સ્વભાવી છો. તારાથી વિકાર કેમ થાય? આહાહા! દ્રવ્યદૃષ્ટિના સમયસારના કથનો અલૌકિક છે.

(૧૦) રોગના કાળે રોગ થયા વિના રહેશે જ નહિ. ઈન્દ્ર ઉપરથી ઉતરે તો પણ રોગ થયા વિના રહેશે નહિ લે! અને રાગના કાળે રાગ પણ થયા વિના રહેશે નહીં લે ! હવે તારે નજર કયાં કરવી છે? સ્વભાવ ઉપર નજર નાખવી એ જ સંતોષ અને શાંતિનો ઉપાય છે.

# ૮ દૃષ્ટિના નિધાન

## (નવ બોલ)

(૧) પુરુષાર્થ કરવાની કળ અંદર સૂઝી જાય તો માર્ગ મળ્યે જ છૂટકો.

(૨) કળ એટલે પોતાનો જે સ્વભાવ છે તેને ઓળખીને અંતરમાં પોતે પોતાને ગ્રહણ કરવું તે.

(૩) પોતે પોતાને જ પકડી શકે, બીજો કોણ પકડાવે?

(૪) અનેક જાતની વિભાવપર્યાયો વચ્ચે રહેનારો આત્મા શાશ્વત છે, તેને સૂક્ષ્મ થઈને જો.

(૫) પ્રજ્ઞા છીણી વડે પોતે પોતાને પરથી ને રાગાદિ વિભાવોથી જુદો પાડે. (ભેદજ્ઞાન)

(૬) પોતે સૂક્ષ્મ દૃષ્ટિ કરે, પોતે પોતાને જૂએ, ધીરે થઈ પોતે પોતાની પરિણતિને પોતા તરફ દોડાવે.

(૭) એવું કોઈ જ્ઞાન ને વિરકિત પ્રગટ થાય કે જેથી પોતે પોતાને ગ્રહણં કરે.

(૮) એવી જાતની દૃષ્ટિ, એવી જાતનું જ્ઞાન અને એવી જાતની વિરકિત પ્રગટ કરે કે જેથી પરિણતિનો વેગ પોતા તરફ વળીને પોતે પોતાને ગ્રહણ કરે.

(૯) કળ પોતે જ પોતાને અંદરથી સુઝાડી શકે એમ છે.

**સાર :** ગુરુદેવે જે માર્ગ બતાવ્યો છે તે માર્ગે ચાલવાથી અંદર જ્ઞાન ને આનંદ વગેરે બધું પ્રગટ થાય છે.

ગાગરમાં સાગરવત્ સમસ્ત જિનાગમનો સાર ખાસ ચૂંટેલા આ દૃષ્ટિના નિધાન દરેક મુમુક્ષુએ ખાસ અભ્યાસ કરવા જેવા છે.

## (ચૂંટેલા બોલ-દૃષ્ટિના નિધાન પુસ્તકમાંથી)

(૧) પોતાની ભૂમિકાને યોગ્ય થતાં વિકારી ભાવોને જે છોડવા માગે છે તે પોતાની વર્તમાન ભૂમિકા સમજી શક્યો નથી, માટે તેનું જ્ઞાન મિથ્યા છે. અને જેને વર્તતા વિકારી ભાવોનો નિષેધ આવતો નથી પરંતુ મીઠાશ વેદાય છે તો એ પણ વસ્તુ સ્વરૂપ સમજયો નથી. તેથી તેનું જ્ઞાન મિથ્યા છે. જ્ઞાનીને તો રાગને રાખવાની ભાવના હોતી નથી અને રાગને ટાળવાની આકુળતા હોતી નથી. (૪૫૫)

(૨) જેટલા વિકલ્પો ઊઠે ઈ બધામાં કાંઈ માલ નથી. ઈ બધા દુઃખના પંથ છે, બધા વિકલ્પો હેરાન કરનારા છે એમ એને નિર્ણય થાય તો આત્મા તરફ પ્રયત્ન કરે. (૨૫૦)

(૩) પોતાના ભગવાન સાથે જીવે તકરાર માંડી છે અને સુખને માટે બીજે ભટક્યા કરે છે. (૪૧૮)

(૪) અહો! એણે ચૈતન્યને આળ નાખ્યા છે એથી પરમેશ્વરને પરિભ્રમણ થયું, એની પ્રભુતા હણાઈ ગઈ! (૨૩૦)

(૫) પરથી એકત્ત્વ એ જ અનાદિનો એક જ રોગ છે અને એનું જ એને દુ:ખ છે. પરથી વિભક્ત-ભેદજ્ઞાન એ એક જ ઉપાય છે. બસ આખા સમયસારમાં પહેલેથી ઠેઠ સુધી આ એક જ વાત છે. (૪૬૮)

(૬) બધી વાત કરીને કહેવું છે એક જ દ્રવ્ય સન્મુખ થા, પહેલાં રુચિથી અને પછી પુરુષાર્થથી; આ બધી એની ટીકા છે. (૪૫૩)

(૭) પરમાણુ શુદ્ધ થયા પછી પાછો અશુદ્ધ થઈ જાય છે, ને જીવ શુદ્ધ થયા પછી શુદ્ધ જ રહે છે. એટલે પરમાણુ બંધસ્વભાવી જ છે અને જીવ મોક્ષસ્વભાવી જ છે. પરમાણુમાં શુદ્ધ થવાની યોગ્યતા છે ને જીવમાં બંધ થવાની યોગ્યતા છે. (૪૧૪)

(૮) સૌના પરિણામની જવાબદારી સૌના માથે છે. (૪૨૩)

(૯) મિથ્યાત્ત્વ એ જ મોટામાં મોટો કષાય છે, તત્ત્વનિર્ણય કરતાં કરતાં તે મંદ થતું જાય છે. નિર્ણય પૂરો થઈ ગયો એટલે તેનો અભાવ થઈ જશે. (૪૫૧)

(૧૦) વસ્તુમાં રાગ-દ્રેષ અને મિથ્યા શ્રદ્ધાની ગંધ જ નથી. શક્તિમાં તો એકલું સિદ્ધપદ જ પડયું છે. એની દૃષ્ટિ થતાં, પર્યાયમાં એનું જ એનલાર્જ થાય છે. (૪૬૪)

(૧૧) રોગના કાળે રોગ થયા વિના રહેશે જ નહિ. ઈન્દ્ર ઉપરથી ઊતરે તો પણ થયા વિના રહેશે નહિ લે! અને રાગના કાળે રાગ પણ થયા વિના રહેશે નહિ લે! હવે તારે નજર કયાં કરવી છે? સ્વભાવ ઉપર નજર નાખવી એ જ સંતોષ અને શાંતિનો ઉપાય છે. (૪૭૬)

(૧૨) અંતરમાં દૃષ્ટિ લગાવવી એ જ આત્માનો ખોરાક. શ્રદ્ધા-જ્ઞાનનો વારંવાર અભ્યાસ કરવો એ જ આત્માનો ખોરાક છે. (૪૪૯)

(૧૩) અજ્ઞાનીની ભૂલ હોય તે જાણવી પણ તેથી તેનો તિરસ્કાર ન હોય, એ પણ ભગવાન આત્મા છે ને! ઈ બિચારા અજ્ઞાનથી દુ:ખી છે. દુ:ખમાં બળ્યા-જળ્યાનો તિરસ્કાર કરવો ઈ ધર્મીનું કામ નથી. (૩૧૫)

(૧૪) સમ્યક્ સન્મુખ જીવ રાગને પોતાનો અપરાધ છે તેમ જાણે છે અને અંદર ઉતરવા માટે રાગ તે મારું સ્વરૂપ નથી ,રાગ તે હું નથી તેમ જાણીને તેનું લક્ષ છોડી અંદરમાં ઉતરવાનો પ્રયત્ન કરે છે. (૩૭૭)

(૧૫) એક, બે ઘડી શરીરાદિ મૂર્તિકદ્રવ્યોનો પાડોશી થઈને જ્ઞાયકભાવનો અનુભવ કર. જેમ રાગને પુણ્યનો અનુભવ કરે છે એ તો અચેતનનો અનુભવ છે, ચેતનનો અનુભવ નથી. માટે એકવાર મરીને પણ, શરીરાદિનો પાડોશી થઈને, ઘડી બે ઘડી પણ જ્ઞાયકભાવનું લક્ષ કરીશ તો તુરત આત્માને રાગની ભિન્નતા થઈ જશે અને જેવું તારું આત્મસ્વરૂપ છે તેવો અનુભવ થશે. (૩૬૪)

(૧૬) જે ઘરે ન જવું હોય તેને પણ જાણવું જોઈએ. એ ઘર પોતાનું નથી પણ બીજાનું છે તેમ જાણવું જોઈએ, તેમ પર્યાયનો આશ્રય કરવાનો નથી, તેથી તેનું જ્ઞાન પણ નહી કરે તો એકાન્ત થઈ જશે ,પ્રમાણ જ્ઞાન નહિ થાય. પર્યાયનો આશ્રય છોડવા યોગ્ય હોવા છતાં તેનું જેમ છે તેમ જ્ઞાન તો કરવું પડશે, તો જ નિશ્ચયનયનું જ્ઞાન સાચું થશે. (૩૬૨)

(૧૭) શ્રદ્ધા એવી હોય કે રાગને ઘટાડે! જ્ઞાન એવું હોય કે રાગને ઘટાડે, ચારિત્ર એવું હોય કે રાગને ઘટાડે! શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. ક્રમબદ્ધની શ્રદ્ધા પણ એને કહેવાય કે જે રાગને ઘટાડે, દૃષ્ટિ પર જ્ઞાયક પર જાય. ક્રમબદ્ધની શ્રદ્ધામાં અકર્તાપણું આવે છે. જે થાય તેને કરે શું? જે થાય તેને જાણે છે. જાણનાર રહેતાં; જ્ઞાતા રહેતાં, રાગ ટળતો જાય છે ને વીતરાગતા વધતી જાય છે. વીતરાગતા વધવી એ જ શાસ્ત્રનું તાત્પર્ય છે. (૩૫૯)

(૧૮) રાગનો અને સંયોગનો અંદર નિષેધ થાય છે તે શ્રદ્ધા-જ્ઞાનનો પર્યાય છે કે નહિ? કલાક, બે કલાક, ચાર કલાક આની આ વાત રગડાય છે, ઘુંટાય છે. વાંચનમાં, શ્રવણમાં, વિચારમાં, આ જ વાત આવ્યા કરે, ચોવીશે કલાક આ દેહના કામ તે મારા નહિ, રાગના કામ તે મારા નહિ એમ ઘૂંટાયા કરે, એ શ્રદ્ધા-જ્ઞાનમાં કાંઈ આંતરો જ નથી પડયો? એ શું જ્ઞાનની ક્રિયા નથી? પણ બાહ્ય ક્રિયાકાંડના આગ્રહ-વાળાને અંતરના શ્રદ્ધા-જ્ઞાનનું કાંઈ માહાત્મ્ય જ દેખાતું નથી. અરે ભાઈ! આ શ્રદ્ધા-જ્ઞાનનું કાર્ય અંદરમાં સમ્યક્ થતું જાય છે તે ક્રમે કરીને ફટાક વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ સ્વાનુભવ રૂપે થઈ જશે. (૩૬૧)

(૧૯) ભોગના વિકલ્પો કરતાં અનર્થ વિકલ્પો આત્માને બહુ નુકસાનકર્તા છે. ભોગના વિકલ્પો તો અમુક કાળ જ હોય છે. (૩૨૫)

(૨૦) અતીન્દ્રિય અમૃતનો સાગર જ આત્મા છે. એકલા અમૃત જ ભર્યા છે. કેટલાય વિકલ્પોનો ભૂકો કર્યા પછી આની કોર વાળી શકે છે.

આની આ વાત બબ્બે ચચ્ચાર કલાક સુધી સાંભળે છે અને હકાર હકાર આવે છે, રાગનો નિષેધ આવે છે, આનું આ જ ઘૂંટણ ચાલે છે, એ શું કોઈ ક્રિયા નથી? જડની અને રાગની ક્રિયા એ જ ક્રિયા હશે? એનું (જ્ઞાનનું) માહાત્મ્ય આવતું નથી.

આ સત્યનો જ હકાર આવે છે અને રાગનો નિષેધ-નકાર આવે છે. આ જ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ છે.

જગતને અજ્ઞાને લૂંટયું છે ને! એવો કોઈ લૂંટારો જગતમાં નથી, ધોળે દિવસે જગતને લૂંટયું છે. (૩૨૬-૩૨૭-૩૨૮)

(૨૧) સર્વ જીવો સાધર્મી છે. કોઈ વિરોધી નથી. સર્વ જીવો પૂર્ણાનંદને પ્રાપ્ત થાવ! કોઈ જીવો અપૂર્ણ ન રહો, કોઈ જીવો અલ્પજ્ઞ ન રહો, કોઈ જીવો વિરોધી ન રહો, કોઈ જીવો વિપરિત દૃષ્ટિવંત ન રહો. બધા જીવો સત્યના માર્ગે આવી જાવને સુખી થાવ! કોઈ જીવમાં વિષમતા ન રહો. બધા જીવો પૂર્ણાનંદરૂપ પ્રભુ થઈ જાવ. સર્વ જીવો આત્મામાં મગ્ન થાવ! આહાહા! જુઓ જ્ઞાનીની ભાવના! પોતે પૂર્ણાનંદ સ્વરૂપ આત્મામાં મગ્ન થાય છે એટલે સર્વ જીવો પણ પૂર્ણાનંદ સ્વરૂપમાં મગ્ન થઈ સુખાનુભવ કરો એમ કહે છે. (૩૪૪)

(૨૨) અહો! બધા જીવો વીતરાગમૂર્તિ છે. જેવા છો તેવા થાવ. બીજાને મારવા એ તો કયાંય રહી ગયું, બીજાનો તિરસ્કાર કરવો એ પણ કયાંય રહી ગયું, પણ બધા જીવો સુખી થાવ, અમારી નિંદા કરીને પણ સુખી થાવ, અમે જેવા છીએ તેવા જાણીને પણ સુખી થાવ, ગમે તેમ પણ સુખી થાવ!.....પ્રભુનો પ્રેમ તો લાવ ભાઈ! તારે પ્રભુ થવું છે ને! (૨)

(૨૩) શાસ્ત્રોનાં શબ્દો વિના હૈયા ઉકેલ થઈ જવો જોઈએ. ઉપાડ મૂળમાંથી આવવો જોઈએ. બીજું ઓછું સમજાતું હોય તેનું કાંઈ નહીં.....અન્ય સર્વ વિકલ્પો છૂટી જાય અને અદ્ધરથી આત્મા સંબંધી જ વિચારો ચાલ્યા કરે અને વળગ્યા જ રહે. આખી સત્તાનું ઘોલન ચાલે છે. પ્રયોગ તો એણે જ કરવો પડે છે.....વિશ્વાસ આવવો જોઈએ. બીજી બીજી ચિંતાઓ હોય તો આ કયાંથી ચાલે? આનો અભ્યાસ વારંવાર જોઈએ. (૮)

(૨૪) એકવાર પરને માટે તો મરી જવું જોઈએ. પરમાં મારો કાંઈ અધિકાર જ નથી. અરે ભાઈ! તું રાગને ને રજકણને કરી શકતો નથી. એવો જ્ઞાતા દૃષ્ટા પદાર્થ છો. એવા જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવની દૃષ્ટિ કર ચારે બાજુથી ઉપયોગને સંકેલીને એક આત્મામાં જ જા, (૧૪)

(૨૫) આખા સિદ્ધાંતનો સારમાં સાર તો બહિર્મુખતા છોડી અંતર્મુખ થવું તે છે. શ્રીમદ્દે કહ્યું છે ને! ''ઊપેજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર, અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર.'' જ્ઞાનીના એક વચનમાં અનંતી ગંભીરતા ભરી છે. અહો! ભાગ્યશાળી હશે તેને આ તત્ત્વનો રસ આવશે અને તત્ત્વના સંસ્કાર ઊંડા ઉતરશે. (૩૦)

(૨૬) ક્રમબદ્ધ માનનારો આનંદની દૃષ્ટિપૂર્વક રાગને દુ:ખરૂપ જાણે છે, તેને રાગની મીઠાશ ઊડી ગઈ છે. જેને રાગમાં મીઠાશ પડી છે અને પહેલાં અજ્ઞાનમાં રાગને ટાળવાની ચિંતા હતી તે પણ ક્રમબદ્ધ ક્રમબદ્ધ કરીને મટી ગઈ છે તેને તો મિથ્યાત્ત્વની પૃષ્ટિ વધી છે. મિથ્યાત્ત્વને તીવ્ર કર્યું છે. રાગ મારો નથી એમ કહે અને આનંદસ્વરૂપની પૃષ્ટિ નથી તો તેણે તો મિથ્યાત્ત્વને વધાર્યુ છે. ભાઈ! આ તો કાચા પારા જેવું વીતરાગનું સૂક્ષ્મ રહસ્ય છે. અંતરથી પચાવે તો વીતરાગની પૃષ્ટિ થાય અને તેનું રહસ્ય ન સમજે તો મિથ્યાત્ત્વને પુષ્ટ કરે. (૩૨)

(૨૭) એક બાજુ ભ્રમણા છે અને એક બાજુ ભગવાન છે. (૫૪)

વસ્તુ છૂટી છે બસ એને દૃષ્ટિમાં છૂટી પાડવી. પછી ગમે ત્યાં હોય તો પણ છૂટીને છૂટી જ છે. એ જ મોક્ષનો માર્ગ છે, દુ:ખથી છૂટવાનો બીજો માર્ગ નથી.....બીજી વાત રહેવા દે ભાઈ! (૫૫)

(૨૮) જ્ઞાનમાં જેમ જેમ સમજણ દ્વારા ભાવભાસન વધતું જાય છે, તેમ તેમ જ્ઞાનનું સામર્થ્ય વધતું જાય છે અને એ વધતાં જતાં જ્ઞાન-સામર્થ્ય વડે મોહ શિથિલ થતો જાય છે. દર્શનમોહ મંદ પડતો જાય છે. પ્રતિતી, લક્ષ, અનુભવ થતાં જ જ્ઞાન જયાં સમ્યક્‌પણે પરિણમે છે ત્યાં મોહ સમૂળ નાશ પામે છે. જ્ઞાન સિવાય બીજું કોઈ આત્મસિદ્ધિનું સાધન નથી. (૬૮)

(૨૯) આ ચૈતન્યત્વ તો કોઈ અગમ્ય વસ્તુ છે. બહારના વૈરાગ્યથી કે જ્ઞાનના ક્ષયોપશમથી મળી જાય એવી વસ્તુ નથી. અંતરમાં અવ્યકત છતાં અચિંત્ય વસ્તુ પડી છે. એના મહાત્મ્ય પ્રત્યે જાય ત્યારે ગમ્ય થાય.

પરદ્રવ્ય અને આત્માને અત્યંત અભાવ છે એ તો વ્યવહારના નીતિના વચનથી આવે છે. પરંતુ અધ્યાત્મદૃષ્ટિથી તો વિકારને અને આત્માને અત્યંત અભાવ છે. ચૈતન્યનોગોળો વિકારથી ભિન્ન એકલો છૂટો જ પડયો છે એને દેખ! જેમ તેલ પાણીના પ્રવાહમાં ઉપરને ઉપર તરે છે, પાણીના દળમાં પેસતું નથી તેમ વિકાર ચૈતન્યના પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, ચૈતન્યના દળમાં પેસતો નથી. (૭૩ ને ૭૪)

(૩૦) એક બાજુ એક સમયની ભૂલ છે અને એક બાજુ ત્રિકાળી આખો ભગવાન છે. વસ્તુમાં અનંત અનંત ગુણનું મહાન અસ્તિત્ત્વ પડયું છે તેની દૃષ્ટિ કરતાં વિકલ્પ તૂટી જાય છે. પરંતુ વિકલ્પને તોડવા જતાં તો મિથ્યાત્ત્વ થાય છે. (૭૬)

(૩૧) આત્માને સદાય ઊર્ધ્વ એટલે મુખ્ય રાખવો. ગમે તે પ્રસંગ આવે પણ દ્રવ્યસ્વભાવને મુખ્ય રાખવો. શુભાશુભ પરિણામ આવે ભલે, પણ કાયમ દ્રવ્ય સ્વભાવનું ધ્યેય

રાખવું. આત્માને મુખ્ય રાખતાં જે દશા થાય તે નિર્મળદશાને સાધન કહેવાય છે, ને તેનું સાધ્ય કેવળજ્ઞાન કરવું તે છે ને તેનું ધ્યેય પૂર્ણ આત્મા છે. કષાયની મંદતા કે જ્ઞાનના ઉઘાડની મુખ્યતા હશે તેની દૃષ્ટિ સંયોગ પર જશે. આત્માની ઊર્ધ્વતાની રુચિને જિજ્ઞાસા હોય તેના પ્રયાસ થયા વિના રહે જ નહિ. આત્માના અનુભવ પહેલાં પણ સાચી જિજ્ઞાસા હોય તેને અવ્યક્તપણે આત્માની ઊર્ધ્વતા હોય. હજી આત્મા જાણવામાં આવ્યો નથી પણ અવ્યકતપણે ઊર્ધ્વતા થાય અને અનુભવમાં આવે ત્યારે વ્યકત-પ્રગટ ઊર્ધ્વતા થાય. (૯૯)

(૩૨) **પ્રશ્ન :** શુદ્ધ નિશ્ચયનો પક્ષ તો કરવો ને?

**ઉત્તર :** પક્ષ કરવો એટલે શું? અનુભવમાં જતાં પહેલાં એવો પક્ષ આવે છે કે "હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ છું, પુણ્ય-પાપ ભાવ તે હું નહિ"- એવો વિકલ્પ સહિત નિર્ણય પહેલાં આવે છે પણ એ મૂળ પરમાર્થ વસ્તુ નથી. પહેલાં શુદ્ધ નિશ્ચયનયનો પક્ષ આવે છે, હોય છે પણ અંદર સ્વાનુભૂતિથી નિર્ણય કરવો એ મૂળ વસ્તુ છે. (૧૦૭)

(૩૩) ચૈતન્યના લક્ષ વગર જે કાંઈ તે બધું સત્યથી વિપરીત હોય. સમ્યગ્જ્ઞાનની કસોટી ઉપર ચડાવતાં તેની એકય વાત સાચી ન નીકળે. માટે જેને આત્મામાં અપૂર્વ ધર્મ કરવો હોય તેણે પોતાની માનેલી પૂર્વની બધી યે વાતો અક્ષરે અક્ષર ખોટી હતી એમ સમજીને જ્ઞાનનું આખુંય વલણ બદલાવી નાખવું પડે. પણ જો પોતાની પૂર્વની વાતને ઊભી રાખે અને પૂર્વની માનેલી વાતો સાથે આ વાતને મેળવવા જાય તો અનાદિના જે ગોટા ચાલ્યા આવ્યા છે તે નીકળશે નહીં અને આ નવું અપૂર્વ સત્ય તેને સમજાશે નહિ. (૧૧૪)

(૩૪) આત્માની શ્રદ્ધામાં સાત તત્ત્વની શ્રદ્ધા આવી જાય છે, પણ તે છળથી કોઈ સામાન્ય પણે સ્વ-પરને જાણી અથવા આત્માને જાણી કૃતકૃત્યપણું માને તો એ ભ્રમ છે. પુણ્ય-પાપ, દયા-દાનાદિના વિકાર હેય છે, એ જાણ્યા વિના આત્માનું જ્ઞાન સાચું થતું નથી. બંધના ફળને હિતકર માને તે બંધને હિતકર માને છે, આમ કોઈ જીવ માત્ર આત્માને સામાન્યપણે જાણે ને કહે કે મારું કાર્ય પુરું થઈ ગયું તો તે ભ્રમણા છે. (૧૨૦)

રાગથી જુદો છું.....રાગથી જુદો છું.....સ્વભાવથી એકમેક છું.....સ્વભાવથી એકમેક છું.....એવા સંસ્કાર તો પાડ! એવા દૃઢ સંસ્કાર વડે ભેદજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. (૧૨૭)

(૩૫) આજ્ઞા બે પ્રકારે છે. દ્રવ્ય આજ્ઞા અને ભાવ આજ્ઞા. દ્રવ્યઆજ્ઞા માને તો પુણ્યબંધ થાય છે. ભાવ આજ્ઞા સમજવી બહુ મોંઘી છે, ભાવ આજ્ઞા સમયમાત્ર સમજાય તો ભવભ્રમણ ટળી જાય. (૧૫૧)

(૩૬) દર્શનમોહ મંદ કર્યા વિના વસ્તુ સ્વભાવ ખ્યાલમાં આવે નહી અને દર્શનમોહના અભાવ કર્યા વિના આત્મા અનુભવમાં આવે એવો નથી. (૧૫૮)

(૩૭) દેરાણી-જેઠાણી વિગેરે જુદા પડવાના હોય તે પહેલાં એક-બીજાના વાંકા બોલવા લાગે છે, તે તેના જુદા પડવાના લક્ષણ છે. તેમ જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું એ લક્ષણ છે કે જ્ઞાનમાં રાગ પ્રત્યે તીવ્ર અનાદાર ભાવ જાગે છે, તે જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું લક્ષણ છે. આત્મામાં રાગની ગંધ નથી, રાગના જેટલા વિકલ્પો ઊઠે છે તેમાં બળું છું, તેમાં દુઃખ દુઃખ ને દુઃખ છે-ઝેર છે તેમ પહેલાં જ્ઞાનમાં નિર્ણય કરે તો ભેદજ્ઞાન પ્રગટે છે. (૧૭૦)

(૩૮) આ વસ્તુ પ્રયોગમાં લાવવા માટે અંદર મૂળમાંથી પુરુષાર્થનો ઉપાડ આવવો જોઈએ કે હું આવો મહાન પદાર્થ ! એમ નિરાવલંબનપણે કોઈ આધાર વિના અદ્ધરથી વિચારની ધૂન ચાલતાં ચાલતાં એવો રસ આવે કે બહારમાં આવવું ગોઠે નહિ. હજુ છે તો વિકલ્પ,પણ એમ જ લાગે કે આ.....હું આ હું એ ઘોલનનું જોર ચાલતાં ચાલતાં એ વિકલ્પો પણ છૂટીને અંદરમાં ઉતરી જાય છે. (૧૬૭)

(૩૯) કોઈપણ જીવ પોતાની હયાતિ વિના, ક્રોધાદિ થવા કાળે, આ ક્રોધાદિ છે એમ જાણી શકે જ નહિ. પોતાની વિદ્યમાનતામાં જ એ ક્રોધાદિ જણાય છે. રાગાદિને જાણતાં પણ જ્ઞાન.....જ્ઞાન એમ મુખ્યપણે જણાવા છતાં જ્ઞાન તે હું એમ ન માનતાં, જ્ઞાનમાં જણાતા રાગાદિ તે હું એમ રાગમાં એકતાબુદ્ધિથી જાણે છે-માને છે, તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. (૧૮૫)

સત્યની વાત સમજવામાં ટકી રહેવું એ પણ એક પુરુષાર્થ છે.

(૪૦) જિનવાણીનું મહાન લક્ષણ તો એ છે કે રાગની અને નિમિત્તની એકદમ ઉપેક્ષા કરાવે, તે જિનવાણીનું લક્ષણ છે. લાખ વાતની આ વાત છે કે આત્મા વીતરાગ સ્વરૂપ છે, જિનસ્વરૂપ છે, તેનો આશ્રય કરવાથી સંસારનો અંત આવે છે. (૧૯૦)

(૪૧) આત્મશક્તિમાં સ્વભાવમાં ભૂલની ગંધ જ નથી અને પર્યાયની ભૂલને અમે જોતાં નથી. સદોષ દશાને અમે નથી જોતાં, અમે તો પવિત્ર સ્વભાવને જ જોઈએ છીએ. (૨૦૦)

પહેલાં ચારિત્ર દોષ ટાળવા પ્રયત્ન કરે છે તે કરતાં પહેલાં દર્શનશુદ્ધિ માટે પ્રયત્ન કર, તો અંદરમાં જવાનો માર્ગ મોકળો થશે. (૧૮૩)

(૪૨) આ આત્મા એ જ જિનવર છે, અનાદિકાળથી જિનવર છે.આહાહા! અનંતા કેવળજ્ઞાનની વેલડી છે, એના પર એકાગ્ર થવાથી પર્યાયમાં જિનવરના દર્શન થાય છે, પરમાત્મા પ્રગટ થાય છે, તેને સમ્યગદર્શન કહે છે. (૨૦૫)

(૪૩) સમેટ.....સમેટ.....સમેટ, બહારની દૃષ્ટિ સમેટ. તારી દોલત, તારા નિધાન તારી અંદરમાં ભર્યા છે, અંદરમાં જો! અંદરમાં જો! અંદરમાં સુધારસ ઝરે છે-ચૂવે છે ત્યાં દૃષ્ટિને જોડ. (૨૦૭)

(૪૪) વારંવાર આ નિર્વિકલ્પ આત્મા, નિર્વિકલ્પ આત્મા-એમ વારંવાર સાંભળે છે એનો અર્થ જ એ કે ઈ એને રુચે છે. અંદરમાં વિપરીત માન્યતા ઉપર ઘણ પડે છે સંસ્કારના, ઈ નિર્વિકલ્પ થશે જ. સમ્યગ્દર્શનના ધ્યાનથી સમ્યગ્દર્શન થાય છે.

(૪૫) પહેલાં તો પોતાનો વિકલ્પોવાળો માનવો અને પછી વિકલ્પને ટાળવાનો પ્રયત્ન કરવો ઈ જ મોટામાં મોટી વિપરીતતા છે, મિથ્યાત્ત્વ છે. પહેલાં વિકલ્પ વિનાનો છું, એવી દૃષ્ટિ કરે પછી વિકલ્પ છૂટે. (૨૫૭)

ટૂંકમાં તો એવું છે કે તારા ધ્રુવ સ્વરૂપમાં આનંદ ભર્યા છે એમાં દૃષ્ટિ દે!

(૪૬) વૈરાગ્ય તો તેને કહીએ કે પર તરફથી ખસીને જે અંદરની મહાસત્તા તરફ ઢળ્યો છે. જેને રાગમાં રહેવું ગોઠવું નથી, પરદ્રવ્યમાં અટકવું ગમતું નથી અને જે પર્યાય પ્રગટી એટલામાં જ રહેવું પણ જેને ગોઠતું નથી, ધ્રુવ પાટ પડી છે અંદરમાં, એમાં જેને જવું છે એને તો પર્યાયમાં રહેવું પણ ગોઠતું નથી. (૨૪૧)

(૪૭) જેમ દેહ છે તે હેય છે પણ છોડયો જતો નથી, તેમ રાગ છે તે હેય છે પરંતુ પુરુષાર્થની નબળાઈથી છોડયો જતો નથી. (૨૫૮)

(૪૮) અશુભ ઉપયોગ સીધો અગ્નિ સમાન બાળનાર છે. ને શુભ ઉપયોગ તે ઊષ્ણ ઘી સમાન બાળનાર છે. બંને ઉપયોગ તો બાળનાર જ છે. (૨૬૯)

અહાહા! આકરું કામ છે બાપુ! અંદરમાં વૈરાગ્ય! વૈરાગ્ય! આ બધું વિખરાઈ જશે. બહારનું તારામાં નથી ને તારે લઈને આવ્યું નથી. તારામાં ભ્રમણા આવી છે, તેનો નાશ કરવાનો આ કાળ છે. કાળ થોડો છે ને કરવાનું કામ ઘણું છે. (૨૫૯-૬૦)

(૪૯) કર્મની હયાતી છતાં, સંયોગોની હયાતી છતાં, વિકારની હયાતી છતાં, અલ્પજ્ઞતાની હયાતી છતાં જેનો દૃષ્ટિમાં નિષેધ થઈ ગયો, છતાને અછતા કર્યા અને ભગવાન પૂર્ણાનંદ પર્યાયમાં અછતો, અપ્રગટ, છતાં શ્રદ્ધા-જ્ઞાનમાં તેને છતો કર્યો એનું નામ જ અમલ છે. સમ્યગ્દર્શન છે.

(૫૦) જેને એક પ્રતિકુળતામાં સમાધાન કરતાં આવડે છે તેને અનંતી પ્રતિકુળતામાં સમાધાન કરવાની તાકાત છે. મારામાં પ્રતિકુળતા જ નથી, હું તો **આનંદકંદ છું**, એવી દૃષ્ટિ કરતાં સમાધાન થાય છે. (૨૯૪)

# ૯ સંસારનું કારણ અને મુક્તિનો ઉપાય

(૧) હું પરની ક્રિયામાં નિમિત્ત થાઉં ત્યારે પરની ક્રિયા થાય છે-એમ જેની માન્યતા છે તે મિથ્યાદષ્ટિ છે. પર વસ્તુની ક્રિયા તેનાથી સ્વયં થાય છે. તે તેનો નિશ્ચય છે અને તેમાં બીજાનું નિમિત્ત તે વ્યવહાર છે.

(૨) નિશ્ચયના જ્ઞાન વગર વ્યવહારનું પણ સાચું જ્ઞાન હોય નહિ. હું પરને નિમિત્ત થઈ શકું એટલે કે હું નિમિત્ત થઈને બીજાને સાચું સમજાવી દઉં-એવી માન્યતામાં તો વ્યવહારથી નિશ્ચય આવ્યો, એટલે કે પરાશ્રયબુદ્ધિરૂપ મિથ્યાભાવ આવ્યો.

(૩) પરવસ્તુનું કાર્ય તેનાથી જ સ્વયં થાય છે. હું નિમિત્ત થાઉં-એવી અપેક્ષા તેને નથી-એમ નિશ્ચયનું જ્ઞાન સાથે રાખીને, જે વખતે જે નિમિત્ત હોય તેનું જ્ઞાન કરે તો તેમાં નિશ્ચયપૂર્વકનો વ્યવહાર આવ્યો, ત્યાં પરાશ્રયની બુદ્ધિ ન રહી.

(૪) 'હું પરનો કર્તા છું' એવી બુદ્ધિ, અથવા 'હું નિમિત્ત થઈને બીજાને સમજાવી દઉં' એવી બુદ્ધિ અને 'વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પ્રગટે' એવી બુદ્ધિ-એ ત્રણે સમાન છે. ત્રણે અજ્ઞાન છે.

(૫) 'હું બીજાને સમજાવું' એવી રાગની વૃત્તિ ઊઠી, પણ તે રાગને વ્યવહાર ક્યારે કહેવો? અથવા તેને નિમિત્ત ક્યારે કહેવું?

સામા જીવની સમજવાની દશા તેના પોતાથી થાય છે તે તેનો નિશ્ચય છે; જ્યારે તે જીવ પોતે પોતાથી સમજ્યો ત્યારે તેને માટે તે નિશ્ચય, પ્રગટ્યો, અને ત્યારે તે જીવ એમ કહે કે મને અમુક નિમિત્ત હતું, એ વ્યવહાર છે. એ રીતે નિશ્ચયપૂર્વક વ્યવહાર છે, આ તો જે રાગ થયો તેને પરમાં નિમિત્ત ક્યારે કહેવાય તેની વાત કરી.

હવે જે રાગ થયો તે રાગને પોતામાં નિશ્ચયનું નિમિત્ત ક્યારે કહેવાય? અર્થાત્ રાગને વ્યવહાર ક્યારે કહેવાય? તેની વાત છે. શું જે રાગ થયો તે પોતે એમ જાણે છે કે હું પરમાં નિમિત્ત થાઉં છું ? અથવા શું તે રાગ પોતે નિશ્ચયને પમાડે છે? રાગને તો કાંઈ ખબર નથી. પણ તે રાગનો નિષેધ કરીને-રાગનો આશ્રય છોડીને, સ્વભાવના આશ્રયે નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ્યાં ત્યારે સમ્યગ્જ્ઞાન એમ જાણે છે કે પૂર્વે આ રાગ નિમિત્ત હતો, અથવા આ પ્રકારનો વ્યવહાર હતો. એ રીતે નિશ્ચયપૂર્વક વ્યવહાર હોય છે.

(૬) જેમ, રાગથી નિશ્ચય પ્રગટતો નથી તેમ પોતે પરને નિમિત્ત થઈ શકતો નથી. પણ જ્યારે નિશ્ચય પ્રગટ કરે છે ત્યારે રાગને વ્યવહાર કહેવાય છે. અને જ્યારે નિશ્ચયથી

પરનું કાર્ય તેના પોતાથી જ થાય છે ત્યારે બીજાને નિમિત્તપણાનો આરોપ આવે છે. આમાં સ્વાશ્રય અને પરાશ્રયનો મોટો સિદ્ધાંત છે. સ્વાશ્રયદૃષ્ટિ તે સિદ્ધદશાનું કારણ છે અને પરાશ્રયદૃષ્ટિ તે નિગોદદશાનું કારણ છે. અજ્ઞાની એમ માને છે કે હું પરને નિમિત્ત થાઉં, એમાં તો પરાશ્રયભાવ છે. જ્ઞાની એમ જાણે છે કે પર પદાર્થોમાં જ્યારે તેના પાતોના ઉપાદાનનું કાર્ય થાય છે ત્યારે મને નિમિત્ત કહે છે,-એમાં તો સ્વાશ્રયપણું ટકાવી રાખીને સ્વ-પરનું જ્ઞાન કર્યું, ઉપાદાન સહિત નિમિત્તનું જ્ઞાન યથાર્થ છે, પણ નિમિત્તના આશ્રયે ઉપાદાનનું જ્ઞાન યથાર્થ હોય નહિ. જ્યારે રાગનો નિષેધ કરીને સ્વભાવના લક્ષે નિશ્ચય પ્રગટ કર્યો ત્યારે રાગને ઉપચારથી વ્યવહાર કહ્યો. અથવા તો સ્વભાવના આશ્રયભૂત શુદ્ધ ઉપાદાન પ્રગટ્યું ત્યારે રાગાદિને નિમિત્ત તરીકે જાણ્યા.

પણ કોઈ એમ માને કે હું આ રાગ કરું છું તે મને વીતરાગતાનું નિમિત્ત થશે-તો તે મિથ્યાદૃષ્ટિ છે, કેમકે તેના અભિપ્રાયમાં રાગનો આશ્રય છે પણ સ્વભાવનો આશ્રય નથી. તેવી જ રીતે કોઈ એમ માને કે હું જે વ્યવહાર કરું છું તે મને નિશ્ચય શ્રદ્ધા જ્ઞાન પ્રગટવાનું કારણ થશે-તો તે પણ વ્યવહારના આશ્રયમાં અટકેલો મિથ્યાદૃષ્ટિ છે. રાગનો આશ્રય છોડે ત્યારે તેને વ્યવહારનો આરોપ આવે છે, રાગાદિનું લક્ષ છોડીને ઉપાદાન પ્રગટ કરે ત્યારે તેને નિમિત્તપણાનો આરોપ આવે છે. પણ જે રાગ અને નિમિત્તના આશ્રયમાં જ અટક્યો છે તેને તો ઉપચાર પણ હોતો નથી.

(૭) પરનું કાર્ય-જીવન, મરણ, સુખ, દુઃખ ઈત્યાદિ-થતાં પોતાને નિમિત્તનો આરોપ આવે છે. પણ 'હું પરજીવોને સુખ-દુઃખમાં નિમિત્ત થાઉં' એમ જેનું જોર પર તરફ જાય છે તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, તે પરદ્રવ્યની ક્રિયાનો નિશ્ચય ભૂલી જાય છે. પરમાં ક્રમબદ્ધ અવસ્થા સ્વયં થાય છે. તેને બીજાની અપેક્ષા નથી, એ તેનો નિશ્ચય છે. અને તે નિશ્ચયના જ્ઞાન સહિત તે પદાર્થના નિમિત્તનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે.

(૮) પર વસ્તુ બંધનનું કારણ નથી પરંતુ જીવ પોતે સ્વાશ્રય છોડીને પર વસ્તુના આશ્રયે એકત્ત્વબુદ્ધિ કરે છે તે જ બંધનનું કારણ છે. 'હું આત્મા જ્ઞાયક છું' એવી સ્વાશ્રયદૃષ્ટિ જ્યારે ન રહી ત્યારે પર વસ્તુમાં એકત્ત્વબુદ્ધિ થઈ એટલે 'પરને હું નિમિત્ત થાઉં' એમ પર વસ્તુનો આશ્રય કરે છે, પર સાથેનો સંબંધ કરે છે. 'હું પરનો નિમિત્ત થનાર' એટલે કે હું જ્ઞાનભાવ નથી પણ પર તે જ હું છું' એવી અજ્ઞાનીની દૃષ્ટિ છે. 'હું નથી ને પર છે' એવા જ અભિપ્રાયથી પોતાના જ્ઞાન સ્વભાવને ભૂલીને પરનો આશ્રય કરે છે. જે રીતે સ્વભાવનું હોવાપણું છે તે રીતે પોતાના અભિપ્રાયમાં અજ્ઞાનીને બેઠું નથી એટલે પરમાં જ પોતાપણાની મિથ્યા માન્યતા તે કરે છે;

એટલે તેને કોઈપણ પરાશ્રયભાવથી જુદાપણું રહ્યું નથી, તેથી તે જીવ પરાશ્રયભાવથી બંધાય જ છે.

(૯) હું મારા જ્ઞાન સ્વભાવપણે છું ને પરપદાર્થપણે નથી, હું જ્ઞાનભાવ છું અને પરભાવ હું નથી-આમ જેના અભિપ્રાયમાં પોતાનો સ્વભાવ બેઠો છે એવા જ્ઞાનીને ક્યાંય પણ પરાશ્રયબુદ્ધિ રહી નહિ એટલે સ્વાશ્રયભાવે તેની મુક્તિ જ છે. સ્વાશ્રયદૃષ્ટિ અને પરાશ્રયદૃષ્ટિ ઉપર જ મુક્તિ ને બંધનનો આધાર છે. સ્વભાવમાં પરાશ્રયે થતી કોઈપણ વૃત્તિઓ નથી, તેથી જેને સ્વભાવદૃષ્ટિ થઈ તેને કોઈ પણ પરાશ્રય કરવાનો ન રહ્યો એટલે કે સંસાર જ ન રહ્યો. અજ્ઞાનીને સ્વભાવદૃષ્ટિ નથી એટલે 'પરમાં જ હું છું, હું નથી પણ પર તે જ હું છું' એમ તે સ્વને ઉડાડે છે. પોતાનું જે સ્વતંત્ર અસ્તિત્ત્વ છે તે ભાસતું નથી પણ પરનું જ અસ્તિત્ત્વ ભાસે છે એટલે પરમાં 'આ જ હું' એમ પરાશ્રયમાં એકત્ત્વબુદ્ધિ કરે છે. અજ્ઞાનીને 'હું નથી, આ (પર) છે, તેનું હું કરું, તેનો હું નિમિત્ત થાઉં' એવા પ્રકારની પરાશ્રયદૃષ્ટિ છે, પણ સ્વભાવનો આશ્રય નથી, તેથી તેને બંધન જ છે-સંસાર જ છે.

(૧૦) જ્ઞાનીને પોતાના નિરપેક્ષ સ્વભાવની એકત્ત્વબુદ્ધિ પ્રગટી છે અને પરમાં એકત્ત્વબુદ્ધિ નાશ પામી છે, તેથી તેઓ એક સ્વાશ્રિત જ્ઞાનભાવે જ રહે છે, તેમની દૃષ્ટિમાં પરાશ્રિતભાવનો અભાવ છે. અને અજ્ઞાનીની દૃષ્ટિમાં સ્વનો જ અભાવ છે, એટલે તેને કોઈ પણ પ્રકારે પરાશ્રયભાવ જ છે. પરનો હું કર્તા નથી એમ માને પણ પરનો હું નિમિત્ત થાઉં છું-એમ માનીને તે પરાશ્રયદૃષ્ટિ છોડતો નથી.

(૧૧) બધી વસ્તુઓનું પરિણમન સ્વતંત્ર છે, કોઈપણ વસ્તુનું પરિણમન તારા પરિણામોની અપેક્ષા રાખતું નથી, છતાં પણ 'મારા પરિણામો પર વસ્તુને નિમિત્ત થાય' એવી જે એકત્ત્વબુદ્ધિ તે જ અનંત જન્મ-મરણનું કારણ છે. પરમાં નિમિત્ત થવાની દૃષ્ટિ છે તે જ પરાશ્રયદૃષ્ટિ છે.

(૧૨) મિથ્યાદૃષ્ટિને પરમાં એકપણાનો અધ્યવસાય છે કે 'હું પરને સુખી દુઃખી કરી શકું ને પર મને સુખી-દુઃખી કરી શકે ઈત્યાદિ' પર સાથેના સંબંધની અજ્ઞાનીની આ માન્યતા જ સંસાર છે, તે જ અધર્મ છે અને તે જ બંધન છે.

જ્ઞાનીને સ્વાશ્રયદૃષ્ટિ થતાં પર સાથેના સંબંધની માન્યતા છૂટી ગઈ છે, ને વિકાર સાથેના સંબંધનો અભિપ્રાય ટળી ગયો છે, તેને સંસાર નથી, અધર્મ નથી, બંધન નથી. જ્ઞાનીને જે અલ્પ રાગાદિ છે તેનો નિષેધ વર્તતો હોવાથી ખરેખર તેને બંધન નથી.

(૧૩) **પ્રશ્ન :** 'હું પરને નિમિત્ત થાઉં એવી માન્યતામાં શું દોષ છે?

**ઉત્તર :** 'હું પરને નિમિત્ત થાઉં એટલે કે મારી અપેક્ષાથી બીજાની અવસ્થા થાય, બીજા દ્રવ્યો સ્વતંત્ર નથી, પણ તેઓ પરિણમવા માટે મારી અપેક્ષા રાખે એવા પરાધીન છે'-એવી જેની બુદ્ધિ છે. તેણે પરવસ્તુના સ્વતંત્ર સ્વભાવને જાણ્યો નથી. સ્વતંત્ર સ્વભાવનો નિષેધ કર્યો છે. અને વસ્તુના સ્વતંત્ર સ્વભાવને જાણવાનો પોતાના જ્ઞાનનો સ્વભાવ છે, તે જ્ઞાનસ્વભાવને તેણે માન્યો નથી, એટલે તેણે જ્ઞાન સ્વભાવે પોતાની હૈયાતિને સ્વીકારી નથી પણ વિકારસ્વરૂપે જ આત્માની હૈયાતી માની છે, પોતાના આત્માનો જ અભાવ માન્યો છે. આ જ સૌથી મોટો અધર્મ છે, ને એ જ સંસાર છે.

આત્માનો સ્વભાવ બધાને જાણવાનો છે, પણ કોઈને નિમિત્ત થવાનો આત્માનો સ્વભાવ નથી. નિમિત્ત નૈમિત્તિકભાવ વર્તમાન એક જ સમય પૂરતો છે, તેને જે પોતાનું સ્વરૂપ માને છે તે પર્યાયમૂઢ મિથ્યાદૃષ્ટિ છે. બધાયને જાણનાર સળંગ જ્ઞાનસ્વભાવી હું છું-એમ ન માનતાં, એક પણ ઠેકાણે મારા નિમિત્તની અપેક્ષા છે એમ જેણે માન્યું છે તેણે ત્રણકાળના બધાય પદાર્થોની સ્વતંત્રતાને ઉડાડી છે, અને બધાને જાણનાર પોતાનો સર્વજ્ઞ સ્વભાવ તેને પણ ઉડાડ્યો છે, તેને સર્વજ્ઞ ભગવાનની શ્રદ્ધા નથી, સર્વજ્ઞ ભગવાને શું કહ્યું તેની પણ શ્રદ્ધા નથી. 'પર વસ્તુઓ પરાધીન છે, પરવસ્તુઓને મારી અપેક્ષા છે-' એમ અજ્ઞાની માને ભલે, પણ તેથી કાંઈ પર વસ્તુ પરાધીન થઈ જતી નથી, માત્ર તે અજ્ઞાનીને તેના ઊંધા અભિપ્રાયથી અનંત સંસારભાવ વધે છે.

'પરવસ્તુના કામમાં હું નિમિત્ત થાઉં છું એટલે કે પર વસ્તુઓને મારી અપેક્ષા છે, મારા દયાના શુભ પરિણામ હોય તો પર જીવ બચી જાય, મારા શુભ પરિણામ હોય તો સત્ય ભાષા બોલાય' એવા પ્રકારની માન્યતા તે અજ્ઞાન છે. અજ્ઞાનને લીધે જ તેને પરનું કરવાપણું અને પર સાથેનો સંબંધ દેખાય છે. ખરેખર એમ છે નહિ.

સમયસાર ૩૧માં શ્લોકમાં આચાર્યદેવ કહે છે કે-'આ અજ્ઞાનને પામીને જે જીવો પરથી પરનાં મરણ, જીવન, સુખ, દુઃખ દેખે છે અર્થાત્ માને છે તેઓ અહંકાર-રસથી કર્મ કરવાના ઈચ્છુક છે અને તેઓ નિયમથી મિથ્યાદૃષ્ટિ છે, પોતાના આત્માનો જ તેઓ ઘાત કરે છે. ઊંધી માન્યતાને લીધે, જેવું સ્વરૂપ છે તેવું દેખાતું નથી. પણ બધું ઊંધું જ ભાસે છે. એકબીજાનું કાંઈ કરે એવું વસ્તુસ્વરૂપ છે નહિ. છતાં અજ્ઞાનને લીધે જ અજ્ઞાનીને તેવું ભાસે છે. મારે લીધે પરને કાંઈ થાય, ને પરને લીધે મને કાંઈ થાય-એમ અજ્ઞાનથી જ દેખાય છે. આ જગતમાં જે કાંઈ બંધન છે અને દુઃખ છે તે અજ્ઞાનથી જ છે. જ્ઞાનીને બંધ નથી-દુઃખ નથી.

(૧૪) જેને પરથી જુદા પોતાના જ્ઞાયકસ્વભાવની ખબર નથી તે જીવ જે જે પદાર્થને જુએ છે તે તે સર્વ પદાર્થોમાં પોતાપણાની માન્યતાથી જુએ છે, એકપણાનો અધ્યવસાય રાખીને જ જોતો હોવાથી તેને બધું ઊંધું દેખાય છે. જે વસ્તુને જુએ તે વસ્તુરૂપે જ પોતાને માની લે છે, પણ વસ્તુ એમ નથી. ફક્ત અજ્ઞાનથી જ એમ ભાસે છે. જો અજ્ઞાન છોડીને જ્ઞાનભાવથી જુએ તો સ્વતંત્રતા ભાસે. અજ્ઞાનને લીધે જ સ્વતંત્રતા ભાસતી નથી. આ લાકડું ઊંચું થયું. ત્યાં 'આ હાથે લાકડાને ઊંચું કર્યું' એમ અજ્ઞાનથી જ ભાસે છે, બે દ્રવ્યોની એકતારૂપ માન્યતાથી જ એમ લાગે છે. જ્ઞાનીઓને સમ્યગ્જ્ઞાનથી એમ ભાસે છે કે લાકડું તે વખતના પોતાના પર્યાયના સ્વભાવથી જ ઊંચું થયું છે, હાથને લીધે થયું નથી. તેવી જ રીતે મારા હિંસા કે દયાના ભાવને લીધે પર જીવ મર્યો કે બચ્યો ઈત્યાદિ પ્રકારની જેટલી માન્યતાઓ છે તે સર્વે અજ્ઞાનને લીધે જ છે. બધા ય જીવો પોતપોતાની તે વખતની સ્વતંત્ર અવસ્થાથી જ સુખી કે દુઃખી થાય છે. પોતા સિવાય બીજા સર્વે પદાર્થોની જે જે અવસ્થા થાય છે તે બધા ય પરદ્રવ્યોના ભાવો છે, પોતાના ભાવો નથી. પોતાવડે પરદ્રવ્યોના ભાવોને કરી શકવા અશક્ય છે. માટે, અજ્ઞાનીના અધ્યવસાયનો 'પરમાં કાંઈક કરું' એવો જે આશય છે તે મિથ્યાત્વ છે, અને તે જ બંધનું કારણ છે.

જેમ આકાશને ફૂલ હોતાં જ નથી તેથી, 'હું આકાશના ફૂલોને ચૂંટું છું' એવો અભિપ્રાય મિથ્યા છે, ખોટો છે, જુઠો છે, નિરર્થક છે. જીવની જે ખોટી માન્યતા છે તે માન્યતા પ્રમાણે પરમાં બનતું નથી માટે તે ખોટી માન્યતા પરમાં નિરર્થક છે અને તે ખોટી માન્યતા પોતામાં અનર્થક છે; પોતાના આત્માને અનંત સંસારમાં રખડાવવા માટે તે માન્યતા સાર્થક છે, પણ પરમાં તો તદ્દન નિરર્થક છે.

(૧૫) **પ્રશ્ન :** નિશ્ચયથી તો પરનું કાંઈપણ કરી ન શકાય એ વાત સાચી છે, પણ વ્યવહારથી તો પરનું કરી શકાય છે ને?

**ઉત્તર :** નિશ્ચય પોતામાં અને વ્યવહાર પરમાં-એવું કાંઈ નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ નથી. કોઈપણ રીતે પરદ્રવ્ય સાથેની એકતાનો અભિપ્રાય છોડવો નથી તેથી અજ્ઞાની જીવ એમ માને છે કે વ્યવહારથી તો પરનું કરાય. જ્ઞાની કહે છે કે ભાઈ, 'વ્યવહારથી પણ પરનું કાંઈ 'તું કરી શકતો નથી. વ્યવહાર શું કહેવાય તેનું પણ તને જ્ઞાન નથી. જ્યાંસુધી પર સાથેના સંબંધનો અભિપ્રાય ઊભો છે ત્યાંસુધી વ્યવહારની પણ ખબર પડશે નહિ.

પર પદાર્થનું કામ તેના પોતાથી થયું તે તો તે પદાર્થનો નિશ્ચય છે અને તેના કાર્ય વખતે નિમિત્તરૂપ બીજા પદાર્થની હાજરીને તેનું નિમિત્ત કહેવું તે તેનો વ્યવહાર

છે. એટલે કે દરેકે દરેક પદાર્થ સ્વતંત્ર છે, નિરપેક્ષ છે, તે નિશ્ચય છે અને એક પદાર્થમાં બીજા પદાર્થનું નિમિત્ત કહેવું તે વ્યવહાર છે. પરંતુ એક પદાર્થમાં બીજા પદાર્થે કાંઈ કર્યું એમ માનવું તે વ્યવહાર નથી, તે તો અજ્ઞાન છે.

(૧૬) **પ્રશ્ન :** વ્યવહારથી પરનું કાંઈ કરી ન શકે, પણ 'મેં પરનું કર્યું' એમ વ્યવહારથી બોલાય તો ખરું ને?

**ઉત્તર :** બોલવાની ક્રિયા તો જડની છે, ભાષા જડ છે. બોલવા પર જેની દૃષ્ટિ છે તે અજ્ઞાની છે. જ્યારે બોલાય છે ત્યારે અંતરનો અભિપ્રાય સાચો છે કે ખોટો તે ઉપર જ ધર્મ-અધર્મનું માપ છે. જો સાચો અભિપ્રાય હોય તો ધર્મ છે, ખોટો અભિપ્રાય હોય તો અધર્મ છે. અંતરના અભિપ્રાયને તો દેખતો નથી અને 'આમ બોલાય ને તેમ બોલાય' એમ ભાષાને વળગે છે તે બહિરદૃષ્ટિ છે.

(૧૭) એક સમયનો પરાશ્રયભાવ તે જ સંસાર છે, ત્રિકાળી આત્મસ્વભાવમાં તે નથી. સ્વભાવ પોતે પોતાના જ આશ્રયે ટકનાર છે, વિકારભાવનો આશ્રય પણ સ્વભાવને નથી તો પરવસ્તુનો આશ્રય તો હોય જ કયાંથી? મારે પરવસ્તુનો આશ્રય નથી ને પરવસ્તુને મારો આશ્રય નથી-આવી દૃષ્ટિમાં સંસાર રહ્યો નહિ.

વિકાર કદી પરાશ્રય વગર હોય નહિ, જ્યાં પરાશ્રયનો જ અભિપ્રાય ટળ્યો ને સ્વાશ્રય કર્યો ત્યાં કોના આશ્રયે વિકાર થાય ? એટલે જ્ઞાનીને સ્વાશ્રયદૃષ્ટિમાં મુક્તિ જ છે. અને 'મેં પરનું કર્યું, વ્યવહારથી હું પરનું કરું' એવા અજ્ઞાનીના અભિપ્રાયમાં પરમાં એકત્ત્વબુદ્ધિરૂપ મિથ્યાત્ત્વભાવ ભરેલો છે. હું પરને નિમિત્ત થાઉં એટલે શું? એનો અર્થ એ થયો કે મારું લક્ષ સ્વાશ્રયમાં ન ટકે પણ કયાંક પરમાં લક્ષ જાય, મારો રાગ પરમાં વળે અને હું તે પરનો નિમિત્ત થાઉં, ત્યારે તે પરની અવસ્થા થાય-આવી અજ્ઞાનીની બુદ્ધિમાં રાગ સાથે અને પર સાથે એકતા ઊભી છે. તેને કયાંયથી છૂટા પડવાનો અભિપ્રાય નથી.

હું તો જ્ઞાનરૂપ છું, જ્ઞાનનું કાર્ય માત્ર જાણવાનું જ છે, પણ રાગ કરીને પરને નિમિત્ત થવાનું કામ જ્ઞાનનું નથી. જ્ઞાન સ્વભાવ તો પરથી નિરપેક્ષ છે-આમ જે પોતાના સ્વભાવને નથી જાણતો, અને પર સાથેની લપ ઊભી કરે છે તે જીવ સાચા જ્ઞાન પરિણામને ઓળખતો નથી, અને દેવ-ગુરુ-શાસ્ત્રના કથનનું જે મૂળ પ્રયોજન છે તેને પણ તે સમજતો નથી. એકલો નિરપેક્ષ જ્ઞાનભાવ બતાવવાનું જ જ્ઞાનીઓનું પ્રયોજન છે. એ જ્ઞાનભાવને સમજ્યા વગર અહિંસા-હિંસાદિના જે કોઈ શુભ કે અશુભ પરિણામ કરે તે બધાય ફક્ત પોતાને જ અનર્થનું કારણ થાય છે, પરમાં તો તેનાથી કિંચિત્ માત્ર થતું નથી. હિંસા કે અહિંસાના જે શુભ-અશુભ પરિણામ છે

તે ખરેખર સંસારનું મૂળ કારણ નથી પણ તે પરિણામમાં એકત્ત્વબુદ્ધિ જ સંસારનું મૂળ કારણ છે. શુભ પરિણામમાં એકત્ત્વબુદ્ધિ વગર તેનાથી ધર્મ માને જ નહિ. અને હું પરને મારી-બચાવી શકું એમ પરમાં એકત્ત્વબુદ્ધિ વગર માને જ નહિ.

હું પરને સુખી કરી દઉં-એવી માન્યતાથી પર જીવ તો કાંઈ સુખી થઈ જતા નથી પણ તે માન્યતાથી પોતે જ દુઃખી થાય છે. પરનું ભલું કરવાની માન્યતાથી માત્ર પોતાનું જ અનર્થ જ થાય છે, પરનું તો કાંઈ થતું જ નથી. પરનું ભલું-બુરું તેના પોતાના પરિણામને આધીન છે.

(૧૮) જેનો વિષય ન હોય તે નિરર્થક છે, એટલે કે જીવ જે પ્રમાણે માનતો હોય તે પ્રમાણે જો વસ્તુસ્વરૂપ ન હોય તો તેની માન્યતા નિરર્થક છે, મિથ્યા છે. અજ્ઞાનીની એવી માન્યતા છે કે હું પરજીવોનું કંઈક કરું. પણ પોતે પર જીવોનું કાંઈ કરી શકતો નથી, માટે તેની માન્યતા નિરર્થક હોવાથી મિથ્યા છે, અને તે જ બંધનું કારણ છે. શું પર વસ્તુની પર્યાયનું પરિણમન તારી અપેક્ષા રાખે છે કે ? કે તે પોતે પોતાના દ્રવ્યત્ત્વની અપેક્ષાથી જ પરિણમે છે ? એ દ્રવ્ય એના પોતાથી સ્વતંત્રપણે પરિણમતું હોવા છતાં તું એમ માન કે તેના પરિણમનમાં મારી અપેક્ષા છે-તો તારી તે માન્યતા તને જ દુઃખનું કારણ છે. તારી પરમાં એકત્ત્વબુદ્ધિ જ સંસાર છે. તારો જે અભિપ્રાય છે તે પ્રમાણે વસ્તુમાં તો બનતું નથી. પરનું કરવાનો તારો અભિપ્રાય અને પરિણામ તો વ્યર્થ જાય છે-નિરર્થક છે, ખોટાં છે અને તને જ તે બંધનું કારણ છે.

આ ઉપરથી એ સિદ્ધ થયું ચાર પ્રકારની બુદ્ધિ પરમાં એકત્ત્વબુદ્ધિ, પરમાં મમત્ત્વબુદ્ધિ પરમાં કર્તૃત્ત્વબુદ્ધિ અને ભોક્તૃત્વબુદ્ધિ-એ ચારેય બુદ્ધિ એ મિથ્યા માન્યતા છે અને તે મિથ્યાત્ત્વ જ બંધનું-અનંત સંસારનું કારણ છે. આ તો વસ્તુસ્વરૂપના સિદ્ધાંતની વાત છે. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે, એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ.

(૧૯) આત્મા અને પરવસ્તુઓ જુદાં છે. આત્મા પોતાના સ્વભાવનો આશ્રય છોડીને જે ઊંધી માન્યતા કરે છે તેમાં પરનો આશ્રય છે. અર્થાત્ પરમાં એકાકાર બુદ્ધિથી મિથ્યાત્ત્વ થયું છે. પરંતુ તેની મિથ્યા માન્યતાનો કોઈ વિષય નથી અર્થાત્ તેની મિથ્યામાન્યતા પ્રમાણે વસ્તુનું સ્વરૂપ નથી. જગતમાં પરવસ્તુઓ છે ખરી, પરંતુ અજ્ઞાનીના અભિપ્રાય મુજબ તેનું સ્વરૂપ નથી. પરની અપેક્ષા રાખે એવું વસ્તુસ્વરૂપ નથી. આમ નિરપેક્ષ વસ્તુસ્વરૂપને સમજીને પરાશ્રય છોડી સ્વાશ્રયમાં ટકવું તે જ મુક્તિનો ઉપાય છે.

(૨૦) **પ્રશ્ન :** 'પરને હું સુખી કરી શકું' એવી અમારી માન્યતા ભલે ખોટી હોય, પણ પરને સુખી કરવાના અમારા ભાવ છે તે તો સારા છે ને?

**ઉત્તર :** તારો સ્વભાવ જેમ હોય તેમ માત્ર જાણવાનો છે, તેને બદલે, હું જાણનાર નહિ પણ પરનો કરનાર એવા અભિપ્રાયથી તું તારા આત્માને જ હણી નાખે છે. 'હું પરને સુખી કરું' એવા તારા ભાવ તારા આત્માને અનંત દુઃખનું કારણ છે, તો તે ભાવને સારા કોણ માને? પહેલાં તું વસ્તુ સ્વરૂપ સમજીને તારો અભિપ્રાય તો સાચો કર, સાચો અભિપ્રાય થયા પછી શુભ કે અશુભ ભાવ આવશે તેનું કર્તાપણું તને નહિ રહે, અને તેમાં એકત્વબુદ્ધિ નહિ થાય. માટે સૌથી પહેલાં બધાય પરનો આશ્રય છોડીને બધાયથી નિરપેક્ષ તારા સ્વભાવને સમજ.

'સામો જીવ એની મેળે સમજવાનો છે અને તેમાં હું નિમિત્ત થવાનો છું તેથી તેને નિમિત્ત થવા માટે મને આ શુભરાગ થાય છે' આવો જેનો અભિપ્રાય છે તે મિથ્યાદૃષ્ટિ છે. તેને હજી પરાશ્રય દૃષ્ટિ છે, શું પર જીવને નિમિત્ત થવા ખાતર તે રાગ કર્યો છે ? શું સામો જીવ સમજણ માટે તારા શુભરાગની અપેક્ષા રાખે છે? તને જે રાગ થયો છે તે પરને નિમિત્ત થવા માટે થયો નથી પણ તારા જ દોષથી થયો છે. આ બેમાં મોટું અંતર છે. રાગ વખતે, જેની સ્વાશ્રયદૃષ્ટિ છે તે જીવ પોતાના પર્યાયની લાયકાત જુએ છે, અને જેની પરાશ્રિતદૃષ્ટિ છે તે જીવ પરની લાયકાત જુએ છે અને પરના કારણે રાગ માને છે. પરવસ્તુ માત્ર જ્ઞાનનું નિમિત્ત છે તેના બદલે અજ્ઞાની તેના કારણે રાગ માને છે. પોતાનો રાગ પરને નિમિત્ત થવા માટે થતો નથી તેમ જ પરવસ્તુને તે રાગની અપેક્ષા નથી.

પરવસ્તુને સુખ-દુઃખ થવાનાં જ છે અને તેમાં હું જ નિમિત્ત થવાનો છું માટે મને રાગ-દ્વેષ થાય છે'-એવી માન્યતા ખોટી છે.

રાગ કરીને પરનું નિમિત્ત થવાની જેની દૃષ્ટિ છે તેને રાગમાં અને પરમાં જ એકત્ત્વબુદ્ધિ છે. તેને સદાય પર ઉપરના લક્ષે રાગ કર્યા કરવો છે ને પરનું નિમિત્ત થવું છે. પર સાથેનો સંબંધ રાખ્યા કરવો છે પણ પર સાથેનો સંબંધ તોડીને આત્માના સ્વભાવનો આશ્રય કરવો નથી. પર સાથેના સંબંધની દૃષ્ટિ એ જ બંધનું મૂળ છે, ને એ જ સંસારનું કારણ છે, એ જ **મિથ્યાત્ત્વ** છે. એ જ દુઃખનું કારણ છે.

પરની અપેક્ષા રહિત નિજસ્વભાવનો આશ્રય કરી ત્યાં એકાગ્રતા કરતાં પર્યાયમાં સુખ પ્રગટ થાય છે એ જ મુક્તિનું કારણ છે. આત્માની અનુભૂતિ એ જ સુખનું કારણ છે.

**સમ્યગ્દર્શન એ ધર્મનું મૂળ છે,**
**અને સમ્યક્ચારિત્ર એ ખરેખર ધર્મ છે.**

# સ્વાનુભૂતિ

# સ્વાનુભૂતિ

સ્વ એટલે આત્મા....

પોતાના આત્માનો અનુભવ એ જ

સ્વાનુભૂતિ છે.

વર્તમાન જ્ઞાનની પર્યાય પરનો પક્ષ છોડી નિજ ભગવાન આત્મા (જે દ્દષ્ટિનો વિષય છે) તેનો પક્ષ લઈ, તેની રૂચી, પ્રતીતી અને લક્ષ કરે છે અને તેમાં એકાગ્ર થાય છે તો સમયે સમયે તે જ્ઞાનની પર્યાય શુદ્ધાત્માના આશ્રયથી શુદ્ધ થતી જાય છે અને જો આવું ધ્યાન બે ઘડી ધારાવાહી ચાલે તો એ પર્યાય દક્ષ થઈ પૂર્ણ શુદ્ધ થઈ જાય છે અને એ શુદ્ધ જ્ઞાનની પર્યાયમાં ભગવાન આત્મા અપૂર્વ આનંદ સાથે જણાય છે એને જ આત્માનો અનુભવ - સ્વાનુભૂતિ કહેવાય છે, એને જ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે - આ છે સુખની શરૂઆત - ધર્મની શરૂઆત અહીંથી થાય છે.

આત્માનુભૂતિ એ જ જૈન શાસન છે.

# ૧૦ સ્વાનુભૂતિ

## અનુભવ સંબંધી (વિશેષ વાત)

**(૧) અનુભવનું લક્ષણ :**

*વસ્તુ વિચારત ધ્યાવતૈં, મન પામે વિશ્રામ;*
*રસ સ્વાદન સુખ ઊપજે, અનુભવ યાકો નામ.*

**અર્થ :** આત્મપદાર્થનો વિચાર અને ધ્યાન કરવાથી ચિત્તને જે શાંતિ મળે છે તથા આત્મિકરસનો આસ્વાદ કરવાથી જે આનંદ મળે છે તેને જ અનુભવ કહે છે.

**(૨) અનુભવનો મહિમા :**

*અનુભવ ચિંતામણિ રતન, અનુભવ છે રસકૂપ;*
*અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ.*

**અર્થ :** અનુભવ ચિંતામણિ રત્ન છે, શાંતી રસનો કૂવો છે, અનુભવ મોક્ષનો માર્ગ (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ એકતા એક જ મોક્ષ માર્ગ છે) અને તે મોક્ષસ્વરૂપ છે.

**(૩) અનુભવની ઉપમા :**

અનુભવના રસને જગતના જ્ઞાનીઓ રસાયણ કહે છે, અનુભવનો અભ્યાસ એક તીર્થ ભૂમિ છે, અનુભવની ભૂમિ બધા પદાર્થોને ઉત્પન્ન કરનાર છે, અનુભવ નરકમાંથી કાઢીને સ્વર્ગ-મોક્ષમાં લઈ જાય છે, એનો આનંદ કામધેનુ અને ચિત્રાવણી સમાન છે, એનો સ્વાદ પંચામૃતના ભોજન જેવો છે, એ કર્મોનો ક્ષય કરે છે, તેનાથી સંવરપૂર્વક નિર્જરા થાય છે અને પરમપદમાં પ્રેમ જોડે છે, એના જેવો બીજો કોઈ ધર્મ નથી. સંસારમાં પંચામૃત, રસાયણ, કામધેનુ, ચિત્રાવેણી આદિ સુખદાયક પદાર્થ પ્રસિદ્ધ છે તેથી એમના દૃષ્ટાંત આપ્યા છે, પરંતુ અનુભવ એ બધાથી નિરાળો અને અનુપમ છે.

**(૪) પરમાર્થની શિક્ષા :**

પંડીત બનારસીદાસ કહે છે કે હે ભાઈ ભવ્ય! મારો ઉપદેશ સાંભળો કે કોઈપણ ઉપાયથી અને કોઈપણ પ્રકારનો બનીને એવું કામ કર જેથી માત્ર અંતર્મુહતને માટે મિથ્યાત્ત્વનો ઉદય ન રહે, જ્ઞાનનો અંશ જાગૃત થાય, આત્મસ્વરૂપી ઓળખાણ થાય.

જિંદગીભર તેનો જ વિચાર, તેનું જ ધ્યાન, તેની જ લીલામાં પરમરસનું પાન કરો અને રાગ-દ્રેષમય સંસારનું પરિભ્રમણ છોડી તથા મોહનો નાશ કરી સિદ્ધપદ પ્રાપ્ત કરો!

(નાટક સમયસાર જીવદ્વાર શ્લોક ૨૪)

**(૫) અનુભૂતિની વિધિ :**

અનંત ગુણસ્વરૂપ આત્મા તેના એકરૂપને **લક્ષમાં** લઈ, પરનો **પક્ષ** છોડી (નિજ પદનો પક્ષ લઈ) તેને એકને ધ્યાનનો ધ્યેય, શ્રદ્ધાના શ્રદ્ધેય, જ્ઞાનનો જ્ઞેય બનાવી, 'વર્તમાન જ્ઞાનની પર્યાય' **દક્ષ** થઈ તેમાં એકાગ્રતાનો વારંવાર ધારાવાહી અભ્યાસ કરતાં એ પર્યાય નિર્મળ થતી જાય છે અને પૂર્ણ શુદ્ધ થયેલી (જેવો એકરૂપ શુદ્ધ સ્વભાવ છે તેવી) એ પર્યાયમાં આનંદના વેદન સહિત ભગવાન આત્મા **પ્રત્યક્ષ** અનુભવમાં આવે છે. આ જ શાંતિ-સુખનો પહેલામાં પહેલો ઉપાય છે.

**(૬) સ્વાનુભૂતિ :**

**રત્નકણિકાઓ (વિશેષ)**

(૧) જ્યારે સંસાર સાગરનો કિનારો પાસે આવે છે. ત્યારે સહજ જ આત્માની રૂચિ જાગૃત થાય છે.

(૨) આ આત્મરૂચિ ભગવાન આત્મા અને આત્મજ્ઞ સત્પુરુષને શોધવા અર્થે પુરુષાર્થને પ્રેરિત કરે છે.

(૩) સત્પુરુષના સમાગમથી આત્મરૂચિને અભૂતપૂર્વ બળ પ્રાપ્ત થાય છે.

(૪) હવે તત્ત્વનો યથાર્થ નિર્ણય થતાં સ્વાધ્યાય, અધ્યયન, મનન, ચિંતનની પ્રક્રિયા પરથી હટી જ્ઞાનની પર્યાય સ્વભાવ સન્મુખ થાય છે.

(૫) રૂચિની તીવ્રતા અને પુરુષાર્થની પ્રબળતા (દરેક ઉદય સમયે) દૃષ્ટિને તો સ્વભાવ સન્મુખ કરે જ છે. જ્ઞાન અને ધ્યાનની પર્યાય પણ આત્મોન્મુખ થાય છે.

(૬) નિમિત્ત-ઉપાદાનનો આ સહજ સુમેળ દેશના લબ્ધિથી-પ્રાયોગ્ય લબ્ધિ-કરણ લબ્ધિ તરફ જતાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની ભૂમિકાને સશક્ત બનાવે છે.

(૭) નિમિત્ત-ઉપાદાનનો આવો સહજ સુમેળ હોવા છતાં બે ભિન્ન દ્રવ્યો પોતપોતાની યોગ્યતાથી પોતામાં પરિણમે છે. દરેક દ્રવ્યની-દરેક ગુણની-દરેક પર્યાય પોતાના ષટ્કારકથી-સ્વતંત્ર-સ્વયંભૂ તે સમયની પોતાની યોગ્યતા પ્રમાણે પરિણમે છે.

(૮) જે જીવ જ્ઞાનીઓનો ઉપદેશ સરળતાથી ગ્રહણ કરે છે, (૧) દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. (૨) દરેક દ્રવ્યનું પરિણમન ક્રમબદ્ધ છે. (૩) તે પરિણમન તે સમયની ઉપાદાનની યોગ્યતા પ્રમાણે થાય છે ત્યારે નિમિત્તની હાજરી હોય છે પણ નિમિત્ત કાંઈ કરતું નથી. આ તો આમ જ છે, એવો વિશ્વાસ રાખે છે, જિનેન્દ્ર ભગવંતોની વાણી સંપૂર્ણ સત્ય અને કલ્યાણકારી છે એવી પૂરેપૂરી શ્રદ્ધા રાખી

તદ્નુસાર તત્ત્વનિર્ણય કરે છે તે જીવ અલ્પકાળમાં જ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી મોક્ષમાર્ગ પર આગળ વધે છે. તેને માટે મોક્ષ દૂર નથી.

(૯) વસ્તુ સ્વરૂપ-તત્ત્વનું યથાર્થ જ્ઞાન થયા પછી-પરદ્રવ્યના બધા કાર્યો-સ્વતંત્ર, ક્રમબદ્ધ, પોતાની તે સમયની યોગ્યતા પ્રમાણે થયા કરતા ભાસીત થતા હોવાથી- અને પ્રત્યેક સમયે પોતાની ભિન્નતા અને જેવું સ્વરૂપ છે તે જ લક્ષમાં રહેતું હોવાથી-એવી ધારા શરૂ થઈ જાય છે. આ બધું જ્ઞાનનું જ પરિણમન છે. જો જ્ઞાનની આવી અવિચ્છિન્ન ધારા બે ઘડી ચાલુ રહે તો કરણલબ્ધિના છેલ્લા સમયે સમ્યગ્દર્શન પ્રગટ થાય છે અપૂર્વ આનંદ સાથે આત્માનો અનુભવ થાય છે. એ જ્ઞાનની પર્યાય સ્વભાવમાં અભેદરૂપે પરિણમી જાય છે એ જ્ઞાનની શુદ્ધ પર્યાયમાં ભગવાન આત્મા જણાય છે.

સમ્યગ્દર્શન પ્રગટ કરવાની આ એક જ સહજ-સરળ-અરિહંત ભગવંતોએ બતાવેલી વિધિ છે.

**દરેક દ્રવ્યની વ્યવસ્થા એ પ્રમાણે છે કે તે કાર્યનું કારણ તે જ દ્રવ્યમાં જ હોય છે.**

(૧૦) આત્મા દ્રવ્ય છે તે નિશ્ચયકારણ છે એમાંથી મોક્ષ પ્રગટે છે માટે મોક્ષનું નિશ્ચયકારણ તો દ્રવ્ય છે અને મોક્ષ તે કાર્ય છે. આ રીતે જ નિશ્ચય કારણ-કાર્ય છે.

(૧૧) મોક્ષનું યથાર્થ કારણ તો દ્રવ્ય છે; અને મોક્ષમાર્ગની પર્યાય (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય), તેને મોક્ષનું કારણ કહેવું તે વ્યવહાર છે.

(૧૨) તેને વ્યવહારકારણ કેમ કહ્યું ?

મોક્ષમાર્ગનો અભાવ તે મોક્ષનું કારણ છે અને દ્રવ્ય તે ભાવરૂપ કારણ છે. અભાવરૂપ કારણને ભાવરૂપ કારણ કહેવું તે વ્યવહાર છે. આત્મા શુદ્ધ ચિદાનંદ ત્રિકાળ ધ્રુવ છે એને મોક્ષનું કારણ કહેવું તે નિશ્ચય છે.

(૧૩) સર્વજ્ઞ પરમાત્માએ તારા આત્મામાં અનંત શક્તિ પડી છે એમ જોયું છે-એ શક્તિમાંથી મોક્ષની પર્યાય થાય છે તેથી મોક્ષનું નિશ્ચયકારણ તો દ્રવ્યસ્વભાવ છે. આત્માના જ્ઞાન, રૂચિ (શ્રદ્ધા), રમણતારૂપ મોક્ષમાર્ગને કારણ કહેવું તે વ્યવહાર છે. મોક્ષનું યથાર્થ કારણ મોક્ષમાર્ગ નથી પણ દ્રવ્ય સ્વભાવ છે એમ નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ જાણવું.

(૧૪) આત્મામાં કેવળજ્ઞાન-કેવળદર્શન-અનંત આનંદ-અનંત વીર્ય આદિ અનંત શક્તિઓ ભરી પડી છે એમાંથી વ્યક્તરૂપ અવસ્થા થાય છે. શક્તિ પડી છે તેને ભજો, પર્યાયને નહિ, રાગને નહિ, નિમિત્તને નહિ. આત્મા શક્તિરૂપ છે તેની ભક્તિ કરવી તે મોક્ષમાર્ગ છે.

(૧૫) શરીર, મન, વાણી આત્માને તાબે છે ને તેમની ક્રિયા આત્મા કરી શકે છે એમ માનવું તે મિથ્યાત્વ છે.

(૧૬) આત્મા, શરીર-મન-વાણીને તાબે છે અને તેમની ક્રિયાથી આત્માને ધર્મ થાય છે એમ માનવું તે પણ મિથ્યાત્વ છે કારણ કે બંને ભિન્ન ભિન્ન દ્રવ્યો છે.

(૧૭) આ આત્માનો સ્વભાવ અરિહંત ભગવાન જેવો જ પુણ્ય-પાપ રહિત છે. આત્માના વીતરાગી સ્વભાવને ચૂકીને જે પુણ્ય-પાપ થાય તેને પોતાનું સ્વરૂપ માનવું તે મિથ્યાત્વ છે.

તે મિથ્યાત્વનો નાશ કર્યા વગર ધર્મ થતો નથી. તે મિથ્યાત્વનો નાશ કેમ થાય તેનો ઉપાય અહીં બતાવે છે.

(૧૮) જે કોઈ જીવ ભગવાન અરિહંતના આત્માને દ્રવ્ય-ગુણ-પર્યાયપણે બરાબર જાણે છે તે જીવ પોતાના આત્માને જાણે છે ને તેનો મિથ્યાત્વમોહ ચોક્કસ નાશ પામે છે એટલે તેને શુદ્ધ સમ્યક્ત્વ પ્રગટે છે. આ ધર્મનો ઉપાય છે.

(૧૯) અરિહંતના આત્માનો કાયમી એકરૂપ રહેનાર સ્વભાવ કેવો છે, તેના જ્ઞાનાદિ ગુણ કેવા છે, તેને જે જાણે તે જીવ અરિહંત જેવા પોતાના આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખીને પછી અભેદ આત્માની અંતરદૃષ્ટિ કરીને મિથ્યાત્વને ટાળે ને સમ્યગ્દર્શન પ્રગટ કરે. આ સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો સચોટ ઉપાય છે. આ પ્રવચનસારની ગાથા (૮૦) નો ટૂંકો સાર છે.

(૨૦) ચૈતન્યમૂર્તિ આત્મા સૂક્ષ્મ અતિન્દ્રિય વસ્તુ છે; એ કાંઈ ઈન્દ્રિયગ્રાહ્ય વસ્તુ નથી કે બહારથી જણાઈ જાય. એ તો અંતમુખ જ્ઞાનનો વિષય છે. અતિન્દ્રિય હોવા છતાં અંતર્મુખ જ્ઞાનવડે તે સ્વાનુભવમાં આવી શકે છે. તે સ્વાનુભૂતિમાં એકસાથે અનંતગુણોનું નિર્મળ પરિણમન સમાયેલું છે.

આ સ્વાનુભૂતિ-ક્રિયા અન્ય કારકોથી નિરપેક્ષ છે; તેના છ એ કારકો પોતામાં જ સમાય છે. અજ્ઞાનભાવમાં ય કાંઈ પર કારકો ન હતા; અજ્ઞાન વખતે ય જીવ પોતે જ પોતાના અજ્ઞાનમય છ કારકોરૂપ પરિણમતો હતો; ને હવે જ્ઞાનદશામાં ય તે સ્વતંત્રપણે પોતાના છ કારકોથી પરિણમે છે.

સ્વાનુભૂતિ પોતાના શુદ્ધ આત્મ તત્ત્વ સિવાય અન્ય સમસ્ત પરભાવોથી અત્યંત નિરપેક્ષ છે.

'નિજ પરમાત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ શુદ્ધ રત્નત્રયાત્મક માર્ગ પરમ નિરપેક્ષ હોવાથી મોક્ષનો ઉપાય છે, અને તે શુદ્ધ રત્નત્રયનું ફળ સ્વાત્મોપલબ્ધિ છે.' **'શ્રી નિયમસાર'**

પ્રવચનસારમાં ત્રણ અધિકાર (૧) જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન-એ સમ્યગ્જ્ઞાનનો અધિકાર છે (૨) જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન એ સમ્યગ્દર્શનનો અધિકાર છે અને (૩) ચરણાનુયોગ સૂચક ચૂલિકા એ સમ્યગ્ચારિત્રનો અધિકાર છે.

જ્ઞેયનો સ્વભાવ જ એવો છે કે જે સમયે જે પર્યાય થવાની હોય તે જ થાય. તે તેની જન્મક્ષણ છે એમ સમ્યગ્દષ્ટિ પ્રતીતિ કરે છે.

સમ્યગ્દર્શનનો વિષય ભલે અભેદ એક જ્ઞાયક છે, પણ જ્ઞાનપ્રધાન શૈલીથી જ્ઞાન અને જ્ઞેય-બંનેની યથાર્થ પ્રતીતિને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એકલા દ્રવ્યની અભેદદષ્ટિ તે સમ્યગ્દર્શન-એ દર્શન પ્રધાન કથન છે.

પ્રવચનસાર ગાથા ૨૪૨ ની ટીકામાં જ્ઞાનપ્રધાન શૈલીથી સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરી છે. ત્યાં કહ્યું છે કે, 'જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વની તથા પ્રકારે (જેમ છે તેમ યથાર્થ) પ્રતીતિ જેનું લક્ષણ છે તે સમ્યગ્દર્શન પર્યાય છે; જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વની તથા પ્રકારે અનુભૂતિ જેનું લક્ષણ છે તે જ્ઞાનપર્યાય છે; જ્ઞેય અને જ્ઞાતાની જે ક્રિયાંતરથી નિવૃત્તિ તેના વડે રચાતી દ્રષ્ટજ્ઞાતૃતત્ત્વમાં પરિણતિ જેનું લક્ષણ છે તે ચારિત્ર્ય પર્યાય છે.

દષ્ટિપ્રધાન કથનમાં એકલા અભેદની દષ્ટિને (શ્રદ્ધાને) સમ્યગ્દર્શન કહ્યું છે. જ્ઞાન પ્રધાન કથનમાં અનુભવને જ્ઞાનપર્યાય કહી છે. તથા શુભરાગની ક્રિયાથી નિવૃત્તિ અને જાણનાર-દેખનાર સ્વભાવમાં રમણતાને ચારિત્ર પર્યાય કહી છે.

આત્મસિદ્ધિમાં 'અનુભવ-લક્ષ-પ્રતીત' એમ શબ્દો છે.

ત્યાં 'પ્રતીત' એ શ્રદ્ધાની પર્યાય છે,

'લક્ષ' એ જ્ઞાનની પર્યાય છે,

'અનુભવ' એ ચારિત્રની પર્યાય છે.

# ૧૧ જૈન દર્શન એક સાધના

## (૧) સંપૂર્ણ સાધનાની પ્રક્રિયા

જૈન દર્શનમાં સાધનાની વ્યાખ્યા આ મુજબ છે.

'જેવો જીવનો શુદ્ધાત્મા (દ્રવ્ય સ્વભાવ) વીતરાગ સ્વરૂપ છે તેવો જ વીતરાગ સ્વભાવ પર્યાયમાં પ્રગટ થાય એના માટે જે પણ કાંઈ પુરુષાર્થ કરવામાં આવે તેને સાધના કહેવામાં આવે છે.' આ સાધનાને રત્નત્રયધર્મ પણ કહેવામાં આવે છે-મોક્ષશાસ્ત્રમાં મોક્ષમાર્ગની વ્યાખ્યા આ પ્રમાણે છે.

'સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યગ્ચારિત્રની' એકતાને મોક્ષમાર્ગ કહે છે. આચાર્ય ભગવંતોએ સુખી થવાનો આ એક જ ઉપાય બતાવ્યો છે. શ્રીમદ્દે પણ આત્માસિદ્ધિ શાસ્ત્રમાં કહ્યું છે, 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ' મોક્ષમાર્ગ પ્રકાશકમાં પંડીત ટોડરમલે પણ કહ્યું છે, 'મોક્ષમાર્ગ એક જ છે, તેની પ્રરૂપણા નિશ્ચય અને વ્યવહાર એમ બે પ્રકારે કરવામાં આવી છે.'

આ મોક્ષમાર્ગના મુખ્ય અંગ આ પ્રમાણે વિચારી શકાય :-

૧) પાત્રતા ૨) અભ્યાસ ૩) તત્ત્વનો યથાર્થનિર્ણય ૪) ભેદજ્ઞાન ૫) સ્વાનુભૂતિ.

(૧) **પાત્રતા :** માર્ગમાં દાખલ થવા ચોક્કસ પ્રકારની યોગ્યતા જોઈએ. કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ, ભવે ખેદ, પ્રાણી દયા..... વિશાળબુદ્ધિ, સરળતા, મધ્યસ્થતા અને જિતેન્દ્રિયપણું..... દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ અને વૈરાગ્ય.....રૂચિ એ વિશેષ લક્ષણ છે.

(૨) **અભ્યાસ :** નિયમિત સત્સંગ અને સ્વાધ્યાય બહુ જ જરૂરી છે. પરમાગમનો નિષ્ઠાપૂર્વક અધ્યયન, મનન, ચિંતન આવશ્યક છે.

(૩) **તત્ત્વનો યથાર્થ નિર્ણય :** અભ્યાસ પછી પોતાના સ્વરૂપનો નિર્ણય..... 'હું જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું,' આ થઈ અભ્યાસની વિધિ

(૪) **ભેદજ્ઞાન :** હવે પ્રયોગના સ્તર પર આવવું પડશે. 'પ્રેક્ટીકલ' જીવનના દરેક ઉદય પ્રસંગે ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો પડશે. પ્રસંગે, પ્રસંગે, ક્ષણે ક્ષણે, પર્યાયે પર્યાયે ભેદજ્ઞાનની વિધિ બતાવી છે. 'હું સર્વથા સર્વથી ભિન્ન છું' જ્યારે પોતાના શુદ્ધાત્માને આવો ભિન્ન જ્ઞાનની શુદ્ધ પર્યાય જાણે છે ત્યારે આત્માનો અપૂર્વ આનંદ સાથે અનુભવ થાય છે.

(૫) આ છે **આત્માનુભૂતિ** અથવા **સ્વાનુભૂતિ-સુખનો અનુભવ.**

## (૨) જ્ઞાનજ મોક્ષનું કારણ છે

(૧) સમયસાર ગાથા ૧૫૧.

**'પરમાર્થ છે નક્કી, સમય છે, શુદ્ધ, કેવળી, મુનિ, જ્ઞાની છે,**
**એવા સ્વભાવે સ્થિત મુનિઓ મોક્ષની પ્રાપ્તિ કરે.'**

મોક્ષનું ઉપાદાન તો આત્મા જ છે. વળી પરમાર્થે આત્માનો જ્ઞાન-સ્વભાવ છે; જ્ઞાન છે તે આત્મા છે અને આત્મા છે તે જ્ઞાન છે. માટે જ્ઞાનને જ આગમમાં કારણ કહેવું યોગ્ય છે.

(૨) હવે આગમમાં પણ જ્ઞાનને જ મોક્ષનું કારણ કહ્યું છે :- ગાથા ૧૫૨

**'પરમાર્થમાં અણસ્થિત જે તપને કરે, વ્રતને ધરે,**
**સઘળું ય તપ બાળ ને વ્રત બાળ સર્વજ્ઞો કહે.'**

જ્ઞાન વિના કરાયેલાં તપ તથા વ્રતને સર્વજ્ઞદેવે બાળતપ તથા બાળવ્રત કહ્યાં છે, માટે મોક્ષનું કારણ જ્ઞાન જ છે.

(૩) જ્ઞાન જ મોક્ષનો હેતુ છે અને અજ્ઞાન જ બંધનો હેતુ છે એવો નિયમ છે એમ ગાથા ૧૫૩ માં કહે છે.

**'વ્રતનિયમને ધારે ભલે, તપશીલને પણ આચરે,**
**પરમાર્થથી જે બાહ્ય તે નિવાર્ણ પ્રાપ્તિ નહીં કરે.'**

(૪) હવે ફરીને પણ, પુણ્યકર્મના પક્ષપાતીને સમજાવવા માટે તેનો દોષ બતાવે છે :-

**'પરમાર્થ બાહ્ય જીવો અરે ! જાણે ન હેતુ મોક્ષનો,**
**અજ્ઞાનથી તે પુણ્ય ઈચ્છે, હેતુ જે સંસારનો'** ગાથા ૧૫૪.

જેઓ પરમાર્થથી બાહ્ય છે તેઓ મોક્ષના હેતુને નહિ જાણતા થકા જો કે પુણ્ય સંસારગમનનો હેતુ છે તો પણ-અજ્ઞાનથી પુણ્યને (મોક્ષનો હેતુ જાણીને) ઈચ્છે છે.

જો કે વાસ્તવિક રીતે સર્વકર્મરહિત આત્મસ્વભાવનું અનુભવ જ મોક્ષનું કારણ છે તો પણ-કર્માનુભવના બહુપણા-થોડાપણાને જ બંધ-મોક્ષનું કારણ માનીને, વ્રત, નિયમ શીલ, તપ વગેરે શુભ કર્મોનો મોક્ષના હેતુ તરીકે આશ્રય કરે છે.

## (૩) નિશ્ચય સમ્યગ્દર્શનની વ્યાખ્યા

હવે પરમાર્થ મોક્ષકારણ (ખરું મોક્ષનું કારણ) બતાવે છે :-

સમયસાર ગાથા ૧૫૫

**'જીવાદિનું શ્રદ્ધાન સમકિત, જ્ઞાન તેમનું જ્ઞાન છે,**
**રાગાદિ-વર્જન ચરણ છે, ને આ જ મુક્તિ પંથ છે.'**

**ગાથાર્થ :** જીવાદિ પદાર્થોનું શ્રદ્ધાન સમ્યક્ત્વ છે, તે જીવાદિ પદાર્થોનો અધિગમ જ્ઞાન છે અને રાગાદિનો ત્યાગ ચારિત્ર છે; આ જ મોક્ષનો માર્ગ છે.

**ટીકા :** મોક્ષનું કારણ ખરેખર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. તેમાં સમ્યગ્દર્શન તો જીવાદિ પદાર્થોના શ્રદ્ધાન સ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું તે છે; જીવાદિ પદાર્થોના જ્ઞાન સ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું તે જ્ઞાન છે; રાગાદિના ત્યાગ સ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું તે ચારિત્ર છે. તેથી એ રીતે એમ ફલિત થયું કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે એકલું જ્ઞાનનું ભવન (પરિણમન) જ છે. માટે જ્ઞાન જ પરમાર્થ મોક્ષકારણ છે.

ટીકામાં 'જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું સમકિત કહ્યું છે.' ઝીણી વાત છે. પ્રભુ !

**વિશેષાર્થ :** ભગવાન આત્મા અનંતજ્ઞાન અને આનંદનો સાગર છે. તે જેવો છે-વીતરાગ સ્વરૂપ છે-તેના શ્રદ્ધાનપણે જે અંતરમાં તદ્રૂપ પરિણમન થાય તે સમકિત છે. 'હું સદાય વીતરાગસ્વરૂપ જ છું.' આવો જે પ્રતીતિભાવ તે સમકિત છે. આવું જે નિર્મળજ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે અને શુદ્ધસ્વરૂપના આશ્રયે જે રાગનો અભાવ થયો તે વીતરાગી ચારિત્ર છે અને સંપૂર્ણ આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ પરિણમન તે ધર્મ છે. જીવાદિ પદાર્થોનું જે ભેદરૂપ શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન નહિ. એ તો રાગ છે. સમ્યગ્દર્શન તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્માના અંતરંગ શ્રદ્ધાનના રાગરહિત પરિણમનરૂપ છે. સમ્યગ્દર્શન તે આત્માની પ્રતીતિરૂપ વીતરાગી પર્યાય છે. સ્વસંવેદન-પ્રત્યક્ષ સ્વરૂપના જ્ઞાનને જ્ઞાન કહ્યું છે. આ નિર્વિકલ્પ સ્થિતિ છે.

## (૪) સમ્યક્ત્વ પ્રગટ કરવાની સૂક્ષ્મ વિધિ

૧) **ટૂંકમાં આ પ્રમાણે છે :-**

(અ) **''જે શુદ્ધ જાણે આત્મને તે શુદ્ધ આત્મા જ મેળવે;**
**અણશુદ્ધ જાણે આત્મને અણશુદ્ધ આત્મા જ તે લહે.** સમયસાર ગાથા ૧૮૬.

(બ) 'તારી વર્તમાન જ્ઞાનની પર્યાય દુઃખના કારણો તરફ વળે છે તેને સુખના કારણભૂત સ્વભાવ સન્મુખ વાળ.'

(ક) 'પોતે ભગવાન આત્મા અનંત અનંત ગુણ સંપન્ન જ્ઞાનાનંદ સ્વરૂપ છે, એનો મહિમા લાવીને સ્વ સન્મુખ થા!'

'તારી જ્ઞાન પર્યાયને દ્રવ્ય સન્મુખ વાળવી' આટલી જ વાત છે.

(૬) અભિપ્રાયની ભૂલ કેમ ટળે તેની આ વાત છે.

(૧) સ્વરૂપ સંબંધી અભિપ્રાય માટે પ્રથમ યથાર્થ નિર્ણય કર, 'હું જ્ઞાનાનંદ સ્વરૂપી ભગવાન આત્મા છું, ત્રિકાળ મારું આ જ સ્વરૂપ છે.'

(૨) આ શરીરાદિ મૂર્તિક દ્રવ્યોથી ભિન્ન છું. (ભેદજ્ઞાન)

(૩) આ પર્યાયમાં થતાં વિકારી ભાવો-રાગાદિક તેનાથી ચૈતન્ય ભગવાન આત્મા ભિન્ન છે. (સૂક્ષ્મ ભેદજ્ઞાન)

આ રીતે દરેક સમયે પોતાનું અને પરના સ્વરૂપ સંબંધી અભિપ્રાયની ધારા તૂટયા વગર જો બે ઘડી એ બધાનો પાડોશી થાય તો સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટે-સુખી થવાનો આ જ એક ઉપાય છે.

**હવે વિસ્તારથી જોઈએ કે આમાં શું શું આવ્યું ?**

(૧) પદાર્થનો યથાર્થ નિર્ણય (૨) ભેદજ્ઞાન.....આ બે મુખ્ય વાત છે.

**(૨) પદાર્થનો યથાર્થ નિર્ણય :-** શ્રુત જ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવી ભગવાન આત્માનો નિર્ણય કરવો, 'હું જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું.' જેની દૃષ્ટિ કરવી છે એ જ્ઞાયક ભગવાનનું જેવું સ્વરૂપ છે-જેવું સર્વજ્ઞ ભગવાનની દિવ્ય ધ્વનિમાં આવ્યું છે એવું જ સ્વરૂપ આગમના અવલંબનથી તેમ જ ગુરુના ઉપદેશથી-તર્ક-ન્યાય અને પ્રમાણથી પોતાના જ્ઞાન અને શ્રદ્ધામાં લેવું.

આમાં (૧) સાત તત્ત્વોનું યથાર્થ જ્ઞાન અને શ્રદ્ધાન.....

(૨) સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું યથાર્થ જ્ઞાન અને શ્રદ્ધાન.....

(૩) સ્વ અને પરનું ભેદ જ્ઞાન અને શ્રદ્ધાન

(૪) બધાથી ભિન્ન સ્વનું શ્રદ્ધાન-(દ્રવ્યસ્વભાવ-પર્યાય સ્વભાવ)

તેમ જ વસ્તુસ્વરૂપના ત્રણ મહાન સિદ્ધાંત પણ આવી જાય છે.

(૧) દ્રવ્યની સ્વતંત્રતાનો સિદ્ધાંત

(૨) ક્રમબદ્ધ પર્યાયનો સિદ્ધાંત

(૩) ઉપાદાન-નિમિત્તની સ્વતંત્રતાનો સિદ્ધાંત. નિશ્ચયથી અને વ્યવહારથી

**(૩) હવે ભેદજ્ઞાન :** વિભક્ત થવું-જુદા થવું-વિશેષ પ્રકારથી પ્રથમ અંદર જ્ઞાન અને શ્રદ્ધાનમાં જુદા થવું. જગતથી જુદા પડીને પોતાના આત્મસ્વરૂપમાં એકાગ્રતાનો અભ્યાસ કરવો.

૧. અત્યંત ભિન્ન પદાર્થોથી પૃથ્થક થવું (નોકર્મ)
૨. ઔદારિક શરીરથી જુદા થવું (ઈન્દ્રિયો અને ઈન્દ્રિયોના વિષયોથી)
૩. તેજશ, કાર્મણ શરીરથી પૃથ્થક થવું. (દ્રવ્યકર્મ)
૪. શબ્દ અને મનથી જુદા થવું.
૫. શુભ-અશુભ-રાગાદિ-વિકારી પર્યાયોથી જુદા થવું. (ભાવકર્મ)
૬. અપૂર્ણ-પૂર્ણ પર્યાયો-શુદ્ધ નિર્મળ પર્યાયોના પક્ષથી પૃથ્થક થવું.
૭. ગુણ-ગુણીના ભેદથી-ભેદના પક્ષથી જુદા થવું.
૮. અભેદ વિકલ્પરૂપ, 'હું જ્ઞાયક છું' કર્મના પક્ષથી છુટા થવું.
૯. 'નયના પક્ષથી પક્ષાતિક્રાન્ત થવું' આમ સર્વથી છૂટો પડે.

હવે પ્રેકટીકલ-પ્રયોગાત્મક ભેદજ્ઞાનની સૂક્ષ્મવિધિ.....

(૧) દરેક સમયે કર્મનો ઉદય છે.
(૨) દરેક સમયે કાંઈપણ પરિસ્થિતિનું નિર્માણ થાય છે. (પરદ્રવ્યો સંબંધી)
(૩) ત્યાં દૃષ્ટિ જતાં પર્યાયમાં રાગાદિક ભાવ થાય છે.
(૪) ભેદજ્ઞાન દ્વારા એ બધાથી લક્ષ હટાવી-તારા ચૈતન્ય સ્વરૂપને યાદ કર !
(૫) દરેક સમયે આ જ અભિપ્રાય-'હું જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું અને સર્વથા સર્વથી ભિન્ન છું' આ વિકલ્પની સ્થિતિ છે.
(૬) જો આ ભેદજ્ઞાનની ધારા બે ઘડી ચાલુ રહે-તો એક સમયની એકાગ્રતાથી આત્માનો અનુભવ આનંદના સ્વસંવેદન સહિત થાય.
(૭) નિર્વિકલ્પ દશા-સુખી થવાનો આ જ એક ઉપાય છે.

## ૫ જ્ઞાન-ગોષ્ઠી

(૧) **પ્રશ્ન :** આત્મજ્ઞાન કરવા માટે ઘણા ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કરવો પડે એ કરતાં કાંઈક સહેલો રસ્તો બતાવોને ?

**ઉત્તર :** આત્મજ્ઞાન માટે ઘણા શાસ્ત્રો ભણવાની કયાં વાત છે. તારી પર્યાય દુઃખના કારણો તરફ વળે છે તેને સુખના કારણભૂત સ્વભાવ સન્મુખ વાળ એટલી જ વાત છે. પોતે ભગવાન આત્મા અનંત અનંત ગુણ સંપન્ન જ્ઞાનાનંદ સ્વરૂપ છે એનો મહિમા લાવીને સ્વસન્મુખ થા! આટલી વાત છે. તારી જ્ઞાનપર્યાયને દ્રવ્ય સન્મુખ વાળવી. આ ટૂંકુ ને ટચ છે.

(૨) **પ્રશ્ન :** આત્મા પામવા માટે આખો દિવસ શું કરવું ?

**ઉત્તર :** આખો દિવસ શાસ્ત્રનો અભ્યાસ કરવો. વિચાર-મનન કરીને તત્ત્વનો નિર્ણય

કરવો, અને શરીરાદિથી ને રાગાદિથી ભેદજ્ઞાન કરવાનો અભ્યાસ કરવો. રાગાદિથી ભિન્નતાનો અભ્યાસ કરતાં કરતાં આત્માનો અનુભવ થાય છે.

(૩) **પ્રશ્ન :** તત્ત્વનું શ્રવણ-મનન કરવા છતાં સમ્યગ્દર્શન કેમ થતું નથી ?

**ઉત્તર :** (૧) ખરેખર અંતરથી રાગના દુઃખનો થાક લાગ્યો નથી, એટલે તેને વિસામાનું સ્થાન, શાંતિનું સ્થાન હાથ આવતું નથી.

(૨) જેટલું કારણ આપવું જોઈએ-એટલું નહિ આપવાથી કાર્ય થતું નથી. રૂચિ અનુયાયી વીર્ય.

(૩) ખરેખર અંદરથી દુઃખનો થાક લાગે છે તેને અંદરમાં જતાં વિસામાનું સ્થાન હાથ આવે છે. સત્યના શોધવાળાને સત્ય મળે નહિ એમ બનતું નથી.

(૪) પોતાના સ્વરૂપનો યથાર્થ નિર્ણય કરી, સતત ભેદજ્ઞાનની કળા અપનાવવા જેવી છે.

(૪) **પ્રશ્ન :** સ્વરૂપનો અનુભવ ન થયો હોય અને શુભને હેય જાણવાથી સ્વચ્છંદી ન થઈ જવાય ?

**ઉત્તર :** (૧) શુભરાગને હેય જાણવાથી શુભરાગ છૂટતો નથી.

(૨) સ્વભાવનું મહાત્મ્ય આવતાં શુભરાગનું માહાત્મ્ય છૂટી જાય છે, પણ શુભરાગ છૂટતો નથી.

(૩) જ્ઞાની-અજ્ઞાની બંનેને ભૂમિકા અનુસાર શુભરાગ તે કાળે આવ્યા વિના રહેશે નહિ. અજ્ઞાની તેનાથી ધર્મ થશે એમ માને છે, જ્ઞાની તેનાથી ધર્મ થશે એમ માનતા નથી.

(૪) વસ્તુનું સ્વરૂપ જેવું હોય તેવું સાચું જ્ઞાન કરવાથી સ્વચ્છંદતા થઈ શકે નહિ.

(૫) જ્ઞાન-શ્રદ્ધા-ચારિત્ર ત્રણે ગુણની પર્યાય ભિન્ન ભિન્ન સ્વતંત્ર રીતે પોતાના ષટ્કારકથી ઉત્પન્ન થાય છે.

(૫) **પ્રશ્ન :** શેનું શ્રદ્ધાન કરવાથી સમ્યગ્દર્શન થાય ?

**ઉત્તર :** સમ્યગ્દર્શન તો સ્વ-પરનું સત્ય શ્રદ્ધાન કરવાથી જ થશે. સત્ય શ્રદ્ધાન-જ્ઞાન તો વિનય સહિત સ્યાદ્‌વાદરૂપ પરમાગમના સેવનથી થશે.

**નીચે પ્રમાણે શ્રદ્ધાન કરવું.**

(૧) સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું શ્રદ્ધાન.....

(૨) સાત તત્ત્વોનું યથાર્થ શ્રદ્ધાન.....

(૩) સ્વ-પરનું યથાર્થ શ્રદ્ધાન.....(ભેદજ્ઞાન)

(૪) સ્વનું શ્રદ્ધાન.....(યથાર્થ નિર્ણય)

**ભેદજ્ઞાન :-** 'હું સર્વથા સર્વથી ભિન્ન છું.'

**સ્વરૂપનો યથાર્થ નિર્ણય :** 'હું જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું.'

(૬) **પ્રશ્ન :** કર્મનું જોર હોય તો કેવી રીતે મોક્ષ થાય ?

**ઉત્તર :** (૧) અશુદ્ધતાની પર્યાય પોતાના ઊંધા પુરુષાર્થના જોરથી પોતે કરે છે, ત્યારે સામે નિમિત્તપણે એક પરમાણુ હોતો નથી, પણ અનંત કર્મ-પરમાણુ હોય છે.

(૨) એક ડાકુ સામે બસો સિપાહી રાખવા પડે તે, ડાકુનું જોર સૂચવે છે કે સિપાહીનું ? તેમ જીવના એક વિભાવ પરિણામ સામે નિમિત્તપણે અનંત કર્મપરમાણુ છે તે, જીવનું જોર સૂચવે છે કે કર્મ પરમાણુંનું ?

(૩) નિમિત્તના જોરની વાત નથી. કર્મનું જોર આત્મા પર જરા પણ નથી. નિમિત્તથી વિકાર થાય છે એમ છે જ નહિ; નિમિત્તથી થાય તો તે સ્વયં ઉપાદાન થઈ જાય,પણ એમ તો બનતું નથી.પોતે ભલે એક છે, પણ પોતાની શક્તિ અનંતી છે.

(૪) અનંત શક્તિશાળી નિજ જ્ઞાયક પ્રભુની દૃષ્ટિ તથા તેમાં સ્થિરતા કરવાથી પર્યાયમાં રહેલી અશુદ્ધતાનો તથા તેમાં નિમિત્તરૂપ પર્યાયમાં રહેલી અશુદ્ધતાનો તથા તેમાં નિમિત્તરૂપ જે અનંત પરમાણુ હતાં તેનો નાશ થઈ જાય છે; કર્મની પર્યાય અકર્મરૂપ થઈ જાય છે.

(૭) **પ્રશ્ન :** રાગાદિનું ને જ્ઞાનનું ઉપજવું એક જ ક્ષેત્રમાં અને એક જ સમયે થતું હોવાથી તે બંનેની ભિન્નતા કેવી રીતે છે ?

**ઉત્તર :** (૧) જે સમયે અને જે ક્ષેત્રે રાગાદિનું ઊપજવું થાય છે તે જ સમયે અને તે જ ક્ષેત્રે જ્ઞાનનું ઉપજવું થતું હોવાથી અજ્ઞાનીને ભ્રમથી તે બંને એક હોય તેમ લાગે છે પણ તે બંનેના સ્વભાવો જુદા જુદા છે, એક નથી. બંધનું લક્ષણ રાગાદિ છે અને ચૈતન્યનું લક્ષણ જાણવું છે. એમ બંનેના લક્ષણો ભિન્ન છે. રાગાદિકનું ચૈતન્યની સાથે એક જ સમયે

અને એક જ ક્ષેત્રે ઉપજવું થાય છે તે ચૈત્ય-ચેતક-જ્ઞેય-જ્ઞાયક ભાવની અતિ નિકટતાથી થાય છે પણ એક દ્રવ્યપણાને લીધે નથી થતું.

(૨) જેમ પ્રકાશવામાં આવતાં ઘટપટાદિ પદાર્થો દીપકના પ્રકાશપણાને જાહેર કરે છે, ઘટપટાદિ ને નહિ. તેમ જાણવામાં આવતાં રાગાદિક ભાવો આત્માના જ્ઞાયકપણાને જ પ્રસિદ્ધ કરે છે, રાગાદિને નહિ. કેમકે દીવાનો પ્રકાશ દીપકથી તન્મય છે. તેથી પ્રકાશ દીપકની પ્રસિદ્ધિ કરે છે, તેમ જ્ઞાન આત્માથી તન્મય હોવાથી જ્ઞાન આત્માને પ્રકાશે છે-પ્રસિદ્ધ કરે છે, રાગાદિને નહિ.

(૩) કામ-ક્રોધાદિ કષાયભાવો જ્ઞાનમાં જણાય છે તે ખરેખર રાગાદિને પ્રકાશતા નથી કેમ કે રાગાદિ જ્ઞાનમાં તન્મય થયા નથી પણ રાગાદિ સંબંધીનું જ્ઞાન પોતાના જ્ઞાનને પ્રકાશે છે, ચૈતન્ય સ્વયં પ્રકાશ સ્વભાવી હોવાથી પર સંબંધીના પોતાના જ્ઞાનને પ્રકાશે છે, પરને પ્રકાશતો નથી.

(૪) દરેક પર્યાય સત્ છે, સ્વતંત્ર છે, એને પરની અપેક્ષા નથી. રાગનો કર્તા તો આત્મા નહિ પણ રાગનું જ્ઞાન કહેવું એ પણ વ્યવહાર છે. આત્મા પરને પ્રકાશે છે તે વ્યવહારથી વાત કરી. ખરેખર તો પરસંબંધીના પોતાના જ્ઞાનને જ પ્રકાશે છે.

(૫) આ બધી જગતની ચીજો છે તે જ્ઞાનપ્રકાશમાં આવતી નથી અને જ્ઞાનપ્રકાશ જગતની ચીજોમાં જતો નથી. જગતની ચીજો છે. તે સંબંધીની પોતાની પરપ્રકાશતા જ્ઞાનપ્રકાશને જ પ્રકાશે છે.

(૬) આથી સિદ્ધ થયું કે બંધસ્વરૂપ રાગાદિના અને પ્રકાશસ્વરૂપ જ્ઞાનના લક્ષણો જુદા હોવાથી તેમને એકપણું નથી.

(૭) તે બંનેના સ્વલક્ષણો જુદા જુદા જાણીને ભગવતી પ્રજ્ઞા છીણીને તે બંનેની અંતરંગ સાંધમાં પટકવાથી એટલે કે જ્ઞાનને આત્માની સન્મુખ વાળવાથી રાગથી ભિન્ન ચૈતન્યના અતીન્દ્રિય આનંદને અનુભવાય છે.

(૮) **પ્રશ્ન :** અલ્પકાળમાં મુક્તિ કેમ થાય ?

**ઉત્તર :** સ્વ કે પર કોઈ દ્રવ્યને, કોઈ ગુણને કે કોઈ પર્યાયને ફેરવવાની બુદ્ધિ જયાં ન રહી ત્યાં જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી ગયું, એકલો વીતરાગી જ્ઞાતાભાવ જ રહી ગયો, તેને અલ્પકાળમાં જ મુક્તિ થાય જ. બસ! જ્ઞાનમાં જ્ઞાતાદ્રષ્ટાપણું રહેવું તે જ સ્વરૂપ છે, તે જ બધાનો સાર છે, જ્ઞાતાભાવને ચૂકીને ક્યાંય પણ ફેરફાર કરવાની બુદ્ધિ તે મિથ્યાબુદ્ધિ છે.

(૯) **પ્રશ્ન :** સંસારનું કારણ શું છે ?

**ઉત્તર :** વ્યવહાર રત્નત્રયનો સ્વામી પુદ્ગલ છે. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવનો સ્વામી પુદ્ગલ છે, હું નથી. દયા-દાન-પૂજા-ભક્તિ, શાસ્ત્ર વાંચવા, સાંભળવા આદિના શુભભાવો અને ધંધા, સ્ત્રી-પુત્ર, ખાવા-પીવા આદિના અશુભભાવો તે બધા ભાવોથી આત્મા ત્રણે કાળે રહિત હોવા છતાં તેનાથી સહિત માનવો એ જ સંસારમાં રખડવાનું નરક-નિગોદનું મહાબીજ છે.

(૧૦) **પ્રશ્ન :** નિર્વિકલ્પ દશા કેમ થાય ?

**ઉત્તર :** એક ત્રિકાળી ધ્રુવને જાણ્યા વિના જે જીવ જયાં સુધી વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી જીવને રખડવું મટતું નથી. જે ત્રિકાળી ચીજ છે તેમાં તો એક સમયની પર્યાય પણ નથી. જે ભેદમાં ને વિકલ્પમાં રોકાશે તે જીવને ત્યાં સુધી આત્મા હાથમાં-જ્ઞાનમાં નહિં આવે. પ્રભુ! એક વાર સાંભળ, બધું મૂકીને એકવાર નિર્વિકલ્પ તત્વ જો! અવસર ચાલ્યા જશે તો ફરી ક્યારે મળશે નાથ! માટે ચાલતી ધારા જે પર્યાય છે તેની નજર છોડીને તેની પાછળ જે ત્રિકાળી નાથ મૌજુદ બિરાજમાન છે તેની નજર કર બાપુ!

*‘ઉપજે મોહ, વિકલ્પથી સમસ્ત આ સંસાર;*
*અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર.’*

❖ ❖ ❖

# ૧૨ સુખ-દુઃખ અનુભૂતિનો વિષય

## ૧ સુખનો અનુભવ કેમ થાય?

(૧) જેમ પાણીનો મૂળ સ્વભાવ ઠંડો છે, પણ પોતાથી વિરુદ્ધ એવા અગ્નિનો આશ્રય કરે તો તે ઉષ્ણતારૂપે થાય છે. તેમ આત્માનો જ્ઞાન સ્વભાવ શીતળ-આનંદમય છે, પણ જો તે સ્વભાવનો આશ્રય છોડીને પર સંયોગોના આશ્રયે પરિણમે તો અવસ્થામાં પુણ્ય-પાપ વિકાર થાય છે.

(૨) જેમ ઉષ્ણતા તે પાણીનું ખરું સ્વરૂપ નથી, તેમ વિકારી ભાવો આત્માનું ખરું સ્વરૂપ નથી. ઉષ્ણતા વખતે જ પાણીનો શીતળ સ્વભાવ છે, તે શીતળ સ્વભાવ પાણીમાં હાથ નાખવાથી જણાતો નથી, પણ જ્ઞાન દ્વારા જણાય છે.

(૩) તેમ વિકાર વખતે આત્માનો ત્રિકાળ શુદ્ધ સ્વભાવ છે તે કોઈ બાહ્ય ક્રિયાથી કે રાગથી જણાતો નથી, પણ અંતર સ્વભાવ તરફ વળતાં,જ્ઞાનથી જ જણાય છે. માટે પ્રથમ જ્ઞાન કરવું.

(૪) વિકારના લક્ષે વિકાર ટળતો નથી, પણ વિકારનું લક્ષ છોડી, ત્રિકાળ વીતરાગ સ્વરૂપ નિજ ચૈતન્યસ્વરૂપનો આશ્રય કરતાં વિકાર ટળી જાય છે. માટે જ્ઞાન-આનંદ સ્વરૂપ પોતાના આત્માની શ્રદ્ધા કરવી તે જ પહેલો ધર્મ છે.

(૫) ઉષ્ણતા તે પાણીનો સ્વભાવ નથી, પાણીનો સ્વભાવ તો ઊકળાટને મટાડવાનો છે. તેમ આત્માનો સ્વભાવ વિકારનો કર્તા નથી, પણ વિકારનો ટાળનાર છે. વિકારીભાવોથી થતો આ સંસારના ભવભ્રમણનો ઊકળાટ ટાળવા માટે શાંત ચૈતન્યસ્વરૂપમાં ઢળવું જોઈએ.

(૬) હું એક ચૈતન્યસ્વરૂપ છું, જડથી ભિન્ન તત્ત્વ છું, હું જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન આત્મા છું. અને આ સંયોગો દેખાય છે તે બધા મારાથી ભિન્ન છે. સંયોગોના લક્ષે જે ભાવો થાય તે વિકાર છે પણ તે મારું સ્વરૂપ નથી આમ પ્રત્યેક સમયે ચિંતવન થવું જોઈએ.

(૭) જાણવું, દેખવું, શ્રદ્ધાનપૂર્વક સ્વરૂપમાં સ્થિર રહેવું અને આનંદનો અનુભવ કરવો તે જ મારું સ્વરૂપ છે. આમ પોતાના ચૈતન્યસ્વરૂપની સમજણ કરવી તે ધર્મ છે.

(૮) સ્વભાવને પ્રથમ સમજીને તેમાં ઠરતાં અજ્ઞાન અને વિભાવ ટળી જાય છે. ત્રણે કાળ ધર્મની રીત એક જ છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.'

(૯) આત્મ સ્વભાવ સિવાય અરિહંત કે સિદ્ધ ભગવાન વગેરે કોઈપણ પરદ્રવ્યના આશ્રયે ધર્મ સમજાતો નથી પણ વિકાર કે દુઃખ જ થાય છે.

(૧૦) ત્રણે કાળે પોતાના એકરૂપ સ્વભાવના આશ્રયે જ ધર્મ સમજાય છે. આત્માનો જ્ઞાન સ્વભાવ પોતાથી પૂરો છે, તેના આશ્રયે સમ્યગ્જ્ઞાન થાય છે. સ્વભાવ એક છે. એકરૂપ સ્વભાવની શ્રદ્ધા કરતાં સમ્યગ્દર્શન થાય છે.

તે સ્વભાવમાં સ્થિરતા થતાં સમ્યક્ચારિત્ર પ્રગટે છે. વીતરાગ ચારિત્ર જ ખરેખર ધર્મ છે.

**સારરૂપ :**

આવી રીતે સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્રની એકતાથી જ મોક્ષમાર્ગ બને છે. અને તે જ ધર્મ છે. 'વીતરાગતા' જ સર્વધર્મનો સાર છે.

જેવો વીતરાગ સ્વભાવ છે તેવો જ સ્વભાવ પર્યાયમાં પ્રગટ થાય ત્યારે ધર્મ થયો, સુખનો અનુભવ થયો એમ કહેવાય છે.

## (૨) સુખી થવાનો ઉપાય

(૧) આચાર્ય દેવે પરમાગમોમાં અનેક ધર્મોથી આત્મદ્રવ્યનું વર્ણન કરીને સ્પષ્ટ વસ્તુસ્વરૂપ ઓળખાવ્યું છે.

(૨) જેને આત્મિક સુખનો અનુભવ કરવો હોય તેણે યથાર્થ વસ્તુસ્વરૂપ ઓળખવું જોઈએ.

(૩) જેવો વસ્તુસ્વભાવ છે તેવો જો જાણે તો જ સાચું જ્ઞાન થાય અને સાચું જ્ઞાન થાય તો તેના ફળરૂપ સાચું સુખ પ્રગટે.

(૪) સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શન-સમ્યક્ચારિત્રની એકતાથી જ મોક્ષમાર્ગ બને છે અને તે જ ધર્મ શાંતિને સુખનું કારણ છે.

(૫) આત્માનું જેવું સ્વરૂપ છે તેવું જ્ઞાનમાં જાણે તો તેનો મહિમા આવે અને જ્ઞાન આત્મસન્મુખ થાય.

(૬) આત્મા અને જ્ઞાનની એકતા થતા વચ્ચેનો મિથ્યાત્ત્વ અને રાગ તૂટી જાય તેનું નામ સમ્યગ્જ્ઞાન અને વીતરાગતા છે તે જ સુખી થવાનો ઉપાય છે.

(૭) ભેદજ્ઞાનથી જ્ઞાન અને રાગની એકત્ત્વબુદ્ધિ ટળે છે અને જ્ઞાન અને સ્વજ્ઞેયની એકત્વબુદ્ધિ થાય એ જ ધર્મ છે.

(૮) અનંત શક્તિઓથી ભરપુર એવા અખંડ, અભેદ, એક, નિત્ય એવા શુદ્ધાત્માની પ્રતીતિ, લક્ષ ને એકાગ્રતા થતાં આત્માનો અનુભવ થાય છે.

(૯) પરદ્રવ્ય-નિમિત્ત-વિકાર કે અલ્પજ્ઞતાના લક્ષથી કોઈ દિવસ આત્માનો અનુભવ ન થાય.....

(૧૦) સાધક જીવ પોતાના શ્રુતજ્ઞાનને (વર્તમાન જ્ઞાનની પર્યાયને) અનંત ધર્મસ્વરૂપ આત્માને સ્વાનુભવથી જાણે છે. સ્વાનુભૂતિ એ જ જૈનશાસન છે, જૈન ધર્મ છે, સુખી થવાનો એક જ ઉપાય છે.

## (3) ધર્મી જીવને કેવું ભેદજ્ઞાન હોય છે

(૧) આત્મા સર્વ પર વસ્તુઓથી જુદો છે-એમ કહેતાં જ, પરની અપેક્ષા વગર પોતાના જ્ઞાન સ્વભાવથી આત્મા પરિપૂર્ણ છે એમ સિદ્ધ થાય છે.

(૨) પર સામે જોઈને પરથી જુદાપણાનો નિર્ણય થતો નથી પણ પોતાના પરિપૂર્ણ સ્વભાવ સામે જોતાં સર્વ પરથી ભિન્નતા નિર્ણય થાય છે.

(૩) જેમ સોનાને ત્રાંબાના સંયોગની અપેક્ષાથી જુઓ તો તેને ચૌદવલું, પંદરવલું, વગેરે વગેરે ભેદથી કહેવાય છે, પણ ત્રાંબાના સંયોગનું લક્ષ છોડીને એકલા સોનાને જુઓ તો સોનું તો એકલું સોળવલું સોનું જ છે. સોનું અને ત્રાંબાનો ભેદ જાણનાર સોનાની જ કિંમત કરે છે, ત્રાંબાની નહિ.

(૪) તેમ આત્મા પોતાના જ્ઞાન સ્વભાવથી પૂરો છે. પર સંયોગ અને પર સંયોગના લક્ષે થતા ભાવોની દૃષ્ટિથી જોતાં જ્ઞાનમાં અધૂરાશ દેખાય છે, પણ પર સંયોગ અને રાગાદિ ભાવોની અપેક્ષા છોડીને એકલા જ્ઞાનસ્વભાવને જુઓ તો તે પૂરેપુરું જ છે, તેમાં અધૂરાશ કે વિકાર નથી. આમ સ્વ-પરનો ભેદ જાણનાર ધર્માત્મા રાગાદિભાવો વડે, પર સંયોગો વડે-કે અધૂરા જ્ઞાન વડે આત્માની કિંમત ટાંકતા નથી. (અર્થાત્ તેના જેટલો આત્માને માનતા નથી.)

(૫) પણ તે રાગાદિથી ભિન્ન જે જ્ઞાન માત્ર સ્વભાવ તેને જ આત્માનું સ્વરૂપ જાણીને તેની શ્રદ્ધા કરે છે, તેનો જ આદર અને આશ્રય કરે છે; તેથી તેને ક્ષણે ક્ષણે ધર્મ થાય છે.

(૬) જેણે રાગથી ભિન્ન આત્માને જાણ્યો નથી તે રાગને જ આત્માનું સ્વરૂપ માને છે, ને તેનો આદર કરે છે, તેથી તેને કદી ધર્મ થતો નથી.

(૭) પોતાનું દ્રવ્ય પોતાના જ સ્વભાવથી પરિપૂર્ણ નિત્ય પરિણામી છે, તે દ્રવ્યના આશ્રયે જ દરેક જીવને સુખ થાય છે. માટે સર્વ પરદ્રવ્યોથી ભિન્ન પોતાના પરિપૂર્ણ સ્વભાવને સ્વીકારે તો ધર્મ થાય.

(૮) ક્ષણે ક્ષણે, પદે પદે, પર્યાયે પર્યાયે ધર્મીજીવ ભેદજ્ઞાનની કળા વડે પોતાને પરદ્રવ્યો અને પરભાવોથી ભિન્ન માની અનંતશક્તિના ધારક તરીકે પોતાનો પરિપૂર્ણ જ્ઞાન સ્વભાવનો સ્વીકાર કરે છે અને આનંદમાં રહે છે.

(૯) પોતાના જ્ઞાનઆનંદસ્વરૂપ ભગવાન આત્માના યથાર્થ નિર્ણયના સામર્થ્યના બળે અને ભેદજ્ઞાનથી પર્યાયો સહજ સ્વયં નિર્મળ થતી જાય છે અને સ્વભાવ જેવો છે તેવો ભાવ બનતા સ્વાનુભવની દશા પ્રગટ થાય છે.

(૧૦) *શુદ્ધ, બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;*
*અનંતદર્શન, જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ.'*

**'બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.'**

આત્મા શુદ્ધ કહેતાં પવિત્ર છે, બુદ્ધ એટલે જ્ઞાનસ્વરૂપ છે. ચૈતન્યઘન કહેતાં અસંખ્ય પ્રદેશી છે. આત્મા સ્વયંજ્યોતિ છે એટલે સ્વયં સિદ્ધ વસ્તુ છે. કોઈએ ઉત્પન્ન કરી હોય કે કોઈથી નાશ પામે એવી ચીજ નથી. તે સુખધામ છે એટલે આનંદનું-અતિન્દ્રિય ધામ છે. આવો આત્મા અભેદ એકરૂપ ભૂતાર્થ વસ્તુ છે. તેને 'કર વિચાર તો પામ' એટલે જ્ઞાનની પર્યાયમાં સ્વસંવેદન વડે આવા જ્ઞાયકને લક્ષમાં લે તો તેની પ્રાપ્તિ થાય, પોતાના અનંત ગુણોમાં વ્યાપેલું અભેદ, અખંડ જે ધ્રુવતત્ત્વ એની દૃષ્ટિ કરવી એ નિશ્ચય સમ્યગ્દર્શન છે. આ સિવાય બહારના ક્રિયાકાંડમાં-રાગમાં ધર્મ માની પ્રવર્તે તે મિથ્યાદૃષ્ટિ છે.

## (૪) ધર્મીજીવ

(૧) ધર્મીજીવ અંતર અનુભવથી પોતાના સ્વભાવને દેખીને પરમ પ્રસન્ન થાય છે.

(૨) ચૈતન્ય અનુભવની ખુમારી એના ચિત્તને બીજે ક્યાંય લાગવા દેતી નથી.

(૩) સ્વાનુભવના શાંત રસથી તે તૃપ્ત છે; ચૈતન્યના આનંદની મસ્તીમાં તે એવા મસ્ત છે કે હવે બીજું કાંઈ કરવાનું રહ્યું નથી

(૪) હું જ જ્ઞાન-દર્શન-ચારિત્ર છું; હું જ મોક્ષ છું, હું જ સુખ છું; મારો સ્વભાવ વૃદ્ધિગત જ છે, પરભાવનો મારામાં પ્રવેશ નથી.

(૫) હું મારા ચૈતન્યવિલાસ સ્વરૂપ છું; ચૈતન્યમાં બીજા કોઈની ચિંતા નથી.

(૬) એકત્ત્વ ચૈતન્ય ચિંતનમાં પરમ સુખ છે. સર્વ સુખ-સંપત્તિનો નિધાન એવો હું છું.

(૭) મારા સ્વરૂપને દેખી દેખીને જોકે પરમ તૃપ્તિ અનુભવાય છે, તો પણ એ અનુભવની કદી તૃપ્તિ થતી નથી, એમાંથી બહાર આવવાની વૃત્તિ થતી નથી.

(૮) સ્વરૂપનો બધો મહિમા સ્વાનુભવમાં સમાય છે.

(૯) આવી જેની અનુભવદશા છે તે ધર્મી છે.

(૧૦) શુદ્ધોપયોગ એ જ ધર્મીનું લક્ષણ છે.

## (૫) મિથ્યાત્વના સેવનનું ફળ : દુ:ખ જ !

જુઓ, ભાઈ ! દુ:ખ તો કોને પ્રિય છે !! જગતમાં કોઈ ને દુ:ખ વહાલું નથી. જ્ઞાનીઓને જગતના દુ:ખી પ્રાણીઓ ઉપર કરુણાબુદ્ધિ વર્તે છે. પોતે જે દુ:ખથી છૂટવા માંગે છે તે દુ:ખ બીજા પામે એવી ભાવના જ્ઞાનીને કેમ હોય ? જ્ઞાનીને તો એવી સહજ કરુણા આવે છે કે અરેરે ! આ જીવો બીચારા પોતાના સ્વરૂપને ભૂલી જઈને અજ્ઞાનને લીધે મહાન દુ:ખમાં ડુબેલા છે, એનાથી છૂટવાના ઉપાયની પણ તેમને ખબર નથી ! હું જે પરિપૂર્ણ સુખને પ્રાપ્ત કરવા ચાહું છું તે સુખ બીજા જીવો પણ પામે-એમ જ્ઞાનીને તો અનુમોદના છે. ઉપદેશમાં તો જ્ઞાની-ધર્માત્મા કે વીતરાગી સંતમુનિઓ પણ એમ કહે કે ''જે જીવો ધર્મનો તીવ્ર વિરોધ કરશે કે તીવ્ર પાપભાવો કરશે તે જીવો મિથ્યાત્વના સેવનથી નરકનિગોદમાં રખડશે ને અનંત દુ:ખ પામશે.'' પણ-આમ કહેવામાં જ્ઞાની-સંતોને કાંઈ કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષબુદ્ધિ નથી, તેમજ તેમને કાંઈ કોઈ જીવને નરક-નિગોદમાં મોકલવાની ભાવના નથી; પરંતુ ઉલટી કરુણાબુદ્ધિ છે-હિતબુદ્ધિ છે, એટલે યથાર્થ વસ્તુસ્થિતિ બતાવીને જીવોને મિથ્યાત્વથી છોડાવવા માંગે છે. હે ભાઈ ! મિથ્યાત્વનું આવું આકરું ફળ છે, એમ જાણીને તું તે મિથ્યાત્વનું સેવન છોડી દે, ને આત્માનું સ્વરૂપ સમજ-જેથી તારું હિત થાય ! આમ હિત માટે જ જ્ઞાનીનો ઉપદેશ છે.-પણ શું થાય !! અરેરે, આ કાળ ! જીવો હિતની વાત સાંભળતા પણ ઉલ્ટા વિરોધ કરે છે. શું થાય ? કાંઈ કોઈના ભાવ બીજો ફેરવી શકે છે !! સંસાર તો એમ ને એમ ચાલ્યા જ કરવાનો છે. જે જીવો સત્ય સમજે તેની બલિહારી છે.....તેના સંસારનો એક બે ભવમાં અંત આવી જશે. બાકી જગતમાં તો સંસાર ચાલ્યા જ કરવાનો છે.....ને સંસારમાં રખડવાને યોગ્ય પરિણામવાળા જીવો પણ રહ્યા જ કરવાના છે.....જગતના બધાય જીવો સત્ય સમજીને મોક્ષ પામી જાય-એમ કદી બનાવવું નથી, માટે આ તો પોતે સત્ય સમજીને પોતાનું હિત સાધી લેવા જેવું છે.અજ્ઞાનીઓ પોકાર કરે તો કરો.....પણ તેથી કાંઈ વસ્તુનું સ્વરૂપ તો ફરી નહિ જાય. વસ્તુસ્વરૂપ ન સમજતા જેઓ વિરોધ કરે છે તેમના ઉપર જ્ઞાનીને કરુણા આવે છે.

જુઓ કુંદકુંદાચાર્યદેવ જેવા મહાવીતરાગી સંત અષ્ટપ્રાભૃતમાં કહે છે કે વસ્ત્રનો એક તાણો પણ પરિગ્રહ તરીકે રાખીને પોતાને મુનિદશા મનાવે તો તે જીવ નિગોદે જાય; કેમકે મુનિદશારૂપ માર્ગને જ તેણે વિપરીત માન્યો. આમ કહેવામાં આચાર્ય ભગવાનને કાંઈ એવી ભાવના નથી કે અમારો વિરોધ કરે છે માટે તેને નિગોદમાં મોકલવો, પરંતુ વસ્તુસ્થિતિ જ એવી છે કે મિથ્યાત્વ સેવનાર જીવ પોતાના ઉંધા પરિણામને લીધે નિગોદમાં જાય છે.....એમ બતાવીને આચાર્યદેવ કરુણાબુદ્ધિથી જીવોને મિથ્યાત્વથી છોડવવા માંગે છે.....અરે જીવ !

મુનિદશાનું વાસ્તવિક સ્વરૂપ ઓળખ અને જિનમાર્ગની સાચી શ્રદ્ધા કર, કે જેથી આ સંસારનાં દુઃખોથી તારો આત્મા છૂટે ને મોક્ષસુખ પામે.

## (૬) અનુભૂતિ

(૧) પરને છોડું કે શુભને છોડું એ વાત તો છે જ નહિં પણ શુદ્ધને લાવું એમ પણ નથી.

**આ વસ્તુની મર્યાદા છે.**

(૨) શુદ્ધ ઉપયોગનો કાળ ન હોય તે વખતે શું જ્ઞાની તેને લાવવા માંગે છે ? લાવવા માંગે.....?

શું પર્યાયનો ક્રમ ફેરવવા માંગે છે ? ના.....

(૩) જ્ઞાન સ્વભાવ તરફ પુરુષાર્થ છે તેમાં શુદ્ધ ઉપયોગ આવી જાય છે.

(૪) જે સમયે જે પરિણામ થવાના, તે થવાના, તેને પલટાવવાની બુદ્ધિ સમકિતીને નથી. પર્યાય ફેરવવાની બુદ્ધિ મિથ્યાદૃષ્ટિને છે.

(૫) સ્વભાવ સન્મુખ દશામાં જોર થતાં શુદ્ધ ઉપયોગ સહજ થઈ જાય છે.

**સારભૂત :** પ્રત્યેક ઉદયના સમયે, ક્ષણે ક્ષણે, પર્યાયે પર્યાયે,

(૧) **યથાર્થ નિર્ણય :** 'હું જ્ઞાન આનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું.'

(૨) **ભેદ જ્ઞાન :** 'હું સર્વથા સર્વથી ભિન્ન છું.'

## (૭) સુખનો સચોટ ઉપાય

(૧) દેહની ક્રિયાથી લક્ષિત થાય તે આત્મા નહિ.

(૨) રાગ-લક્ષણ વડે લક્ષિત થાય તે આત્મા નહિ.

(૩) ગુણ-ભેદ વિકલ્પ વડે લક્ષિત થાય તે આત્મા નહિ.

(૪) અંતરમાં વળેલા જ્ઞાનલક્ષણ વડે લક્ષિત થાય તે આત્મા.

(૧) જ્ઞાન લક્ષણ વડે જડ કે પર ચીજ લક્ષિત થતી નથી.

(૨) જ્ઞાન લક્ષણ વડે રાગ લક્ષિત થતો નથી.

(૩) જ્ઞાન લક્ષણ વડે માત્ર એક ગુણ લક્ષિત થતો નથી.

(૪) જ્ઞાન લક્ષણ વડે અનંત ગુણ-પર્યાયના શુદ્ધ પિંડ (અભેદ, અખંડ, એક) લક્ષિત થાય છે.

આવા લક્ષ્યરૂપ આત્મામાં વિકાર નથી, સંયોગ નથી, શુદ્ધ અનંત ગુણ-પર્યાયો તેમાં સમાય છે.

આત્માના સ્વભાવનો મહિમા-રૂચિ-દૃષ્ટિ જાગે ને અનંતગુણની નિર્મળતા ખીલવા માંડે એટલે મોક્ષમાર્ગ શરૂ થાય.

અનંતગુણ સ્વરૂપ આત્મા તેના એકરૂપ સ્વરૂપને **લક્ષમાં** લઈ, તેનો **પક્ષ** લઈ, તેને એકને ધ્યેય બનાવી વર્તમાન જ્ઞાનની પર્યાય **દક્ષ** થઈ, તેમાં એકાગ્રતાનો અતૂટક પ્રયત્ન કરતાં પર્યાય નિર્મળ થતી જાય છે અને ભગવાન આત્મા અનુભવમાં આનંદ સહિત **પ્રત્યક્ષ** જણાય છે. આ જ શાંતિ-સુખનો પહેલામાં પહેલો ઉપાય છે.

## (૮) નિગોદના છ પ્રકાર

(૧) **બાદર નિગોદ** : સ્થૂળ નિગોદ-બધા પ્રકારના કંદમૂળ

(૨) **સૂક્ષ્મ નિગોદ** : ત્રણ લોકમાં ફેલાયલા છે. ઔદારિક શરીરમાં પણ છે. ત્રસ નાડી અને બહાર પણ છે.

(૩) **ઈત્તર નિગોદ** : નિગોદથી બહાર નીકળી જીવ ત્રસ પર્યાયમાં ચાર ગતિમાં રખડે છે અને ફરી પાછો નિગોદમાં ઉત્પન્ન થાય છે.

(૪) **નિત્ય નિગોદ** : અનંત અનંત જીવો એવા છે કે જે આજ સુધી નિગોદમાંથી નીકળ્યા જ નથી અને અનંત કાળ રહેશે પણ ભવિષ્યમાં અવશ્ય નીકળશે.

(૫) **મહા નિગોદ** : અધો લોકમાં સાતમી નરકની નીચે ત્રણ લોકના તળીયામાં એક મહા નિગોદ છે.

(૬) **અક્ષય અનંત નિગોદ** : આ જીવો કયારેય પણ નિગોદથી નીકળશે જ નહિં..... આ જીવોને બીજો ભવ કયારેય થશે નહિં.....

જે જીવ સ્વરૂપનું જ્ઞાન અને શ્રદ્ધા (સમજણ) કરતો નથી તે જીવ ક્રમથી નિયમથી નિગોદમાં ચાલ્યો જશે એવી વિશ્વ વ્યવસ્થા છે આ વાત ભૂલવી નહિ.

તે સિવાય નિગોદ ગતિનો બંધ આ પ્રકારે પણ પડે છે.

(૧) સ્વરૂપનો અનાદાર-ભાવહિંસા

(૨) દેવ-ગુરુ-શાસ્ત્રની વિરાધના

(૩) સૂત્રોની વિરુદ્ધ પરૂપણા

(૪) અત્યંત તીવ્રકષાયી

(૫) અત્યંત મોહી જીવ

(૬) શરીર પ્રત્યે અત્યંત મમતા

(૭) અતિ સંગ્રહની અભિલાષા.

# ૧૩ જૈન-દર્શન સારભૂત

## (આત્માનુભૂતિની પ્રધાનતા)

## ૧ સુખનું સ્વરૂપ

(૧) બધા જીવ સુખ ઈચ્છે છે અને દુઃખથી ડરે છે.

(૨) સુખનું વાસ્તવિક સ્વરૂપ સમજયા વિના માત્ર સુખની ચાહના કરવાનો કાંઈ અર્થ નથી.

(૩) મોટે ભાગે સામાન્ય માનવી સુખની કલ્પના આ પ્રમાણે કરે છે :

(અ) પાંચ ઈન્દ્રિયોના વિષયોને સંતોષવા એ જ સુખ છે ભોગમય જીવન એ જ સુખમય જીવન છે.

(બ) સુખ માત્ર કલ્પના છે-મનનો વિષય છે-માનસિક શાંતિમાં સુખનો આભાસ થવા લાગે છે-સામાન્ય રીતે અનુકૂળ સંયોગોમાં સુખ માનવામાં આવે છે.

(ક) ઈચ્છાઓની પૂર્તિને સુખ માનવામાં આવે છે.

ખરેખર આ બધામાં આકુળતા-વ્યાકુળતા જ જોવામાં આવે છે.

(૪) સુખનો સ્વભાવ તો નિરાકુળતા છે. અતિન્દ્રીય સુખ એ તો અનુભૂતિનો વિષય છે. અતિન્દ્રીય સુખ આત્મમય છે.

(૫) સુખ એ આત્માનો એક ગુણ છે. અને તેની પ્રાપ્તિ પણ ત્યાં શોધ કરવાથી મળે. બહારના સંયોગોમાં સુખ નથી.

(૬) ''અનંત સુખ-નામ દુઃખ, ત્યાં રહી ન મિત્રતા,
અનંત દુઃખ-નામ સુખ, પ્રેમ ત્યાં વિચિત્રતા !''
''ઉઘાડ ન્યાય-નેત્રને, નિહાળે રે ! નિહાળ તું !
નિવૃતિ શીઘ્ર મેવ ધારી, તે પ્રવૃત્તિ બાળ તું''

(૭) સુખ શું છે ? સુખ કયાં છે? સુખ પ્રાપ્તિનો ઉપાય શું? આ બધા પશ્નોનો એક જ સમાધાન છે અને તે છે 'આત્માનુભૂતિ'-'સ્વાનુભૂતિ'. આ અનુભૂતિ એ જૈન શાસન છે.

(૮) તે પ્રાપ્ત કરવાના સાચા નિમિત્ત છે-વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર.

## ૨ જૈન ધર્મ (દર્શન) શું છે?

(૧) **વસ્તુનું યથાર્થ નિરૂપણ કરનાર વિશ્વનો ધર્મ.**

(૨) **ધર્મની વ્યાખ્યા** મુખ્ય ચાર જુદી જુદી રીતે કરવામાં આવી છે.

(૧) વસ્તુના સ્વભાવરૂપ ધર્મ

(૨) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયની એકતારૂપ મોક્ષમાર્ગ

(૩) ઉત્તમ ક્ષમાદિ દશ લક્ષણરૂપ ધર્મ
(૪) અહિંસા પરમો ધર્મ

(૩) વસ્તુ અનાદિઅનંત છે, વસ્તુનો સ્વભાવ ધર્મ છે. અનાદિઅનંત છે.

(૪) 'વીતરાગતા' એ જૈન દર્શનનો સાર છે. જેવો વીતરાગ-એકરૂપ સ્વભાવ આત્માનો છે તેવો સ્વભાવ પર્યાયમાં પ્રગટ થાય તેને ધર્મ કહેવામાં આવે છે.

(૫) **ધર્મનો આધાર કોના પર છે?**
એક તરફ દ્રવ્ય સ્વભાવ છે-બીજી તરફ સંયોગો અને પર્યાય સ્વભાવ હવે વર્તમાન જ્ઞાનની પર્યાયની દૃષ્ટિ કોના પર છે તેના પર ધર્મનો આધાર છે. જો દૃષ્ટિ સ્વભાવ પર છે તો ધર્મ છે, દૃષ્ટિ સંયોગો પર અથવા પર્યાય પર છે તો અધર્મ છે.

(૬) **ધર્મનો મર્મ શું છે?**
આત્મા પોતાના સ્વભાવ સામર્થ્યથી પૂર્ણ છે, તે પરથી અત્યંત ભિન્ન છે. એ સ્વ-પરની ભિન્નતા જાણીને, સ્વદ્રવ્યનો મહિમા આવતા, સ્વદ્રવ્યનો આશ્રય કરીને સ્વાનુભૂતિથી આત્મા શુદ્ધતા પામે અને સુખનો અનુભવ થાય એ જ ધર્મનો મર્મ છે. આમા ત્રણ વાત મુખ્ય છે.
(૧) સ્વભાવનું સામર્થ્ય (૨) વિભાવની વિપરીતતા (૩) સંયોગોની પૃથ્થકતા.

(૭) **ધર્મનું મૂળ શું છે?**
ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે. નિજ અખંડ-અભેદ-એક અનંત શક્તિનો ભંડાર ચૈતન્ય ભગવાન આત્માનો આશ્રય કરી મિથ્યાત્વ-મોહનો નાશ કરવો અને મોક્ષના બીજરૂપ સમ્યગ્દર્શન પ્રગટ કરવું એ જ પ્રથમ ઉપાય છે.

## (૩) મોક્ષમાર્ગ

(૧) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ :

(૨) ત્રણલોક-ત્રણકાળમાં મોક્ષમાર્ગ એક જ છે.

(૩) સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં ભાસ્યમાન તત્ત્વોની સમ્યક્ પ્રતીતિ થવી એ સમ્યગ્દર્શન છે. એ તત્ત્વોનો બોધ થવો એ સમ્યગ્જ્ઞાન છે. શુદ્ધ આત્મસ્વરૂપ વીતરાગ પદમાં સ્થિતિ થવી એ સમ્યક્ ચારિત્ર છે. એ ત્રણેની એકતાને મોક્ષમાર્ગ કહે છે.

(૪) **પરમાર્થ મોક્ષકારણ : (નિશ્ચય સમ્યગ્દર્શનની વ્યાખ્યા)**

*'જીવાદિનું શ્રદ્ધાન સમકિત, જ્ઞાન તેમનું જ્ઞાન છે;*
*રાગાદિ-વર્જન ચરણ છે, આ જ મુક્તિ પંથ છે.'*

સમયસાર ગાથા-૧૫૫

**ટીકા :** મોક્ષનું કારણ ખરેખર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. તેમાં સમ્યગ્દર્શન તો જીવાદિના પદાર્થોના શ્રદ્ધાન સ્વભાવે જ્ઞાનનું થવું પરિણમવું તે છે; જીવાદિ પદાર્થોના જ્ઞાન સ્વભાવે જ્ઞાનનું થવું પરિણમવું તે જ્ઞાન છે; રાગાદિના ત્યાગ સ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું તે ચારિત્ર છે. તેથી એ રીતે એમ ફલીત થયું કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેય એકલું જ્ઞાનનું ભવન (પરિણમન) જ છે. માટે **'જ્ઞાન જ પરમાર્થ મોક્ષકારણ છે.'**

(૫) સર્વ દુ;ખનો આત્યાંતિક અભાવ અને પરમ અવ્યાબાધ સુખની પ્રાપ્તિ એ જ મોક્ષ છે અને તે જ પરમહિત છે.

(૬) નિશ્ચયે વીતરાગભાવ જ મોક્ષ માર્ગ છે. વીતરાગભાવ અને વ્રતાદિકમાં કથંચિત્ કાર્યકારણપણું છે માટે વ્રતાદિકને મોક્ષમાર્ગ કહે છે પણ તે માત્ર કહેવા પુરતું જ છે. ધર્મ પરણિત જીવને વીતરાગ ભાવની સાથે જે શુભભાવરૂપ રત્નત્રય (વ્યવહાર-દર્શન-જ્ઞાન-ચારિત્ર) હોય છે તેને વ્યવહારનય દ્વારા ઉપચારથી વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યો છે. જો કે તે રાગભાવ હોવાથી બંધ માર્ગ જ કહ્યો છે એવો નિર્ણય કરવો જોઈએ. મોક્ષમાર્ગ બે નથી પણ મોક્ષમાર્ગનું નિરૂપણ નિશ્ચય અને વ્યવહાર એમ બે રીતે કરવામાં આવ્યું છે.

## (૪) વીતરાગ વિજ્ઞાન-વસ્તુ સ્વરૂપના મહાન સિદ્ધાંત

(૧) **દ્રવ્યની સ્વતંત્રતા :** આ લોકમાં છ દ્રવ્ય છે. (૧) જીવ (૨) પુદ્ગલ (૩) ધર્માસ્તિકાય (૪) અધર્માસ્તિકાય (૫) આકાશ (૬) કાળ. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ, દરેક દ્રવ્ય-દ્રવ્ય-ગુણ-પર્યાયત્મક છે. દરેક ગુણ અને દરેક પર્યાય પણ સ્વતંત્ર છે. સુખ-દુઃખની અનુભૂતિ એ પ્રત્યેક જીવની સ્વતંત્રતા છે.

(૨) **ક્રમબદ્ધ પર્યાયનો સિદ્ધાંત :** આ બધી જ પર્યાયો ક્રમનિયત છે. જે દ્રવ્યનું જે ક્ષેત્રે, જે કાળે, જે ભાવે, જે નિમિત્તથી, સર્વજ્ઞપ્રભુએ પોતાના જ્ઞાનમાં જે પ્રમાણે જાણ્યું છે તે જ પ્રમાણે તે દ્રવ્યનું, તે ક્ષેત્રે, તે કાળે, તે ભાવે, તે જ નિમિત્તથી તે જ પ્રમાણે પરિણમન થાય, તેમાં નરેન્દ્ર, દેવેન્દ્ર અને જિનેન્દ્ર કાંઈપણ કરી શકે નહિ.

(૩) **ઉપાદાન-નિમિત્તની સ્વતંત્રતા :** દરેક પર્યાય તેની તે સમયની ઉપાદાનની યોગ્યતા પ્રમાણે સ્વતંત્ર ઉત્પન્ન થાય છે, ત્યારે ત્યાં કોઈને કોઈ નિમિત્તની હાજરી હોય છે, પરંતુ નિમિત્ત કાંઈ કરતું નથી. દરેક પર્યાય તેની તત્ સમયની યોગ્યતા પ્રમાણે જ થાય છે. પર્યાયની યોગ્યતા તે સમયના પુરુષાર્થ પ્રમાણે હોય છે.

(૪) પાંચ સમવાય : જ્યારે કોઈપણ કાર્ય થાય ત્યારે પાંચ સમવાય હોય જ છે. (૧) સ્વભાવ (૨) નિયતિ (૩) કાળલબ્ધિ (૪) નિમિત્ત (૫) પુરુષાર્થ

(૫) દરેક દ્રવ્ય પોતાના **સ્વચતુષ્ટમાં રહીને જ કાર્ય** કરે છે. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને સ્વચતુષ્ટય કહેવામાં આવે છે. **દરેક દ્રવ્ય સ્વરૂપનિષ્ટ જ છે.**

## (૫) આત્માનુભૂતિ એ મુદ્દાની રકમ છે

(૧) આત્માનુભૂતિ એ જ સુખ પ્રાપ્ત કરવાનો એક જ સાચો ઉપાય છે.

(૨) સ્વરૂપની સાચી સમજણ થતાં, જે પર્યાયમાં નિર્વિકલ્પ દશા પ્રગટ થાય તેને સ્વાનુભૂતિ, સુખાનુભૂતિ કહે છે તે શુદ્ધભાવ છે.

(૩) જેવો વીતરાગભાવ સ્વભાવમાં છે તેવો જ શુદ્ધભાવ પર્યાયમાં એક સમય માટે પ્રગટ થાય તેને આત્માનુભવ કહેવામાં આવે છે.

(૪) *'નિજ દર્શન બસ શ્રેષ્ઠ છે, અન્ય ન કિંચિત્ માન;*
*હે યોગી ! શિવ હેતુ એ, નિશ્ચયથી તું જાણ.'*

આત્મદર્શન એ જ મોક્ષનું કારણ છે, મોક્ષનો માર્ગ છે.

(૫) અનંતગુણ સંપન્ન પ્રભુ, તેના દર્શન એટલે આત્મદર્શન.

(૬) આત્માના દર્શન એટલે કે જ્યાં મનનું પહોચવું નથી, વાણીની ગતિ નથી, કાયાની ચેષ્ટા જ્યાં કામ કરતી નથી, વિકલ્પનો જ્યાં અવકાશ નથી અને ગુણ-ગુણીના ભેદનું જ્યાં અવલંબન નથી, એવો જે અભેદ, અખંડ, એકરૂપ આત્મા તેનું અંતર દર્શન કરવું, પ્રતીત કરવી, અનુભવ કરવો તે આત્મદર્શન સમ્યક્દર્શન કહેવાય છે. તે સમ્યક્દર્શન એક જ મોક્ષનો માર્ગ છે.

(૭) મન-વચન-કાયાથી ભિન્ન, પુણ્ય-પાપના રાગથી ભિન્ન અને ગુણ-ગુણીના ભેદથી રહિત એવા આત્માના દર્શન એ મોક્ષમાર્ગ છે.

(૮) ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ અતિન્દ્રિય આનંદરૂપે પરિણમે એ એક જ મોક્ષનો માર્ગ છે.

(૯) *'વસ્તુ વિચારત ધ્યાવતે; મન પાવે વિશ્રામ,*
*રસ સ્વાદન સુખ ઊપજે, અનુભવ યાકો નામ.'*

(૧૦) ભગવાન આત્મા નિત્ય મુક્ત સ્વરૂપ શુભાશુભભાવ રહિત, ત્રિકાળ શુદ્ધ ચૈતન્યવસ્તુ એવા આત્માનો ભાવશ્રુતજ્ઞાનથી અનુભવ કરવો એ જૈનશાસન છે.

## (૬) આત્મદર્શનની સંપૂર્ણ વિધિ

(૧) **મૂળમાં ભૂલ :** આચાર્ય ભગવંતો એ જીવને સૌથી પહેલાં અનાદિની ભૂલ બતાવી છે. સંસાર પરિભ્રમણનું દુઃખનું સાચું કારણ (૧) મિથ્યાત્ત્વ (૨) અજ્ઞાન અને (૩) અસંયમ છે.

'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત....'

*'ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;*
*અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર.'*

મોહ એટલે મિથ્યાત્ત્વ અને વિકલ્પ એટલે રાગ-દ્વેષ જીવને અટકવાના સ્થાનો ઘણા છે એ વિચારવા જેવા છે.

(૧) **મિથ્યાત્ત્વ :** દેહમાં એકત્ત્વ બુદ્ધિ (ભાસ્યો દેહ અધ્યાસથી આત્મા દેહ સમાન...)
(૨) **ઓઘ સંજ્ઞા :** અત્યાર સુધી જે કર્યું તે ઓઘે ઓઘે (યમ, નિયમ, સંયમ આપ કિયો)
(૩) **લોક સંજ્ઞા :** લોકભયથી કે લોકમાં સારૂં દેખાડવા ધર્મની પ્રવૃત્તિ કરવી.
(૪) **પુણ્યના લક્ષે :** પુણ્યથી ધર્મ થાય એ ઉપદેશ અનુસાર શુભ પ્રવૃત્તિ કરવી.
(૫) **નિમિત્તમાં અટકવું :** ગચ્છ, મત કે સંપ્રદાયની પ્રવૃત્તિ કે કુળગુરુમાં અટકવું.
(૬) **મંદ કષાયમાં :** બાહ્ય વ્રત, તપ, જપ, ક્રિયાકાંડ - કષાયની મંદતામાં અટકવું.
(૭) **ક્ષયોપશમ જ્ઞાનમાં :** માત્ર શાસ્ત્રોની જાણકારી, શબ્દ જ્ઞાનમાં, ચર્ચા, વાદવિવાદ અટકવું.
(૮) **માન કષાયમાં :** ક્ષયોપશમ જ્ઞાન અને મંદ કષાયનું અભિમાન...
(૯) **શુભ રાગમાં :** રાગથી ધર્મ થાય એમ માની શુભ ભાવમાં અટકવું.
(૧૦) **વિકલ્પમાં :** અંતે 'શુદ્ધ, બુદ્ધ, ચૈતન્ય ધામ..., હું જ્ઞાનાનંદ સ્વભાવી ભગવાન આત્મા છું.' એવા વિકલ્પોની જાળમાં અટકવું...

હવે આ બધાથી પર-નિર્વિકલ્પ આત્માનો અનુભવ તો કાંઈક જુદી જ વસ્તુ છે-અને તે જ સાધ્ય છે.

તેનું ધ્યેય જે ત્રિકાળી જ્ઞાયક ભગવાન આત્મા તે પરમપારિણામીકભાવ વીતરાગભાવ એવો ભાવ તેનું લક્ષ, એકાગ્રતા કરી પર્યાયમાં કેમ પ્રગટ થાય તેની જે વિધિ તેને સાધના કહેવામાં આવે છે. તેની પ્રક્રિયા આ પ્રમાણે છે. પાંચ પદમાં સમજાવવામાં આવી છે.

## (૭) સાધનાનો ક્રમ

(૧) **પાત્રતા :** 'કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,
ભવે ખેદ, પ્રાણી દયા ત્યાં આત્માર્થ નિવાસ.'

'વિશાળ બુદ્ધિ, સરળતા, મધ્યસ્થતા અને જિતેન્દ્રિયપણું.' 'દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ અને વૈરાગ્ય.'

આવી પાત્રતા પ્રથમ ભૂમિકામાં અને સૌથી અગત્યના **'રૂચી'**

(૨) **અભ્યાસ :** અભ્યાસ ઘણા પ્રકારે છે. તેમાં મુખ્ય (૧) સત્સંગ (૨) સ્વાધ્યાય. સત્સંગ અને સ્વાધ્યાયના માધ્યમથી તત્ત્વનો અભ્યાસ, તત્ત્વનો વિચાર અને ચિંતવન... જીવાદિ સાત તત્ત્વનો નિર્ણય અને શ્રદ્ધાન, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો નિર્ણય અને શ્રદ્ધાન, સ્વ-પરનું ભેદજ્ઞાન અને સ્વનું શ્રદ્ધાન...

(૩) **તત્ત્વનો યથાર્થ નિર્ણય :**

(૧) હું જીવ સ્વરૂપ છું,
(૨) હું આત્મ સ્વરૂપ છું,
(૩) હું જ્ઞાન સ્વરૂપ છું,
(૪) હું મોક્ષ સ્વરૂપ છું,
(૫) હું સુખ સ્વરૂપ છું.

← **'હું જ્ઞાન આનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું.**

(૪) **ભેદજ્ઞાન :** નોકર્મ (શરીરાદિ બાહ્ય સંયોગો) દ્રવ્યકર્મ, રાગાદિ ભાવકર્મ, એ બધાથી ભિન્ન શુદ્ધ એકરૂપ પરમ ચૈતન્ય પદાર્થ અનંત શક્તિસંપન્ન છું
**'હું સર્વથા સર્વથી ભિન્ન છું.**

(૫) **આત્માનુભૂતિ :** જ્યારે વર્તમાન જ્ઞાનની પર્યાય-બધાથી ભિન્ન પડી દ્રવ્ય સ્વભાવની પ્રતીતિ, લક્ષ કરી ત્યાં એક સમય માટે એકાગ્ર થાય છે (અવિચ્છિન્ન ધારાએ) તો આનંદના રસ સાથે આત્માનો અનુભવ થાય છે.

## (૮) સમ્યગ્દર્શન પ્રગટ કરવાની સૂક્ષ્મવિધિ-બસ ! બે ઘડી !

આચાર્ય કોમળ સંબોધનથી કહે છે કે હે ભાઈ ! તું કોઈપણ રીતે મહાકષ્ટે અથવા મરીને પણ તત્ત્વોનો કૌતૂહલી થઈ આ શરીરાદિ મૂર્ત દ્રવ્યનો એક મૂહૂર્ત (બે ઘડી) પાડોશી થઈ આત્માનો અનુભવ કર, કે જેથી પોતાના આત્માને વિલાસરૂપ, સર્વ પરદ્રવ્યોથી જુદો દેખી આ શરીરાદિક મૂર્તિક પુદ્ગલ દ્રવ્ય સાથે એકપણાના મોહને તું તુરત જ છોડશે.

(શ્રી સમયસાર શ્લોક ૨૩)

**વિશેષ :** અહીં કહે છે કે આ 'શરીરાદિ' મૂર્ત દ્રવ્યોનો એક મુહૂર્ત પાડોશી થઈ આત્માનો અનુભવ કર.

'શરીરાદિ શબ્દ છે છે? એટલે બધા મૂર્તિક દ્રવ્ય...

નોકર્મ તેમજ દ્રવ્ય કર્મ-આ છે સ્થૂળ ભેદજ્ઞાન...

હવે સૂક્ષ્મ ભેદજ્ઞાનની વાત કરે છે. દયા-દાન-વ્રત-પૂજા- ભક્તિ આદિ પુણ્યના પરિણામ પણ મૂર્ત છે. (પરના લક્ષે-પુદ્ગલના લક્ષે તથા બધા જ વિકારી ભાવ પણ મૂર્ત છે.) આ બધા મૂર્તદ્રવ્યોનો પાડોશી થા. (સ્વામી નહિ). એ તારામાં નથી અને તું એનામાં નથી.

એક જ્ઞાયક સ્વભાવ તરફ ઝુકાવ કર ! તેથી તને રાગ અને શરીરાદિથી જુદો ચૈતન્ય ભગવાન દેખાશે. રાગ અને પુણ્યને તું વેદે છે એ તો અજીવનો અનુભવ છે. રાગમાં ચૈતન્ય જ્યોતિ નથી.

એકવાર પ્રભુ ! તું રાગ અને શરીરાદિનું લક્ષ છોડી, અંતરમાં લક્ષ કર. તેથી તને શરીર અને રાગથી સાચું પાડોશીપણું થશે. ક્ષણવારમાં આત્મા રાગથી ભિન્ન જુદો તારી શુદ્ધ જ્ઞાનની પર્યાયમાં જણાશે. આ અનુભવ તેં સમ્યગ્દર્શન છે. હવે શરત એક છે તારો અભિપ્રાય બે ઘડી તૂટ્યા વગર (ધારાવાહી) રહેવો જોઈએ. અનુભવથી તને અતિન્દ્રિય આનંદના ધામરૂપ ભગવાન આત્મા જણાશે.

## (૯) આ ધર્મની રીત છે. જેનાથી સંસારનો અતં આવી જાય તે ધર્મ છે.

**સારાંશ :** સ્વરૂપ સંબંધી અભિપ્રાયની ભૂલ કેમ ટળે તેની વાત છે.

(૧) પ્રથમ આગમના અવલંબનથી યથાર્થ નિર્ણય કર, 'હું જ્ઞાનાનંદ સ્વરૂપી ભગવાન આત્મા છું. ત્રિકાળ મારું આ જ સ્વરૂપ છે.'

(૨) હવે દરેક પ્રસંગે ધારાવાહી ભેદજ્ઞાન કર.


(અ) આ શરીરાદિ મૂર્તિક દ્રવ્યોથી ભિન્ન છું.

(બ) આ પર્યાયમાં થતાં વિકારી ભાવો-રાગાદિક તેનાથી ચૈતન્ય ભગવાન આત્મા ભિન્ન છે.

(૩) આ રીતેં દરેક સમયે પોતાનું અને પોતાના અને પરના સ્વરૂપ સંબંધી અભિપ્રાયની ધારા તૂટ્યા વગર બે ઘડી એ બધાનો પાડોશી થા તો સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટે. સુખી થવાનો આ એક જ ઉપાય છે.

(૪) આ શ્રદ્ધાગુણની નિર્મળ પર્યાય કેમ પ્રગટે તેની વાત છે.

---




**સ્વના લક્ષથી વર્તમાન જ્ઞાનની પર્યાય સમયે સમયે શુદ્ધ થઈ જાય છે. બે ઘડીમાં એ પૂર્ણ શુદ્ધ થતાં એ શુદ્ધ જ્ઞાનની પર્યાયમાં ભગવાન આત્મા જણાય છે.**

વર્તમાન જ્ઞાન પર્યાય સ્વભાવમાં અભેદરૂપે પરિણમી જાય છે. મિથ્યાત્વનો નાશ કેમ થાય? અને ઊંધી માન્યતા અને અનાદિનાં પાપ કેમ ટળે તેનો આ ઉપાય છે. સુખની પર્યાય કેમ પ્રગટ થાય તેની આ વાત છે. સરળ, સહજ અને સુગમ ઉપાય છે.

## (૧૦) પ્રવચન સાર ગાથા ૪૩ આ વાત સમજાવે છે.

*'ભાખ્યાં જિને કર્મો ઉદયગત નિયમથી સંસારીને,*
*તે કર્મ હોતાં મોહી-રાગી-દ્વેષી બંધ અનુભવે.'*

**ભાવાર્થ :** સંસારી સર્વ જીવોને કર્મનો ઉદય છે, પરંતુ તે ઉદય બંધનું કારણ નથી. જો કર્મ નિમિત્તક ઈષ્ટ-અનિષ્ટ ભાવોમાં જીવ રાગી-દ્વેષી-મોહી થઈ પરિણમે તો બંધ થાય છે. આથી એ વાત સિદ્ધ થઈ કે જ્ઞાન, ઉદયપ્રાપ્ત પૌદગલિક કર્મો કે કર્મના ઉદયથી ઉત્પન્ન દેહાદિની ક્રિયાઓ બંધનું કારણ નથી, બંધના કારણ કેવળ રાગ-દ્વેષ-મોહ ભાવો છે. માટે તે ભાવો સર્વ પ્રકારે ત્યાગવા યોગ્ય છે.

**સારભૂત :**

(૧) દરેક સમયે કર્મનો ઉદય છે.

(૨) દરેક સમયે કાંઈપણ પરિસ્થિતિનું નિર્માણ થાય છે.

(૩) ત્યાં દૃષ્ટિ જતાં પર્યાયમાં શુભાશુભ ભાવ થાય છે.
સર્વ સંસારી જીવોને પ્રત્યેક સમયે આ પ્રમાણે હોય જ છે. હવે જો જીવ એ ક્રિયા સાથે જોડાય છે (મોહ અને રાગ-દ્વેષથી) તો દુઃખને અનુભવે છે અને નવો કર્મ બંધ થાય છે. આચાર્ય એમાંથી છૂટવાનો રસ્તો બતાવે છે.

(૪) ભેદજ્ઞાન દ્વારા એ બધાથી તારું લક્ષ હટાવી લે. એ બધું પર દ્રવ્યનું પરિણમન-સ્વતંત્ર, ક્રમબદ્ધ અને તેની યોગ્યતા પ્રમાણે છે?

(૫) તારા ચૈતન્ય સ્વભાવને સ્મરણમાં લાવ-'હું જ્ઞાન આનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું.'

(૬) દરેક સમયે આજ ભેદજ્ઞાન-આજ નિર્ણય અને મોહ અને રાગ-દ્વેષથી જોડાવું નહિ.

(૭) જો સતત મહાવરાથી આ ભેદજ્ઞાનની ધારા બે ઘડી ધારાવાહી ચાલુ રહે તો સમ્યગ્દર્શન-આત્માના અનુભવ-આનંદના સંવેદન સહિત થાય જ.

❋ ❋ ❋

# ૧૪ આત્માનુંભવ સંબંધી

## ૧ રત્નકણિકાઓ

(૧) અહા ! જુઓ તો ખરા ! ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં કેટલી ગંભીરતા છે ! દ્રવ્યની પર્યાય પરથી ફરે છે એ તો વાત છે જ નહિ, પણ દ્રવ્ય પોતે પોતાની પર્યાયને આડી અવળી ફેરવવા માંગે, તોય ફરે નહિ. જેમ ત્રિકાળી દ્રવ્ય પલ્ટીને બીજારૂપે થતું નથી તેમ તેનો એકેક સમયનો અંશ-પરિણામ પણ પલ્ટીને બીજા અંશે રૂપે થતો નથી.

(૨) ત્રિકાળી દ્રવ્યના એકેક સમયના પરિણામ સત્ છે, એ 'સત્' જેને નથી બેઠું ને પર્યાયોમાં ફેરફાર કરવાનું માને છે તેને વસ્તુના સ્વભાવની, સર્વજ્ઞ દેવની, ગુરુની કે શાસ્ત્રની વાત બેઠી નથી અને ખરેખર તેણે તે કોઈને માન્યા જ નથી.

(૩) ક્રમબદ્ધ પર્યાયનો સિદ્ધાંત એ તો સર્વ આગમના મંથનનો સાર છે. ક્રમબદ્ધ એ પરમ સત્ય છે. ક્રમબદ્ધમાં અકર્તાપણું સિદ્ધ કરે છે અને જ્ઞાતાપણું સ્થાપિત કરે છે. ક્રમબદ્ધમાં જ્ઞાયકદ્રવ્યની વિશેષતા છે.

(૪) જ્ઞાન જાણે છે કે રાગ-દ્રેષના વિકલ્પ ક્રમબદ્ધ થઈ રહ્યા છે, જ્ઞાન જાણે છે કે શરીરના પુદ્ગલ પરમાણુઓનું પરિણમન પણ ક્રમબદ્ધ થઈ રહ્યું છે અને હું તો કાંઈ જ નથી કરી રહ્યો. બધું જ સહજ જગતમાં નિયત ક્રમમાં નિયત સમયે બની જ રહ્યું છે તો પછી આમાં મારે શું કરવાનું આવ્યું ? પરને જાણવાની વાત પણ વ્યવહારથી છે. નિશ્ચયથી તો જ્ઞાનની પર્યાય તેની તે સમયની યોગ્યતા પ્રમાણે પોતેને જ જાણી રહી છે.

(૫) ભૂમિકા અનુસાર દરેક જીવને વિકલ્પ-શુભાશુભ ભાવ આવે છે તે પ્રમાણે જડની ક્રિયા પણ થઈ જાય છે. એ બંનેથી ભિન્ન જ્ઞાયક પ્રભુ ભગવાન આત્મા જુદો છે એવું **ભેદજ્ઞાન** કરવું એ જ ધર્મનો સાર છે.

(૬) પરનો કર્તા તો ક્યાંય રહ્યો, પણ પરનો જાણનાર પણ નથી. પોતે જ જ્ઞેય છે, પોતે જ જ્ઞાન છે, પોતે જ જ્ઞાતા છે.

(૭) વાણી, વિચાર, મંથન, ચિંતન-મનન એ બધું વિકલ્પરૂપ જ છે. તેનાથી જુદું વિકલ્પાતિત એક ટકતું જ્ઞાયકતત્ત્વ તે આત્મા છે... તેનું અસ્તિત્વ ખ્યાલમાં આવે, 'હું જુદો... હું આ જ્ઞાયક જુદો' એવું નિરંતર ઘૂંટણ રહે તો જેવો વીતરાગ સ્વભાવ છે એવો બનતો રહે અને જો બે ઘડી અભિપ્રાયની ધારા ચાલુ રહે તો એવો જ

વીતરાગભાવ પર્યાયમાં પ્રગટ થાય. એને સ્વાનુભૂતિ કહેવામાં આવે છે. એ જ સમ્યગ્દર્શન છે.

(૮) અનાદિના અજ્ઞાની જીવને (મિથ્યાદષ્ટિને) સમ્યગ્દર્શન પામ્યા પહેલાં... તો એકલો શુભ વિકલ્પ જ હોય ને ? 'ના' એકલો વિકલ્પ નથી. સ્વભાવ તરફ ઢળી રહેલા જીવને વિકલ્પ હોવા છતાં તે જ વખતે **'આત્મ સ્વભાવના મહિમાનું લક્ષ'** પણ કામ કરે છે; તે લક્ષના જોરે જ જીવ આત્મા તરફ આગળ વધે છે; કાંઈ વિકલ્પના જોરથી આગળ નથી વધતો. રાગ તરફનું જોર તૂટવા માંડયું ને સ્વભાવ તરફનું જોર વધવા માંડયું ત્યાં સવિકલ્પ દશા હોવા છતાં એકલો રાગ જ કામ નથી કરતો પણ રાગના અવલંબન વગરનો સ્વભાવ તરફના જોરવાળો એક ભાવ ત્યાં કામ કરે છે. પદે પદે, પર્યાયે પર્યાયે જ્ઞાનની પર્યાય શુદ્ધ થતી પ્રગટ થતી જાય છે. અને તેનો જોર આગળ વધતો... વધતો પુરુષાર્થનો કોઈ અપૂર્વ કડાકો કરીને... એ ધારા જ્યારે તૂટયા વગર બે ઘડી ચાલુ રહે તો નિર્વિકલ્પ આનંદના વેદન સહિત તે જીવ સમ્યગ્દર્શનને પામી જાય છે.

(૯) 'રાગ એ મારામાં છે અને એને મારે ઘટાડવો છે' એ દૃષ્ટિ જ મિથ્યા છે. રાગરહિત શુદ્ધસ્વભાવના આલંબનથી પર્યાયમાં રાગ ઘટતો જાય છે.

(૧૦) 'દ્રવ્ય જ હું છું'એવું સ્થાપન કરતી પર્યાય એકાગ્ર થઈ જાય છે, તદ્રૂપ થઈ જાય છે ત્યારે જ ધ્યાન સિદ્ધ થાય છે. 'હું જ જ્ઞાયક છું' એમ જ્ઞાનપૂર્વક તદ્રૂપ તન્મય થઈને પર્યાય અભેદ પરિણમન કરે છે ત્યારે અનુભૂતિ થાય છે.

(૧૧) બહારની સંપૂર્ણ સન્મુખતા તૂટી. પર્યાયને પર્યાયની પણ સન્મુખતા તૂટી. હવે વિકલ્પ તૂટયા. ગુણ-ગુણીનો ભેદ પણ તૂટયો. નિર્વિકલ્પ દશા થઈ. હવે ત્યાં દ્વૈત નથી. અદ્વૈત ચૈતન્યમાત્ર છે. હવે ત્યાં કોઈ દ્રવ્ય છે..., કોઈ ગુણ છે..., કોઈ પર્યાય છે..., એવા ભેદ રહેતા નથી. હવે **ધ્યાતા-ધ્યેય-ધ્યાન, જ્ઞાતા-જ્ઞેય-જ્ઞાન,** એકમેક વિલસી રહ્યા છે. અંદરનો વૈભવ જુએ તો અંદર તદ્રૂપ પરિણમન કર્યા વગર રહે નહિ.

(૧૨) પર્યાય પર્યાય મટી જાય ત્યારે ત્યાં વેદન આવે છે. પર્યાયમાં પર્યાયની તન્મયતા સધાય છે પણ એ તન્મયતાવાળી પર્યાય ત્રિકાળીમય થઈને પરિણમી રહી છે. પર્યાયમાં જ્ઞાયક જણાય છે. ક્ષણિક સત્ છે એ પોતાનું વિસર્જન કરી ત્રિકાળી સત્રૂપે પોતાનું નવસર્જન કરે છે જેવો ત્રિકાળી છે એવું વર્તમાન બની જાય છે. જેવો વીતરાગ સ્વરૂપ, સુખસ્વરૂપ ત્રિકાળ છે તેવું વર્તમાન બની જાય છે.

(૧૩) જ્ઞાન તો તેને જ કહેવાય જેમાં વેદન હોય. ત્રિકાળીને જાણે તે જ્ઞાન. બાકી બધું અજ્ઞાન... . પર્યાય પોતાના અસ્તિત્ત્વની સ્થાપના કરતી હમેશાં ઉત્પન્ન થાય છે. સ્વ સન્મુખ થઈને દ્રવ્યમાં નિજ અસ્તિત્ત્વની સ્થાપના કરે તો તેને શુદ્ધ પર્યાય કહેવાય છે. સન્મુખતા એટલે અસ્તિત્ત્વની સ્થાપના પર્યાય ધ્રુવ દ્રવ્યમાં પોતાનું અસ્તિત્વ સ્થાપતી પ્રગટ થાય છે ત્યારે તે પર્યાય પોતાનું પર્યાયત્ત્વ છોડી દે છે અને 'હું જ ધ્રુવ દ્રવ્ય છું' એમ તદ્રૂપ થઈ જાય છે. એમ પરિણમી જાય છે. બસ ! અહીં વેદન આવે છે. આ જ સ્વાનુભૂતિની દશા છે. આ જ સમ્યગ્દર્શન છે.

(૧૪) નિઃશંકતા... નિર્ભયતા... નિઃસંગતા... નિશ્ચિયતંતા... માત્ર જ્ઞાતા... જ્ઞાતા... એક સમયની સ્થિરતાની વાત છે. પર્યાય બધાથી ઉદાસીન થઈ જાય છે. અપૂર્વ આનંદ પ્રથમ વખત પ્રગટ થાય છે. આ છે અનુભવની દશા.

(૧૫) 'વસ્તુ વિચારત ધ્યાવતે, મન પામે વિશ્રામ;
રસ સ્વાદન સુખ ઊપજે, અનુભવ યાકો નામ.'

(૧૬) 'ઉપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર.'

(૧૭) સ્વાનુભૂતિ કરનારો ભાવ, જેનો સ્વાનુભવ કરવાનો છે એના જેવો જ શુદ્ધ થાય, તે એક જાતના થઈને બંને તદ્રુપ થાય-તો જ સ્વાનુભૂતિ થઈ શકે. શુદ્ધાત્માની અનુભૂતિ કરનારો ભાવ શુદ્ધાત્માની જાતનો વીતરાગી જ હોય.

(૧૮) શુદ્ધ વસ્તુ સ્વરૂપને અનુભવનારો ભાવ તે વસ્તુમાં લીન થયેલો છે; વસ્તુથી બહાર રહેલો કોઈ ભાવ વસ્તુને અનુભવી શકતો નથી. શુદ્ધ વસ્તુની અનુભૂતિ નિર્વિકલ્પ છે. વિકલ્પ એનાથી બહાર છે.

(૧૯) સ્વાનુભૂતિ તે જ્ઞાનની સ્વઉપયોગરૂપ પર્યાય છે.

(૨૦) નિરાવરણ જ્ઞાનદર્શન લક્ષણથી લક્ષિત પોતે નિરાવરણ પોતે ત્રિકાળ છે, એથી એના સ્વભાવમાં નિરાવરણપણું જે પર્યાયમાં છે એનાથી તે લક્ષિત થઈ શકે છે. એનામાં જે 'ભાવ' છે એના લક્ષણથી તે લક્ષ્ય થઈ શકે છે. એની જાતની, જે પર્યાય નિર્મળ- એના સ્વભાવની જાતની પર્યાય, એથી તે લક્ષિત છે. જ્ઞાયક દેવ, ચેતન ભગવાન આત્મા ત્રિકાળ નિરૂપાધિક સ્વરૂપ છે. એ નિરૂપાધીક લક્ષણથી જણાય એવો છે.

(૨૧) ધ્યાનની પર્યાય પરિણમન પામતી હોવા છતાં એમ કહે છે કે, 'હું તો ધ્યેયરૂપ પરિપૂર્ણ વસ્તુ છું. આમ સમ્યક્ એકાંત જ કરવું પડશે. વસ્તુ અનેકાન્તથી સિદ્ધ થાય છે, સમ્યક્ એકાંતથી તેની પ્રાપ્તિ થાય છે.

(૨૨) જેનું જે જ્ઞાન હોય તેને તે જાણે નહિં અને પરને હું જાણું છું એવો ભ્રામક ભાવ ઊભો થાય છે એ ભ્રમને નામ આપવામાં આવે છે, **'અજ્ઞાન-મિથ્યાત્વ'** એ જ સંસારનું મૂળ છે.

(૨૩) નિશ્ચયાભાસ થવાનો ભય અથવા પ્રમાણજ્ઞાનનો લોભ રહેવાથી સત્યમાર્ગ દેખાતો નથી.

દૃષ્ટિના જોરવાળો સત્સંગ જેને મળતો નથી... તે શાસ્ત્રોમાં રોકાઈ જશે. અજ્ઞાનને જ્ઞાન માની લેવાની ભયંકર ભૂલ તે કરશે. જ્ઞાનનું સાચું કાર્ય શું ? માત્ર જાણવું... ના ! શ્રદ્ધાનપૂર્વક પોતાને જેવો છે તેવો જ જાણવો એ જ્ઞાનનું ખરું કાર્ય છે. સમ્યગ્દર્શનની પર્યાય એના સ્વકાળે આવશે, એ તરફ ન જો. તું પોતે જ મોક્ષ સ્વરૂપ છો. સ્વભાવ જો, સંયોગ નહિ. અંતિમ શ્વાસ સુધી આમ જીવ્યે જા; પળે પળે જાગૃતતા... ભેદજ્ઞાન.

(૨૪) જ્ઞાનની વર્તમાન પર્યાયનું સામર્થ્ય સ્વને જાણવાનું છે. આબાલ ગોપાળ સૌને સદાકાળ અખંડ પ્રતિભાસમય ત્રિકાળી સ્વ જણાય છે. પણ તેની દૃષ્ટિ પરમાં પડી હોવાથી ત્યાં એકત્ત્વ કરતો થકો 'જાણનાર જણાય છે' તેમ નહિં માનતા, રાગાદિ ને પર જણાય છે એમ અજ્ઞાની પર સાથે જાણતો માનતો હોવાથી વર્તમાન અવસ્થામાં અખંડનો પ્રતિભાસ થતો નથી.

(૨૫) પ્રતીતિપૂર્વક અંદરનું પરિણમન એ પુરુષાર્થ છે. ધ્યાન કરનારી પર્યાય એમ ધ્યાવે છે કે હું તો ધ્યેય છું... અહાહા! ત્યારે ધ્યાનની સિદ્ધિ થાય છે-પ્રયોજનની સિદ્ધિ થાય છે-સુખની અનુભૂતિ થાય છે.

## ૨ પ્રેરણા દાયક વચનો

### (પ્રયોજનની સિદ્ધિ માટે)

(૧) જૈન દર્શન શ્રેષ્ઠ છે તેનું શું કારણ... ?

તેની (૧) પરિપૂર્ણતા (૨) સત્યતા (૩) નિરાગીતા (૪) જગહિતસ્વીતા. જૈન ધર્મની મહત્તા એ છે કે મોંક્ષના કારણ ભૂત એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની-શુદ્ધ ભાવની પ્રાપ્તિ તેમાં જ હોય. એનાથી જ જૈન ધર્મની શ્રેષ્ઠતા છે.

(૨) સર્વ કલેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે.

(૩) અસત્સંગનું બળ ઘટવાથી આત્મવિચાર થવાનો અવકાશ પ્રાપ્ત થાય છે. સત્સંગ અને સ્વાધ્યાય આ કાળમાં અભ્યાસના શ્રેષ્ઠ અધિષ્ઠાન છે.

(૪) તિથિના આધારે ધર્મ નથી, પણ આત્માને આધારે ધર્મ છે.

(૫) ભાઈ ! તું તારા સ્વભાવમાં એકાગ્ર થા ને ! આખા લોકમાં તારાથી અધિક બીજું શું છે ? તું જ પૂર્ણ શુદ્ધ પરમેશ્વર છો, સર્વમાં અધિક છો.

(૬) સંસારમાં ભોગ-ઉપભોગની પ્રાપ્તિથી જેટલું સુખ થાય છે તેને અને ભોગ-ઉપભોગના નાશથી જેટલું દુઃખ થાય છે તેને સરખાવીએ તો ભોગ-ઉપભોગની પ્રાપ્તિથી થતાં સુખ કરતાં ભોગ-ઉપભોગના નાશથી થતું દુઃખ અત્યંત અધિક છે.

(૭) શાસ્ત્રમાં નાના પ્રકારના મિથ્યાદૃષ્ટિઓનું કથન કર્યું છે તેનું પ્રયોજન એટલું જ જાણવું કે એ પ્રકારોને ઓળખી પોતાનામાં કોઈ એવો દોષ હોય તો તેને દૂર કરી સમ્યક્ શ્રદ્ધાયુક્ત થવું, પણ અન્યના એવા દોષ જોઈ કષાયી ન થવું કારણ કે પોતાનું ભલું-બુરૂ તો પોતાના પરિણામોથી થાય છે.

(૮) મારા આત્માને સર્વજ્ઞ ભગવાને સિદ્ધ સ્વરૂપે જોયો છે, હું શું કામ ન જોઉં ? દિવ્યધ્વનિનો સાર જ એ છે કે તું પરમાત્મા જ છો એમ અનુભવ કર !

(૯) પરોપકાર કરવો, દયા પાળવી, જાત્રા કરવી, પૂજા કરવી-કરાવવી, એ બધા ભાવ બહિર્મુખ છે, વિકલ્પ છે. લોકોને આકરું લાગે. દુકાને બેઠા હોય તો પાપ થાય પણ ઉપાશ્રયમાં કે મંદિરમાં બેઠા પાપ થતું નથી એમ લાગે, પણ ભાઈ ! **મિથ્યાત્વનું** પાપ તો ચાલુ જ છે, જે કોઈ પરના લક્ષે ભાવ થાય છે તે ક્રમચક્રની જાત છે, આત્માની વાત નથી.

(૧૦) શુભ અને અશુભ બંને ભાવ વિષમ છે. શુદ્ધભાવ જ સમભાવ-એકરૂપ ભાવ છે-વીતરાગભાવ છે. શાંત-સ્વભાવ ભગવાન આત્મામાંથી બહાર આવીને જેટલી વૃત્તિઓ ઊઠે તે બધી કષાય-અગ્નિ છે. ક્રોધ-માન-માયા લોભ (રાગ-દ્વેષ) રૂપ જ છે. સાક્ષાત્ ભગવાન પણ આત્માથી પર હોવાથી તેના ઉપર જેટલું લક્ષ જાય તે વિષમતા છે. સમતાથી વિરુદ્ધ ભાવ છે, તેમાંથી સમતા ન આવે. પર્યાયમાંથી પર્યાય ઉત્પન્ન ન થાય.

(૧૧) સામાન્યપણે દેવ-ગુરુ-શાસ્ત્ર, છ દ્રવ્યનું સ્વરૂપ, સાત તત્ત્વોનું સ્વરૂપ-પ્રયોજનભૂત પદાર્થનું જ્ઞાન અને શ્રદ્ધા બરાબર કરવા જોઈએ. એમાં પરીક્ષા કર્યા વિના ભગવાને કહ્યું છે માટે માની લો તો એમ ચાલે નહિ. સર્વજ્ઞ વીતરાગી દેવ અરિહંત અને સિદ્ધ છે. ભાવલિંગી આત્મજ્ઞાની મુની એ ગુરુ છે અને સર્વજ્ઞભગવાને કહેલા શાસ્ત્રો તે

આગમ છે તેમાં વીતરાગતાની જ વાત આવે. માટે જેમ છે તેમ યથાર્થપણે જાણવું જોઈએ ને એની શ્રદ્ધા કરવી જોઈએ. એ વિના દેવ-ગુરુ-શાસ્ત્રને માને તે પણ મિથ્યાદૃષ્ટિ છે.

(૧૨) નવતત્ત્વરૂપ પરિણમનને દેખે છે તે દેખવું છોડી દે.અને વસ્તુને દેખ ! આ તારે કરવાનું છે. નવતત્ત્વરૂપ પરિણમનને દેખે છે ઈ તને રોગ છે-ભવ રોગ છે.

(૧૩) આનંદ જ આત્માનું સ્વરૂપ છે, જ્ઞાન સાથે આનંદ વણાયેલો છે. એવા જ્ઞાનાનંદ સ્વરૂપ આત્માની જેને પ્રતીતિ થઈ તે શીઘ્ર શુભાશુભ વૃત્તિને છોડીને આનંદમય અમૃતરસનું પાન કરે છે. એવા ચિંતવનને ધર્મ ધ્યાન કહે છે. આત્મા ત્રિકાળ અનાકુળ સ્વરૂપ છે. આનંદ તેમાં અને અમૃતનો ઘુંટડો આવે તો આકુળતા રહિત થાય છે. આવા આત્માના વ્યાપારમાં નુકસાની કદી થતી નથી. દિન-પ્રતિદિન આનંદની વૃદ્ધિ-લાભ થાય છે.

જે જીવ સ્થિર થઈને પોતાના સ્વરૂપને અનુભવશે તે જીવનું ચિત્ત વનની વચ્ચે પણ શાંતરસથી ભરાઈ જશે ને તે આનંદિત થશે; ભ્રાંતિરૂપ ઘનઘોર સંસારવનથી તે છૂટી જશે ને તેને મોક્ષસુખનો લાભ થશે.

(૧૪) 'હું કોણ છું ?' તેની ખબર વગર આ માર્ગનું મોં-માથું હાથ આવે તેમ નથી. 'પૂર્ણાનંદનો નાથ જ્ઞાન સાગર ત્રિકાળ હું જ છું અને સર્વથા સર્વથી ભિન્ન છું' એવી ખબર વગર બધું નકામું છું. રાગાદિ મારામાં થતાં હોવા છતાં તે મારું સ્વરૂપ નથી- મારી સત્તા એક જુદુ જ તત્ત્વ છે. રાગાદિ મારી અપેક્ષાએ કોઈ વસ્તુ જ નથી એમ જાણીને, આત્માનો અનુભવ કરે છે તેણે રાગ-દ્વેષ-મોહને જીતી લીધા છે. આવા નિર્મળ અનુભવનું નામ 'ધર્મ' છે. આ જૈન સંસ્કૃતિ છે. રાગાદિ-મોહને જીતે તે જૈન છે. રાગ-દ્વેષ મોહને ઉત્પન્ન ન થવા દેવા એ જ તેનું જીતવું છે.

(૧૫) પોતાના સુખધામમાં સદાય જામી રહેવું, બસ એક જ વાત બાર અંગનો સાર છે.આનંદનો નાથ એવા શુદ્ધાત્માની પ્રેમથી વાત સાંભળે છે તેને ભાવિ નિર્વાણનું ભાજન કહ્યું છે. આમાં કાંઈ મૂંઝાવા જેવું નથી, સાંભળીને હા પાડતાં, હકાર આવતાં અંદર સંસ્કાર પડતા જાય છે.

(૧૬) જે શરીરાદિ સર્વ પરથી ભિન્ન જ્ઞાનાનંદ સ્વભાવી આત્માનું સ્વરૂપ બતાવતાં હોય અને પુણ્ય-પાપનું કર્તવ્ય આત્માનું નથી એમ બતાવતાં હોય તે જ સત્શ્રુત છે, તે જ સાચા દેવ છે અને તેજ સાચા ગુરુ છે. જે પુણ્યથી ધર્મ બતાવે, શરીરની ક્રિયાનો કર્તા આત્મા છે એમ બતાવે અને રાગથી ધર્મ બતાવે તે બધા કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર

છે; કેમ કે તેઓ જેમ છે તેમ વસ્તુ સ્વરૂપ ન બતાવે અને જરાય પણ વિરુદ્ધ બતાવે તે વીતરાગદેવની વાણીથી ભિન્ન પરૂપણાં છે.

(૧૭) દેહ છુટવાનો કાળ સમયે સમયે નજીક આવી રહ્યો છે. જો વાસ્તવિક પણે એ દેહને નહિ છોડે તો દેહ છૂટવા ટાણે, ખરેખર એણે દેહને છોડયો નથી પરંતુ દેહે એને છોડયો છે. આગમમાં જેવું વસ્તુસ્વરૂપ કહ્યું છે એના સમ્યક્ નિર્ણય વિના એ વાસ્તવિકપણે દેહને છોડી શકશે નહિં.

(૧૮) લસણ, ડુંગળીની રાઈ જેટલી કણીમાં અસંખ્ય ઔદારિક શરીર હોય છે-ને એક શરીરમાં અનંત જીવ હોય છે. એવા તેં અનંત ભવ કર્યા, એ કેમ કર્યા ? કે આત્મા 'જ્ઞ' સ્વભાવી વસ્તુ છે. આત્મા જેવી વસ્તુ છે તેવી તે રીતે ન ભાસી ને તેનાથી વિરુદ્ધ ભાવે તે પણે હું છું-પુણ્ય-પાપના વિકાર પણે હું એમ માનીને તેના ફળમાં એવા અનંત ભાવ કર્યા છે.

(૧૯) પૈસો રહેવો કે રળવો તે પોતાના હાથની વાત નથી, જ્યારે પુણ્ય ફરે ત્યારે દુકાન બળે, વિમાવાળો ભાંગે, દીકરી રાંડે, દાટેલા પૈસા કોલસો થાય વગેરે એકી સાથે બધી સરખાઈની ફરી વળે. કોઈ કહે કે એવું તો કોઈકવાર થાય ને ? અરે ! પુણ્ય ફરે તો બધા પ્રસંગો ફરતાં વાર લાગે નહિ. પરદ્રવ્યને કેમ રહેવું એ તારા હાથની વાત જ નથીને! માટે સદા અફર સુખનિધાન નિજ આત્માની ઓળખાણ કરીને તેમાં ઠરી જા!

(૨૦) જૈનદર્શનમાં માત્ર બાહ્ય ક્રિયાનું જ પ્રતિપાદન નથી પણ તેમાં સૂક્ષ્મ તત્ત્વજ્ઞાન ભરપૂર ભરેલું છે. આ મોંઘા મનુષ્યભવમાં એ તત્ત્વનો વિચાર અને નિર્ણય ન કર્યો તો મનુષ્યભવ નિષ્ફળ જશે.

(૨૧) આ મનુષ્ય અવતાર પામીને જો ભવના અંતના ભણકારા અંદરમાં ન જગાડ્યા તો જીવન શું કામનું ? જેણે જીવનમાં પરભાવથી છૂટવાનો ઉપાય ન કર્યો તેના જીવનમાં ને કીડા કાગડાના જીવનમાં શો ફેર છે ? સત્સમાગમે અંતરના ઉલ્લાસપૂર્વક ચિદાનંદ સ્વભાવનું શ્રવણ કરીને, તેની પ્રતીતિ કરતાં જ તારા આત્મામાં ભવ-અંતના ભણકારા આવી જશે. માટે ભાઈ! ભવભ્રમણના અંતના આ ઉપાય સત્સમાગમે શીઘ્ર કર. આમાં તારું હિત છે.

(૨૨) એકવાર પરને માટે તો મૃતકવત્ થઈ જવું જોઈએ. પરમાં તારો કાંઈ અધિકાર જ નથી; અરે ભાઈ ! તું રાગને તથા એકપણ રજકણને કાંઈ કરી શકતો નથી, એવો જ્ઞાતા-દ્રષ્ટા પદાર્થ છો. એવા જ્ઞાતા દ્રષ્ટા સ્વભાવની દષ્ટિ કર ચારે બાજુથી ઉપયોગને સંકેલીને એક આત્મામાં જ જા.

(૨૩) સર્વજ્ઞ ભગવાને કહેલું સત્ય સાંભળવા માંગતો હો તો જેવા પરમાત્મા પૂર્ણ પવિત્ર છે તેવો તું પણ છો તેની 'હા' પાડ. 'ના' પાડીશ નહિ. 'હા' માંથી 'હા' આવશે; પૂર્ણનો આદર કરનાર પૂર્ણ થઈ જશે. પૂર્ણતાના લક્ષે શરૂઆત એ જ વાસ્તવિક શરૂઆત છે.

(૨૪) અનુકૂળ-પ્રતિકુળ સંયોગો બનવા તે તો સંસારથી સ્થિતિ જ છે. તેને ફેરવવા આત્માનું સમર્થપણું નથી; પણ આ સંસાર સાગરમાંથી આત્માને તારવી ઊંચો લાવવો તે પોતાની સ્વતંત્રતાની વાત છે.

(૨૫) લૈકિક વિશેષતામાં કંઈ સારભૂતતા જ નથી, એમ નિશ્ચય કરવામાં આવે તો માંડ આજીવિકા જેટલું મળતું હોય તો પણ તૃપ્તિ રહે. માંડ માંડ આજીવિકા ચાલતી હોય તો પણ મુમુક્ષુને તે ઘણું છે, કેમકે વિશેષનો કંઈ અવશ્ય ઉપયોગ (કારણ) નથી, એમ જ્યાં સુધી નિશ્ચયમાં ન આણવામાં આવે ત્યાં સુધી તૃષ્ણા નાના (અનેક) પ્રકારે આવરણ કર્યા કરે.

## 3 પરિણામ સંબંધી તત્ત્વચિંતન

(૧) 'હું શુદ્ધ છું'-એમ સ્વીકારતાં પર્યાયની રચના શુદ્ધ જ થાય છે. સ્વરૂપની રચના કરવી એ વીર્ય ગુણનું કાર્ય છે.

(૨) જે વાંચવાથી, સમજવાથી તથા વિચારવાથી આત્મા વિભાવથી, વિભાવના કાર્યોથી અને વિભાવના પરિણામથી ઉદાસ ન થયો, વિભાવનો ત્યાગી ન થયો વિભાવના કાર્યોનો અને વિભાવના ફળનો ત્યાગી ન થયો; તે વાંચવું, તે વિચારવું અને તે સમજવું અજ્ઞાન છે.

(૩) આ લોકમાં એક વસ્તુનો અન્ય વસ્તુની સાથે સઘળો ય સંબંધ જ નિષેધવામાં આવ્યો છે.

(૪) રાગને થતા દેખો એ તો ઠીક છે પરંતુ શુદ્ધતાને તો જ્ઞાન કરે છે ને?

નહિં; શુદ્ધતાને પણ જ્ઞાન જાણે છે, કરતો નથી. શું શુદ્ધતા થવાવાળી નહતી? એ પણ એક સમયની પર્યાય છે; એ પણ પોતાના સ્વકાળે થવાવાળી જ થાય છે. જ્ઞાન તેને જાણે છે; કરતો નથી.

(૫) અહાહા ! પોતાના અશુદ્ધ અને શુદ્ધ પર્યાયો સ્વકાળે ક્રમબદ્ધ જે થવાના તે જ થાય છે એટલે પોતામાં પણ પર્યાયને આડી-અવળી કરવાનું જ રહ્યું નહિં. માત્ર જેમ થાય છે તેમ જાણવાનું જ રહ્યું.

(૬) એનું લક્ષ અને દૃષ્ટિ પર્યાયના કર્તાપણાની બુદ્ધિથી-પર્યાયના ફેરફાર કરવાની બુદ્ધિથી ખસીને ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક ઉપર જાય ત્યારે નિઃસંદેહ નિર્ણય થતાં પરિણામમાં અંશે નિર્મળતા અને વીતરાગતા થાય.

એકપણ પર્યાયના ક્રમમાં ફેરફાર કરવા જાવ તો પૂરા વિશ્વમાં વિપ્લવ થઈ જશે. તીર્થંકર ભગવાન પણ ફેરફાર નથી કરી શકતા. આત્મા જાણનાર... જાણનાર... બસ જાણનાર જ છે, એમ નિરંતર રટણ થવું જોઈએ.

(૭) આ તો અખંડ સિદ્ધાંત માનજો કે સંયોગ-વિયોગ, સુખ-દુઃખ, ખેદ-આનંદ, અણરાગ-અનુરાગ ઈત્યાદિ યોગ કોઈ વ્યવસ્થિત કારણને લઈને રહ્યા છે. સંપૂર્ણ વિશ્વ વ્યવસ્થા સ્વયંસંચાલીત તો છે જ પરંતુ ન્યાયયુક્ત છે.

(૮) પરિણામને હટાવી નથી શકતા, પરિણામમાંથી એકત્ત્વ હટાવી શકાય છે-ભેદજ્ઞાનની વિધિથી...

હે જીવ ! તારી પરિણતિમાં આ રાગ-દ્રેષ ભલે હો, પણ તે વિકારી પરિણામ તું નથી. એ પરિણામ તું નથી અને પરિણામ તારા સ્વભાવમાં નથી. તેનો કર્તા-ભોક્તા પણ તું નથી. તું તો નિર્વિકલ્પ સહજ સમયસારરૂપ જ્ઞાયક-ભાવ છો. તેની દૃષ્ટિ કર !

(૯) અભિપ્રાયની પહેલા પ્રધાનતા કરો, પછી યોગ્યતા પ્રધાની થઈ જશો. જે પર્યાય જયારે થવાવાળી છે ત્યારે જ થાય છે. આપણે તો જ્યાં બેઠા છીએ (ધ્રુવના ખોળામાં) ત્યાં કાંઈપણ કરવું-કરાવવું નથી. આપણે તો બંધ અને મુક્તિ બંનેથી રહિત જ છીએ.

જીવનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ચેતનમાત્ર સ્વરૂપ છે; રાગાદિ અશુદ્ધપણું વિદ્યમાન જ નથી.

(૧૦) હું પરિણામ માત્ર નથી; ત્રિકાળી ધ્રુવપણામાં પોતાપણું સ્થાપીત કરી દેવું એ જ એક ઉપાય છે.

પરિણામ યોગ્તાઅનુસાર થઈ જાય છે, હું એ નથી. હે જીવ ! એક સમયના વિકલ્પને દેખીને તું ડર નહિં... મુંઝા નહિં... ઉલ્લસિત વીર્યથી મહિમા લાવીને તારી અંતરની તાકાતને ઉછાળ !

'જે સિદ્ધ ભગવાન કેવળજ્ઞાનદિ અનંત ગુણોથી પૂર્ણ છે તે જ હું સિદ્ધ છું.'

(૧૧) વિવેકની વાત એકબાજુ રાખો; એક વખત વિવેક છોડી દો! પરિણામ માત્ર હું નથી, હું તો અવિચલિત ધ્રુવ ખૂંટો છું, મારામાં ક્ષણિક અસ્તિત્ત્વ છે જ નહિં. વિવેકના

બહાના હેઠણ પણ જીવ પરિણામમાં એકત્ત્વ કરે છે.

પર્યાયમાત્રની ગૌણતા કરો. અનુભવ થયો કે નહિં થયો, આ નહિં જુઓ-ત્રિકાળી વસ્તુ જ હું છું.

(૧૨) વિકલ્પો પર આપણો અધિકાર કેવો છે એ તો વિચારો ! કયા વિકલ્પોને રોકવા ઈચ્છે તો રોકી શકે છે ? કયા વિકલ્પોની જાતી બદલાવવા ઈચ્છે તો બદલાવી શકે છે ? અશુભ-શુભ-શુદ્ધ-કયા ? તો પછી એની માલિકી કેવી ? વિકલ્પનું સ્વામીત્ત્વ તોડવું એ જ મૂળ વાત છે. પ્રથમ રાગ નહિ, રાગની રૂચી તૂટવી જોઈએ.

(૧૩) સમજ...! નિમિત્ત-નૈમિત્તિક સંબંધને નહિં સમજવાથી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ક્રિયા કરે છે-આ જ મોટી ભૂલ છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સહજ જ થાય છે. કોઈના કરવાથી થતા નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન થવું જરૂરી છે. કેવળજ્ઞાનને લોકાલોક નિમિત્ત છે, લોકાલોકને કેવળજ્ઞાન નિમિત્ત છે. આવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

(૧૪) પરિણામમાં તીવ્ર અશુભ પરિણામ હોય અથવા ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ શુદ્ધ પર્યાય હોય, મારામાં કાંઈપણ બગાડ-સુધાર નથી થતો. હું તો એવો ને એવો જ એકરૂપ છું.

(૧૫) સ્વયં પરિણમનશીલ સ્વ-પરની પર્યાયોને શું બદલવી છે ? અને શું કામ બદલવી છે ? તથા કેવી રીતે બદલવી છે ? એવી સમજ આવવાથી પોતાની સમજ સાથે પોતાના ગુણોના નિમિત્ત-નૈમિત્તિક સંબંધ દેખવાથી આત્માનું અપૂર્વ કાર્ય સહજ જ પ્રસિદ્ધ થઈ જાય છે.

(૧૬) પર્યાયમાં જોવાની છે પોતાની યોગ્યતા... પોતાની તે સમયની યોગ્યતા પ્રમાણે જ પર્યાય ઉત્પન્ન થાય છે. જ્ઞાનની પર્યાય પણ તે સમયની યોગ્યતા પ્રમાણે જ જાણે છે-એમ બધી પર્યાયમાં સમજવું. અને દ્રવ્યમાં જોવાનું છે પોતાનું ત્રિકાળી સામર્થ્ય... 'હું તો અનંતશક્તિઓના પિંડ છું' પરમાં તો એને જોવાનું છે જ નહિ.

(૧૭) અજ્ઞાની ને એમ થાય છે કે પર્યાય છે ને ! પર્યાય છે તો ખરીને ! એમ પર્યાય ઉપર જોર આપવાથી દ્રવ્ય ઉપર જોર આપી શક્તા નથી. પર્યાય દષ્ટિ વિનેશ્વર ! દ્રવ્યદષ્ટિ જિનેશ્વર !

(૧૮) રાગ, પણ એક સમય પૂરતો સત્ છે, એને ખસેડવા જશે તો તું પોતે ખસી જશે. તેને તેમાં રહેવા દે, તું તારામાં રહે. તું રાગરહિત પૂર્ણ શુદ્ધ સ્વભાવ છો એ નહિ ભૂલ. તો રાગ સ્વયં જ ચાલ્યો જશે. આત્માની રૂચી હોય તો રાગ ભલે થતો થાય...

(૧૯) એકલો પુરુષાર્થ કરું, પુરુષાર્થ કરું... કરું... કરું એવી એકાંત કર્તાબુદ્ધિ-પુરુષાર્થની બુદ્ધિ રહે... એકાંત પુરુષાર્થ બુદ્ધિ રહે તે પણ મિથ્યાત્ત્વ છે. કોઈપણ કાર્ય થાય ત્યારે પાંચ સમવાય સાથે જ હોય... (૧) સ્વભાવ (૨) નિયતિ (૩) કાળ (૪) નિમિત્ત અને પુરુષાર્થ... આ વાત યાદ રાખવી.

(૨૦) જ્યાં સુધી ઓછી ઉપાધિવાળા ક્ષેત્રે આજીવિકા ચાલતી હોય ત્યાં સુધી વિશેષ મેળવવાની કલ્પનાએ મુમુક્ષુએ કોઈ એક વિશેષ અલૌકિક હેતુ વિના વધારે ઉપાધિવાળા ક્ષેત્રે જવું ન ઘટે; કેમ કે તેથી ઘણી સદ્‌વૃત્તિઓ મોળી પડી જાય છે, અથવા વર્ધમાન થતી નથી.

લૌકિક વિશેષતામાં કાંઈ સારભૂતતા નથી-એમ નિશ્ચય કરવામાં આવે તો માંડ આજીવિકા જેટલું મળતું હોય તો પણ તૃપ્તિ રહે !

(૨૧) ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ અને પરિણામ સ્વભાવ (પર્યાયસ્વભાવ) આ બંને સર્વથા જુદા જ છે, પરંતુ સમુચ્ચ દ્રવ્યની અપેક્ષા એમને એક કહેવામાં આવ્યા છે.

પર્યાય દ્રવ્યથી સર્વથા જ ભિન્ન છે. એકાંત ભિન્ન જ છે. એવું જોર આપ્યા વિના પર્યાય ઉપરથી દૃષ્ટિ નહિ હટે, અને દૃષ્ટિનું જોર દ્રવ્ય પર જતું નથી.

(૨૨) મુમુક્ષુ જીવને આ કાળને વિશે સંસારની પ્રતિકૂળ દશાઓ પ્રાપ્ત થવી તે તેને સંસારથી તરવા બરાબર છે. અનંતકાળથી અભ્યાસેલો એવો આ સંસાર સ્પષ્ટ વિચારવાનો વખત પ્રતિકૂળ પ્રસંગે વિશેષ હોય છે-એ વાત નિશ્ચય કરવા યોગ્ય છે.

(૨૩) ભોળા જીવો ! બાહ્ય પરિસ્થિતિઓને સંભાળ્યા કરે છે; અંદરની રીતોને સમજવાનો પ્રયત્ન નથી કરતા; અંદરની રીત સંભાળવાથી બાહ્ય સ્થિતિમાં સહજ જ નિયમિત કાર્ય થતું જોવામાં આવશે. પરંતુ કમનશીબે આત્માને ન તો પોતાનો ભરોસો છે અને ન બાહ્ય પરિસ્થિતિઓનો ભરોસો !

(૨૪) 'જે થવાનું છે તે થાય છે,' એવું જેણે સમજી લીધું તો પરમાં ફેરફાર કરવાનું તો ન જ રહ્યું, સ્વમાં પર ફેરફાર કરવાનું મટી ગયું-અને દ્રવ્ય સમજાઈ ગયું-આ જ સત્ય પુરુષાર્થ છે.

(૨૫) પર્યાય પરદ્રવ્યથી ન થાય, નિમિત્તથી ન થાય, પોતાના દ્રવ્યથી પણ ન થાય, પણ પર્યાયની યોગ્યતારૂપ જન્મક્ષણે સ્વકાળથી પર્યાય થાય છે. પર્યાયને સ્વસન્મુખ કરું, અંતરમાં વાળું, એવી એવી સૂક્ષ્મભ્રાંતિ જીવને રહયા કરે છે, પર્યાયનું મુખ બદલવાનું છે એ અપેક્ષાએ આ વાત સાચી છે, પરંતુ ધ્રુવ પર બેસતાં જ એ સહજ થઈ જાય છે. આ બહુ સૂક્ષ્મ વાત છે.

# (૪) દિવ્ય-ધ્વનિનો સાર

(૧) નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં રહેલું જે નિત્ય નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ દ્રવ્ય સામાન્ય તે **'પરમાત્મા તત્ત્વ'** છે. તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણ પરમાત્મા, પરમપારિણામિક ભાવ વગેરે નામોથી કહેવાય છે.

(૨) આ **'પરમાત્મા તત્ત્વની ઉપલબ્ધિ'** અનાદિ કાળથી અનંત અનંત દુઃખને અનુભવતા જીવે એક ક્ષણ માત્ર પણ કરી નથી. અને તેથી સુખ માટેના તેના સર્વ ઉપાય સર્વથા વ્યર્થ ગયા છે. બોધનો એકમાત્ર ઉદ્દેશ જીવોને **'પરમાત્મા તત્ત્વની ઉપલબ્ધિ'** અથવા **'આશ્રય'** કરાવવાનો છે.

(૩) **'હું ધ્રુવ શુદ્ધ આત્મદ્રવ્ય સામાન્ય છું'** એવી સાનુભવ શ્રદ્ધા પરિણતિથી માંડીને પરિપૂર્ણ લીનતા સુધીની કોઈપણ પરિણતિને પરમાત્મા તત્ત્વનો આશ્રય, પરમાત્મા તત્ત્વનું આલંબન, પરમાત્મા તત્ત્વ પ્રત્યે ઝોક, પરમાત્મા તત્ત્વ પ્રત્યે વલણ, પરમાત્મા તત્ત્વ પ્રત્યે સન્મુખતા, પરમાત્મા તત્ત્વની ઉપલબ્ધિ, પરમાત્મા તત્ત્વની ભાવના, પરમાત્મા તત્ત્વનું ધ્યાન કહેવાય છે.

(૪) હે જગતના જીવો ! તમારા સુખનો એકમાત્ર ઉપાય **પરમાત્મા તત્ત્વનો આશ્રય છે** સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધ સુધીની સર્વ ભૂમિકાઓ એમાં સમાય છે. પરમાત્મા તત્ત્વનો જઘન્ય આશ્રય તે સમ્યગ્દર્શન છે; તે આશ્રય મધ્યમ કોટિની ઉગ્રતા ધારણ કરીને જીવને દેશચારિત્ર, સકલચારિત્ર વગેરે દશાઓ પ્રગટ થાય છે અને પૂર્ણ આશ્રય થતાં કેવળજ્ઞાન અને સિદ્ધત્ત્વ પામીને જીવ સર્વથા કૃતાર્થ થાય છે. આ રીતે **'પરમાત્મા તત્ત્વનો આશ્રય'** જ **સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર** છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાને મોક્ષમાર્ગ કહ્યો છે. મોક્ષમાર્ગ ત્રણ લોક ત્રણ કાળમાં એક જ છે, તેની પ્રરૂપણા નિશ્ચય અને વ્યવહારથી એમ બે પ્રકારે કરવામાં આવી છે.

(૫) પરમાત્મા તત્ત્વનો આશ્રય જ સત્યાર્થ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સામાયિક, ભક્તિ, આવશ્યક, સમિતિ, ગુપ્તિ, સંયમ, તપ, સંવર, નિર્જરા, ધર્મ ધ્યાન, શુકલ ધ્યાન વગેરે બધું ય છે. એવો એકપણ મોક્ષના કારણરૂપ ભાવ નથી જે **'પરમાત્માતત્ત્વના આશ્રય'**થી અન્ય હોય.

(૬) **પરમાત્મા તત્ત્વથી અન્ય** એવા ભાવોને (શુભ ભાવોને) વ્યવહાર પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, સામયિક ભક્તિ-મોક્ષમાર્ગ કેવળ ઉપચારથી કહેવામાં આવે છે. ખરેખર એ મોક્ષમાર્ગ નથી.

(૭) **પરમાત્મા તત્ત્વના મધ્યમ કોટિના અપરિપકવ આશ્રય** વખતે તે અપરિપકવ્યતાને લીધે સાથે સાથે જે અશુદ્ધિરૂપ અંશ વિધમાન હોય છે કે તે અશુદ્ધિરૂપ અંશ જ વ્યવહાર પ્રતિક્રમણ આદિ અનેક શુભ વિકલ્પાત્મક ભાવોરૂપે દેખાવ દે છે. તે અશુદ્ધિરૂપ અંશ ખરેખર મોક્ષમાર્ગ કેમ હોઈ શકે ? તે તો મોક્ષમાર્ગથી વિરુદ્ધ જ ભાવ છે.

(૮) શુભ ભાવો અને તેના સંબંધી બાહ્ય જડ ક્રિયાઓ આ જીવ અનંતવાર કરી ચૂકયો છે પરંતુ તે ભાવોના ફળ રૂપે કદાચ સ્વર્ગગતિ પણ પ્રાપ્ત થાય તો પણ કેવળ પરિભ્રમણનું જ કારણ થયા છે. એ ભાવો પરલક્ષે થતા હોવાથી આત્માનું વિભાગરૂપ પરિણમન છે. **'પરમાત્મા તત્ત્વના આશ્રય'** વિના આત્માનું સ્વભાવરૂપ પરિણમન અંશે પણ નહિ થતું હોવાથી તેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ અંશ માત્ર હોતી નથી.

(૯) સર્વ જિનેન્દ્રોના દિવ્ય ધ્વનિનો સંક્ષેપ સાર એ છે કે ભયંકર સંસાર રોગનું એકમાત્ર ઔષધ **'પરમાત્મા તત્ત્વનો આશ્રય'** છે.

*'વચનામૃત વીતરાગના, પરમ શાંત રસ મૂળ;*
*ઔષધ એ ભવ રોગના, કાયરને પ્રતિકૂળ.'*

(૧૦) જ્યાં સુધી જીવની દૃષ્ટિ ધ્રુવ અચળ **પરમાત્મા તત્ત્વ** ઉપર ન પડતાં ક્ષણિક ભાવો ઉપર રહે છે ત્યાં સુધી અનંત ઉપાયે પણ તેના કૃતક ઔપાધિક ઉછાળા-શુભાશુભ વિકલ્પો શમતા નથી. પરંતુ જ્યારે તે દૃષ્ટિને **'પરમાત્માતત્ત્વરૂપ ધ્રુવ'** આલંબન હાથ લાગે છે ત્યાં તો તે જ ક્ષણે તે જીવ (દૃષ્ટિ અપેક્ષાએ) કૃતકૃત્યતા અનુભવે છે. શ્રદ્ધા અપેક્ષાએ-શ્રદ્ધાગુણનું પૂર્ણ નિર્મળ પરિણમન થઈ જવાથી વિધિ-નિષેધ વિલય પામે છે, અપૂર્વ **સમરસ** ભાવનું વેદન થાય છે, નિજ સ્વભાવરૂપ પરિણનનો પ્રારંભ થાય છે અને કૃતક ઔપાધિક ઉછાળા ક્રમે ક્રમે વિરામ પામતા જાય છે.

(૧૧) આ નિરંજન નિજ **પરમાત્મા તત્ત્વના આશ્રયરૂપ** માર્ગે જ સર્વ મુમુક્ષઓ ભૂતકાળે પંચમ ગતિને પામ્યા છે, વર્તમાન કાળે પામે છે અને ભવિષ્યકાળમાં પણ આ જ રીતે પામશે. બીજો કોઈ ઉપાય નથી.

(૧૨) આ **પરમાત્મા તત્ત્વ** સર્વ તત્ત્વોમાં **એક સાર** છે, ત્રિકાળ-નિરાવરણ, નિત્યાનંદ-એક સ્વરૂપ છે, સ્વભાવ અનંત સ્વચતુષ્ટથી સનાથ છે, સુખ સાગરનું પૂર છે, કલેશોદધિનો કિનારો છે, ચારિત્રનું મૂળ છે, મુક્તિ કારણ છે, સર્વ ભૂમિકાના સાધકોને તે જ એક ઉપાદેય છે.

(૧૩) હે ભવ્ય જીવો ! આ **પરમાત્મા તત્ત્વનો આશ્રય** કરી તમે શુદ્ધ રત્નત્રય પ્રગટ કરો. પૂર્ણ દશા પ્રગટ ન થઈ શકે તો સમ્યગ્દર્શન તો અવશ્ય કરો જ. એ દશા પણ અભૂતપૂર્વ અને અલૈકિક છે.

(૧૪) બધાએ જીવનમાં એક જ ધ્યેય રાખવાનું-આત્મા કેમ ઓળખાય ? અને **પરમાત્મા તત્ત્વના આશ્રય** વગર એ ઓળખાય એમ નથી.

(૧૫) જીવનમાં જે **પરમાત્મા તત્ત્વ** સંબંધી નિર્ણય કર્યો છે, 'હું જ્ઞાન-આનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું.' તે નિર્ણયની દૃઢતાથી આગળ જવાનું છે. અંદર પુરુષાર્થ કરવો. ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો. ચૈતન્ય ભગવાન આત્મા રાગથી ભિન્ન છે. એ અભ્યાસના બળે આગળ વધાશે.

(૧૬) ધર્મની શરૂઆત સમ્યગ્દર્શનથી થાય છે અને સમ્યગ્દર્શન ભેદવિજ્ઞાન અને **પરમાત્માતત્ત્વના આશ્રયથી** થાય છે.

જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે. જે કોઈ બંધાયા છે તે તેના જ અભાવથી બંધાયા છે.

આ ભેદવિજ્ઞાન અવિચ્ચછિન્ન ધારાથી ત્યાં સુધી ભાવવું કે જ્યાં સુધી પર ભાવોથી છુટી જ્ઞાન જ્ઞાનમાં ઠરી જાય.

(૧૭) ગમે તે પ્રસંગ હો, આત્માનું જ્ઞાતા-દૃષ્ટાપણે રહેવું તે જ શાંતિ છે, સંયોગો પ્રતિકૂળ હો કે અનુકૂળ, એ દરેક પ્રસંગમાં **'હું એક શુદ્ધ ચૈતન્ય આનંદઘન છું'** એ દૃષ્ટિ ખસવી ન જોઈએ. મારું અસ્તિત્વ સહજ એક જ્ઞાયકભાવ છે, તેમાં પરનો, શરીરાદિનો કે રાગાદિવિભાવનો પ્રવેશ નથી અને મારો જે સ્વભાવ છે તે પરમાં જતો નથી. અહા ! આવી વાત છે. **'જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા-પરમાત્માતત્ત્વ'**નો આશ્રય એજ એક મુખ્ય વાત છે.

(૧૮) ભગવાન આત્માનું કોઈ અદ્ભૂત સ્વરૂપ છે. તેનું પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ ઐશ્વર્ય, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રકાશ આદિ અનેકપૂર્ણ શક્તિઓથી ભરેલું **ચૈતન્ય ચમત્કારીક** પરિપૂર્ણ સ્વરૂપ છે. આવા **પરમાત્મા તત્ત્વના** પૂર્ણ સ્વરૂપને જોનારી જે દૃષ્ટિ તેને આધીન ભગવાન આત્મા પ્રગટ થાય છે.

(૧૯) કાંતો ઈ થાય એના ભગવાનનો-**પરમાત્મા તત્ત્વનો** અને કાં તો થાય રાગનો! ત્રીજી કોઈ ચીજ એની નથી. કાં થાય રાગનો કાં **વીતરાગી સ્વભાવનો**. ત્રીજાનો એ થતો નથી. આમ વાત છે.

(૨૦) પહેલામાં પહેલું 'સ્વજ્ઞાન'-**'ચૈતન્યમૂર્તિ-પરમાત્માતત્ત્વને'** જ્ઞેય કરીને કરો, બીજું બધું તેમાં આવી જાય છે. તારામાં તું સમા! ગુરુની પ્રથમ આ **આજ્ઞા-આદેશ-ઉપદેશ છે.** પ્રથમ દૃષ્ટિ વીતરાગ, જ્ઞાન વીતરાગ, સ્થિરતા વીતરાગ, આ જ ત્રણકાળના તીર્થંકરોનો હુકમ છે.

(૨૧) નિશ્ચયદષ્ટિથી દરેક જીવ **પરમાત્માસ્વરૂપ જ** છે. જિનવર ને જીવમાં ફેર નથી. ભલેને એકેન્દ્રિયનો જીવ હોય કે સ્વર્ગનો જીવ હોય. એ બધું તો પર્યાયમાં છે. વસ્તુ સ્વરૂપે તો પરમાત્મા જ છે. પર્યાય ઉપરથી જેની દૃષ્ટિ ખસીને સ્વરૂપ ઉપર દૃષ્ટિ થઈ છે એ તો પોતાને પણ પરમાત્મા સ્વરૂપ દેખે છે, ને દરેક જીવને પણ પરમાત્મા સ્વરૂપ દેખે છે. સમ્યક્દષ્ટિ બધા જીવોને જિનવર જાણે છે અને જિનવરને જીવ જાણે છે. અહા! કેટલી વિશાળ દૃષ્ટિ! અરે! આ વાત બેસે તો કલ્યાણ થઈ જાય. પણ આવી કબૂલાતને રોકનારા માન્યતારૂપી ગઢનો પાર ન મળે! બાર અંગનો સાર એ છે કે જિનવર સમાન આત્માને દૃષ્ટિમાં લેવો કેમ કે આત્માનું સ્વરૂપ **પરમાત્માસ્વરૂપ જ** છે.

(૨૨) ધર્મી કોનું ધ્યાન કરે છે ? ધર્મી જીવને સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટી છે છતાં પ્રગટેલાનું ધ્યાન કરતો નથી, પણ તેની પાછળ બિરાજમાન જે સકળ નિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષ પ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધ-પારિણામિક ભાવ લક્ષણ-નિજ પરમાત્મા દ્રવ્યનું ધ્યાન કરે છે.

(૨૩) તું જ્ઞાયકસ્વરૂપ નિર્લેપ પ્રભુ છો. એ પ્રભુતાનો અંતરથી વિશ્વાસ કરતાં પર્યાયમાં પ્રભુતા પ્રગટે છે.

(૨૪) નિશ્ચય મોક્ષમાર્ગ છે તે નિર્વિકલ્પ સમાધિ છે. તેનાથી ઉત્પન્ન થયેલ અતિન્દ્રિય આનંદનો અનુભવ જેનું લક્ષણ છે એવું સ્વ-સંવેદનજ્ઞાન તે જ્ઞાન છે. સુખાનુભૂતિમાત્ર લક્ષણ સંવેદનજ્ઞાનથી ભગવાન આત્મા જણાય તેવો છે.

(૨૫) **સાર :-** ૧. એક જ ધ્યેય : 'જ્ઞાયક આત્મા કેમ ઓળખાય ?

૨. તત્ત્વનો યથાર્થ નિર્ણય.

૩. ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો.

૪. અંદર પુરુષાર્થ કરવો-જ્ઞાન શ્રદ્ધા નિર્મળ કરવા.

૫. અંદરમાં જ્ઞાયક દેવની આરાધના-બહારમાં દેવ-ગુરુ-શાસ્ત્રની આરાધના આ પાંચમાં જીવન જાય એ સફળ જીવન છે.

# ૫ સ્વાનુભૂતિ (મોક્ષ પ્રાપ્તિનો ઉપાય)

(૧) શુદ્ધ આત્માની પ્રાપ્તિ થવી એ પ્રયોજન છે. એટલે જે શુદ્ધ, ધ્રુવ આત્મા છે તેનો પર્યાયમાં અનુભવ થાય એ પ્રયોજન છે. વસ્તુ પોતે જે છે-જીવતી જ્યોત તેને જ્ઞાનમાં કબૂલવી એ પ્રયોજન છે. જેવો આત્મા છે એવો કબૂલ્યો, ત્યારે જીવતી જ્યોતને જીવતી રાખી-કે આવો હું શુદ્ધ, ધ્રુવ, ચૈતન્યજ્યોતિ છું. આત્માના સ્વરૂપને આ સિવાય બીજી રીતે માને એણે શુદ્ધ આત્માનું (માન્યતામાં) મૃત્યુ કર્યું છે. **તેથી વસ્તુનું સ્વરૂપ જેવું છે તેવું યથાર્થ માનવું અને અનુભવવું એ વાસ્તવિક પ્રયોજન છે.**

(૨) આ તો વસ્તુના સ્વરૂપની વાત છે. જૈન શાસન એ તો વસ્તુનું સ્વરૂપ છે. જૈન એટલે અંદર જે આ ધ્રુવ જ્ઞાયકભાવ બિરાજે છે જે કદીય રાગરૂપ-જડરૂપ-મલિનતારૂપ થતો નથી એવા જ્ઞાયકની સન્મુખ થઈને એને જ્ઞાન અને દૃષ્ટિમાં લે તેને જૈન કહે છે.

જૈન કોઈ વાડો કે વેશ નથી, એ તો વસ્તુ સ્વરૂપ છે.

(૩) અંતર આત્મા શુદ્ધ વસ્તુ છે. તેને જાણતાં સાચું જ્ઞાન અને સાચું સુખ થાય છે. આમ વાત છે. જે ત્રિકાળ શુદ્ધ જીવ છે તેને જાણતાં પર્યાયમાં જ્ઞાન અને સુખ થાય-આનંદનો અનુભવ થાય. સ્વના આશ્રયે થાય તે સમ્યગ્જ્ઞાન છે. અનંત ગુણોની પર્યાય અંદરમાં જ્યારે દ્રવ્ય તરફ ઢળે છે ત્યારે તેને જ્ઞાન અને સુખ થાય છે.

(૪) જે ત્રિકાળી શુદ્ધ ચૈતન્યઘન ધ્રુવસ્વભાવ ભગવાન કેવળીએ જોયો અને જાણ્યો તેને લક્ષમાં લેતાં-ઉપાદેય કરતાં પર્યાયમાં જ્ઞાન સમ્યક્ થાય અને સાથે આનદં પ્રગટ થાય, એને શુદ્ધ આત્મા જાણ્યો અને માન્યો કહેવાય.

પોતાનો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન દ્રવ્ય સ્વભાવ તે ઉપાદેય છે.

(૫) પોતાનો ભગવાન શુદ્ધ ચૈતન્ય વસ્તુ-એનો પર્યાયમાં આદર કર્યો ત્યારે પર્યાયમાં જે અનુભૂતિ થઈ તે પર્યાયે સિદ્ધ કર્યું કે સ્વાનુભૂતિની પર્યાયમાં તે પ્રકાશે છે. દ્રવ્ય દ્રવ્યથી પ્રકાશતું નથી, દ્રવ્ય ગુણથી પ્રકાશતું નથી કારણ કે બંને ધ્રુવ છે. તે સ્વાનુભૂતિની પર્યાય દ્વારા પ્રકાશે છે.

(૬) ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા પોતાની અનુભવનરૂપ ક્રિયાથી સ્વને અનુસરીને થતી પરિણતિથી-શુદ્ધચૈતન્યની નિર્મળ અનુભૂતિથી જણાય એવો છે. રાગથી-શુભભાવથી પ્રકાશે એવો આત્મા નથી.

(૭) નિશ્ચય સમ્યક્સ્વરૂપના અનુભવ સહિત પ્રતીતિ થવી તે નિશ્ચય સમકિત છે. એની સાથે દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો જે રાગ આવે તેને વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. પણ એ છે તો રાગ; કાંઈ સમકિતની પર્યાય નથી.

(૮) ભગવાન આત્માની સમ્યક્દર્શનની પર્યાય સ્વદ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થાય છે, તેને વ્યવહારની અપેક્ષા નથી. નિરપેક્ષપણે સ્વના આશ્રયે થાય છે. સમ્યક્દર્શનની પર્યાયને, વસ્તુ જે ઉપાદેય છે તેનો આશ્રય છે એમ કહેવું એતો એની તરફ પર્યાય ઢળી છે એ અપેક્ષાએ કહેવામાં આવે છે; નહીંતર એ સમ્યક્દર્શનની પર્યાયના ષટ્કારકના પરિણમનમાં પરની તો અપેક્ષા નથી પણ દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી. તે એક સમયની સ્વતંત્ર પર્યાય પોતાના કર્તા-કર્મ આદિથી થાય છે. તે પર્યાયનો કર્તા પોતે, કરણ પોતે વગેરે છય કારકો પોતે છે. પર્યાય જે સત્ સ્વભાવ છે તે સ્વતંત્ર અને નિરપેક્ષ છે. અપેક્ષાથી કથન કરવામાં આવે છે કે પર્યાયને દ્રવ્ય ઉપાદેય છે. ફક્ત પર્યાય દ્રવ્ય બાજુ ઢળી એટલે આશ્રય લીધો, અભેદ થઈ એમ કહેવામાં આવે છે. દ્રવ્ય અહેતુક, ગુણ અહેતુક અને પર્યાય અહેતુક. આવું સ્વતંત્ર સ્વરૂપ છે, ભગવાન! એને ઓછું, અધિક કે વિપરીત કરવા જશે તો મિથ્યાત્વનું શલ્ય થશે. જગતને બેસે, ન બેસે એમાં જગત સ્વતંત્ર છે.

(૯) અનુભૂતિની પર્યાયમાં ત્રિકાળી આત્મા જણાય છે. અનિત્ય એવી અનુભૂતિની પર્યાય નિત્યને જાણે છે. જાણનાર જ્ઞાનની પર્યાય છે, પણ જાણે છે દ્રવ્યને અનુભૂતિની પર્યાયને આશ્રય દ્રવ્યનો છે. (અનુભૂતિની પર્યાયનું વલણ દ્રવ્ય તરફ છે). પર્યાયને પર્યાયનો આશ્રય નથી. કાર્ય પર્યાયમાં થાય છે, પણ તે કાર્યમાં કારણ ત્રિકાળી વસ્તુ છે. કાર્યમાં કારણનું જ્ઞાન થાય છે. ધ્રુવને પર્યાય જાણે છે. દ્રવ્ય, દ્રવ્યનો તો આશ્રય લઈ શકે નહીં, દ્રવ્ય પર્યાયનો પણ આશ્રય લેતું નથી, પણ પર્યાય દ્રવ્યનો આશ્રય લે છે, એટલે કે પર્યાય દ્રવ્યને જાણે છે તેથી પોતે પોતાને જાણે છે-સ્વાનુભૂતિથી પ્રકાશે છે.

(૧૦) આત્માને સ્વરૂપ પ્રત્યક્ષ કહ્યો છે. સ્વરૂપ પ્રત્યક્ષ જ વસ્તુ છે તેથી જ તે પર્યાયમાં પ્રત્યક્ષ થાય છે. વસ્તુ સ્વરૂપ પ્રત્યક્ષ જ જ્ઞાનમાં છે તેથી પ્રત્યક્ષ જ્ઞાન પર્યાયથી જણાય છે.

(૧૧) સમ્યક્દર્શનમાં આત્મા જ્ઞાનની અપેક્ષાએ પ્રત્યક્ષ છે. (પરના આશ્રય વિના સીધો જ્ઞાનમાં જણાય છે) સમ્યક્દર્શનનો પ્રતીતિરૂપ છે, પણ તે કાળે મતિ શ્રુતજ્ઞાનથી સ્વને પકડતાં પોતે પ્રત્યક્ષ થઈ જાય છે. (વેદનની અપેક્ષાએ વાત છે). પરમાર્થ વસ્તુ જ આવી છે. પોતે પોતાની જણાય એવી ચીજ છે.

(૧૨) જ્ઞાન, જ્ઞાનથી જ જાણે છે અને જ્ઞાન જ્ઞાનથી જ જણાય છે. જ્ઞાન પોતે પોતાને ન જાણે અને પરને જાણે એમ કેમ બની શકે? કદીય ન બની શકે. ખરેખર તો જ્ઞાનની પર્યાય સ્વતરફ ઢળી એટલે જ્ઞાન પ્રત્યક્ષ થયું. પ્રત્યક્ષ સ્વાનુભૂતિની દશા પ્રગટ થઈ. તે સ્વાનુભૂતિની દશામાં જે જ્ઞાન પ્રગટ થયું તે જ્ઞાન-જ્ઞાનને (જ્ઞાયકને) જાણે, સાથે અન્યને પણ જાણે. દ્રવ્યમાં સ્વ-પરને જાણવાની શક્તિ છે, તે જાણવાનું કાર્ય તો પ્રગટ પર્યાયમાં જ થાય છે.

ચૈતન્ય જેનો સ્વભાવ છે એવી સ્વભાવના ભાવ-સ્વરૂપ વસ્તુ-આત્મા, તે સ્વાનુભૂતિથી જણાય છે.

(૧૩) સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે મળીને મોક્ષનો માર્ગ છે અર્થાત્ મોક્ષની પ્રાપ્તિનો ઉપાય છે.

**સમ્યક્ શ્રદ્ધા :** આમ જ છે-અન્યથા નથી એવો પ્રતીતિ ભાવ.

**સમ્યગ્જ્ઞાન :** સંશય, વિપર્યય અને અનધ્યવસાય રહિત પોતાના આત્માનું તથા પરનું યથાર્થ જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન.

**સમ્યક્ ચારિત્ર :** સમ્યક્દર્શન-જ્ઞાનપૂર્વક આત્મામાં સ્થિરતા એ સમ્યક્ ચારિત્ર છે.

આ ત્રણે અનુક્રમે આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર ગુણોના શુદ્ધ પર્યાયો છે.

(૧૪) 'તત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્'

તત્ત્વ (વસ્તુના સ્વરૂપ સહિત અર્થ-જીવાદિ પદાર્થોની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે.

તત્ત્વોની સાચી શ્રદ્ધાનું નામ સમ્યગ્દર્શન છે. 'અર્થ' એટલે દ્રવ્ય-ગુણ-પર્યાય; 'તત્ત્વ' એટલે તેનો ભાવ-સ્વરૂપ; સ્વરૂપ (ભાવ) સહિત પ્રયોજનભૂત પદાર્થોનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે.

(૧૫) પરમાર્થ મોક્ષકારણ (નિશ્ચય સમ્યગ્દર્શનની વ્યાખ્યા)

'જીવાદિનું શ્રદ્ધાન સમક્તિ, જ્ઞાન તેમનું જ્ઞાન છે,
રાગાદિ-વર્જન ચરણ છે, ને આ જ મુક્તિ પંથ છે. ગાથા ૧૫૫

**ગાથાર્થ :** જીવાદિ પદાર્થોનું શ્રદ્ધાન સમ્યક્ત્વ છે, તે જીવાદિ પદાર્થોનો અધિગમ જ્ઞાન છે અને રાગાદિનો ત્યાગ ચારિત્ર છે, આજ મોક્ષનો માર્ગ છે.

**ટીકા :** મોક્ષનું કારણ ખરેખર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, તેમાં સમ્યગ્દર્શન તો જીવાદિ

પદાર્થોના શ્રદ્ધાન સ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું તે છે; જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું તે જ્ઞાન છે; રાગદિના ત્યાગ સ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું તે ચારિત્ર છે; તેથી એ રીતે એમ ફલિત થયું કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે એકલું જ્ઞાનનું ભવન (પરિણમન) જ છે. માટે જ્ઞાન જ પરમાર્થ મોક્ષ કારણ છે.

(૧૬) સમયસાર ગાથા-૧૪૪ ટીકા :

પ્રથમ શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરીને, પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે, પર પદાર્થની પ્રસિદ્ધિના કારણો જે ઈન્દ્રિયો દ્વારા અને મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ તેમને મર્યાદામાં લાવીને જેણે મતિજ્ઞાન તત્ત્વને આત્મ સન્મુખ કર્યું છે એવો, તથા નાના પ્રકારના આલંબનથી થતા અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને પણ મર્યાદામાં લાવી શ્રુતજ્ઞાન તત્ત્વને પણ આત્મ સન્મુખ કરવો, અત્યંત વિકલ્પ રહિત થઈને, તત્કાળ પરમાત્મારૂપ આત્માને જ્યારે આત્મા અનુભવે છે તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે અર્થાત્ શ્રદ્ધા છે અને જણાય છે તે જ સમ્યક્દર્શન અને જ્ઞાન છે.

**'નિર્ણય અનુસાર શ્રદ્ધાનું આચરણ તે અનુભવ છે.'**

(૧) **યથાર્થ નિર્ણય :** હું જ્ઞાન આનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું.

(૨) **ભેદજ્ઞાન :** સર્વથા સર્વથી ભિન્ન છું.

(૧૭) **આત્મસિદ્ધિ ગાથા-૧૧૧**

*'વર્તે નિજ સ્વભાવનો, અનુભવ-લક્ષ-પ્રતીત,*
*વૃત્તિ વહે નિજ ભાવમાં, પરમાર્થે સમકિત.*

**અર્થ :** પોતાના સ્વભાવની સાચી પ્રતીત, સાચું જ્ઞાન, સ્થિરતા (નિર્વિકલ્પતા) વર્તે અને પોતાના ભાવમાં વર્તમાન અવસ્થા સ્વરૂપ તરફ વળે તે પરમાર્થ ખરું નિશ્ચય સમકિત છે.

(૧૮) **લક્ષ, પક્ષ, દક્ષ અને પ્રત્યક્ષ....**

અનંત ગુણ સ્વરૂપ આત્મા તેના એકરૂપ સ્વરૂપને **'લક્ષ'**માં લઈ, પરનો **પક્ષ** છોડી (નિજનો **પક્ષ** લઈ) તેને એકને જ્ઞાનનો જ્ઞેય, શ્રદ્ધાનો શ્રદ્ધેય, ધ્યાનનો ધ્યેય.... વર્તમાન જ્ઞાનની પર્યાય **'દક્ષ'** થઈ તેમાં એકાગ્રતાનો પ્રયત્ન કરતાં એ પર્યાય નિર્મળ થતી જાય છે અને ભગવાન આત્મા અપૂર્વ આનંદ સહિત **'પ્રત્યક્ષ'** અનુભવમાં આવે છે.

(૧૯) પોતાને જાણતાં જ્ઞાન થાય, અરિહંતને જાણે માટે સાચું જ્ઞાન થઈ જાય છે એમ નથી. 'જે ખરેખર અરિહંતને દ્રવ્ય-ગુણ-પર્યાયપણે જાણે છે તે ખરેખર પોતાના આત્માને જાણે છે અને તેના મોહનો ક્ષય થાય છે' એનો આશય એવો છે કે પ્રથમ અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે એટલે મનથી કળે એટલે વિકલ્પપૂર્વક જાણે; પછી એનું લક્ષ છોડી અંતરમાં સ્થિત થાય. (ત્યારે તેને અતિન્દ્રિય સુખ પ્રગટે છે અને ત્યારે પોતાના આત્માને જાણ્યો એમ કહેવાય છે.) પ્રવચનસાર ગાથા-૮૦

(૨૦) **સમયસાર કલશ ૨૩ :**
આચાર્ય કોમળ સંબોધનથી કહે છે કે હે ભાઈ ! તું કોઈપણ રીતે મહાકષ્ટે અથવા મરીને પણ તત્ત્વોનો કૌતૂહલી થઈ આ શરીરાદિ મૂર્ત દ્રવ્યનો એક મૂહૂર્ત (બે ઘડી) પાડોશી થઈ આત્માનો અનુભવ કર કે જેથી પોતાના આત્માને વિલાસરૂપ, સર્વ પરદ્રવ્યોથી જુદો દેખી આ શરીરાદિક મૂર્તિક પુદ્‌ગલદ્રવ્ય સાથે એકપણાના મોહને તું તુરત જ છોડશે.

## ૬ 'સ્વાનુભૂતિ-વિશેષ માર્ગદર્શન'

(૧) આત્મા નિર્દંડ, નિર્દ્વન્દ્વ, નિર્મમ, નિઃશરીર, નિરાવલંબ, નીરાગ, નિર્દોષ, નિર્મૂઢ અને નિર્ભય છે.

(૨) આવા જ્ઞાયક આત્માને ઓળખવો, તે જ કરવાનું છે.

(૩) આત્મા આ શરીરથી ભિન્ન-શરીરનાં દ્રવ્ય-ગુણ-પર્યાયથી જુદો છે. અંદર વિભાવ થાય તે પણ આત્માનો સ્વભાવ નથી. તેનાથી આત્મા જુદો, જુદો, સદાકાળ જુદો છે.

(૪) અનંત કાળ જન્મ-મરણ કર્યા હોય ચેતન તો એવો ને એવો છે. એના જ્ઞાયક સ્વરૂપમાં તેના અનંત ગુણોમાં કાંઈ ફેરફાર થયો નથી. ગમે તેટલાં જન્મ-મરણ થયાં, ગમે તેટલા વિભાવો થયા, તોય એના ગુણો એવા ને એવા ! એનું દ્રવ્ય એવું ને એવું !

(૫) આત્મા જ આત્માને જન્મ અને નિર્વાણ પ્રતિ દોરે છે માટે નિશ્ચયથી આત્માનો ગુરુ આત્મા જ છે; બીજો કોઈ નહિ. **(સહજ આત્મ સ્વરૂપ પરમ ગુરુ)**

(૬) દ્રવ્ય પર દૃષ્ટિ કરવી તે જ કરવાનું છે. તેના પર દૃષ્ટિ કરવાથી, વારંવાર તે તરફનો અભ્યાસ કરવાથી અને ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવાથી, વિકલ્પથી ખસીને જે નિર્વિકલ્પ સ્વાનુભૂતિ પ્રગટ થાય છે તે મુક્તિનો મારગ છે.

(૭) આત્મામાં જ્ઞાન, આનંદ આદિ અનંતા ગુણો ભરેલા છે. તે જગતથી જુદું, અનુપમ ને આશ્ચર્યકારી તત્ત્વ છે. એને ઓળખીને સ્વાનુભૂતિ કરવી તે જ મુક્તિનો મારગ છે.

(૮) અનાદિ-અનંત શાશ્વત ચૈતન્યદ્રવ્ય કે જે પારિણામિક ભાવસ્વરૂપ છે તેને ઓળખીને, તેનાં ઉપર દૃષ્ટિ દઈને અને બીજા બધા ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને, અંતરદૃષ્ટિ પ્રગટ કરવી. વર્તમાન જ્ઞાનની પર્યાય જ્યારે પરનો પક્ષ છોડી નિજપદનો પક્ષ લે છે અને ત્યાં દક્ષ થઈને એકાગ્ર થતાં આત્મા પ્રત્યક્ષ અનુભવમાં આવે છે.

(૯) ચૈતન્ય.....ચૈતન્ય....ચૈતન્ય... તરફ જવું, પરિણતિને તેના તરફ લેવી, મતિ અને શ્રુતનો ઉપયોગ જ બહાર જાય છે તેને અંતરમાં લાવવો; તે જ કરવાનું છે.

(૧૦) એમ કરતાં, વચ્ચે શુભ ભાવ આવે ખરા, પણ એ તો પુણ્યબંધનું કારણ છે, આત્મા તો એ બધાથી જુદો છે, સૂક્ષ્મમાં સૂક્ષ્મ જે શુભ ભાવ થાય તેનાથી પણ આત્મા જુદો છે-એમ બધાથી નિરાળા એવા ચૈતન્યતત્ત્વની શ્રદ્ધા કરવી. પહેલાં પ્રતીતિ શ્રદ્ધા થાય એવો જ એનો પુરુષાર્થ થાય. રુચિ અનુયાયી વીર્ય, જેવી જેની રુચિ અને શ્રદ્ધા હોય તેવો જ તેનો પુરુષાર્થ કામ કરે.

(૧૧) આત્માને બધાથી ન્યારો જાણવો એ જ કરવાનું છે. તે જ્ઞાતાસ્વભાવ જ્ઞાયકને ઓળખવો- તે બધાયે કરવું. ક્યાંય અટકવા જેવું નથી. એક શાશ્વત દ્રવ્ય પર દૃષ્ટિ કરવાથી નિર્વિકલ્પ સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. એ જ કરવા જેવું છે.

(૧૨) સ્ફટિકની જેમ આત્મા સ્વભાવે નિર્મળ છે. જેમ લાલ-પીળાં ફૂલને લઈને સ્ફટિક લાલ-પીળો દેખાય છે પણ સ્વભાવે એવો નથી, તેમ મૂળ દ્રવ્યસ્વભાવે આત્મા શુદ્ધ છે પર પર્યાયમાં જે વિભાવ છે તેના ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને અંતરદૃષ્ટિ કરવી.

(૧૩) ભગવાને કેવળજ્ઞાન પ્રગટ કર્યું. ભગવાનનાં જે આ દ્રવ્ય-ગુણ-પર્યાય, એવાં જ પોતાનાં છે; જે સિદ્ધ ભગવાનનું સ્વરૂપ છે એવું પોતાનું સ્વરૂપ છે; તેવી દૃષ્ટિ કર.

(૧૪) 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા' એટલે પર્યાયમાં જે અશુદ્ધતા છે-તે કેમ જાય? એક જ રીત છે. પોતાના શુદ્ધ સ્વભાવને જાણીને-એનો મહિમા લાવી-જ્ઞાનની પર્યાય એનું-શુદ્ધનું લક્ષ કરે-તો એ જ્ઞાનની પર્યાય શુદ્ધ થતી જાય છે અને એ પૂર્ણ શુદ્ધ જ્ઞાનની પર્યાયમાં ભગવાન આત્મા પ્રત્યક્ષ જણાય છે.

(૧૫) પ્રત્યેક જીવમાં નિરંતર જે 'અહં' પ્રત્યય એટલે 'હું-હું' એવો અનુભવ જોવામાં આવે છે તે ઉપરથી આત્માના હોવાપણાનો બોધ થાય છે, તેથી નિરંતર જીવને અનુસરીને થતાં એ 'અહં' પ્રત્યયથી જીવની સિદ્ધિ થાય છે, તથા સર્વ જીવો એક

સરખા હોવા છતાં પણ તેમાં કોઈ દરિદ્રી અને કોઈ શ્રીમંત દેખવામાં આવે તેથી કર્મોનો સદ્ભાવ પણ સિદ્ધ થાય છે.

(૧૬) ચૈતન્ય, જગતથી જુદું આશ્ચર્યકારી તત્ત્વ છે; જગત સાથે તેને કાંઈ મેળ નથી. ચેતનદેવનો સ્વભાવ ચૈતન્ય ! ચેતન દેવ છે માટે તેને જો. દ્રવ્યદૃષ્ટિ... સ્વભાવમાં એકત્વ ને પરથી વિભક્ત એવી ભેદજ્ઞાનની ધારા-પ્રગટ કરવી. દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર સ્વરૂપે રમણતા કરતાં સ્વભાવનો કર્તા પોતે; સ્વભાવનો કર્તા, વિભાવનો અકર્તા; પર પદાર્થને તો કરી શકતો જ નથી.

(૧૭) કર્તાબુદ્ધિ અનાદિની છે, કર્તાબુદ્ધિ તોડીને જ્ઞાતાબુદ્ધિ કર્યા પછી સ્વભાવની ધારા જેમ ઉગ્ર થતી જાય છે તેમ વિભાવ પણ અલ્પ અલ્પ થતો જાય છે અને વીતરાગદશા પ્રગટ થાય છે.

(૧૮) સુખ પ્રગટ કરવાનો-આત્માનુભૂતિ પ્રગટ કરવાનો ઉપાયક્રમ આ પ્રમાણે જ છે- (૧) પાત્રતા (૨) અભ્યાસ (૩) યથાર્થ નિર્ણય (૪) ભેદજ્ઞાન (૫) આત્માનુભૂતિ.

(૧૯) સ્વાનુભૂતિ-આત્માનુભૂતિ એ જ જિન-શાસન છે. તે પ્રગટ કેમ થાય તેનો ઉપદેશ પાત્ર જીવોને નિમિત્ત છે.

(૨૦) સમ્યગ્દર્શન-પર્યાય પ્રગટ કરવાની અપેક્ષાએ ઉપાદેય છે, પણ ખરી રીતે તો સમ્યગ્દર્શનનો વિષય જે ધ્રુવદ્રવ્ય છે તે દૃષ્ટિ અપેક્ષાએ ઉપાદેય છે. જ્ઞાનનો જ્ઞેય, શ્રદ્ધાનો શ્રદ્ધેય, ધ્યાનનો ધ્યેય... એ ધ્રુવ દ્રવ્ય-પરમપારિણામિક ભાવસ્વરૂપ જે આત્મા છે તે ઉપાદેય છે. ત્યાં દૃષ્ટિ એકાગ્ર થતાં આત્માનુભૂતિ થાય છે.

# ૧૫ આત્મ પ્રસિદ્ધિ

## ૧ આત્મ પ્રસિદ્ધિ

(૧) હે જીવ ! અનંતકાળથી અપ્રસિદ્ધ એવો જે તારો આત્મા તે કેમ પ્રસિદ્ધ થાય તેની આ વાત છે.

(૨) અજ્ઞાનીપણે વ્રતાદિ કરીને અનંતવાર સ્વર્ગે ગયો પણ આત્માના જ્ઞાનલક્ષણને તેં ન ઓળખ્યું તેથી તને આ 'આત્મા પ્રસિદ્ધ' ન થઈ, પણ રાગની જ પ્રસિદ્ધિ થઈ.

(૩) જ્ઞાનને (વર્તમાન જ્ઞાનની પર્યાયને) આત્મા દ્વારા દ્રવ્યભાવ તરફ વાળીને આત્માની પ્રસિદ્ધિ તેં ન કરી પણ જ્ઞાનને રાગ સાથે એકમેક માનીને તેં રાગની જ પ્રસિદ્ધિ કરી.

(૪) રાગથી જુદું જ્ઞાન કેવું છે તેને જાણ, તો તે જ્ઞાનલક્ષણ વડે ભગવાન આત્માની પ્રસિદ્ધિ થાય ને તારું ભવભ્રમણ ટળી જાય.

(૫) રાગની પ્રસિદ્ધિ તે રખડવાનું કારણ છે; આત્મ પ્રસિદ્ધિ તે સિદ્ધપદનું કારણ છે.

(૬) સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થતાં આત્મા પ્રસિદ્ધ થાય છે. રાગ તે આત્માની પ્રસિદ્ધિનું સાધન નથી પણ જ્ઞાનને અંતરમાં વાળવું તે એક જ ભગવાન આત્માની પ્રસિદ્ધિનું સાધન છે.

(૭) આત્માના આનંદના અનુભવપૂર્વક જેને આત્મ પ્રસિદ્ધિ કરવી હોય તેને અંતરમાં આ વાતનો મહિમા આવવો જોઈએ કે અહો! આ મારા આત્માની કોઈ અપૂર્વ વાત છે. અનંત શક્તિસંપન્ન મારા આત્માને આ વાત પ્રસિદ્ધ કરે છે, કે જે 'આત્મ પ્રસિદ્ધિ' પરમ આનંદનું કારણ છે.

(૮) આત્મામાં અનંત શક્તિઓ છે, તે બધાને જાણનારું તે જ્ઞાન છે; તે એકેક શક્તિને જુદી જુદી રીતે પ્રસિદ્ધ નથી કરતું પણ અનંત શક્તિસંપન્ન એક આત્માને પ્રસિદ્ધ કરે છે.

(૯) આત્મશક્તિનો એક પિંડ જે અભેદ આત્મા તેની સન્મુખ થઈને જ તેની શક્તિની ખરી ઓળખાણ થાય છે. અખંડ ચૈતન્યના આશ્રયપૂર્વક આ ત્રિકાળી શક્તિઓને જાણતાં પર્યાયમાં પણ એમનો અંશ પ્રગટે છે; એ રીતે વર્તમાન પરિણમન સહિતની આ વાત છે. ત્રિકાળી શક્તિઓના પિંડને કબૂલે અને પર્યાયમાં તેનું બિલકુલ

પરિણમન ન પ્રગટે-એમ બને નહિ. શક્તિ સાથે વ્યક્તિની સંધિ છે. ત્રિકાળી શક્તિને કબૂલતાં તેની વ્યક્તિની પણ પ્રતીત થઈ જાય છે એટલે કે સાધક દશાનું નિર્મળ પરિણમન શરૂ થઈ જાય છે.

(૧૦) અનંત ગુણનો પિંડ અભેદ ચૈતન્યમૂર્તિ આત્મા છે, તેની સન્મુખ જોઈને અનંત શક્તિઓની યથાર્થ કબૂલાત થાય છે અને અભેદ આત્માના આશ્રયે અનંત શક્તિઓની નિર્મળ પર્યાય પ્રગટી જાય છે.

(૧૧) આત્માની અનંત શક્તિઓમાંથી કોઈપણ શક્તિ, નિમિત્ત, વિકાર, પર્યાય, કે ભેદના આશ્રયે નથી. દરેક શક્તિ અભેદ આત્માના જ આશ્રયે છે. માટે અભેદ આત્માની દૃષ્ટિ સિવાય કોઈપણ ભેદ, પર્યાય, વિકાર કે નિમિત્તના આશ્રયથી લાભ માનવો તે મિથ્યાત્ત્વ છે અને તે જીવને શક્તિઓનું નિર્મળ પરિણમન થતું નથી.

(૧૨) આત્મામાં ગુણો એકી સાથે છે અને પર્યાયો ક્રમે ક્રમે થાય છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, અસ્તિત્ત્વ, વસ્તુત્ત્વ, દ્રવ્યત્ત્વ, અગુરુલઘુત્ત્વ, પ્રમેયત્ત્વ, પ્રદેશત્ત્વ વગેરે ગુણો બધાય અક્રમ છે અને પર્યાયો ક્રમબદ્ધ છે. આવા ક્રમ અને અક્રમરૂપ વર્તતા અનંત ધર્મો આત્મામાં છે, તેથી જ્ઞાનમાત્ર આત્મા અનંત ધર્મની મૂર્તિ છે.

## (૨) જ્ઞાન સ્વભાવ શું છે?

(૧) આત્મા-જીવ એક ચૈતન્યદ્રવ્ય છે. તે એક સત્ છે, તેમાં અનંતગુણો છે. હવે એમાં મુખ્ય ગુણો (૧) અનંતજ્ઞાન (૨) અનંત દર્શન (૩) અનંત વીર્ય અને (૪) અનંત સુખ છે.

(૨) એ બધા ગુણોની પર્યાય સમયે સમયે પ્રગટ થાય છે તેમાં તેમનું કાર્ય થાય છે.

(૩) આ રીતે આત્મામાં એક અનંત શક્તિરૂપ અનાદિ અનંત-એકરૂપ દ્રવ્ય સ્વભાવ છે અને બીજો વર્તમાન પર્યાય સ્વભાવ છે.

(૪) શ્રદ્ધા ગુણની વર્તમાન પર્યાય વિપરીતરૂપે પરિણમી રહી છે અને ચારિત્ર ગુણની પર્યાયમાં રાગ-દ્રેષ (કષાય)ના પરિણામ જણાય છે જે બંને માટે એક 'મોહ' શબ્દ વપરાય છે. અને તે જ જીવના દુ:ખનું કારણ છે.

(૫) જે જ્ઞાનગુણ છે તેની પ્રત્યેક સમયની પર્યાય ત્રિકાળ જ્ઞાનપણે જ વર્તે છે. તે રાગ-પણે, મલિનપણે કે વિપરિતપણે પરિણમતી નથી. તેમાં યોગ્યતાનુસાર તરતમ્યતા છે ભલે.

(૬) જ્ઞાન પોતાના જ્ઞાયકસ્વભાવથી જ સ્વ-પરને જાણવાની યોગ્યતાવાળો છે. જાણવું એ ત્રિકાળ જ્ઞાનનો સ્વભાવ છે.

(૭) ''શબ્દાદિ પદાર્થો (જ્ઞેયો) દૂર હો કે સમીપ હો, જ્ઞાન તેમને પોતાના સ્વભાવથી-સ્વરૂપથી જાણે જ છે.'' સ્વરૂપથી જાણે છે એમ કહેવાનો આશય એટલો જ છે કે 'જેને નિજ ચૈતન્ય સ્વરૂપ જ્ઞાતા-દ્રષ્ટા પ્રભુનું અંતરમાં ભાન થયું છે તે પર પદાર્થોનો જાણવામાં રોકતો નથી, પોતાને જાણતાં સહજ તેનો 'સ્વપર પ્રકાશક' સ્વભાવ પ્રગટ થઈ જાય છે. પ્રથમ વખત જ આત્માના અનુભવ સાથે અપૂર્વ આનંદ-સુખનો પણ અનુભવ થાય છે. આ આત્માનુભૂતિ એ જ જિનશાસન છે.

(૮) અજ્ઞાનીને પણ જ્ઞાન અસ્તિરૂપે જ છે, રાગને કે પર પદાર્થોને જાણીને પોતાપણે માનવાથી તેનું જ્ઞાન નાસ્તિરૂપે થયેલું દેખાય છે. અજ્ઞાનદશામાં પણ જ્ઞાનનો ઉઘાડ તો હોય જ છે. જ્ઞાન ગુણમાં વિપરીતતા નથી. તે જ્ઞાનની ઉઘડેલી પર્યાયને સ્વતરફ વાળે તો સમ્યગ્દર્શન પ્રગટે અને તે વડે ત્રિકાળી નિશ્ચલ સ્વભાવને જીવ જાણે-અનુભવે. જ્ઞાન ગુણનું કાર્ય સ્વને શ્રદ્ધાન પૂર્વક જાણવાનું જ છે.

(૯) કેવળજ્ઞાન વખતે બધા જ ગુણ પૂર્ણ નિર્મળ થઈ જાય છે, છતાં શ્રદ્ધાગુણ ચોથે ગુણસ્થાને પૂર્ણ નિર્મળ થાય છે. તે વખતે જેટલું જ્ઞાનગુણનું પરિણમન છે તેને સમ્યગ્જ્ઞાન કહે છે અને સ્વરૂપ આચરણ ચારિત્રને સમ્યક્ચારિત્ર કહે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાની અનુભવની દશા બને છે. એટલે તેને આત્મઅનુભવ પણ કહેવામાં આવે છે.

(૧૦) સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન થયું તેમાં જ્ઞાયકપણે જે જણાયો તે પૂર્વે જ્ઞાયક જ હતો, વર્તમાનમાં જ્ઞાયક છે અને ભવિષ્યમાં પણ જ્ઞાયકપણે જ રહેશે. સદાય જાણનારો હોવાથી પોતાને જાણે છે, પરને જાણે છે, પોતાની પર્યાયમાં ઉણપ છે તેને જાણે છે, રાગને જાણે છે, જ્ઞેયોને જાણે છે એ જાણવામાત્રથી વિક્રિયા-રાગ દ્રેષ થાય છે એમ નથી. બાહ્ય પર પદાર્થોમાં ઈષ્ટ-અનિષ્ટ, અનુકૂળ-પ્રતિકૂળતા માને છે તેથી રાગ દ્રેષ થાય છે.

આ જે માનવાનો દોષ છે-એ વિપરિત માન્યતા અભિપ્રાયની ભૂલ છે જેને મિથ્યાત્ત્વ કહેવામાં આવે છે.

આ મિથ્યાત્ત્વ એ સર્વ પાપનું મૂળ છે એટલે તેને પાપનો બાપ કહેવામાં આવે છે. અને સમ્યગ્દર્શન એ ધર્મનું મૂળ છે-જ્યાંથી ધર્મની-સુખના અનુભવની શરૂઆત થાય છે અને એ આત્માનુભૂતિ એ જ જિનશાસન છે.

## ૩ જ્ઞાયક ભાવ

(૧) નિરપેક્ષ હું કૃતકૃત્ય મૈં, નિજ શક્તિયોંસેં પૂર્ણ હૂં;
મૈં નિરવલંબી માત્ર જ્ઞાયક, સ્વયં મેં પરિપૂર્ણ હૂં.
(૨) પરસે નહિ સંબંધ કુછ ભી, સ્વયં સિદ્ધ પ્રભુ સદા;
નિર્બાધ અરુ નિશંક નિર્ભય, પરમ આનંદમય સદા.
(૩) નિજ લક્ષ્ય સે હુઆ સુખી, નહિં શેષ કુછ અભિલાષ હૈ;
નિજમેં હી હોવે લીનતા, નિજકા હુઆ વિશ્વાસ હૈ.
(૪) અમૂર્તિક ચિન્મૂર્તિ મૈં, મંગલમયી ગુણધામ હૂં;
મેરે લિયે મુઝ સાથ હીં, સચ્ચિદાનંદ અભિરામ હૂં.
(૫) સ્વાધીન શાશ્વત, મુક્ત, અક્રિય અનંત વૈભવવાન હૂં;
પ્રત્યક્ષ અંતર મેં દિખે, મૈં હી સ્વયં ભગવાન હૂં.
(૬) અવ્યક્ત વાણીસે અહો, ચિંતન ન પાવે પાર હૈ;
સ્વાનુભવમેં સહજ ભાસે, ભાવ અપરંપાર હૈ.
(૭) શ્રદ્ધા સ્વયં સમ્યક્ હુઈ, શ્રદ્ધાન જ્ઞાયક હુઆ;
જ્ઞાનમેં બસ જ્ઞાન ભાસે, જ્ઞાન ભી સમ્યક્ હુઆ.
(૮) ભગ રહે દુર્ભાવ, સમ્યક્ આચરણ સુખકાર;
જ્ઞાનમય જીવન હુઆ, અબ ખુલા મુક્તિ દ્વાર હૈ.
(૯) જો કુછ ઝલકતા જ્ઞાન મેં, વહ જ્ઞેય નહિં, બસ જ્ઞાન હૈ;
નહિં જ્ઞેયકૃત કિંચિત મલિનતા, સહજ સ્વચ્છ સુજ્ઞાન હૈ.
(૧૦) પરભાવ શુન્ય સ્વભાવ મેરા, જ્ઞાનમય હી ધ્યેય હૈ;
જ્ઞાનમેં જ્ઞાયક અહો, મમ જ્ઞાનમય હી જ્ઞેય હૈ.
(૧૧) જ્ઞાન હી સાધન સહજ, અરૂ જ્ઞાન હી મમ સાધ્ય હૈ;
જ્ઞાનમય આરાધના, શુદ્ધ જ્ઞાન હી આરાધ્ય હૈ.
(૧૨) જ્ઞાનમય ધ્રુવ રૂપ મેરા, જ્ઞાનમય હી પરિણમન;
જ્ઞાનમય હી મુક્તિમય મૈં, જ્ઞાનમય અનાદિ નિધન.
(૧૩) જ્ઞાન હી હૈ સાર જગ મેં, શેષ સબ નિઃસાર;
જ્ઞાન સે ચ્યુત પરિણમનકા નામ હી સંસાર હૈ.

(૧૪) જ્ઞાનમય નિજ ભાવકો બસ ભૂલના અપરાધ હૈ;
જ્ઞાનકા સન્માન હી સંસીદ્ધ સમ્યક્ રાધ હૈ.
(૧૫) અજ્ઞાનસે અજ્ઞાસસે હી બંધ, સમ્યક્ જ્ઞાનસે હી મુક્તિ હૈ;
જ્ઞાનમય સંસાધના, દુઃખ નાશનેકી યુક્તિ હૈ.
(૧૬) જો વિરાધક જ્ઞાનકા, સો ડૂબતા મજધાર મેં;
જ્ઞાનકા આશ્રય કરે, સો હોય ભવસે પાર હૈ.
(૧૭) યું જાન મહિમા જ્ઞાનકી, નિજ જ્ઞાનકો સ્વીકાર કર;
જ્ઞાનકે અતિરિક્ત, સબ પરભાવકા પરિહાર કર.
(૧૮) નિજ ભાવસે હી જ્ઞાનમય હો, પરમ આનંદિત રહો;
હોય તન્મય જ્ઞાનમેં, અબ શીઘ્ર શિવ પદવી ધરો.

## (૪) "જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા"

(૧) અહાહા! આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ અનંત ધર્મસ્વરૂપ વસ્તુ છે. તેને પરદ્રવ્યોથી અને પરભાવોથી ભિન્ન ઓળખવા માટે આચાર્યદેવ 'જ્ઞાનમાત્ર' કહેતા આવ્યા છે. ત્યાં 'જ્ઞાનમાત્ર વસ્તુ આત્મા' એમ કહેતાં જ્ઞાનથી વિરુદ્ધ જે જડ પરદ્રવ્યો અને રાગાદિભાવો એનો તો નિષેધ થઈ જાય છે, પણ જ્ઞાનની સાથે રહેનારા જે દર્શન, વીર્ય, સુખ ઈત્યાદિ અનંત ગુણો તેનો કાંઈ નિષેધ થતો નથી. આ રીતે જ્ઞાન સાથે બીજા અનંતધર્મો જ્ઞાનમાત્ર વસ્તુ આત્મામાં સાથે જ (અન્વયરૂપ) હોવાથી જ્ઞાનમાત્ર આત્માને અનેકાન્તપણું છે.

(૨) આત્મા અનેકાન્તમય હોવા છતાં અહીં તેનો જ્ઞાનમાત્રપણે કેમ ઉપદેશ કરવામાં આવે છે ? જ્ઞાનમાત્ર કહેવાથી અન્ય ધર્મોનો નિષેધ માત્ર સમજાય છે. તેનું શું સમાધાન છે ?

લક્ષણની પ્રસિદ્ધિ વડે લક્ષ્યની પ્રસિદ્ધિ કરાવવા માટે આત્માનો જ્ઞાનમાત્રપણે ઉપદેશ કરવામાં આવે છે. આત્માનું જ્ઞાન લક્ષણ છે, અસાધારણ ગુણ છે, માટે જ્ઞાનની પ્રસિદ્ધિ વડે તેના લક્ષ્યની-આત્માની પ્રસિદ્ધિ થાય છે.

જ્ઞાન આત્માને રાગાદિથી જુદો જાણી-શુદ્ધ એક આત્માને પ્રસિદ્ધિ કરે છે. કયું જ્ઞાન ? પર તરફ વળેલું જ્ઞાન નહિ, પરંતુ અંતર્મુખ થઈને આત્માને જે જ્ઞાન જાણે છે તે જ્ઞાન આત્માનું લક્ષણ છે અને તે આત્માને પ્રસિદ્ધિ-પ્રગટ કરે છે. જ્ઞાન સ્વ-પર પ્રકાશક છે. સ્વ અને પર બંનેને પ્રકાશે છે.

જ્ઞાનની વર્તમાન પર્યાય જે આત્માનું લક્ષણ છે તે પ્રગટ છે ને તે વડે અપ્રગટ (શક્તિરૂપ) લક્ષ્ય (શુદ્ધ આત્મા) જણાય છે. આમ લક્ષણની પ્રસિદ્ધિ વડે લક્ષ્ય પ્રસિદ્ધ થાય છે.

અંતર્મુખ વળેલી શુદ્ધ જ્ઞાનની પર્યાયમાં-સર્વથી ભિન્ન શુદ્ધાત્મા આનંદ સાથે અનુભૂતિમાં પ્રસિદ્ધ થાય છે, જણાય છે.

(૩) આત્મા લક્ષ્ય છે અને જ્ઞાન તેનું લક્ષણ છે-એમ લક્ષમાં લીધા પછી શિષ્ય પૂછે છે કે લક્ષણને પ્રસિદ્ધિ કર્યા વિના માત્ર લક્ષ્યને જ-આત્માને જ કેમ પ્રસિદ્ધ કેમ કરતા નથી ? 'જ્ઞાન તે આત્મા' એમ લક્ષણ-લક્ષ્યનો ભેદ પાડવાથી શું પ્રયોજન છે ? અંતે તો અભેદ એવો આત્મા જ પ્રસાધ્ય અથવા પ્રસિદ્ધ કરવા યોગ્ય છે. માટે તેને જ પ્રસિદ્ધ કરાવો ને ?

**સમાધાન :** જેને લક્ષણ અપ્રસિદ્ધ હોય તેને (અર્થાત્ જે લક્ષણને જાણતો નથી એવા અજ્ઞાની જનને) લક્ષ્યની પ્રસિદ્ધિ (આત્માની અનુભૂતિ) થતી નથી. જેને લક્ષણ પ્રસિદ્ધ થાય તેને જ લક્ષ્યની પ્રસિદ્ધિ થાય છે. (માટે અજ્ઞાનીને પહેલાં લક્ષણ બતાવીએ ત્યારે તે લક્ષ્ય ને ગ્રહણ કરી શકે છે.) અજ્ઞાનીને લક્ષણ અપ્રસિદ્ધ છે. તે દેહ અને રાગાદિને આત્મા માને છે, તે દેહની ક્રિયા તેમ જ રાગાદિ વડે આત્માનું હિત માને છે-તેને કહીએ હે ભાઈ! જે લક્ષ્યમાં ત્રિકાળ રહે અને લક્ષ્યને પરિપૂર્ણ ઓળખાવે તેને લક્ષણ કહેવામાં આવે છે. **જ્ઞાન છે તે જ તારું લક્ષણ છે** કારણ કે આત્મા સદાય જ્ઞાનસ્વરૂપ છે અને જ્ઞાનવડે ઓળખાય છે. જ્ઞાનને અંતર્મુખ કરી આત્મવસ્તુથી એકમેક થતાં આત્મા ઓળખાય છે, પ્રસિદ્ધ થાય છે. એકમેક થતાં એક થઈ જાય છે એમ નથી-જેવો ત્રિકાળ શુદ્ધ જ્ઞાન સ્વભાવ છે-એવું તેનું લક્ષણ (વર્તમાન જ્ઞાનની પર્યાય) એક સમય માટે એવી જ શુદ્ધ (રાગાદિ ભિન્ન)-થઈ જાય છે એ જ્ઞાનની પર્યાયમાં ભગવાન આત્મા જણાઈ જાય છે-અનુભવમાં આવે છે. જ્ઞાનની પર્યાય-સ્વભાવ સાથે અભેદરૂપે પરિણમી જાય છે એમ પણ કહેવામાં આવે છે-એનો અર્થ જેવો અભેદ સ્વભાવ ત્રિકાળ શુદ્ધ છે એવી જ પર્યાય શુદ્ધ થઈ જાય છે, એ શુદ્ધ જ્ઞાનની પર્યાયમાં આત્મા જણાય છે. આમ લક્ષણની પ્રસિદ્ધિ વડે લક્ષ્ય પ્રસિદ્ધ થાય છે.

(૪) જુઓ, આ લક્ષ્ય-લક્ષણનો ભેદ કીધો તે ભેદમાં અટકવા માટે નહિ, પણ અભેદ આત્માનું લક્ષ કરાવવા માટે છે. ભેદને ગૌણ કરી જે અભેદનું લક્ષ કરે તેને ભગવાન આત્મા પ્રસિદ્ધ થાય છે. ત્યારે લક્ષ્ય-લક્ષણનો ભેદ તે વ્યવહાર કહેવાય

છે. જે ભેદમાં (વ્યવહારમાં) અટકી રહે-વિકલ્પમાં અટકી રહે તેને આત્માની પ્રસિદ્ધિ થતી નથી. અને અભેદ સમજતાં વચ્ચે લક્ષ્ય-લક્ષણનો ભેદ આવે છે તેને જાણે નહિ તેને ય આત્માની પ્રસિદ્ધિ થતી નથી.કેમ કે જેને લક્ષણ અપ્રસિદ્ધ હોય તેને લક્ષ્યની પ્રસિદ્ધિ થતી નથી.

(૫) કોઈ અજ્ઞાનીઓ કહે છે-એકલું જ્ઞાન-જ્ઞાન શું કરો છો ? અમે જે આ દેહની ક્રિયા કરીએ છીએ અને તે વખતે જે શુભભાવ થાય છે તે પુણ્યની ક્રિયા તે સાધન છે અને એમ કરતાં કરતાં એક દિવસ આત્મા ઓળખાઈ જશે-આત્મા પ્રસિદ્ધ થઈ જશે, આત્માનો અનુભવ થઈ જશે. તેને અહીં કહે છે, 'તું મૂઢ છે કે શું ? દેહની ક્રિયા તો આત્મા ત્રણકાળ કરી શકતો નથી, અને જે રાગાદિ ભાવો પર્યાયમાં થાય છે એ તો સ્વભાવમાં છે નહિ, એ પુણ્યભાવ છે તે તો બંધનું કાર્ય છે. તે ખરેખર આત્માને ઓળખવાના સાધન નથી. દેહની ક્રિયા કે પુણ્યની ક્રિયા તે આત્માને ઓળખવાના સાધન જ નથી. આમ એક જ્ઞાન લક્ષણ વડે જ આત્મા ઓળખાય છે એમ કહીને વ્યવહારાભાસનો નિષેધ કર્યો. વ્યવહારભાસીનું સ્વરૂપ શું છે ? જીવને શુભભાવથી ધર્મ થાય એમ સ્વીકારે, પણ જીવના ત્રિકાળી ધ્રુવ સ્વભાવને ન સ્વીકારે અને તે તરફ પોતાનું વલણ ન ફેરવે તે વ્યવહારભાસી છે; તેને ક્રિયાજડ પણ કહેવામાં આવે છે. શરીરની ક્રિયાથી ધર્મ થાય એમ જે માને તે તો વ્યવહારભાસથી પણ ઘણે દૂર છે.

(૬) વળી કોઈ કહે છે-જ્ઞાન તે લક્ષણ અને આત્મા લક્ષ્ય. એમ ભેદ શામાટે પાડો છો? સીધો જ અભેદ આત્મા બતાવોને! લક્ષણ દ્વારા લક્ષ્ય બતાવો છો તેને બદલે સીધું લક્ષ્યને બતાવી દો ને! તેને કહે છે, 'હે ભાઈ! જે લક્ષણને જાણતો નથી, તે લક્ષ્યને જાણતો નથી. લક્ષણને ઓળખવાથી જ લક્ષ્યને ઓળખી શકાય છે.' જેમ કોઈ કહે-અમારે સાકર જોઈએ છે, ગળપણથી કામ નથી, તો તેને સાકરની પ્રાપ્તિ થતી નથીં; તેમ જો કોઈ કહે અમારે લક્ષ્ય આત્મા જોઈએ છે-જ્ઞાનલક્ષણથી શું કામ છે? તો તેને આત્માની પ્રાપ્તિ થતી નથી. આ પ્રમાણે જ્ઞાન લક્ષણે આત્મા લક્ષિત થતો હોવાથી જ્ઞાનલક્ષણ કહીને નિશ્ચયભાસનો નિષેધ કરવામાં આવ્યો છે.

નિશ્ચયાભાસીનું સ્વરૂપ શું છે ?

જે જીવ આત્માના ત્રિકાળી શુદ્ધ સ્વરૂપને સ્વીકારે પણ વર્તમાન પર્યાયમાં પોતાને વિકાર છે તે ન સ્વીકારે-તો પછી વિકાર દૂર કેમ કરશે ?-તે નિશ્ચયાભાસી છે. તેને શુષ્કજ્ઞાની પણ કહેવામાં આવે છે.

ફક્ત હું શુદ્ધ છું, બુદ્ધ છું એમ વિચાર્યા કરે તેથી કાંઈ આત્માની પ્રસિદ્ધિ થતી નથી. આત્મા એવા વિકલ્પથી અનુભવમાં આવતો નથી. નિર્વિકલ્પ દશા થાય તો આત્માની પ્રસિદ્ધિ થાય છે.

ખરેખર તો-પ્રથમ પોતાના જેવો શુદ્ધ સ્વભાવ છે તેવો બધા જ પરદ્રવ્યો અને પરભાવોથી જુદો શુદ્ધાત્માનો સ્વીકાર કરવો પડશે-જેનું ધ્યાન કરવાનું છે તેની સ્થાપના કરવી પડશે. પછી જે જ્ઞાનની પર્યાય એવા શુદ્ધઆત્માનું અંતર પડયા વિના એમાં એકાગ્રતાનો અભ્યાસ કરે છે-તે જ્ઞાનની પર્યાય ક્ષણે ક્ષણે પદે પદે, પર્યાયે પર્યાયે શુદ્ધ થતી જાય છે અને એવી બે ઘડીની એકાગ્રતાથી-તે શુદ્ધ પર્યાય અખંડ- ધારાવાહી-અવિચ્છિન ધારાથી શુદ્ધાત્માનું ધ્યાન કરે તો તે શુદ્ધ પર્યાયમાં ભગવાન આત્મા જણાય છે.

(૭) કયું તે લક્ષ્ય છે કે જે જ્ઞાનની પ્રસિદ્ધિ વડે તેનાથી (જ્ઞાનથી) ભિન્ન પ્રસિદ્ધ થાય છે? શિષ્યને લક્ષ્ય-લક્ષણનો ભેદ પોસાતો નથી. સ્વાનુભૂતિની-આત્માનુભૂતિની-સુખની પ્રાપ્તિની અભિલાષા છે ને ?

**સમાધાન :** જ્ઞાનથી-લક્ષણથી ભિન્ન લક્ષ્ય નથી કારણ કે જ્ઞાન અને આત્મા દ્રવ્યપણે અભેદ છે. જ્ઞાન લક્ષણથી જુદું-ભિન્ન કોઈ લક્ષ્ય નથી. એ તો લક્ષણ લક્ષ્યને બતાવે છે તેથી અજ્ઞાનીને લક્ષ્ય ઓળખાવવા ભેદથી વાત કરી છે. પણ જ્ઞાન ને આત્મા ભિન્ન ચીજ છે એમ નથી, કેમ કે જ્ઞાનને આત્મા દ્રવ્યપણે અભેદ છે. અર્થાત્ આત્મા **'જ્ઞાનસ્વભાવમય' જ છે.**

અહીં જ્ઞાન એટલે પરનું-શાસ્ત્રનું જ્ઞાન એમ વાત નથી. અહીં તો રાગાદિથી ભિન્ન પડેલું અંતરમાં વળેલું અંતરમુખાકાર જ્ઞાન લક્ષણ લક્ષ્યથી ભિન્ન નથી, અભેદ છે એની વાત છે. જેમ સાકર મીઠી છે એમ કહીએ ત્યાં સાકરથી મીઠાશ કોઈ જુદી ચીજ નથી. તેમ જાનન... જાનન... જાનન... સ્વભાવ (વર્તમાન જ્ઞાનની પર્યાય) અને આત્મા જુદી ચીજ નથી. ભલે જ્ઞાન એક ગુણ છે અને આત્મા અનંતગુણમયી ગુણી છે, છતાં જ્ઞાન ને આત્મા વસ્તુપણે અભેદ છે. તેથી જે જ્ઞાનની પ્રસિદ્ધિ છે તે આત્માની જ પ્રસિદ્ધિ છે. આ રીતે લક્ષણ-લક્ષ્યની સિદ્ધિ એક સાથે જ છે અને એક વસ્તુમય છે. જ્ઞાનની પર્યાય શુદ્ધ થઈ દ્રવ્ય સાથે અભેદ તન્મય થઈ ત્યાં આત્મદ્રવ્ય પ્રસિદ્ધ થયું-આત્માનો અનુભવ થયો. અપૂર્વ આનંદ સાથે સ્વાનુભૂતિ થઈ.

હવે આ રહસ્ય પામ્યા વિના શાસ્ત્ર ભણી ભણી, અગીયાર અંગ ચૌદપૂર્વનો પાઠી થયો, દેવ-ગુરુ શાસ્ત્રની પણ બહારમાં શ્રદ્ધા કરી, અનંતવાર બાહ્ય વ્રતાદિ

ધારણ કર્યા પણ એથી શું ? એ કાંઈ આત્માનું લક્ષણ નથી એનાથી આત્માની પ્રસિદ્ધિ સંભવીત નથી. અહા! ગજબ વાત કરી છે-આમાં તો બાર અંગનું રહસ્ય ખુલ્લું મૂક્યું છે.

(૮) તો પછી લક્ષ્ય-લક્ષણનો વિભાગ શા માટે કરવામાં આવે છે ? બે એક છે તો વિભાગ શા માટે ?

**સમાધાન :** પ્રસિદ્ધત્ત્વ અને પ્રસાધ્યમાનત્ત્વને લીધે લક્ષણ અને લક્ષ્યનો વિભાગ કરવામાં આવ્યો છે. જ્ઞાન પ્રસિદ્ધ છે કારણ કે જ્ઞાનમાત્રને સ્વસંવેદન થી સિદ્ધપણું છે. જ્ઞાન સર્વ પ્રાણીઓને સ્વસંવેદનરૂપ અનુભવમાં આવે છે. તે પ્રસિદ્ધ એવા જ્ઞાન વડે પ્રસાધ્યમાન, તદ્અવિનાભૂત (જ્ઞાનની સાથે અવિનાભાવી સંબંધવાળા) અનંત ધર્મોના સમુદાયરૂપ-આત્મા પ્રસાધ્યમાન છે. માટે જ્ઞાનમાત્રમાં અચલિતપણે સ્થાપેલી દૃષ્ટિ વડે, ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતો, તદ્-અવિનાભૂત, અનંત ધર્મ સમુહ જે કાંઈ જેવડો લક્ષિત થાય છે તે સઘળોય ખરેખર એક આત્મા છે.

જ્ઞાન છે તે પ્રસિદ્ધ છે. 'હું આ જાણું છું, ને તે જાણું છું' એમ સૌ કોઈ કહે છે ને! મતલબ કે અજ્ઞાનમાં પણ જાણવું તો છે. કોઈ કહે, 'હું નથી. હું આમાં માનતો નથી, આત્મા જેવી કોઈ વસ્તુ જ નથી' તો તેને પૂછીએ કે 'હું નથી' એવો નિર્ણય કોની સત્તામાં કર્યો ? જ્ઞાનની સત્તામાં એ નિર્ણય થયો છે. જડ પદાર્થોમાં એ સત્તાનું અસ્તિત્ત્વ નથી. 'ઉપયોગ' જીવનું લક્ષણ છે. જ્ઞાન એ જીવનો અસાધારણ ગુણ છે એનાથી એ બીજા બધા દ્રવ્યોથી ભિન્ન છે. બીજા બધા દ્રવ્ય અજીવ છે. જ્ઞાન જેનું સત્ત્વ છે તે 'હું છું' એમ તેમાં સિદ્ધ થઈ જાય છે. આમ આ જ્ઞાન છે તે 'હું છું' એમ નિર્ણય કરતાં જ્ઞાનનું લક્ષ સ્વ-આત્મા તરફ જાય છે અને ત્યાં એકાગ્રતા થતાં સ્વાનુભવમાં આત્મા પ્રસિદ્ધ થાય છે. 'આત્માનો પરમ સ્વભાવ જે સત્ છે, તે સત્‌ને **લક્ષમાં** લઈ, તેનો **પક્ષ** કરી તેના અભ્યાસમાં **દક્ષ** થઈ અને સ્વભાવમાં એકાગ્રતા થતાં, સ્વાનુભૂતિથી અપૂર્વ આનંદ સાથે આત્મા એ જ્ઞાનની પર્યાયમાં **પ્રત્યક્ષ** થાય છે.

(૯) જ્ઞાનલક્ષણથી અનંતધર્મસ્વરૂપ આત્મા લક્ષિત થાય છે, રાગાદિથી નહિ. જ્ઞાનનો સ્વભાવ સ્વ-પર પ્રકાશક હોવાથી તે પરને અને રાગાદિને જાણે, પણ પરને કે રાગને જાણતાં, જ્ઞાન લક્ષણ પરનું કે રાગનું થઈ જતું નથી, જ્ઞાન લક્ષણ તો આત્માનું જ રહે છે. એટલે કે પરને જાણતું જ્ઞાન પણ આત્મા સાથે એકતા રાખીને પરને જાણે છે, પર સાથે કે રાગ સાથે એકતા કરીને જાણતું નથી. જ્ઞાન બીજાને જાણે છે પણ બીજાનું લક્ષણ થતું નથી. જ્ઞાન પ્રસિદ્ધ છે. જે સત્તામાં આ દેહ છે,

વાણી છે, મન છે, રાગ છે તે ઈત્યાદિ જણાય છે તે જ્ઞાન પ્રસિદ્ધ છે અને તે આત્માનું જ્ઞાન છે. દેહાદિનું જ્ઞાન કહીયે એ તો વ્યવહાર છે. વાસ્તવમાં દેહાદિને જાણવાના કાળમાં પણ જ્ઞાન જ જણાય છે. દેહાદિ પદાર્થ હો પણ તેને જાણવાના કાળે જાણવામાં તો જ્ઞાન જ આવે છે, કારણ કે જ્ઞાનમાત્રને સ્વસંવેદનથી સિદ્ધપણું છે. સૌ જીવોને જ્ઞાન પોતાના સ્વસંવેદન અથવા પોતાના વેદનથી પ્રસિદ્ધ છે. દેહાદિ પદાર્થ છે માટે જ્ઞાન છે એમ નહિ. પણ પોતાના વેદનથી જ્ઞાન પ્રસિદ્ધ છે. ઝીણી વાત છે ભાઈ! આ બધું જાણે છે તે જ્ઞાન આત્માનું છે માટે જ્ઞાનને આત્મા તરફ વાળ; એ જ્ઞાનમાં તને આત્મા પ્રસિદ્ધ થશે.

અભેદ આત્માના લક્ષપૂર્વક ભેદને જાણનારું જ્ઞાન પણ અભેદ આત્માની પ્રસિદ્ધિ કરે છે. જ્યાં જ્ઞાને અભેદ આત્માને લક્ષમાં લીધો ત્યાં લક્ષણ અને લક્ષ્ય બંને એક થઈ ગયા અભેદ થઈ ગયા-ત્યારે જ જ્ઞાન આત્માનું લક્ષણ થયું-તે જ્ઞાન લક્ષણે અનંતધર્મવાળા આત્માને પ્રસિદ્ધ કર્યો. અનુભૂતિ થઈ.

આનું જ નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે અને એ જ્ઞાનસ્વરૂપમાં જ્યાં એકાગ્રતા કરી એ જ સમ્યગ્ચારિત્ર છે. આ જ ધર્મ છે.

અનંત ધર્મોના સમુદાયરૂપ-પિંડરૂપ અભેદ એક ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા પ્રસાધ્યમાન છે, પરદ્રવ્યો અને રાગાદિથી ભિન્ન પ્રસિદ્ધ જ્ઞાનલક્ષણ વડે ત્રિકાળી, અભેદ અનંતધર્મમય, ચિદાનંદ પ્રભુની પ્રસિદ્ધિ થાય છે.

(૧૦) **સારરૂપ :**

બહારનું લક્ષ (દેહાદિ અને રાગાદિનું) મટાડીને જ્યાં પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા ચૈતન્ય સત્ છે ત્યાં જ્ઞાનલક્ષણ વડે લક્ષ કર; ત્યાં એકાગ્ર થતાં જ્ઞાન પર્યાય પોતે જ અભેદ સાથે તન્મય થઈ આત્મપ્રસિદ્ધિ કરશે.

આ વાતમાં શું સિદ્ધ કર્યુ ?

(૧) પરદ્રવ્યોથી અને રાગાદિ (વિકારો)થી ભેદજ્ઞાન કરાવ્યું.

(૨) જ્ઞાન લક્ષણ વડે લક્ષિત એવા આત્માની પ્રસિદ્ધિની સિદ્ધિ કરી.

(૩) એ ‘જ્ઞાનમાત્ર’ એક ભાવમાં આવી જતી અનંત શક્તિઓ ભેગી જ આત્મામાં ઊછળે છે.

(૪) અનંત ગુણથી અભેદ આત્માને દૃષ્ટિમાં લીધો ત્યાં અનંતી શક્તિઓ એકસાથે નિર્મળપણે પરિણમવા લાગે છે આવી રીતે શક્તિની સાથે વ્યક્તિની સંધિ છે.

(૫) જેવો વીતરાગભાવ સ્વભાવમાં છે એવો જ ભાવ પર્યાયમાં પ્રગટ થાય એ જ સર્વ શાસ્ત્રોનો સાર છે. આમાં એકલો નિરપેક્ષ ‘વીતરાગભાવ’ જ આવે છે.

(૬) રાગથી ભિન્ન પડેલું, અંતરમાં વાળેલું અંતર્મુખાકાર જ્ઞાન તે **લક્ષણ** (શુદ્ધ જ્ઞાનની પર્યાય), **લક્ષ્ય** જે અનાદિ અનંત એકરૂપ જ્ઞાયકભાવ-પરમપારિણામિકભાવ કારણ પરમાત્મા-લક્ષણ એ લક્ષ્યથી ભિન્ન નથી, અભેદ છે, તેથી જે લક્ષણની પ્રસિદ્ધિ છે તે જ લક્ષ્યની, આત્માની પ્રસિદ્ધિ છે. આ રીતે લક્ષ્ય-લક્ષણની સિદ્ધિ એક સાથે જ છે.

(૭) જ્ઞાન છે તે પ્રસિદ્ધ છે. જ્ઞાન છે તે હું છું એમ નિર્ણય અને પ્રતીતિ કરતાં જ્ઞાનનું લક્ષ સ્વ-આત્મા તરફ જાય છે. અને ત્યારે સ્વાનુભવમાં આત્મા પ્રસિદ્ધ થાય છે-જણાય છે-અનુભવમાં આવે છે.

(૮) સુખનો ઉપાય :-

(૧) દેહની ક્રિયાથી લક્ષિત થાય તે આત્મા નહિ.

(૨) રાગ-લક્ષણ વડે લક્ષિત થાય તે આત્મા નહિ.

(૩) ગુણ-ભેદ-વિકલ્પ વડે લક્ષિત થાય તો આત્મા નહિ.

(૪) અંતરમાં વળેલા જ્ઞાનલક્ષણ વડે લક્ષિત થાય તે આત્મા.

(૫) જ્ઞાન લક્ષણ વડે જડ કે પરચીજ લક્ષિત થતી નથી.

(૬) જ્ઞાન લક્ષણ વડે રાગ લક્ષિત થતો નથી.

(૭) જ્ઞાન લક્ષણ વડે માત્ર એક ગુણ લક્ષિત થતો નથી.

(૮) જ્ઞાન લક્ષણ વડે અનંત ગુણ-પર્યાયનો શુદ્ધ પિંડ (અભેદ-અખંડ-એક) લક્ષિત થાય છે.

(૯) આવા લક્ષ્યરૂપ આત્મામાં વિકાર નથી, સંયોગ નથી, શુદ્ધ અનંત ગુણ- પર્યાયો તેમાં સમાય છે.

(૧૦) આત્માના સ્વભાવનો મહિમા-રૂચિ-પ્રતીતિ-દૃષ્ટિ થાય અને અનંતગુણની નિર્મળતા ખીલવા માંડે એટલે મોક્ષમાર્ગ શરૂ થાય... સુખની શરૂઆત થાય...

(૯) અનંત ગુણ સ્વરૂપ આત્મા તેના એકરૂપ સ્વરૂપને **લક્ષ**માં લઈ, તેનો **પક્ષ** લઈ, તેને એકને ધ્યેય બનાવી વર્તમાન જ્ઞાનની પર્યાય **દક્ષ** થઈ, તેમાં એકાગ્રતાનો પ્રયત્ન કરતાં પર્યાય નિર્મળ થતી જાય છે અને ભગવાન આત્મા અનુભવમાં આનંદ સહિત **પ્રત્યક્ષ** જણાય છે. આ જ શાંતિ-સુખનો પહેલો ઉપાય છે.

# ૧૬ આત્મ વૈભવ

(૧) આચાર્ય ભગવાને સમયસારમાં 'જ્ઞાયક ભાવ' કહીને આત્માનું સ્વરૂપ ઓળખાવ્યું છે. ઘણા અલૌકિક પ્રકારે આત્માનું શુદ્ધસ્વરૂપ 'જ્ઞાનમાત્ર' કહીને ઓળખાવ્યું છે. તે જ્ઞાનમાત્ર આત્માને સ્વસન્મુખી જ્ઞાનલક્ષણ વડે અનુભવમાં લેતાં તે અનુભવમાં એકલું જ્ઞાન જ નથી આવતું પણ જ્ઞાન સાથે આનંદ, પ્રભુતા, વીર્ય, અસ્તિત્ત્વ વગેરે અનંત ધર્મો સહિત આત્મા અનુભવમાં આવે છે. એ રીતે જ્ઞાનમાત્ર આત્મા અનેકાન્તસ્વરૂપ છે.

(૨) જેણે આત્માને જાણવો હોય, જેણે સુખી થવું હોય ને આ ભવભ્રમણનાં દુઃખથી છૂટવું હોય તેણે અનંતશક્તિના વૈભવવાળા આત્માને ઓળખવો જોઈએ. એકેક આત્મા પોતાની અનંત શક્તિથી ભરેલો ભગવાન છે.

(૩) આત્મામાં અનંત શક્તિઓ એક સાથે રહેલી છે અને તેની પર્યાયો ક્રમેક્રમે થાય છે. અનંત શક્તિમાં દરેક શક્તિની પર્યાય વર્તે છે તે અપેક્ષાએ તો અનંત શક્તિની અનંત પર્યાયો એક સાથે જ છે. એક સાથે જ બધી શક્તિઓ પરિણમે છે. આ રીતે અક્રમરૂપ એક સાથે રહેલા જ્ઞાન-આનંદાદિ અનંત ગુણો, અને તેની ક્રમે ક્રમે થતી નિર્મળ પર્યાયો-આવા ગુણ-પર્યાયોનો આખો પિંડલો જ્ઞાનલક્ષણ વડે જ લક્ષિત થાય છે, ને તેને જ આત્મા કહીએ છીએ. **'જ્ઞાન લક્ષણ વડે જે લક્ષિત થાય તેને આત્મા કહેવાય.'**

(૪) જેણે સ્વતંત્ર થવું હોય, પ્રભુતા પ્રગટાવવી હોય ને ધર્મ પ્રગટ કરવો હોય તેણે આવા ગુણ-પર્યાયવાળા પોતાના આત્માના વૈભવની કિંમત થાય તો પરની અને રાગની કિંમત ઊડી જાય, એટલે કે તેની રુચિ છૂટી જાય, ને રુચિનો વેગ આત્મસ્વભાવ તરફ વળી જાય-વર્તમાન જ્ઞાનની પર્યાયનું લક્ષ પર, નિમિત્ત ને રાગથી હટી-આવા શક્તિઓના સામર્થ્યવાન ભગવાન આત્મા તરફ જાય તો ભગવાન અનુભૂતિમાં જણાય છે. આ સમ્યગ્દર્શનની રીત છે. સુખ પ્રગટ કરવાનો આ જ એક ઉપાય છે.

(૫) પોતાના અપાર ચૈતન્યવૈભવને જાણે તો સંયોગનું કે વિકારનું માહાત્મય રહે નહિ; એટલે પરિણતિ નિજ સ્વભાવ તરફ વળતાં તેમાં નિર્મળ જ્ઞાન-આનંદનું પ્રગટ પરિણમન થાય; તેને 'આત્મા પ્રસિદ્ધ થયો' એમ કહેવામાં આવે છે.

(૬) પહેલાં પણ શક્તિરૂપે તો આવો આત્મા હતો જ, પણ જ્યાં સુધી અંતર્મુખ થઈને પોતે પોતાને અનુભવમાં ન લીધો ત્યાં સુધી તે અપ્રગટ હતો, ને અનુભવમાં લેતાં

તે પ્રગટ-પ્રસિદ્ધ થાય છે. સુખ પ્રગટ કરવાનો આ જ એક ઉપાય છે.

(૭) આવા અનંત શક્તિઓના સામર્થ્યવાળા લક્ષ્યરૂપ શુદ્ધ આત્મામાં વિકાર નથી, સંયોગ નથી, શુદ્ધ અનંત ગુણ-પર્યાયો તેમાં સમાય છે. અનુકૂળ નિમિત્તના સંયોગો મને લાભ કરે ને પ્રતિકૂળ નિમિત્તોના ઘેરા મને નુકસાન કરે-એમ જેણે માન્યું તેણે આત્માની મહત્તાને ન જાણી પણ સંયોગની મહત્તા માની; તેણે સંયોગને પોતામાં માન્યા પણ સંયોગથી જુદા અનંત શક્તિ સંપન્ન આત્માને ન જાણ્યો.

(૮) આત્માને 'જ્ઞાનમાત્ર' કહેતાં તેમાં કેટલા વૈભવ સમાય છે તેને જો તું જાણ તો તને પરનો-સંયોગનો-વિકારનો કે અલ્પતાનો મહિમા રહે નહિ, તેનો મહિમા છૂટીને આત્માના સ્વભાવનો મહિમા-રુચિ-પ્રતીતિ-લક્ષ (દૃષ્ટિ) જાગે ને અનંત ગુણની નિર્મળતા ખીલવા માંડે એટલે કે મોક્ષમાર્ગ શરૂ થાય.

(૯) 'જ્ઞાનમાત્ર' કહેતાં તે સ્વપણે 'સત્' છે ને પરપણે 'અસત્' છે એવું અનેકાન્તપણું આવી જ જાય છે. 'જ્ઞાનમાત્ર' કહેતાં તેમાં સત્પણું અસત્પણું વગેરે અનેક ધર્મો ભેગા છે એટલે 'અનેકાન્ત'ની સ્વયમેવ સિદ્ધિ થઈ જાય છે.

(૧૦) ભાઈ, તારા આત્મામાં અનંત ગુણો છે; તે દરેક ગુણ ભિન્ન ભિન્ન સ્વભાવવાળા છે. એક ગુણ બીજા ગુણરૂપે થઈ જતો નથી. છતાં 'જ્ઞાનમાત્ર' નિર્મળ ભાવમાં બધા ગુણોનો રસ એક સાથે સ્વાદમાં આવે છે. જ્ઞાન, આનંદ, જીવત્ત્વ, પ્રભુત્ત્વ, અસ્તિત્ત્વ, વગેરે શક્તિનાં કાર્ય જુદાં જુદાં છે, તેવી અનંત શક્તિઓ એક આત્મામાં એક કાળે એક ક્ષેત્રે રહેલી છે. તેમનામાં લક્ષણભેદે ભિન્નતા હોવા છતાં એક 'જ્ઞાનમાત્ર' આત્માના અનુભવમાં તે બધી શક્તિઓ સમાઈ જાય છે. અહા! આત્માની શક્તિની શી વાત! અચિંત્ય અનંત જેની તાકાત! એકેક શક્તિ પણ બેહદ સ્વભાવના સામર્થ્યથી જ ભરેલી છે. ને એવી અનંત શક્તિના સામર્થ્યથી ભગવાન આત્મા ભરેલો છે.

(૧૧) આવો આત્મા સ્વાનુભવથી જ્યારે જ્ઞાનમાત્રપણે પરિણમે છે ત્યારે તે જ્ઞાનમાત્ર પરિણમન અનંત શક્તિના નિર્મળ પરિણમનથી ભરેલું છે. એક સમયની જાણનક્રિયા અનંત ગુણોના ભાવોને સાથે લેતી પ્રગટે છે. આનંદ અને જ્ઞાન, સ્વચ્છતાને પ્રભુતા, જીવત્ત્વ અને કર્તૃત્ત્વ એવી અનંત શક્તિઓ પરિણમનમાં એક સાથે ઉલ્લસે છે.

(૧૨) આત્મામાં એક સાથે અનંત શક્તિઓ ઉલ્લસે છે એટલે પરિણમે છે. તે શક્તિઓને પ્રદેશભેદ નથી, ક્ષેત્રભેદ નથી. બધી શક્તિઓને એક ક્ષેત્રપણું છે. ક્ષેત્રભેદ નથી તેમ કાળભેદ પણ નથી. ક્ષેત્રે અને કાળે એકસાથે હોવા છતાં દરેક શક્તિનું કાર્ય

ભિન્ન ભિન્ન છે, એટલે લક્ષણ ભેદ છે. જેમ કે જીવશક્તિનું કાર્ય આત્માને ચૈતન્યપ્રાણથી જીવાડવો તે; જ્ઞાનનું કાર્ય જાણવું, શ્રદ્ધાનું કાર્ય પ્રતીત કરવી, ચારિત્રનું કાર્ય લીનતા કરવી; વીર્યનું કાર્ય સ્વરૂપની રચના કરવી; સુખનું કાર્ય અનાકુળ શાંતિનું વેદન કરવું, પ્રભુતાનું કાર્ય સ્વતંત્રાથી શોભવું; પ્રકાશશક્તિનું કાર્ય સ્વયં-પ્રત્યક્ષ સ્વાનુભવ કરવો; આ રીતે અનંત શક્તિઓને પરસ્પર લક્ષણભેદ-કાર્યભેદ અથવા ભાવભેદ છે.

(૧૩) ગુણનો વૈભવ ત્રિકાળ છે ને પર્યાયનો વૈભવ એકસમયનો છે; ગુણ ત્રિકાળ ને પર્યાય એક સમયની, છતાં ક્ષેત્ર બંનેનું સરખું છે દ્રવ્ય-ગુણ-પર્યાય એ બધાનું ક્ષેત્ર એક જ છે. દ્રવ્ય-ગુણનો આનંદ જ્યારે પર્યાયમાં પણ વ્યાપ્યો (એટલે કે પરિણમ્યો) ત્યારે ભાન થયું કે અહા! આવા આનંદનો આખો પિંડ હું છું. ને એવા એવા અનંત ગુણનો પિંડ હું છું. નિર્મળ પરિણતિમાં એ અનંત ગુણોનું પરિણમન એક સાથે ઊછળે છે.

(૧૪) આત્મામાં સામર્થ્યથી તો અનંત શક્તિ છે અને દરેક શક્તિમાં અનંત સામર્થ્ય છે. જ્ઞાનમાં જાણવાનું અનંતુ સામર્થ્ય, શ્રદ્ધામાં પ્રતીતિનું અનંત સામર્થ્ય, વીર્યમાં સ્વરૂપની રચનાનું અનંત સામર્થ્ય એમ અનંત સામર્થ્યવાળી દરેક શક્તિ, ને અનંત શક્તિઓનો પિંડ ભગવાન આત્મા; 'જ્ઞાનમાત્ર' કહેતાં આવી શક્તિવાળો આખો આત્મા ઓળખાઈ જાય છે.

(૧૫) અરે, આવી અનંત શક્તિઓનો ધણી આત્મા તે પોતાની પ્રભુતા ભૂલીને, દીનપણે પરભાવમાં રખડતો થકો દેહ ધારણ કરીને સંસારમાં ભટકી રહ્યો છે. તેને તેની શક્તિઓનો વૈભવ બતાડીને સંતો જગાડે છે.

(૧૬) હે જીવ! તું જાગ. તું વિકાર જેટલો પામર નથી પણ સિદ્ધ પરમાત્મા જેવો પ્રભુ છો. તારી શક્તિના એક ટંકારે કેવળજ્ઞાન લે એવી તારી તાકાત છે; તેને તું સંભાળ!

સ્વસંવેદનથી આત્માનો જે મહિમા અનુભવમાં આવે તે બધો વાણીમાં ન આવી શકે. વાણીમાં તો અમુક ઈશારા આવે. તેથી જ્ઞાનમાત્ર ભાવમાં ઊછળતી કેટલીક શક્તિઓનું વર્ણન કરી ભગવાન આત્માનો વૈભવ બતાવવામાં આવ્યો છે. આ તો વીતરાગે જાણેલી, વીતરાગે કહેલી અને વીતરાગ થવા માટેની આત્માના વીતરાગી વૈભવની વાત છે.

## ૪૭ આત્મશક્તિ

૧. જીવત્ત્વ શક્તિ
૨. ચિતિ શક્તિ
૩. દશિ શક્તિ
૪. જ્ઞાન શક્તિ
૫. સુખ શક્તિ
૬. વીર્ય શક્તિ
૭. પ્રભુત્ત્વ શક્તિ
૮. વિભુત્ત્વ શક્તિ
૯. સર્વદર્શિત્ત્વ શક્તિ
૧૦. સર્વજ્ઞત્ત્વ શક્તિ
૧૧. સ્વચ્છત્ત્વ શક્તિ
૧૨. પ્રકાશ શક્તિ
૧૩. અસંકુચિતવિકાસ શક્તિ
૧૪. અકાર્યકારણત્ત્વ શક્તિ
૧૫. પરિણમ્ય-પરિણામકત્ત્વ શક્તિ
૧૬. ત્યાગ-ઉપાદાન શુન્યત્વ શક્તિ
૧૭. અગુરુલઘુત્ત્વ શક્તિ
૧૮. ઉત્પાદ-વ્યય-ધ્રુવત્ત્વ શક્તિ
૧૯. પરિણામ શક્તિ
૨૦. અમૂર્તત્ત્વ શક્તિ
૨૧. અકતૃત્ત્વ શક્તિ
૨૨. અભોકતૃત્ત્વ શક્તિ
૨૩. નિષ્ક્રિયત્ત્વ શક્તિ
૨૪. નિયતપ્રદેશત્ત્વ શક્તિ
૨૫. સ્વધર્મવ્યાપક શક્તિ
૨૬. સાધારણ-અસાધારણ-સાધારણાસાધારણા ધર્મત્ત્વ શક્તિ
૨૭. અનંતધર્મત્ત્વ શક્તિ
૨૮. વિરુદ્ધધર્મત્ત્વ શક્તિ
૨૯. તત્ત્વ શક્તિ
૩૦. અતત્ત્વ શક્તિ
૩૧. એકત્ત્વ શક્તિ
૩૨. અનેકત્ત્વ શક્તિ
૩૩. ભાવ શક્તિ
૩૪. અભાવ શક્તિ
૩૫. ભાવ અભાવ શક્તિ
૩૬. અભાવ ભાવ શકિત
૩૭. ભાવ ભાવ શકિત
૩૮. અભાવ અભાવ શક્તિ
૩૯. ભાવ શક્તિ
૪૦. ક્રિયા શક્તિ
૪૧. કર્મ શકિત
૪૨. કર્તૃ શક્તિ
૪૩. કરણ શક્તિ
૪૪. સંપ્રદાન શક્તિ
૪૫. અપાદાન શક્તિ
૪૬. અધિકરણ શક્તિ
૪૭. સંબંધ શક્તિ

**સારરૂપ :**

**૪૭ શક્તિ આત્માનો વૈભવ છે.**

એવા વૈભવશાળી ભગવાન આત્માનું અંતરમાં ધ્યાન કરવાથી જ્ઞાન આનંદરૂપી વૈભવ પ્રગટ થાય છે.

હે ભવ્ય! તારા આત્મામાં સિદ્ધપણું સ્થાપ. સિદ્ધ ભગવંતોને આદર્શરૂપે રાખીને નક્કી કર કે 'જેવા સિદ્ધ તેવો હું' આવા લક્ષપૂર્વક સમયસાર સાંભળતાં તને અદ્‌ભૂત આત્મવૈભવ તારામાં દેખાશે.

અનંતગુણસ્વરૂપ આત્મા તેના એકરૂપ સ્વરૂપને દૃષ્ટિમાં લઈ, તેને (આત્માને)એકને ધ્યેય બનાવી તેમાં એકાગ્રતાનો પ્રયત્ન કરવો જ પહેલાંમાં પહેલો શાંતિ સુખનો ઉપાય છે.

ભાઈ, તારી પ્રભુતા તારામાં છે. તને તારા સ્વરૂપની ખબર વગર ધર્મ કેમ થાય ? તારી શક્તિના વર્ણન વડે તારું સ્વરૂપ તને ઓળખાવીએ છીએ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કેમ થાય ? કે અનંત શક્તિવાળા આત્માને અનુભવતા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. એ જ સાર છે. બાકી તો બધું અસાર છે.

સ્વાધીન જ્ઞાનશક્તિવાળા આત્માને શ્રદ્ધા-જ્ઞાનમાં લેવો તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે.

અનાદિ અનંત એક નિજ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ તેનું સ્વ સન્મુખ થઈ આરાધન કરવું તે જ પરમાત્મા થવાનો સાચો ઉપાય છે.

**આત્મ દ્રવ્યની અનંત શક્તિઓ**

(૧) એકેક શક્તિ અનંતગુણમાં વ્યાપક છે.
(૨) એકેક શક્તિ અનંત ગુણોમાં નિમિત્ત છે.
(૩) એકેક શક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ત્રણેમાં વ્યાપે છે.
(૪) એકેક શક્તિ ધ્રુવ (ત્રિકાળ) ઉપાદાન છે અને તેની પર્યાય (ક્ષણિક) ઉપાદાન છે.
એમાં અક્રમે રહેવું તે ધ્રુવ ઉપાદાન છે.
અને ક્રમે વર્તવું તે ક્ષણિક ઉપાદાન છે.
(૫) એકેક શક્તિમાં વ્યવહારનો-રાગનો-નિમિત્તનો અભાવ છે.
(૬) એકેક શક્તિ ક્રમે પ્રવર્તે છે તે નિર્મળ પરિણતિએ પ્રવર્તે છે.
(૭) જ્ઞાન પર્યાય પણ પોતામાં પોતાના સામર્થ્યથી પોતાની જ થાય છે-આવી સૂક્ષ્મવાત છે.

**(૧) શક્તિમાં પાંચ ભાવો :-**

જેમ આત્મસ્વભાવ અનાદિઅનંત સહજસ્વભાવે વર્તે છે તેમ તેની જ્ઞાનાદિ અનંત શક્તિઓ પણ કોઈ નિમિત્ત વગર અહેતુકપણે અનાદિઅનંત પરમ પારિણામિકભાવે વર્તે છે ને તેના પર દૃષ્ટિ કરતાં તે ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિકભાવરૂપે પરિણમે છે. આ રીતે અહીં શક્તિમાં ચાર ભાવો લાગુ પડે છે, ઉદયભાવ અહીં લાગુ પડતો નથી. પાંચભાવોમાંથી સિદ્ધને બે ભાવો હોય, સાધકને પાંચે ભાવો હોય, પણ તેમાંથી ઉદયભાવને ખરેખર જીવ નથી કહેતા. શક્તિ સાથે અભેદરૂપ એવો નિર્મળ ભાવ પ્રગટે તેને જ જીવ કહે છે.

**(૨) શક્તિમાં નવ તત્ત્વ :**

ત્રિકાળી જ્ઞાનાદિ શક્તિ તે શુદ્ધ જીવ તત્ત્વ ; તે શક્તિની જે નિર્મળ પર્યાય થઈ તે સંવર-નિર્જરા કે મોક્ષતત્ત્વ;

અજીવ, પુણ્ય-પાપ, આસ્રવને બંધ એ તત્ત્વો આ શક્તિમાં ન આવે, શક્તિના નિર્મળ પરિણમનમાં તેનો અભાવ છે.

**(૩) એકેક શક્તિમાં પોતાના છ કારક :-**

(૧) કર્તા (૨) કર્મ (૩) કરણ (૪) સંપ્રદાન (૫) અપાદાન (૬) અધિકરણ એકેક શક્તિ પોતાના છ સ્વતંત્રકારકપણે જ છે-એવો વૈભવ છે. નિર્મળ પર્યાય જે પ્રગટી તે સ્વભાવના આશ્રયે પ્રગટે છે. કોઈ પર કે શુભવિકલ્પ તેનું કારણ નથી. આત્માની કોઈપણ શક્તિને રાગથી સાથે કે પર સાથે કારણ-કાર્યપણું નથી. શક્તિમાંથી રાગ પ્રગટે નહિ ને શક્તિ રાગને કરે નહિ.

આ આત્મસ્વરૂપની કથા વીતરાગે જાણેલી, વીતરાગે અનુભવેલી, વીતરાગે કહેલી અને વીતરાગ થવા માટેની વીતરાગી વૈભવની વાત છે.

**પ્રયોજનભૂત :**

ધ્રુવમાં એકાગ્ર થતાં પર્યાયમાં શુદ્ધતા પ્રગટે છે; તે ક્ષણિક પર્યાય અંતરમાં અભેદ થાય છે. આ રીતે ધ્રુવપણું ને ક્ષણિકપણું બંને એક સમયમાં આવી જાય છે.

એકેક સમયની પર્યાયમાં અનંત શક્તિઓ એક સાથે પરિણમે છે. ગુણભેદે દરેક ગુણનું સામર્થ્ય જુદું હોવા છતાં આત્મદ્રવ્યના સામર્થ્યમાં બધા ગુણોનું સામર્થ્ય સમાઈ જાય છે; અભેદ આત્માના અનુભવમાં અનંતગુણની નિર્મળતાનું વેદન એકસાથે છે. **સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ.**

અહો, આત્મા ચૈતન્ય મહાસત્તા છે, તેને લક્ષમાં લે, તેમાં લક્ષ જતાં, જ્ઞાન જેનું લક્ષણ નથી એવા સમસ્ત પરભાવોનું લક્ષ છૂટી જશે. એક આત્મામાં અનંતગુણો, એકેક ગુણમાં અનંત પર્યાયનું સામર્થ્ય, ને એકેક પર્યાયમાં પણ સર્વજ્ઞતા-વગેરેનું અનંત સામર્થ્ય,- આવડું જીવતત્ત્વ છે. 'આવું છે' એમ અસ્તિથી કહેતાં 'રાગાદિરૂપ નથી' એમ નાસ્તિની વાત પણ તેમાં સમાઈ જાય છે. આવા જીવતત્ત્વને જાણીને તેમાં એકાગ્ર થતાં સંવર-નિર્જરા-મોક્ષરૂપ નિર્મલભાવ પ્રગટે છે.

'સમયસાર' એટલે શુદ્ધાત્મા. જેને સુખ-સ્વતંત્રતા અને શાંતિ જોઈતી હોય, દુઃખ-પરતંત્રતા ને અશાંતિથી છૂટવું હોય, તેણે પોતાના સ્વભાવને જાણવો જોઈએ, કારણ કે સુખ પોતાના સ્વભાવમાં છે. અનંત શક્તિસંપન્ન નિજસ્વભાવનો અચિંત્ય મહિમા છે તે જાણીને તેમાં રત થાય તો પોતામાંથી જ પોતાનું સુખ પ્રગટે.

ગુણની ઓળખાણ વડે પર્યાયમાં સુખ વગેરે પ્રગટે છે ને તેનું નામ 'આત્મ પ્રસિદ્ધ છે.

# ૧૭ દ્રવ્યની સ્વતંત્રતા

## ૧ છ કારક

### (અનુભવ-પ્રકાશના આધારે)

(૧) **કર્તા :-** કર્તા નામનો ગુણ છે. તેથી પોતાના સ્વાભાવિક કાર્યનો કર્તા છે. શુદ્ધ ચેતનાના કાર્યનો કર્તા છે. જો ગુણ ન હોત તો સ્વાભાવિક પરિણમન ન થાત. આત્મા સ્વભાવનો કર્તા છે. પરનો કર્તા નથી. જ્ઞાનાનંદ સ્વભાવનો કર્તા છે. તેનો કર્તા ન હોત તો આનંદનું પરિણમન થઈ શકત નહિ.

(૨) **કર્મ :-** વીતરાગી દશારૂપ કાર્ય થવાનો ગુણ આત્મામાં ત્રિકાળ છે. કર્મ એટલે સ્વાભાવિક કાર્ય, નિર્મળાનંદ દશારૂપ કાર્ય. પરિણમનારો આત્મા કર્તા છે, આનંદરૂપ, પરિણમન તેનું કાર્ય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય તે તો પર્યાય છે, તેની વાત નથી. પણ કર્મ નામનો ત્રિકાળ ગુણ છે. જેવા સમકિત, દર્શન, જ્ઞાન આદિ ગુણો છે, તેમ કર્મ નામનો ત્રિકાળ ગુણ છે. કેવળજ્ઞાનરૂપ દશા તે કાર્ય છે. જો કર્મ ગુણ ન હોત તો આ કાર્ય થાત નહિ. આમ બતાવી પર્યાયબુદ્ધિ ઉડાડે છે ને સ્વભાવબુદ્ધિ કરાવે છે. સ્વભાવબુદ્ધિ કરે તેને આત્માનો અનુભવ થાય.

શરીર, કર્મ આદિના કાર્યની વાત નથી. આત્માને આધીન તેનું કાર્ય છે જ નહિ. તેમ જ વીતરાગી પર્યાયના કાર્યરૂપે થવાનો ગુણ આત્મામાં ત્રિકાળ છે. તે ન હોય તો સ્વભાવનું કાર્ય ન થાત. અરૂપી આત્માના અસંખ્ય પ્રદેશમાં આ ગુણ રહેલો છે. આત્મામાં બધા ગુણો એકસાથે છે, પણ સમજાવવામાં ક્રમ પડે છે. ત્યાં તો ગુણો અક્રમ બધા એકસાથે પડેલા છે.

(૩) **કરણ :-** નિજકાર્ય કરવામાં ઉત્કૃષ્ટ સાધનને કરણકારક નામે ગુણ કહેલ છે. ધર્મનું સાધન પોતે બનાવે છે. સાધન નામનો ગુણ સદાય આત્મામાં છે. તે નહોત તો સ્વરૂપ પરિણમન-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી પરિણમન ન થાત. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના સાધન વડે મોક્ષદશા થાય છે. એવો ત્રિકાળ સાધન નામનો ગુણ છે.

ચોથો કાળ, મજબૂત સંહનન વગેરેને અજ્ઞાની જીવો કેવળજ્ઞાનનું સાધન કહે છે પણ તે ખરું સાધન નથી. કરણ નામનો ગુણ પરિણમીને સાધન થાય છે.

સાધકદશામાં દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેના શુભરાગને ઉપચારથી સાધન કહેવાય છે. પણ જો કરણ નામનો ગુણ આત્મામાં ન હોત તો આત્મા સ્વરૂપનું સાધન ન

થાત. તે ગુણ છે તો વીતરાગી દશારૂપે તે પરિણમી રહ્યો છે.

નિમિત્તો બાહ્યમાં હોવા છતાં ને શુભરાગ હોવા છતાં, આ કરણ ન હોત તો વીતરાગી દશા ન થાત. તે સાધન દ્રવ્યમાં ત્રિકાળ પડ્યું છે. નિમિત્તમાં કે રાગમાં સાધન નથી.

(૪) **સંપ્રદાન :-** આત્મામાં સંપ્રદાન નામનો ગુણ છે. તે ન હોત તો પોતાની શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપી વિતરાગીદશા પોતાને સમર્પણ થઈ ન શકત. આ ગુણને લીધે પોતાની નિર્મળ પર્યાય પ્રગટાવી પોતાને સોંપે છે. આત્મા પર પદાર્થનું દાન આપી શકતો નથી તેમ જ રાગ કરીને પોતામાં તેને રાખી શકતો નથી. નિર્મળ પર્યાય પ્રગટાવી પોતામાં રાખી શકે છે, તે સંપ્રદાનગુણને લીધે છે.

પોતે પોતાને આપતો દાન તે સંપ્રદાન છે.

(૫) **અપાદાન :-** આત્મામાં અપાદાન ગુણ છે. તે ન હોત તો પોતાથી પોતા વડે પોતારૂપ ન રહેત, પણ પરરૂપ થઈ જાત. પોતામાંથી જ પોતાને આપે છે.

સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે શુભરાગ હોય પણ તે વ્યવહાર હેતુરૂપ કયારે કહેવાય ? ને તે શુભરાગને બાહ્ય ચીજો નિમિત્ત કયારે કહેવાય ?

પોતે પોતાનું સાધન પ્રગટ કરે તો શુભરાગ તથા બાહ્ય ચીજોને સાધનરૂપ નિમિત્ત કહેવાય. અહીં અપાદાન ગુણની વાત છે. વીતરાગી દશા પોતામાંથી પ્રગટે છે. પોતાથી પોતા વડે નિર્મળતા પ્રગટે છે નિમિત્તથી કે રાગથી ધર્મ થઈ શકે એવો ગુણ આત્મામાં નથી. પોતાથી પોતા વડે પોતામાં રહે તેવો ગુણ આત્મામાં છે.

(૬) **અધિકરણ :-** આત્મામાં અધિકરણ-આધાર નામે ગુણ છે. એરણ ઉપર દાગીનો ટીપે છે તે એરણને આધાર કહેવાય છે. તે વ્યવહાર દૃષ્ટાંત છે. તેમ આત્મામાં અધિકરણ નામનો ગુણ છે, તેના આધારે નિર્મળતા પ્રગટે છે, નિમિત્ત કે વ્યવહારના આધારે ધર્મ પ્રગટતો નથી. વીતરાગી પર્યાયનો આધાર ત્રિકાળી આધાર નામનો ગુણ છે. આત્માનો આધાર અથવા ધર્મની દશાનો આધાર-અધિકરણ નામનો ત્રિકાળી ગુણ છે.

આત્માની જેમ દરેક દ્રવ્યમાં પોતપોતાનું કાર્ય કરનારા છ કારકો સ્વતંત્ર રહેલા છે. અહીં આત્માની વાત ચાલે છે.

જો રાગના આધારે ધર્મ હોય તો રાગ ટળી જતાં ધર્મનો પણ અભાવ થઈ જાય; મનુષ્ય દેહ તથા મજબૂત સંહનનનો આધાર હોય તો તે ખસી જતા નિર્મળતા રહેત નહિ. પણ એમ નથી. અધિકરણ ગુણના આધારે ધર્મ પ્રગટે છે, ટકે છે ને વધે છે.

## (૨) વિશેષ વાત

(૧) બધી વસ્તુઓના કાર્યની ઉત્પત્તિ અંતરંગકારણથી જ (વસ્તુ પોતાની શક્તિથી જ) થાય છે-એ નિયમ છે. આમાં અનેક પ્રશ્નોના સમાધાન આવી જાય છે.
અંતરગ કારણ :- દ્રવ્યની શક્તિ-ઉપાદાન કારણ
બહિરંગ કારણ :- પરદ્રવ્યની હાજરી-નિમિત્ત કારણ

(૨) કોઈ કાર્યો બાહ્ય પદાર્થોના કારણથી ઉત્પન્ન થતાં નથી, એ તો નિશ્ચય છે. ત્રણકાળ-ત્રણ લોકમાં એવું કોઈ દ્રવ્ય નથી કે જે દ્રવ્યનું કાર્ય બીજા દ્રવ્યથી થતું હોય ! જો કોઈ પણ દ્રવ્યનું કાર્ય બીજા દ્રવ્યથી થતું હોય તો જીવમાંથી જડ અને જડમાંથી જીવ થઈ જવાનો પ્રસંગ આવી પડશે; પરંતુ કાર્ય અને કારણ એક જ દ્રવ્યમાં હોય એ સિદ્ધાંતથી દરેક દ્રવ્યનું કારણ તે દ્રવ્યના કારણથી જ સ્વતંત્રપણે થાય છે, તેથી ઉપર્યુકત દોષ આવતો નથી. આમાં દરેક કાર્ય થવામાં ઉપાદાન-નિમિત્તનો ખુલાસો આવી જાય છે.

(૩) હવે ઉપર પ્રમાણે વસ્તુ સ્વરૂપ હોવાથી-આત્મદ્રવ્યનું કાર્ય-અવસ્થા તો આત્માના અંતરંગકારણથી ઉત્પન્ન થાય છે; આત્મદ્રવ્યમાં તો વીતરાગભાવ જ પ્રગટવાની શક્તિ છે. વીતરાગતા-શુદ્ધતારૂપી કાર્ય ઉત્પન્ન થાય એવી જ દ્રવ્યની અંતરંગ શક્તિ છે.

(૪) **પ્રશ્ન :-** જો દ્રવ્યની અંતરંગ શક્તિમાં તો વીતરાગતા અને શુદ્ધતા જ પ્રગટાવવાની શક્તિ છે તો પછી પર્યાયરૂપી કાર્યમાં અશુદ્ધતા કેમ છે ?
**ઉત્તર :-** પર્યાયમાં જે અશુદ્ધતા છે તે, તે પર્યાયની વર્તમાન યોગ્યતા છે. પર્યાયમાં જે વિકાર-અશુદ્ધતા છે તે પર્યાય અંતરંગ કારણે છે. વિકારનું અંતરંગકારણ એક સમય પૂરતી પર્યાય છે.

તેથી વિકારરૂપ કાર્ય પણ એક સમય પૂરતું જ છે. પહેલા સમયનો વિકાર બીજા સમયે ટળી જાય છે. રાગાદિ વિકારરૂપ અશુદ્ધ અવસ્થા તે પર્યાયના અંતરંગ કારણે છે, રાગાદિકનું અંતરંગ કારણ દ્રવ્ય નથી, બહારનું નિમિત્ત નથી પણ અવસ્થા છે; એટલે કે દ્રવ્યના સ્વભાવમાં રાગાદિ નથી, માટે દ્રવ્ય રાગાદિનું કારણ પણ નથી.

(૫) જેમ ચેતનદ્રવ્યની અવસ્થા ચેતનના અંતરંગ કારણે થાય છે તેમ જડ દ્રવ્યની અવસ્થા પણ જડ દ્રવ્યના અંતરંગકારણથી જ થાય છે. જીવ ક્રોધાદિ ભાવરૂપ અવસ્થા થાય છે તેમાં જીવની તે સમયની અવસ્થાની યોગ્યતા છે. જીવની અવસ્થામાં વિકારભાવ અને પુદ્ગલની અવસ્થામાં કર્મરૂપ પરિણમન એ બંને પોતપોતાના અંતરંગ સ્વતંત્ર કારણે થાય છે. કોઈ એક-બીજાનું અંતરંગ કારણ નથી.

(૬) એક દ્રવ્યની કર્તા અન્ય દ્રવ્ય થાય તો બંને દ્રવ્યો એક થઈ જાય, કારણ કે કર્તા-કર્મપણું અથવા પરિણામ-પરિણામીપણું એક દ્રવ્યમાં જ હોઈ શકે. જો એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ થઈ જાય તો તે દ્રવ્યનો નાશ થાય-એ મોટો દોષ આવે-માટે એક દ્રવ્યને અન્ય દ્રવ્યનો કર્તા કહેવો ઉચિત નથી.

(૭) દરેકે દરેક આત્મા અને દરેકે દરેક રજકણ જુદાં સ્વતંત્ર પદાર્થ છે. આત્માની અવસ્થા આત્માથી થાય અને જડની અવસ્થા જડથી થાય-એમ માનવું તે જ પહેલો ધર્મ છે.

(૮) **પ્રશ્ન** :- જો આત્મા પરનું કરી શકે એમ માનવામાં આવે તો શું વાંધો છે ?

**ઉત્તર** :- એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈપણ કરી શકે એમ માનવામાં આવે તો દ્રવ્યના નાશનો પ્રસંગ આવે છે-તે મહાન દોષ છે.

એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈક કરે એમ માનવું તે દ્રવ્યના ત્રિકાળી સ્વરૂપની હિંસા છે, તેના જેવું મોટું પાપ જગતમાં કોઈ નથી. 'પરદ્રવ્યનું હું કરી શકું' એમ માનવું તે જ મહાન હિંસા છે. તે જ મહાન પાપ છે. પર જીવને હું સુખી-દુઃખી કરી શકું એવી માન્યતા તે જ પોતાના જ્ઞાનસ્વરૂપની હિંસા છે; તેમાં મિથ્યાત્ત્વ ભાવનું અનંત પાપ છે. અને પરનું કરી શકું એવી ઊંધી માન્યતા છોડીને, 'હું આત્મા જ્ઞાનસ્વરૂપ છું, પરદ્રવ્યનું હું કાંઈ ન કરી શકું, દરેક દ્રવ્યો સ્વતંત્ર છે, સૌ પોતપોતાના કર્તા છે' એમ માનવું તે જ અહિંસા છે-અને એ જ પ્રથમ ધર્મ છે.

(૯) ૧ એક આત્મા બીજા આત્માનું કાંઈ કરી શકે-અથવા
૨ એક આત્મા જડનું કાંઈ કરી શકે-અથવા
૩ એક પુદ્ગલ બીજા પુદ્ગલનું કાંઈ કરી શકે-અથવા
૪ એક પુદ્ગલ આત્માનું કાંઈ કરી શકે-એમ માનવું તે મહાન હિંસા છે, તેના જેવું મહા પાપ જગતમાં બીજું કોઈ નથી. એ હિંસાનું ફળ જન્મ-મરણની જેલ છે.

(૧૦) ૧) પરદ્રવ્યનું હું કાંઈ ન કરી શકું,
૨) પરદ્રવ્ય મારું કાંઈ ન કરી શકે
૩) દરેક તત્ત્વો સ્વતંત્ર સ્વાધીન પરિપૂર્ણ છે, સત્ સ્વરૂપ છે
૪) કોઈ તત્ત્વને કોઈ તત્ત્વનો આધાર નથી-એમ દરેક દ્રવ્યોની સ્વતંત્રતાનો જ્ઞાનમાં અને શ્રદ્ધામાં સ્વીકાર કરવો-એ સ્વતંત્ર સત્ સ્વરૂપનો આદર છે અને એ જ ધર્મ છે.

(૧૧) 'હું પરનું ન કરું અને પર મારું ન કરે' એવી પ્રથમ માન્યતા કરે તો જીવની અનંતી શાંતી પ્રગટે અને અનંતા રાગ-દ્રેષ ટળી જાય. આ માન્યતા એ જ સૌથી પ્રથમ ધર્મ છે. આ માન્યતામાં અહંકાર ટાળવાનો અનંતો પુરુષાર્થ છે.

(૧૨) ''હું શુદ્ધ જ્ઞાયક સ્વરૂપી આત્મા છું, જ્ઞાન સિવાય પરદ્રવ્યનું હું કિંચિત હું ન કરી શકું'' એમ જ્યાં સુધી સમ્યક્ માન્યતા ન થાય ત્યાં સુધી આત્માની સમ્યગ્જ્ઞાનરૂપી કળા ઊઘડે નહિ. સમ્યગ્જ્ઞાન કળા તે જ ધર્મ છે.

**સાર** : 'હું પરદ્રવ્યથી ભિન્ન, પરદ્રવ્યના કર્તૃત્ત્વથી રહિત, પરથી સંપૂર્ણ ભિન્ન જ્ઞાયકસ્વરૂપ સ્વતંત્ર જ્ઞાન-આનંદ સ્વરૂપ જ સદા છું.'

એવું જ્ઞાન અને શ્રદ્ધા એ જ પ્રથમ ધર્મ છે. પોતાના સ્વરૂપની-પોતાના સ્વભાવની દઢતા થવી એ જ પોતાનો ધર્મ છે. અને એ જ સ્વાધીનતાનો પંથ છે.

# ૧૮ ઉપાદાન-નિમિત્ત (વિશેષ)

**ઉપાદાન :-** જે પદાર્થ સ્વયં કારણરૂપ પરિણમે તેને ઉપાદાન કારણ કહે છે. ખરેખર ઉપાદાન એટલે સહજ શક્તિ.

**નિમિત્ત :-** જે પદાર્થ પરમાં સ્વયં કાર્યરૂપ ન પરિણમે પરંતુ ઉપાદાન કાર્યની ઉત્પત્તિમાં અનુકૂળ હાજરીરૂપ હોય તેને નિમિત્તકારણ કહે છે.

આમાં સ્પષ્ટ છે કે ઉપાદાન (સહજ શક્તિ) એકલું જ કાર્યરૂપે પરિણમે છે. નિમિત્ત કાર્યરૂપે પરમાં પરિણમતું નથી. જે કાર્યરૂપે પરિણમે તે જ કર્તા છે એવો નિયમ છે.

(૧) કર્તા-કર્મ અને ક્રિયાની વ્યાખ્યા... (સમયસાર કલશ-૫૧) જે પરિણમે છે તે કર્તા છે, જે પરિણામ છે તે કર્મ છે અને જે પરિણતિ છે તે ક્રિયા છે. એ ત્રણેય વસ્તુપણે ભિન્ન નથી.

(કર્તા-કર્મ ભિન્ન હોતાં નથી, પરંતુ ઉપાદાન-નિમિત્ત તો ભિન્ન ભિન્ન હોય છે, માટે ઉપાદાન-નિમિત્તને કાંઈ કર્તા-કર્મ સંબંધ નથી.)

(૨) ''વસ્તુ એક જ સદા પરિણમે છે, એકનાં જ સદા પરિણામ થાય છે. (અર્થાત્ એક અવસ્થાથી અન્ય અવસ્થા એકની જ થાય છે) અને એકની જ પરિણતિ-ક્રિયા થાય છે; કારણ કે અનેકરૂપ થવા છતાં એક જ વસ્તુ છે, ભેદ નથી.''(કલશ-૫૨)

(એક જ વસ્તુ અવસ્થારૂપે થાય છે. જે વસ્તુ અવસ્થારૂપે થાય છે તે જ વસ્તુ કર્તા છે, બીજી કોઈ વસ્તુ કર્તા નથી.)

(૩) ''બે દ્રવ્યો એક થઈને પરિણમતા નથી, બે દ્રવ્યોનું એક પરિણામ થતું નથી અને બે દ્રવ્યોની એક પરિણતિ-ક્રિયા થતી નથી; કારણ કે અનેક દ્રવ્યો છે તે અનેક જ છે, પલટીને એક થઈ જતાં નથી. (કલશ-૫૩)

(દરેક વસ્તુઓ જુદી જુદી છે, કદી બે વસ્તુઓ ભેગી થઈ જતી નથી અને બે વસ્તુઓ જુદી હોવાથી બંનેના કાર્ય જુદાં જ છે. જો એક કાર્ય બે વસ્તુઓ ભેગી થઈને કરે તો વસ્તુઓ જુદી જ રહે નહિ એટલે કે વસ્તુના નાશનો પ્રસંગ આવે, તે અસંભવ છે.)

(૪) ''એક દ્રવ્યના બે કર્તા ન હોય, વળી એક દ્રવ્યના બે કર્મ ન હોય અને એ દ્રવ્યની બે ક્રિયા ન હોય, કારણ કે એક દ્રવ્ય અનેક દ્રવ્યરૂપ થાય નહિ.'' (કલશ-૫૪)
(બે દ્રવ્યો જુદાં જુદાં રહીને એક કાર્ય કરે-એમ પણ બનતું નથી કેમ કે એક કાર્યના બે કર્તા હોઈ જ શકે નહિ.)

(૫) ''આ જગતમાં મોહી (અજ્ઞાની) જીવોને 'પરદ્રવ્યને હું કરું છું' એવા પર દ્રવ્યના કર્તૃત્વના મહા અહંકારરૂપ અજ્ઞાનાંધકર-કે જે અત્યંત દુર્નિવાર છે તે અનાદિ સંસારથી ચાલ્યો આવે છે. (કલશ-૫૫)

(૬) ''નિશ્ચયથી દ્વિક્રિયાવાદીઓ (અર્થાત્ એક દ્રવ્યને બે ક્રિયા હોવાનું માનનારા) આત્માના પરિણામને અને પુદ્ગલના પરિણામને પોતે (આત્મા) કરે છે એમ માને છે તેથી તેઓ મિથ્યાદૃષ્ટિ જ છે એવો સિદ્ધાંત છે. (ગાથા-૮૬ ટીકા)

(૭) આત્મા પોતાના જ પરિણામને કરતો પ્રતિભાસે; પુદ્ગલના પરિણામને કરતો તો કદી ન પ્રતિભાસે. આત્માની અને પુદ્ગલની-બંનેની ક્રિયા એક આત્મા જ કરે છે એમ માનનારા મિથ્યાદૃષ્ટિ છે. જડ-ચેતનની ક્રિયા એક હોય તો સર્વ દ્રવ્યો પલટી જવાથી સર્વનો લોપ થઈ જાય-એ મોટો દોષ ઊપજે. (ગાથા-૮૬ ભાવાર્થ)

આ કર્તા-કર્મના મહાન સિદ્ધાંત છે. આ વિજ્ઞાન છે.

**સાર :** ઉપરના કથનથી એ સિદ્ધાંત સ્પષ્ટપણે નક્કી થાય છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈપણ કરી શકે નહિ. ઉપાદાન અને નિમિત્ત બંને જુદાં દ્રવ્યો છે તેથી તેઓ એક બીજામાં કાંઈ પણ કાર્ય-મદદ-કે અસર કરી શકે નહિ.

હવે આ પ્રશ્ન ઊભો થાય છે. :-

**પ્રશ્ન :-** આત્માના વિકાર ભાવમાં કર્મ નિમિત્તરૂપે તો છે ને ? કર્મ નિમિત્ત છે માટે ૫૦ ટકા કર્મ કરાવે અને ૫૦ ટકા આત્મા કરે એ રીતે બંને ભેગા થઈને વિકાર કરે છે ? શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે કાર્યમાં ઉપાદાનકારણ અને નિમિત્તકારણ બંને હોય છે-માટે બંને એ પચાસ-પચાસ ટકા કાર્ય કર્યુ ?

**ઉત્તર :** 'નિમિત્ત છે' એટલી વાત ખરી, પરંતુ કાર્યના ૫૦ ટકા નિમિત્તથી થાય અને ૫૦ ટકા ઉપાદાનથી થાય એ વાત ત્રણકાળ-ત્રણલોકમાં સર્વથા જૂઠી છે. કાર્યમાં નિમિત્તનો એક પણ ટકો નથી. ઉપાદાનના સો એ સો ટકા ઉપાદાનમાં અને નિમિત્તના સો એ સો ટકા નિમિત્તમાં છે, કોઈનો એક ટકો બીજામાં ગયો નથી. બંને દ્રવ્યો સ્વતંત્ર છે, બે દ્રવ્યો ભેગા મળીને-એકરૂપ થઈને કોઈ કાર્ય કરી શકે નહિ, પરંતુ જુદાં જ છે. જો બે દ્રવ્યોથી પચાસ પચાસ ટકા કાર્ય માનવમાં આવે તો તે બે દ્રવ્યો ભેગા થઈને કાર્યરૂપ પરિણમવા જોઈએ- પરંતુ એ તો અસંભવ છે. કાર્યરૂપે સ્વયં ન પરિણમે તેને કર્તા કેમ કહેવાય ? કાર્યરૂપે જે દ્રવ્ય થાય તે દ્રવ્ય જ તે કાર્યનો સો ટકા કર્તા છે. નિમિત્ત જો ઉપાદાનનું કાર્ય પચાસ ટકા કરી દેતું હોય તો ઉપાદાનને નિમિત્તની રાહ જોવી પડે એટલે કે એક દ્રવ્યને પોતાના કાર્ય માટે પરવસ્તુની પચાસ ટકા જરૂર પડે એ રીતે વસ્તુની જ પરાધીનતા આવે પરંતુ વસ્તુનું સ્વરૂપ પરાધીન નથી. વસ્તુ સ્વાધીનપણે પોતાના કાર્યને કરે છે.

ઉપાદાનનું કાર્ય પચાસ ટકા અને નિમિત્તનું કાર્ય પચાસ ટકા એમ નથી. કેમ કે કાર્યરૂપે ઉપાદાન દ્રવ્ય પરિણમે છે, નિમિત્તનો કોઈ અંશ પણ ઉપાદાનના કાર્યરૂપે પરિણમતો નથી. વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી. ઉપાદાન વસ્તુ પોતે પોતાની શક્તિથી કાર્યરૂપે પરિણમિત હોવાથી કોઈ પર પરિણમાવનારની અપેક્ષા તેને નથી. એટલે ઉપાદાન પોતે પોતામાં સ્વતંત્રપણે સો એ સો ટકા કાર્ય કરે છે, નિમિત્ત નિમિત્તમાં સો એ સો ટકા કાર્ય કરે છે, પરંતુ ઉપાદાનમાં નિમિત્ત એકે ટકો કાર્ય કરી શકતું નથી. બંને વસ્તુઓ સંપૂર્ણ સ્વાધીન છે.

**પ્રશ્ન** :- દ્રવ્ય જ ઉપાદાનકારણ હોઈ શકે, પર્યાય નહિ એ માન્યતા બરાબર છે?

**ઉત્તર** :- પર્યાય ઉપાદાનકારણ ન હોય પણ દ્રવ્ય જ ઉપાદાનકારણ હોઈ શકે-એ માન્યતા બરાબર નથી. દ્રવ્યાર્થિકનયથી-ઉપાદાનકારણ દ્રવ્ય છે એ વાત બરાબર છે, કેમકે દરેક પર્યાય દ્રવ્ય અને ગુણનું જ પરિણમન છે. તે એટલું બતાવે છે કે આ પર્યાય આ દ્રવ્યનો છે.

**દૃષ્ટાંત** :- માટીમાં ઘડો થવાની સદા લાયકાત છે એમ બતાવવુ તે દ્રવ્યાર્થિકનયે છે, એટલે કે માટીનો ઘડો માટીમાંથી જ થઈ શકે, બીજા દ્રવ્યમાંથી ન થઈ શકે. પણ પર્યાયાર્થિકનયે એટલે કે જયારે પર્યાયની યોગ્યતા બતાવવી હોય ત્યારે દરેક સમયની પર્યાયની યોગ્યતા તે ઉપાદાનકારણ છે અને તે પર્યાય પોતે કારણ છે. સૂક્ષ્મતાથી વિચાર કરવામાં આવે તો કારણ-કાર્ય એક જ સમયે હોય છે. દરેક સમયે દરેક દ્રવ્યમાં એક ગુણની એક જ પર્યાય થવાની લાયકાત હોય છે, પણ તેની પહેલાંના સમયની કે પછીની પર્યાયમાં તે લાયકાત હોતી નથી. આ કથન પર્યાયાર્થિકનયે સમજવું.

જયસેનાચાર્યે પ્રવચનસાર ગાથા ૮ની સંસ્કૃત ટીકામાં કહ્યું છે કે 'વળી તે ઉપાદાનકારણ પણ શુદ્ધ અને અશુદ્ધ એવા બે પ્રકારના છે. રાગાદિ વિકલ્પ રહિત સ્વસંવેદનજ્ઞાન અથવા આગમ ભાષામાં શુકલધ્યાન તે કેવળજ્ઞાન ઉત્પત્તિનું શુદ્ધ ઉપાદાનકારણ છે અને રાગાદિરૂપે પરિણમતો અશુદ્ધ આત્મા અશુદ્ધ નિશ્ચયથી અશુદ્ધ ઉપાદાનકારણ છે. અહિં શુદ્ધ પર્યાયને અને અશુદ્ધ પર્યાયને બંનેને ઉપાદાનકારણ કહ્યાં છે.

અહિં શિષ્ય પ્રશ્ન કરે છે કે હે ભગવાન ! જીવને રાગાદિનો કર્તા અશુદ્ધ ઉપાદાનરૂપે કહ્યો તો ઉપાદાન શુદ્ધ અને અશુદ્ધ એવા ભેદથી બે પ્રકારનું કઈ રીતે છે ?

શ્રી ગુરુ તેનું સમાધાન કરે છે કે-તપેલા લોઢાના ગોળાની જેમ જે ઔપાધિક ઉપાદાન છે તે અશુદ્ધ ઉપાદાન છે અને જેમ સોનામાં પીળાશ વગેરે ગુણો છે, જેમ સિદ્ધ જીવમાં અનંતજ્ઞાન વગેરે ગુણો છે તથા જેમ અગ્નિમાં ઉષ્ણતા વગેરે ગુણો છે તેમ જે નિરૂપાધિભાવરૂપ

ઉપાદાન છે તે શુદ્ધ ઉપાદાન છે. ઉપાદાનકારણની વ્યાખ્યા વખતે શુદ્ધ અને અશુદ્ધ ઉપાદાનરૂપે આ વ્યાખ્યાન બધી જગ્યાએ યાદ કરવું. આ ભાવાર્થ છે.

અહિં આચાર્યદેવે શુદ્ધ અને અશુદ્ધ પર્યાયને ઉપાદાનકારણ કહ્યું છે અને સર્વ જગ્યાએ એમ સમજવાની ભલામણ પણ કરી છે.

**જિનશાસન નિમિત્તની ઉપેક્ષા કરવાનું કહે છે :-**

નિમિત્તની ઉપેક્ષા ન કરવી એટલે કે પરદ્રવ્ય સાથેનો સંબંધ ન તોડવો એ વાત જૈનશાસનથી વિરુદ્ધ છે. જૈનશાસનનું પ્રયોજન પર સાથે સંબંધ કરાવવાનું નથી પણ પર સાથેનો સંબંધ છોડાવીને વીતરાગભાવ કરાવવાનું છે. બધા સત્‌શાસ્ત્રોનું તાત્પર્ય વીતરાગભાવ છે અને તે વીતરાગભાવ સ્વભાવના લક્ષે બધા પરપદાર્થોથી ઉદાસીનતા કરવાથી જ થાય છે. કોઈ પણ પર લક્ષમાં અટકવું તે શાસ્ત્રનું પ્રયોજન નથી, કેમકે પરના લક્ષે રાગ થાય છે. નિમિત્ત પણ પરદ્રવ્ય જ છે; તેથી નિમિત્તની અપેક્ષા છોડીને અર્થાત્ તેની ઉપેક્ષા કરીને પોતાના સ્વભાવની અપેક્ષા કરવી એ જ પ્રયોજન છે. 'નિમિત્તનું લક્ષ છોડવા જેવું નથી' એવો અભિપ્રાય તે તો મિથ્યાત્ત્વ છે, અને તે મિથ્યાઅભિપ્રાય છોડયા પછી પણ અસ્થિરતાને કારણે નિમિત્ત પર લક્ષ જાય તે રાગનું કારણ છે. માટે પોતાના સ્વભાવના આશ્રયે નિમિત્ત વગેરે પરદ્રવ્યોની ઉપેક્ષા કરવી તે યથાર્થ છે.

ઉપાદાન-નિમિત્ત સંબંધી આ વાત ખાસ પ્રયોજન ભૂત છે, આ સમજયા વગર કદી પણ જીવને બે દ્રવ્યોમાં એકતાની બુદ્ધિ ટળે નહિ ને સ્વભાવની શ્રદ્ધા થાય નહિ. સ્વભાવની શ્રદ્ધા થયા વગર સ્વભાવમાં અભેદતા થાય નહિ, એટલે કે જીવનું કલ્યાણ થાય નહિ. આવો વસ્તુસ્વભાવ કેવળી ભગવાને જોયો છે અને સંત મુનિઓએ કહ્યો છે. જીવને કલ્યાણ કરવું હોય તો આ સમજવું પડશે. વસ્તુસ્વરૂપના ત્રણ મહાન સિદ્ધાંત હંમેશાં લક્ષમાં રાખવા. (૧) દરેક દ્રવ્યની સ્વતંત્રતા (૨) દરેક દ્રવ્યનું ક્રમબદ્ધ પરિણમન અને (૩) ઉપાદાન-નિમિત્તની સ્વતંત્રતા.

**સમ્યક્‌નિયતવાદ શું છે ?**

વસ્તુની પર્યાય ક્રમબદ્ધ જે સમયે જે થવાની હોય તે જ થાય એવો સમ્યક્‌નિયતવાદ તે જૈનદર્શનનો વાસ્તવિક સ્વભાવ છે એ જ વસ્તુસ્વભાવ છે. 'નિયત' શબ્દ શાસ્ત્રોમાં ઘણે ઠેકાણે આવે છે. પણ અત્યારે તો શાસ્ત્રો ભણેલા પણ આ સમ્યક્ નિયતવાદની વાત સાંભળીને ગોથાં ખાય છે આનો નિર્ણય કરવો કઠણ પડે છે તેથી કોઈ 'એકાંતવાદ' કહીને ઉડાડે છે. નિયત એટલે નિશ્ચત-નિયમબદ્ધ, તે એકાંતવાદ નથી પણ વસ્તુનો યથાર્થ સ્વભાવ છે, તે જ અનેકાંતવાદ છે. સમયક્ નિયતવાદનો નિર્ણય કરતી વખતે બહારમાં રાજપાટનો સંયોગ હોય તે છૂટી જવો જોઈએ-એવો નિયમ નથી, પણ તેના પ્રત્યે યથાર્થ

ઉદાસ ભાવ તો અવશ્ય થઈ જાય છે. બહારના સંયોગમાં તો ફેર પડે કે ન પડે, પણ અંતરના નિર્ણયમાં ફેર પડી જાય. અજ્ઞાની જીવ નિયતવાદની વાતો કરે છે પણ જ્ઞાન અને પુરુષાર્થને સ્વભાવ તરફ વાળીને નિર્ણય કરતો નથી. નિયતવાદનો નિર્ણય કરવામાં જે જ્ઞાન અને પુરુષાર્થ આવે છે તેને જો જીવ ઓળખે તો સ્વભાવ આશ્રિત.વીતરાગભાવ પ્રગટે, ને પરથી ઉદાસ થઈ જાય, કેમકે સમ્યક્નિયતવાદનો નિર્ણય કર્યો એટલે પોતે બધાનો માત્ર જ્ઞાનભાવે જાણનાર-દેખનાર રહ્યો, પણ પરનો કે રાગનો કર્તા ન થયો.

ઉપાદાન-નિમિત્તનો યથાર્થ નિર્ણય કરે તો તેમાં સમ્યક્નિયતવાદનો પણ યથાર્થ નિર્ણય આવી જાય છે, કર્તૃત્ત્વભાવ ઊડી જાય છે અને વીતરાગી દષ્ટિપૂર્વક વીતરાગી સ્થિરતાની શરૂઆત થઈ જાય છે. સમ્યક્નિયતવાદ તે જ અનેકાંતવાદ છે ને તેના નિર્ણયમાં જૈનદર્શનનો સાર આવી જાય છે, ને તે કેવળજ્ઞાનનું કારણ છે.

**ઉપદેશમાં નિમિત્તનું જ્ઞાન**

ક્યાં ચૈતન્ય ભગવાન આત્માનો સ્વભાવ ! અને ક્યાં જડ કર્મનો સ્વભાવ આત્માના સ્વભાવના સામર્થ્યનું જ્ઞાન ન કરે અને માત્ર જડ કર્મને માને તો બંધનો નાશ કોના જોરે કરશે ? જેને કર્મ પ્રકૃત્તિનું લક્ષ છે તેને સ્વભાવની પ્રતીત નથી, જ્યાં અંદરના સ્વભાવની પ્રતીત થઈ અને નિમિત્તનો નકાર થયો (અવલંબન છૂટયું) ત્યાં ભવનો અભાવ જ છે, પણ માત્ર નિમિત્તનું લક્ષ કરે અને ઉપાદાનને ન જાણે તો મુક્તિ થાય નહિં અને જો ઉપાદાનનું લક્ષ કરે તો ચૈતન્યના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા તેનું જ જ્ઞાન અને તેમાં સ્થિરતા કરવાથી બંધનો નાશ અવશ્ય થાય છે. માત્ર બંધને જાણવાથી કે તેનો વિચાર કર્યા કરવાથી બંધન કપાતું નથી.

બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર બંધનથી છૂટવાનું કારણ નથી, પણ બંધનમુક્ત થવાના પૂર્ણ સામર્થ્યની દૃષ્ટિના જોરે પુરુષાર્થ તે જ બંધનથી મુક્તિનું કારણ છે.

તને જે નિમિત્તનું જ્ઞાન બતાવ્યું તે નિમિત્ત (કર્મ)નું તારા ઉપર જોર બતાવવા કહ્યું નથી, પણ તે નિમિત્ત આધીન થતો વિકાર તારું સ્વરૂપ નથી એમ કહીને તારો પુરુષાર્થ ઉપાડવા તને કહ્યું હતું, ત્યાં નિમિત્તને વળગી બેઠો ? માટે તે નિમિત્ત કર્મની દૃષ્ટિ છોડ ! અને સ્વભાવ તરફ દૃષ્ટિ કર ! ભગવાનનો ઉપદેશ ધર્મની વૃદ્ધિ માટે છે તેમ ન લેતાં ઊંધું માને તો તેને વીતરાગી વાણીના નિમિત્તનું પણ ભાન નથી. 'સવી જીવ કરું શાસન રસી' એવા શુભભાવે બંધાયેલ તીર્થંકર નામ કર્મનો ઉદય થતાં વીતરાગની ધ્વનિ નીકળે છે તે સ્વભાવ-ધર્મની વૃદ્ધિ માટે છે; તે ધ્વનિ કહે છે કે 'જાગ ! જાગ ! તારી મુક્તિ અલ્પકાળમાં જ છે, તારો સ્વભાવ પરિપૂર્ણ પુરુષાર્થથી ભરેલો છે' આ રીતે ઉપાદાન નિમિત્તની સંધિ તૂટતી નથી તે માટે ઉપદેશ છે.

# ૧૯ પાંચ સમવાયની નયથી સમજણ

પાંચ સમવાયના બોલ (૧) સ્વભાવ (૨) નિયતિ (૩) કાળ (૪) પુરુષાર્થ (૫) નિમિત્ત.

## ૧ સ્વભાવનયે આત્માનું વર્ણન

(૧) આત્મદ્રવ્ય સ્વભાવનયે સંસ્કારને નિરર્થક કરનારું છે; જેમ તીક્ષ્ણ કાંટો સ્વભાવથી જ અણીવાળો છે, તેને કોઈથી અણી કાઢવામાં આવતી નથી, તેમ આત્માનો જે એકરૂપ-ધ્રુવસ્વભાવ-વીતરાગભાવરૂપ-પરમપારિણામિક ભાવ-ચૈતન્યસ્વભાવ અનાદિ અનંત ટંકોત્કીર્ણ જ્ઞાનમૂર્તિ-જ્ઞાયકભાવ-શુદ્ધસ્વભાવ તેમાં સંસ્કાર નિરુપયોગી છે. સ્વભાવમાં સંસ્કાર કામ નથી કરતા.

(૨) એવા શુદ્ધ દ્રવ્ય સ્વભાવનો અવલંબન કરતાં જ પર્યાયમાંથી અશુદ્ધતાના સંસ્કાર ટળીને શુદ્ધતાના સંસ્કાર પ્રગટે છે.

(૩) આત્માનો સ્વભાવ એવો છે કે પર્યાયના વિકારને સ્વભાવમાં પ્રવેશવા દેતો નથી. આત્માનો સ્વભાવ સંસ્કારને નિરર્થક કરી નાખે છે.

(૪) જ્યાં પર્યાયે અંદર સ્વભાવમાં જોયું ત્યાં પૂર્વના સંસ્કારને નિરર્થક જાણ્યા ને વિકાર સાથેની એકતાબુદ્ધિ છૂટી ગઈ.

(૫) જેમાંથી પરમાત્મા દશા પ્રગટે એવો સ્વભાવ આત્મામાં ત્રિકાળ છે.

## ૨ અસ્વભાવનયે આત્માનું વર્ણન

(૧) આત્મદ્રવ્ય અસ્વભાવનયે સંસ્કારને સાર્થક કરનારું છે. જેમ તીરને સ્વભાવથી અણી હોતી નથી પણ સંસ્કાર કરીને લુહાર વડે અણી કાઢવામાં આવી છે, એટલે તેની પર્યાયમાં નવા સંસ્કાર પડે છે.

(૨) પરનાં સંસ્કાર તારામાં નથી, 'હું રાગી, હું જડનો કર્તા' એવા જે કુસંસ્કાર છે તે કાઢી નાખ અને 'હું તો રાગરહિત ચિદાનંદ સ્વભાવ છું' એમ અંતર સન્મુખ થઈને તારી પર્યાયમાં સ્વભાવના સંસ્કાર પાડ.

(૩) સ્વસામર્થ્યની રૂચી, પ્રતીત કરીને પોતાની પર્યાયમાં સવળા સંસ્કાર પાડી શકે છે. માટે અવસ્થામાં આત્મા સંસ્કારને સાર્થક કરનારો છે.

(૪) પોતાની સમય સમયની પર્યાયનું ઘડતર કરવામાં આત્મા સ્વતંત્ર છે.

(૫) સમ્યક્ પુરુષાર્થ કરીને પર્યાયમાં શુદ્ધસ્વભાવના સંસ્કાર પાડતાં અનાદિના ઊંધા સંસ્કાર ટળે છે ને અલ્પકાળમાં જ મુક્તિ થાય છે.

## (૩) નિયતનયે આત્માનું વર્ણન

(૧) આત્મદ્રવ્ય નિયતનયે નિયતસ્વભાવે ભાસે છે, જેમ ઉષ્ણતા તે અગ્નિનો નિયત સ્વભાવ છે એ રીતે આત્માના ત્રિકાળ એકરૂપ સ્વભાવને અહીં નિયતસ્વભાવ કહ્યો છે.

(૨) જેવો શુદ્ધ ચૈતન્યજ્ઞાનાનંદ સ્વભાવ છે તેવા જ નિયતસ્વભાવે આત્મા સદાય ભાસે છે. દ્રવ્યના ત્રિકાળી સ્વભાવને જ નિયત કહેલ છે.

(૩) નિમિત્તની અપેક્ષા વગરનો આત્માનો જે ત્રિકાળ એકરૂપ રહેનાર સ્વાભાવિક ધર્મ છે તેનું નામ નિયત સ્વભાવ છે અને તે નિયતનયનો વિષય છે.

(૪) જો કે પર્યાયમાં પણ નિયતપણું એટલે ક્રમબદ્ધપણુ છે... જે સમયે જે પર્યાય થવાની નિયત છે તે જ થાય, આવો પર્યાયનો નિયત સ્વભાવ છે, પરંતુ અત્યારે અહીં તેની વાત નથી.

(૫) પરમપારિણામિક સ્વભાવ-સહજ-નિરપેક્ષ શુદ્ધસ્વભાવ જ નિયત છે. આવા સ્વભાવને જાણનાર જીવને સ્વભાવનો મહિમા હોવાથી પર્યાયબુદ્ધિ થતી નથી. ભેદજ્ઞાન થાય છે.

## (૪) અનિયતનયે આત્માનું વર્ણન

હવે પર્યાયની વાત કરે છે.

(૧) આત્મદ્રવ્ય અનિયતનયે અનિયતસ્વભાવે ભાસે છે, જેમ પાણીમાં ઉષ્ણતા નિયમિત નથી, પણ અગ્નિના નિમિત્તે ક્યારેક તેમાં ઉષ્ણતા થાય છે તેમ અનિયતનયથી આત્મા રાગાદિ અનિયતસ્વભાવે પણ જણાય છે.

(૨) આત્માની અવસ્થામાં રાગાદિ વિકારીભાવો થાય છે તે કાયમ રહેનાર નથી પણ ક્ષણિક છે માટે તે અનિયત છે. આ પણ આત્માનો એક ધર્મ છે.

(૩) રાગાદિને અનિયત કહ્યા તેથી કાંઈ પર્યાયનો ક્રમ તૂટી જાય છે-એમ નથી. પર્યાયના ક્રમની અપેક્ષાએ તો રાગાદિ પણ નિયત ક્રમમાં જ છે. પરંતુ રાગાદિ અશુદ્ધભાવ છે તે આત્માનો કાયમી સ્વભાવ નથી, માટે તેને અનિયત કહ્યો છે.

(૪) પર્યાયમાં વિકાર છે તે પોતાના કારણે છે-પણ ક્ષણિક અશુદ્ધ સ્વભાવ છે તે કાંઈ કર્મને વશ નથી; આત્માનો આ ધર્મ કાંઈ જડ કર્મને લીધે નથી. પોતાની લાયકાતથી છે.

(૫) નિયત સ્વભાવની દૃષ્ટિ કરતાં અનિયત એવો વિકારભાવ ટળી જાય છે. વિકાર પોતાનો ધર્મ હોવા છતાં અનિયત છે. કાયમ એકરૂપ રહેનારો ભાવ નથી, દ્રવ્ય અને પર્યાય બંને થઈને પ્રમાણ થાય છે.

## (૫) કાળનયે આત્માનું વર્ણન

(૧) આત્મદ્રવ્ય કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે એવું છે. ઉનાળાના દિવસ અનુસાર પાકતા આમ્રફળની માફક.

(૨) આત્માની મુક્તિ જે સમયે થવાની છે તે સમયે જ થાય-એવો કાળનયથી આત્માનો એક ધર્મ છે.

(૩) જે કાળે મુક્તિ થાય છે તે કાળે પણ તે પુરુષાર્થપૂર્વક જ થાય છે.

(૪) 'જેની સિદ્ધિ સમય પર આધાર રાખે' એવો ધર્મ દ્રવ્યનો છે. દ્રવ્યની સામે જોયું તે જ અપૂર્વ પુરુષાર્થ છે.

(૫) દ્રવ્યની સામે જોનારે નિમિત્ત, વિકાર કે પર્યાય ઉપરથી દૃષ્ટિ ઊઠાવી લીધી છે તેમજ એકેક ગુણના ભેદ ઉપર પણ તેની દૃષ્ટિ નથી; આવી જ દ્રવ્યદૃષ્ટિમાં ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય, સ્વકાળનો નિર્ણય, ભેદજ્ઞાન, મોક્ષમાર્ગનો પુરુષાર્થ, કેવળીનો નિર્ણય વગેરે બધું આવી જાય છે.

કાળનયનું પરમાર્થ તાત્પર્ય પણ એ જ છે કે સ્વદ્રવ્યની દૃષ્ટિ કરવી.

## (૬) અકાળનયે આત્માનું વર્ણન

(૧) આત્મદ્રવ્ય અકાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી. એવું છે-કૃત્રિમ ગરમીથી પકવવામાં આવતા આમ્રફળની માફક.

(૨) જેને સ્વભાવદૃષ્ટિ છે તે જીવ અલ્પકાળમાં મુક્તિ પામે છે.

(૩) અલ્પ સમયમાં ઉગ્ર પુરુષાર્થ કરીને જીવ મુક્તિ પામે ત્યાં એમ કહેવાય છે કે આ જીવ પુરુષાર્થથી શીઘ્ર મુક્તિ પામ્યો, તે અકાળનયનું કથન છે. એવો એક ધર્મ આત્મામાં છે. મુક્તિ તો એના સમયે જ થઈ છે.

(૪) અકાળનયથી પર્યાયનો ક્રમ ફરી જાય છે એમ નથી. અનંતકાળના કર્મો અલ્પકાળમાં તોડી નાખ્યાં-એમ અકાળનયથી કહેવાય છે.

(૫) આ જીવ તેના સ્વકાળ અનુસાર મુક્તિ પામ્યો એમ કહેવું તે કાળનયનું કથન છે. આ જીવ ઉગ્ર પુરુષાર્થ વડે શીઘ્ર મુક્તિ પામ્યો એમ કહેવું તે અકાળનયનું કથન છે, પુરુષાર્થ વખતે તેનો સ્વકાળ પણ તેવો જ છે. સ્વકાળ વખતે પણ પુરુષાર્થ તો ભેગો જ છે.

## (૭) પુરુષકારનયે આત્માનું વર્ણન

(૧) આત્મદ્રવ્ય પુરુષકારનયે જેની સિદ્ધિ યત્નસાધ્ય એવું છે,-જેને પુરુષકારથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે એવા પુરુષવાદીની માફક.

(૨) આત્મામાં એક એવો સ્વભાવ છે કે તેની સિદ્ધિ યત્નસાધ્ય છે.

(૩) જેમ કોઈ માણસ લીંબુ વાવે ને તેને લીંબુનું ઝાડ ઊગે, તેમ ચૈતન્યસ્વભાવની સન્મુખ થઈને તેની રુચિ, પ્રતીતિ, લક્ષ અને એકાગ્રતાના પ્રયત્ન વડે આત્માની સિદ્ધિ પ્રાપ્ત થાય છે, આવું જાણનાર પુરુષકારનય છે.

(૪) કયો પુરુષાર્થ ? નિમિત્ત તરફનો કે રાગ તરફનો પુરુષાર્થ, તે કાંઈ મુક્તિનું કારણ નથી પણ આત્મા તરફ વળીને સ્વભાવનો પુરુષાર્થ તે મુક્તિનું કારણ છે. યત્નસાધ્ય થાય એવો ધર્મ આત્માનો છે.

(૫) પુરુષાર્થ ધર્મને ઉડાડીને એકલી નિયતિને માને તે મિથ્યાદૃષ્ટિ છે, તેણે ખરેખર આત્માને માન્યો નથી તેમજ પુરુષાર્થ વખતે બીજા પણ અનંત ધર્મો ભેગા જ છે, એટલે પુરુષાર્થ ધર્મ સામે જોવાનું નથી પણ અખંડ આત્મદ્રવ્યની સામે જોવાનું છે, કેમ કે પુરુષાર્થ ધર્મ આત્માનો છે.

## (૮) દૈવનયે આત્માનું વર્ણન

(૧) આત્મદ્રવ્ય દૈવનયે જેની સિદ્ધિ અયત્નસાધ્ય છે એવું છે,-'પુરુષકારવાદીએ દીધેલા લીંબુના ઝાડની અંદરથી જેને (યત્નવિના, દૈવથી) માણેક પ્રાપ્ત થાય છે એવા દૈવવાદીની માફક.'

(૨) જે જીવ સ્વભાવ તરફના પ્રયત્નથી મોક્ષમાર્ગને સાધે છે તે જીવને કર્મો સ્વયંમેવ ટળતા જાય છે, કર્મો ટાળવા તરફનો તેનો પુરુષાર્થ નથી માટે તેને દૈવ કહ્યું છે. દૈવનયથી આત્માના યત્ન વિના કર્મો ટળ્યા અને મુક્તિ થઈ એમ કહેવાય, તેમાં પણ સ્વભાવ તરફનો પુરુષાર્થ તો છે જ.

(૩) યત્નસાધ્ય તે સ્વઅપેક્ષાએ ને અયત્નસાધ્ય તે પર અપેક્ષાએ; પોતામાં પુરુષાર્થ છે ને પરને માટે પુરુષાર્થ નથી. સ્વના પુરુષાર્થની સાથે કર્મના અભાવરૂપ દૈવ પણ છે. આ દૈવનયવાળાને પણ આત્મસન્મુખતા જ છે.

(૪) પુરુષાર્થની વિવક્ષા ગૌણ કરીને દૈવનયમાં કર્મની વિવક્ષાથી કથન કર્યું છે.

(૫) શ્રદ્ધા-જ્ઞાનનું જોર તે અખંડ સ્વભાવ તરફ વાળીને તેમાં એકાગ્ર થવું તે આત્મ પ્રાપ્તિનો ઉપાય છે.

## (૯) ઈશ્વરનયે આત્માનું વર્ણન

(૧) આત્મદ્રવ્ય ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે, 'ધાવની દુકાને ધવડાવવામાં આવતાં મુસાફરના બાળકની માફક.'

(૨) સાધકની પર્યાયમાં જ પરતંત્ર થવાનો તેવો ધર્મ છે. અસ્થિરતાને લીધે કર્મના ઉદયમાં જોડાતા વિકાર થાય, ત્યાં ધર્મીને પોતાના ચૈતન્યની ઈશ્વરતાનું ભાન છે પણ વિકાર થયો તેમાં કર્મને ઈશ્વરતા આપીને કહે છે કે કર્મને આધીન વિકાર થાય છે-આમ જાણવું એ ઈશ્વરનય છે.

(૩) પર્યાયના વિકારને આત્મા પોતે પરાધીન થઈને કરે છે-એમ જ્ઞાન કરાવ્યું છે. પોતે પરતંત્ર થઈને પર્યાયમાં વિકાર કરે એવો તેનો ધર્મ છે.

(૪) સાધકદશામાં-બાધકભાવ પણ સાથે વર્તે છે અને તે બાધકભાવ પરાશ્રયે થાય છે તેથી તેટલી આત્માની પરતંત્રતા છે- એમ ધર્મી જાણે છે.

(૫) જ્યારે પોતાંની પર્યાયની પરાધીનતા જાણે ત્યારે તેને ઈશ્વરનય હોય છે. તે વખતે સાધકની દૃષ્ટિ તો શુદ્ધ સ્વભાવ ઉપર જ પડી છે.

સ્વભાવની સ્વતંત્રતા અને પર્યાયની અમુક પરતંત્રતા બંનેનું જ્ઞાન...

## (૧૦) અનીશ્વરનયે આત્માનું વર્ણન

(૧) 'આત્મદ્રવ્ય અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છે-હરણને સ્વચ્છંદે સ્વતંત્રપણે ફાડી ખાનાર સિંહની માફક.'

(૨) હે જીવ ! તારો આત્મા સિંહ જેવો સ્વતંત્ર છે. 'અનીશ્વર' એટલે જેના માથે બીજો કોઈ ઇશ્વર નથી એવો સ્વતંત્ર આત્મા છે.

(૩) આત્મા પોતે અનંત શક્તિનો પ્રભુ છે, તે પોતાની પ્રભુતા સિવાય બીજા કોઈને પ્રભુતા આપે તેવો નથી. આત્માની સ્વતંત્રતાનો પ્રતાપ અખંડીત છે. નિમિત્તની હાજરી છે પણ નિમિત્ત કાંઈ કરતું નથી.

૪) વ્યવહારના આશ્રયથી કાંઈક લાભ થાય એવી પરાશ્રય બુદ્ધિ છૂટી જાય તેનું જ્ઞાન કરાવ્યું છે. તું પોતે જ પોતાનો પ્રભુ છો.

(૫) તારા આત્મામાં કર્મની ઈશ્વરતા તો નથી અને તીર્થંકર પ્રભુની પ્રભુતા પણ ખરેખર તારા આત્મામાં નથી. તેમની પ્રભુતા તેમનામાં, તારી પ્રભુતા તારામાં.

પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાયરૂપ જે શુદ્ધકાર્ય તેના કારણરૂપ પોતે જ કારણ પરમાત્મા છે. બીજું કોઈ તેનું કારણ નથી.

## (૧૧) દ્રવ્યનયે આત્માનું વર્ણન

(૧) અનંત ધર્માત્મક આત્મદ્રવ્ય દ્રવ્યનયે, પટમાત્રની માફક ચિન્માત્ર છે.

(૨) અનંત ધર્માત્મક આખું આત્મદ્રવ્ય છે તે પ્રમાણનો વિષય છે અને નયથી જોતાં તે જ આત્મદ્રવ્ય એક ધર્માત્મક દેખાય છે. નય એટલે જ્ઞાનનું પડખું. વસ્તુના સામાન્ય પડખાને જાણનારું જ્ઞાન તે દ્રવ્યનય છે.

(૩) આત્મદ્રવ્યમાં અનંત ગુણ-પર્યાયના ભેદોને ગૌણ કરીને આત્મા ચિન્માત્ર દ્રવ્ય છે એમ સામાન્યપણે લક્ષમાં લેવું તેનું નામ દ્રવ્યનય છે. દ્રવ્યનયથી જોતા આત્મા ચૈતન્યમાત્ર છે.

(૪) આત્મામાં ગુણ-પર્યાયના ભેદ પાડ્યા વગર સામાન્યપણે જોતાં તે ચૈતન્યમાત્ર દ્રવ્ય છે; દ્રવ્યનયથી આવો આત્મા પ્રમેય થાય છે. આ પ્રમાણે આત્માના ધર્મને જાણીને શ્રુતજ્ઞાનને પ્રમાણ કરી સ્વાનુભવ કરે તો જ અનંત ધર્માત્મક આત્મા જેવો છે તેવો પ્રમેય થાય છે.

(૫) આ નયોમાં વિકલ્પ કે રાગની મુખ્યતા નથી પણ વસ્તુ સ્વરૂપના જ્ઞાનની મુખ્યતા છે. તત્ત્વના અન્વેષણ કાળે એટલે કે વસ્તુ સ્વરૂપનો નિર્ણય કરવા માટે આ નયો કાર્યકારી છે. આ નયોથી વસ્તુનો નિર્ણય કરવો તે જ્ઞાનની નિર્મળતાનું કારણ છે.

(૬) આત્મામાં અનંત ધર્મો છે, આત્મા અનંત ધર્મોવાળું એક સ્વતંત્ર દ્રવ્ય છે, તેને જાણનારૂં શ્રુતજ્ઞાન અનંતનયોના સમુહરૂપ છે; એવા શ્રુતજ્ઞાન પ્રમાણથી સ્વાનુભવ વડે આત્મા જણાય છે.

(૭) અધ્યાત્મ દૃષ્ટિના નયોમાં તો નિશ્ચય અને વ્યવહાર (અથવા દ્રવ્યાર્થિક અને પર્યાયથિક) એવા બે જ ભાગ પડે છે ને અહીં તો અનંત નય લેવા છે. અહીં જેને દ્રવ્યનય કહ્યો છે તે અધ્યાત્મ દ્રષ્ટિના કથનમાં તો પર્યાયાર્થિક નયમાં અથવા વ્યવહારનયમાં જાય છે.

(૮) ગમે તે નયથી વર્ણન કર્યુ હોય પણ પોતાના આત્માને શુદ્ધ ચૈતન્યમાત્ર દેખવો તે જ બધા નયોનું પ્રયોજન છે; કોઈપણ એક સમ્યક્‌નયથી જોનાર પોતાના શુદ્ધ ચૈતન્યમાત્ર આત્માને દેખે છે.

## (૧૨) પર્યાયનયે આત્માનું વર્ણન

(૧) અનંત ધર્માત્મક આત્મદ્રવ્ય છે તે પર્યાયનયે, તંતુમાત્રની માફક, દર્શનજ્ઞાનાદિમાત્ર છે. જેમ વસ્ત્ર તંતુમાત્ર છે તેમ આત્મા પર્યાયનયે દર્શન-જ્ઞાન-ચારિત્રાદિમાત્ર છે.

(૨) પર્યાયનય શ્રુતજ્ઞાનનો પ્રકાર છે. તે પર્યાયનયથી જોતાં આત્મદ્રવ્ય દર્શન-જ્ઞાન-ચારિત્રાદિમાત્ર જણાય છે. દ્રવ્યનયથી અભેદ એકરૂપ ચૈતન્ય સ્વભાવ માત્ર જણાય

છે ને પર્યાયનયથી તે આત્મા જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે ગુણ-પર્યાયના ભેદવાળો પણ જણાય છે, એવો આત્માનો સ્વભાવ છે. વસ્તુ એક છે પણ તેમાં પડખાં અનેક છે.

(૩) ચીજને જેમ છે તેમ બધા પડખાથી જાણીને નક્કી કરે ત્યાર પછી જ જ્ઞાન તેમાં ઠરે ને? વસ્તુના સ્વરૂપને જાણ્યા વિના શેમાં એકાગ્ર થઈને ધ્યાન કરે ? આત્માનું ધ્યાન કરવા માટે પહેલાં તેનું બરાબર જ્ઞાન કરવું જોઈએ. આત્મા જેવો છે તેવો લક્ષમાં લીધા વિના ધ્યાન કોનું કરશે ? વસ્તુને યથાર્થ જ્ઞાનથી જાણ્યા પછી તે વસ્તુમાં જ્ઞાનની એકાગ્રતા થાય તેનું નામ ધ્યાન છે. જેને વસ્તુનું સાચું જ્ઞાન જ નથી તેને તો જ્ઞાનની એકાગ્રતારૂપ ધ્યાન પણ હોતું નથી.

(૪) દ્રવ્યનયે નિગોદ થી સિદ્ધ સુધી સદાય આત્મા એકરૂપ છે, પણ પર્યાયનયે તે ભેદરૂપ છે, સંસાર-મોક્ષ એવી પર્યાયરૂપે આત્મા પોતે પરિણમે છે, પર્યાયધર્મ પોતાનો છે. પોતાની અનાદિ અનંત પર્યાયો પોતાથી જ થાય છે એમ જો પોતાના પર્યાય ધર્મને ન જાણે તો જ્ઞાન પ્રમાણ થાય નહિ. સ્વભાવ તરફ ઢળતું જ્ઞાન પ્રમાણપૂર્વક જ ઢળે છે; વસ્તુસ્થિતિ જાણીને જ્ઞાન પ્રમાણ થયા વગર તે વસ્તુ સ્વભાવમાં ઢળે જ નહિ એટલે તેને આત્માનો સ્વાનુભવ થાય જ નહિ.

(૫) તત્ત્વનો નિર્ણય કરીને અભેદ ચૈતન્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે. જ્યાં અભેદ સ્વભાવના અનુભવમાં વળ્યો ત્યાં આવા ધર્મના ભેદના વિચાર રહેતા નથી.

## (૧૩) વ્યવહારનયે આત્માનું વર્ણન

(૧) વ્યવહારથી જોતાં આત્મદ્રવ્ય બંધ અને મોક્ષને વિષે દ્વૈતને અનુસરનારું છે.

(૨) વ્યવહારનયથી આત્માના બંધને વિષે કર્મ સાથેના સંયોગની અપેક્ષા આવતી હોવાથી દ્વૈત છે અને આત્માના મોક્ષને વિષે કર્મના વિયોગની અપેક્ષા હોવાથી ત્યાં પણ દ્વૈત છે.

(૩) જુઓ, કર્મથી નિરપેક્ષ એકલા પરમ ચૈતન્ય સ્વભાવને જ લક્ષમાં લઈને જુઓ તો ભગવાન આત્મા ત્રિકાળ એકરૂપ, બંધ-મોક્ષરહિત છે. પરંતુ પર્યાયમાં બંધ તેમજ મોક્ષ છે અને તેમાં બંધમાં કર્મના સદ્ભાવનું નિમિત્ત છે, ને મોક્ષમાં કર્મના અભાવનું નિમિત્ત છે.

(૪) આ રીતે વ્યવહારથી બંધ અને મોક્ષ બંનેમાં આત્માને પુદગલકર્મની અપેક્ષા આવે છે તેથી તે દ્વૈતને અનુસરનારો છે-એમ કહ્યું છે. પરંતુ તે દ્વૈતને અનુસરવાનો ધર્મ આત્માનો પોતાનો છે.

(૫) પોતાની પર્યાયમાં બંધની લાયકાત વખતે આત્મા પોતે કર્મના સદ્ભાવને અનુસરે છે અને પોતાની પર્યાયમાં મોક્ષની લાયકાત વખતે આત્મા કર્મના અભાવને અનુસરે છે.

(૬) બંધ-મોક્ષમાં દ્વૈતને અનુસરે છે તે મારી પર્યાયનો ધર્મ છે. એટલે બંધ-મોક્ષમાં કર્મના નિમિત્તની અપેક્ષા આવતી હોવા છતાં તે બંધ અને મોક્ષ બંનેમાં મારા આત્માની સ્વતંત્રતા છે-એમ ધર્મી જાણે છે.

(૭) અહીં આત્માની બંધ-મોક્ષ પર્યાયમાં કર્મની અપેક્ષા આવે છે તેટલા પૂરતા દ્વૈતને વ્યવહાર કહ્યો છે ને બંધ-મોક્ષ પર્યાયને નિરપેક્ષ કહેવી તે નિશ્ચય છે. અહીં જ્ઞાન પ્રધાન કથનમાં સ્વની પર્યાયને નિશ્ચય-પરની અપેક્ષાનેં વ્યવહાર કહ્યો છે.

(૮) અધ્યાત્મક દષ્ટિની પ્રધાનતાથી બંધ-મોક્ષ પર્યાયને પણ વ્યવહાર ગણ્યો છે, ભેદમાત્રને ત્યાં વ્યવહાર ગણ્યો છે ને શુદ્ધ અભેદ આત્માને જ નિશ્ચય ગણ્યો છે. સમ્યગ્દર્શનના વિષયમાં તે પર્યાયના ભેદ અભૂતાર્થ છે.

(૯) જ્યાં જે અપેક્ષાથી નિશ્ચય-વ્યવહાર કહેવામાં આવ્યા હોય ત્યાં તે પ્રકારથી સમજવું.

## (૧૪) નિશ્ચયનયે આત્માનું વર્ણન

(૧) આત્મદ્રવ્ય નિશ્ચયનયે બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારું છે. બંધ-મોક્ષ પર્યાય નિરપેક્ષ છે. એવો તેનો એક ધર્મ છે.

(૨) જેમ બંધ-મોક્ષને યોગ્ય એવી લૂખાશ કે ચીકાશરૂપે પરિણમીને પરમાણું એકલો જ બંધાય કે મુક્ત થાય છે, તેમ નિશ્ચયનયથી આત્મા એકેલો જ બંધ-મોક્ષ દશારૂપે થાય છે; બંધ કે મોક્ષમાં પોતાની યોગ્યતાથી જ પરિણમે છે, તેમાં નિશ્ચયથી બીજાની અપેક્ષા રાખતો નથી.

(૩) વસ્તુના એકે ધર્મને જ જાણવામાં ન અટકતાં, તે ધર્મ દ્વારા અનંત ધર્મને ધારણ કરનાર એવી આખી ચૈતન્ય વસ્તુને ઓળખે તો સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન થાય.

(૪) અજ્ઞાનીને અનંત ધર્મ સ્વરૂપ પોતાના આત્માનો મહિમા ન આવતાં પરનો મહિમા આવે છે ને **બહુ તો એકેક ધર્મ ભેદ પાડીને તેના વિકલ્પમાં જ લાભ માનીને તે રોકાઈ જાય છે.** તેથી શુદ્ધ ચૈતન્યદ્રવ્ય તેની પ્રતીતમાં આવતું નથી ને તેના મિથ્યાત્ત્વનો નાશ થતો નથી.

(૫) 'બંધમાર્ગમાં તેમ જ મોક્ષમાર્ગમાં હું એકલો જ છું, કોઈ અન્ય દ્રવ્ય સાથે મારે સંબંધ નથી' એમ નક્કી કરનાર જીવ પરદ્રવ્ય સાથેની એકત્ત્વબુદ્ધિ તોડીને, સ્વદ્રવ્ય તરફ વળતાં શુદ્ધ આત્માને પામે છે.

(૬) આત્મા શુદ્ધ ચૈતન્ય માત્ર વસ્તુ છે. તે વસ્તુમાં તેના અનંત ધર્મો એક સાથે રહેલાં છે. એક સાથે અનંત ધર્મો સહિત વસ્તુને જાણનારું જ્ઞાન તે પ્રમાણ છે અને તેના ધર્મોને મુખ્ય ગૌણ કરીને જાણનારું જ્ઞાન તે નય છે.

(૭) પ્રમાણના વિષયરૂપ વસ્તુને જાણતાં પણ જ્ઞાનનું જોર ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય સ્વભાવ તરફ જ જાય છે; કેમ કે વસ્તુનો ત્રિકાળી શુદ્ધ સ્વભાવ અને ક્ષણિક અશુદ્ધતા એ બંનેને જાણનારું જ્ઞાન, ક્ષણિક અશુદ્ધતામાં જ ન અટકતાં, ત્રિકાળી શુદ્ધ સ્વભાવનો જ મહિમા કરીને તેમાં એકાગ્ર થાય છે. આ રીતે અનંત ધર્માત્મક વસ્તુને જાણનારી દૃષ્ટિ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય ઉપર જ હોય છે. જો એવી દૃષ્ટિ ન હોય તો તેને વસ્તુનું જ્ઞાન જ સાચું નથી.

## (૧૫) ક્રિયાનયે આત્માનું વર્ણન

(૧) 'આત્મદ્રવ્ય ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે.' જેમ કોઈ અંધ પુરુષને પત્થરના થાંભલા સાથે માથું ફોડવાથી માથામાં ના લોહીનો વિકાર દૂર થવાને લીધે આંખો ખૂલી જાય અને નિધાન પ્રાપ્ત થાય, તેમ ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ થાય એવો આત્મા છે.

(૨) ક્રિયાનયમાં અનુષ્ઠાનની એટલે કે શુભની પ્રધાનતા કહી છે. તે એમ બતાવે છે કે ગૌણપણે તે જ વખતે સમ્યગ્જ્ઞાનનો વિવેક પણ વર્તે છે.

(૩) શુભરાગની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એમ ક્રિયાનયની કહ્યું તે જ વખતે, ગૌણપણે શુદ્ધતા છે તેનું જ્ઞાન ભેગું હોય તો જ ક્રિયાનય સાચો કહેવાય.

(૪) શાસ્ત્રમાં ક્યાંક વ્યવહારની પ્રધાનતાનું કથન આવે ત્યાં અજ્ઞાની જીવો તેનો ઉંધો અર્થ કરે છે કે વ્યવહાર (શુભરાગ) કરતાં કરતાં તેના આશ્રયે પરમાર્થની પ્રાપ્તિ થઈ જશે- પરંતુ શાસ્ત્રનો એવો આશય નથી.

## (૧૬) જ્ઞાનનયે આત્માનું વર્ણન

(૧) જ્ઞાનનયથી જોતાં, વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ સધાય છે.-એવું આત્મદ્રવ્ય છે.

(૨) આત્મા વિવેક વડે એટલે કે સમ્યગ્જ્ઞાન વડે ચૈતન્ય ચિંતામણી ભગવાન આત્માને ઓળખીને તેમાં અંતર એકાગ્રતા વડે ક્ષણ માત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરે છે. ત્યાં વિવેકની પ્રધાનતાથી એટલે કે સમ્યગ્જ્ઞાનની પ્રધાનતાથી આત્માની સિદ્ધિ થઈ-એમ જ્ઞાનનય જાણે છે.

(૩) જ્ઞાનની પ્રધાનતાથી મુક્તિ થઈ એમ જોનારો જ્ઞાનનય, ક્રિયાનયની પ્રધાનતાથી મુક્તિ થઈ એમ જોનારો ક્રિયાનય, તે બંને નય શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્મામાં જ જુએ છે ને જ્ઞાનને આત્મા તરફ વાળીને એકાગ્ર કરે છે.

# ૨૦ નયો દ્વારા અનેકાન્ત સ્વભાવી આત્માનું વર્ણન

**પ્રશ્ન :** આ આત્મા કોણ ? કેવો છે ? કઈ રીતે પ્રાપ્ત કરાય ?

(૧) અનાદિકાળથી સંસારમાં રખડતા જીવે બહારમાં પરનું તો કાંઈ કર્યું જ નથી પરને લેવું કે મૂકવું તે આત્માના હાથની વાત છે જ નહિ. અનાદિથી અજ્ઞાનભાવે જીવે વિકારી ભાવો જ કર્યા છે અને તેને જ પોતાનું સ્વરૂપ માનીને રખડયો છે.

(૨) તેને બદલે હવે આત્માનું હિત કરવાનો-આત્માના આનંદની પ્રાપ્તિ કરવાનો જેને ભાવ થયો છે એવો શિષ્ય આત્મા સમજવા માટે પ્રશ્ન પૂછે છે. અનાદિથી પૂર્વે જે કર્યું તેના કરતાં કાંઈક નવું કરવું છે. એવા શિષ્યને અંતરની જિજ્ઞાસાથી પ્રશ્ન ઊઠયો છે કે હે પ્રભો ! આ આત્મા કોણ છે ? અને તેની પ્રાપ્તિ કેમ થાય ? કેવી રીતે તેનો અનુભવ થાય ?

(૩) શિષ્યના પ્રશ્નમાં બે વાત છે. એક આત્મા કેવો છે ? બીજું તે કઈ રીતે પ્રાપ્ત થાય? આત્મા કેવો છે તેનું જ્ઞાન અને શ્રદ્ધાન કરું અને તેની પ્રાપ્તિની ક્રિયા કરું, આત્માનો અનુભવ કરું. આમાં સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શન-સમ્યગ્ચારિત્ર ત્રણે આવી જાય છે.

(૪) **અનંત નયાત્મક શ્રુતપ્રમાણથી પ્રમેય થતો આત્મા :**

પ્રથમ તો, આત્મા ખરેખર ચૈતન્ય સામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે. અનંત ધર્મોમાં વ્યાપનાર જે અનંત નયો તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે-જણાય છે-અનુભવાય છે.

(અ) ધર્મો અનંત છે-પણ વસ્તુ એક જ છે.

(બ) નયો અનંત છે-પણ પ્રમાણ એક જ છે.

એક આત્મપદાર્થમાં અનંત ધર્મો છે ને તેને જાણનાર શ્રુતપ્રમાણમાં અનંત નયો છે. એકેક ધર્મને જાણનાર એકેક નય, એ રીતે અનંત ધર્મોને જાણનાર અનંત નયો છે, જેમ અનંત ધર્મો એક આત્મદ્રવ્યમાં સમાઈ જાય છે એમ અનંત નયો એક શ્રુતજ્ઞાનમાં સમાઈ જાય છે. જેમ પોતાના અનંત ધર્મોમાં એક દ્રવ્ય વ્યાપ્યું છે. તેમ તે ધર્મોને જાણનાર અનંતા નયોમાં શ્રુતજ્ઞાન-પ્રમાણ વ્યાપ્યું છે. અનંત નયોવાળા શ્રુતજ્ઞાનથી અનંત ધર્મોવાળો આખો આત્મા જણાઈ જાય છે. સ્વસન્મુખ વળતા શ્રુતજ્ઞાનથી આખો આત્મા સ્વાનુભવમાં આવી જાય છે.

(૫) અનંત ધર્માત્મક પોતાનો આત્મા તે પ્રમેય છે ને અનંતનયાત્મક શ્રુતજ્ઞાન તે પ્રમાણ છે; એવા પ્રમાણ વડે સ્વાનુભવથી પોતાનો આત્મા પ્રમેય થાય છે-જણાય છે. પર નિમિત્તથી કે રાગના વિકલ્પથી આવો આત્મા પ્રમેય થતો નથી, પણ સાધકને સ્વસન્મુખ વળતા શ્રુતજ્ઞાનથી જ આવો આત્મા પ્રમેય થાય છે. અનંત ધર્મવાળા આત્માને જેમ છે તેમ ન કબૂલે તો તેનું નિર્વિકલ્પ સ્વસંવેદન થાય નહિ. આવા આત્માને સ્વાનુભવથી જેમ છે તે જાણવો તે ધર્મ છે.

(૬) અહીં આત્માને અનંત ધર્મોવાળો કહ્યો છે. તો ધર્મ એટલે શું ? ધર્મ એટલે વસ્તુનો સ્વભાવ. દરેક વસ્તુમાં પોતપોતાના અનંત સ્વભાવો રહેલા છે તેને અહીં ધર્મ કહે છે. આત્મામાં જ્ઞાન, દર્શન, વીર્ય, સુખ, અસ્તિ, નાસ્તિ, નિત્ય, અનિત્ય, પુરુષાર્થ, નિયત વગેરે અનંત સ્વભાવો રહેલા છે તે બધાય તેના ધર્મો છે. પોતાના તે ધર્મોથી ધર્મી એવો આત્મા ઓળખાય છે. આવા અનંત ધર્મોવાળા આત્માને જાણીને તેની રુચિ, પ્રતીતિ અને તેમાં એકાગ્રતા કરતાં જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પ્રગટે છે તે મોક્ષમાર્ગરૂપ ધર્મ છે.

(૭) વસ્તુમાં તો અનંતધર્મો સ્વયંસિદ્ધ છે, તે જ જ્ઞાનમાં જણાય છે. વસ્તુના ધર્મને કાંઈ નવા કરવા પડતા નથી, વસ્તુ તો સ્વભાવથી તેવી છે પણ જ્યારે તે વસ્તુનું જ્ઞાન થયું ત્યારે સમ્યગ્જ્ઞાન થયું, તે નવું પ્રગટે છે. અનંત ધર્મો વસ્તુમાં એક સાથે છે. તે એક સાથે જ્ઞાનમાં આવી જાય છે. જ્યાં શ્રુતજ્ઞાનને સ્વસન્મુખવાળીને અંદર સ્વભાવમાં એકાગ્ર કર્યું, ત્યાં અનંત ધર્મોનો ચૈતન્ય પિંડલો સ્વસંવેદનમાં આવી જાય છે.

(૮) અનંત ધર્મોવાળા આત્માનો અનુભવ કરવા માટે અનંત ધર્મોના ભેદ પાડીને જુદાં જુદાં વિકલ્પ કરવા પડતા નથી, કારણ કે અનંત ધર્મોને ધારણ કરનાર ધર્મી એક છે. જેમ આ આત્મા અનંત ધર્મોનો સ્વામી એક છે. તેમ તેને જાણનાર શ્રુતજ્ઞાન પણ અનંત નયોનું સ્વામી એક છે. એટલે એક એક ધર્મને જુદો પાડીને ભેદના વિકલ્પ વડે આખો આત્મા પ્રમેય થતો નથી અને આખા આત્માને પ્રમેય કર્યા વિના જ્ઞાન પ્રમાણ થતું નથી. જ્ઞાનમાં અનંત નયો છે ને પદાર્થમાં અનંત પ્રકારના ધર્મો છે; જ્ઞાન અનંત નયવાળું હોવા છતાં વસ્તુપણે તે એક છે. આવા પ્રમાણ અને પ્રમેયની એકતા થતાં એટલે કે શ્રુતજ્ઞાનપ્રમાણ સ્વસન્મુખ થઈને અભેદ આત્મામાં વળતાં આત્માનો સ્વાનુભવ થાય છે, આત્મા જણાય છે.

(૯) આત્મા પોતે ખરેખર અનંત ધર્મોનો સ્વામી છે. અનંત ગુણો-ધર્મો-પર્યાયો કે અપેક્ષિત ધર્મો તે બધાનો પિંડ આત્મા છે. શુદ્ધતા કે અશુદ્ધતારૂપે પરિણમનાર પોતે

જ છે. આત્માના ધર્મો કોઈ નિમિત્તના આધારે નથી. દરેક આત્મા પોતે પોતાના અનંત ધર્મોનો સ્વામી છે.

(૧૦) આત્મદ્રવ્યમાં અનંત ધર્મો છે, ને તે અનંત ધર્મોને જાણનાર અનંત નયો છે; તે અનંત નયોમાં વ્યાપનાર એક શ્રુતજ્ઞાન પ્રમાણપૂર્વક-સ્વાનુભવથી આત્મા જણાય છે. આખું શ્રુતજ્ઞાન તે પ્રમાણ છે અને તેનું એક પડખું તે નય છે; પ્રમાણ આખી વસ્તુને જાણે છે અને નય એકેક ધર્મને જાણે છે. જે નય જે ધર્મને જાણે છે તે નય તે ધર્મમાં વ્યાપી જાય છે-એમ કહીને આચાર્ય નયને અને નયના વિષયને અભેદ બતાવે છે. જે ધર્મની સન્મુખ થઈને તેને જે નય જાણે છે તે ધર્મની સાથે તે નય અભેદ થઈ જાય છે. એટલે પોતામાં નય અને નયનો વિષય એક થઈ જાય છે.

(૧૧) વસ્તુમાં અનંત ધર્મો, તે ધર્મોને જાણનારું જ્ઞાન અને તેનું કથન એ ત્રણેય સત્ છે, ખરેખર છે. વસ્તુ જેવી હોય તેવી પૂરેપૂરી જે જ્ઞાનમાં જણાય તે જ્ઞાનને પ્રમાણ કહે છે. પ્રમાણ એટલે વસ્તુનું માપ કરનારું જ્ઞાન. 'પ્ર' એટલે વિશેષપણે અને 'માણ' એટલે માપ. વાણી અને ધર્મ, તે બંનેને જાણનારું તો જ્ઞાન છે, તે જ્ઞાન જ પ્રમાણ છે.

(૧૨) જો પોતે પોતાના જ્ઞાનને અંતરમાં વાળે તો તે જ્ઞાન પોતાના અનંત ધર્મોના સ્વામી તરીકે જાણે છે, એટલે કે પોતે પોતાના આત્માને સ્વદ્રવ્ય તરીકે જાણે છે ને તે જ્ઞાન જ પોતાને પરમાનંદનું કારણ થાય છે. આ સિવાય, પોતાના આત્માને સ્વદ્રવ્યપણે જાણવા માટે કોઈ પરનું જ્ઞાન કામ આવતું નથી. પ્રમેય પણ પોતે જ છે અને પ્રમાણજ્ઞાન પણ પોતાનું જ છે. પ્રમાણપૂર્વક સ્વાનુભવ જ આત્મદ્રવ્ય પોતાને પ્રમેય થાય છે.

(૧૩) અનંત ધર્મવાળા આત્માને સમજશે અને અનંત ધર્મોમાં જેટલા અવ્યકત-શક્તિરૂપ છે તે બધાય તેને પૂર્ણ વ્યક્ત થઈ જશે. અનંત ધર્મવાળા આત્માની રુચી-પ્રતીતિ કરી તેમાં એકાગ્રતા કરતાં તેને કેવળજ્ઞાનાદિ બધાય ધર્મ ખીલી ગયા વિના રહે જ નહિ. કેવળજ્ઞાન પુરું પ્રત્યક્ષ પ્રમાણ છે, શ્રુતજ્ઞાન પુરું પ્રત્યક્ષ નથી, તો પણ કેવળજ્ઞાનમાં જેવો આત્મા પ્રત્યક્ષ જણાય તેવો જ આત્મા શ્રુતજ્ઞાન પ્રમાણથી પરોક્ષ જણાય છે. શ્રુતજ્ઞાન પરોક્ષ હોવા છતાં તે સંદેહવાળું નથી પણ નિ:સંદેહ છે. શ્રુતજ્ઞાન તે પરોક્ષપ્રમાણ છે, તે જ્ઞાનને અંતરમાં વાળીને જેણે અનંત ધર્મવાળા આત્માનો સ્વીકાર કર્યો, તેને તેમાં એકાગ્રતા થઈને કેવળજ્ઞાનરૂપ પ્રત્યક્ષ પ્રમાણ ખીલી જશે અને અનંત ધર્મવાળી વસ્તુ પણ તેના જ્ઞાનમાં પ્રત્યક્ષ થઈ જશે, એટલે સ્વજ્ઞેય અને જ્ઞાન બંને પૂરાં થઈ જશે.

(૧૪) કેવળજ્ઞાન પૂર્ણ પ્રત્યક્ષ છે ને શ્રુતજ્ઞાન પરોક્ષ છે; તે પરોક્ષ હોવા છતાં સ્વસંવેદનમાં અંશે પ્રત્યક્ષ છે. શ્રુતજ્ઞાન અંતર્મુખ થતાં રાગરહિત ચૈતન્ય સ્વસંવેદનનો જે અંશ છે તે તો પ્રત્યક્ષ છે. આત્માના અનંત ધર્મોને શ્રુતજ્ઞાન પરોક્ષ જાણે છે, પરોક્ષ હોવા છતાં તે જ્ઞાન પણ પ્રમાણ છે,-નિઃસંદેહરૂપ છે.

(૧૫) શ્રુતજ્ઞાન પ્રમાણ હોવા છતાં તે પુરું જ્ઞાન નથી, પૂરું જ્ઞાન તો કેવળજ્ઞાન છે, શ્રુતજ્ઞાન અધૂરું છે. પુરું જ્ઞાન થઈ ગયા પછી તેમાં નય ન હોય. શ્રુતજ્ઞાન અધૂરું હોવા છતાં તે પણ યથાર્થ પ્રમાણ છે. કેવળીએ જેવો જાણ્યો તેવા યથાર્થ આત્માને તે પણ પરોક્ષપણે બરાબર જાણે છે. સાધકને એવા શ્રુતજ્ઞાન પ્રમાણથી સ્વાનુભવ વડે આત્મા જણાય છે.

(૧૬) શ્રુતજ્ઞાનમાં અનંત નયો અને વસ્તુમાં અનંત ધર્મો સ્થાપ્યા છે; આ વાત બેઠા વગર પ્રમેય પદાર્થ યથાર્થ જણાતો નથી તેમજ શ્રુતજ્ઞાન પ્રમાણ થતું નથી, એટલે પ્રમાણ અને પ્રમેયની એકતા થતી નથી તે ત્યાં આત્માની પ્રાપ્તિ થતી નથી. જે વસ્તુને પ્રાપ્ત કરવી હોય તેને પહેલાં બરાબર ઓળખવી તો જોઈએ ને !

(૧૭) આ જગતમાં અનંત આત્માઓ ભિન્ન ભિન્ન છે. એકેક આત્મામાં અનંત ધર્મો છે, તે એકેક ધર્મને જાણનાર એકેક નય છે; એવા અનંત નયોવાળું એક શ્રુતજ્ઞાન પ્રમાણ છે અને તે ધર્મોને કહેનાર વાણી પણ છે; એ રીતે પદાર્થના ધર્મો, તેને જાણનારું જ્ઞાન અને તેને કહેનારી વાણી એ બધાને જો ન કબૂલે તો શ્રુતજ્ઞાન પ્રમાણ થઈને આત્માનો અનુભવ થાય નહિ, આખા આત્માના સ્વાનુભવ વગર તેના એકેક અંશનું-એકેક ધર્મનું પણ સાચું જ્ઞાન થાય નહિ અને તેને સમ્યક્‌નય પણ હોય નહિ. એટલે તેનું જ્ઞાન ખોટું, તેની વાણી ખોટી અને તેણે માનેલો ધર્મ પણ ખોટો છે.

(૧૮) અહીં તો સાધક જીવની વાત છે. સાધક જીવ અનંત ધર્મવાળા આત્માને શ્રુતજ્ઞાન પ્રમાણથી અનુભવે છે ને તેને જ સમ્યક્‌નય હોય છે. આ નયો સાધકને હોય છે, અજ્ઞાની કે કેવળીને નય હોતા નથી. કેવળીને તો કેવળજ્ઞાનમાં આત્મા પૂરો પ્રત્યક્ષ જણાઈ ગયો છે અને પૂર્ણતા થઈ ગઈ છે. એટલે તેમને હવે નયથી કાંઈ સાધવાનું હોતું નથી. નય તે શ્રુતજ્ઞાન પ્રમાણનો અંશ છે. તે સાધકને જ હોય છે.

(૧૯) આત્માના જ્ઞાનની પાંચ પ્રકારની અવસ્થા છે; મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન. તેમાંથી મુખ્યપણે શ્રુતજ્ઞાન જ આત્માનું સાધક થઈ શકે છે. કેવળજ્ઞાન તો છદ્મસ્થ જીવને હોતું નથી; અવધિ અને મનઃપર્યયજ્ઞાનનો

વિષય પરપદાર્થ છે એટલે તે પણ સાધક થતા નથી, મતિજ્ઞાન સામાન્યરૂપે જાણે છે એટલે તેમાં નય પડતા નથી. શ્રુતજ્ઞાન પ્રમાણ જ અનંત ધર્મવાળા આત્માને જાણે છે ને તે પ્રમાણથી જ આત્માનો સ્વાનુભવ થાય છે. તે શ્રુતજ્ઞાનમાં નય હોય છે.

(૨૦) અનંત ધર્મોવાળો આત્મા છે તે પ્રમેય છે ને અનંતનયોવાળું શ્રુતજ્ઞાન છે તે પ્રમાણ છે. નયોના સમૂહ વડે આત્મા કેવો જણાય છે એ ૪૭ નયો દ્વારા આત્માના ૪૭ ધર્મોનું વર્ણન કરવામાં આવ્યું છે. બધા નયોનો સમૂહ તે પ્રમાણ; અને બધા ધર્મોનો સમૂહ તે પ્રમેય વસ્તુ. એવા પ્રમાણપૂર્વક પ્રમેય તરફ ઢળતાં સ્વાનુભવથી આત્મા જણાય છે.

આત્માના કોઈપણ ધર્મને કબૂલનાર-આત્મદ્રવ્ય સામે જોઈને જ તે ધર્મને સ્વીકારે છે-નહિ કે પર સામે; કેમે કે અનંત ધર્મના પિંડરૂપ આત્મદ્રવ્યના આધારે જ દરેક ધર્મ રહેલ છે. નયથી એકેક ધર્મને મુખ્ય કરીને જોનાર ગૌણપણે અનંત ધર્મવાળી આખી વસ્તુને પણ સ્વીકારે છે, કેમ કે તે ધર્મ તો વસ્તુનો છે. એક ધર્મ કાંઈ વસ્તુથી જુદો પડીને નયનો વિષય થતો નથી. માટે કોઈપણ નયથી એક ધર્મને મુખ્ય કરીને જોનારની દૃષ્ટિ પણ એકલા ધર્મ ઉપર હોતી નથી. ધર્મ તો ધર્મી એવી અખંડ વસ્તુના આધારે રહેલો છે; માટે તેના ઉપર જ દૃષ્ટિ રાખીને એકેક ધર્મનું સાચું જ્ઞાન થાય છે. બધા જ નયોના વર્ણનમાં આ વાત ધ્યાનમાં રાખવી.

સાધક જીવને વર્તમાનમાં વર્તતા જ્ઞાનમાં જ્ઞેય થવા લાયક ધર્મોમાં કેટલાક કાયમી ધર્મો છે, કેટલાક વર્તમાન પર્યાયના ધર્મો છે. તેને બરાબર જાણી યથાર્થ જ્ઞાન કરવું તે પ્રમાણ જ્ઞાન છે.

૧. અનંત ધર્માત્મક આત્મદ્રવ્ય-**દ્રવ્યનયે** પટમાત્રની માફક ચિન્માત્ર છે.
૨. અનંત ધર્માત્મક આત્મદ્રવ્ય-**પર્યાયનયે** તંતુમાત્રની માફક દર્શન-જ્ઞાનાદિ માત્ર છે.
૩. આત્મદ્રવ્ય **અસ્તિત્ત્વનયે** સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્ત્વવાળું છે.
૪. આત્મદ્રવ્ય **નાસ્તિત્ત્વનયે** પર-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્ત્વવાળું છે.
૫. આત્મદ્રવ્ય **અસ્તિત્ત્વ-નાસ્તિત્ત્વનયે** ક્રમશ : સ્વ-પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્ત્વ-નાસ્તિત્ત્વવાળું છે.
૬. આત્મદ્રવ્ય **અવક્તવ્યનયે** યુગપદ્ સ્વ-પર દ્રવ્ય-ક્ષેત્ર -કાળ-ભાવથી અવક્તવ્ય છે.
૭. આત્મદ્રવ્ય **અસ્તિત્ત્વ અવકતવ્યનયે** સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વપર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્ત્વવાળું-અવકતવ્ય છે.

૮. આત્મદ્રવ્ય **નાસ્તિત્ત્વ-અવકતવ્યનયે** પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વ-પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્ત્વવાળું અવકતવ્ય છે.

૯. આત્મદ્રવ્ય **અસ્તિત્ત્વ-નાસ્તિત્ત્વ-અવકતવ્યનયે** સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વપર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્ત્વવાળું નાસ્તિત્ત્વવાળું- અવકતવ્ય છે.

૧૦. આત્મદ્રવ્ય **વિકલ્પનયે** બાળક-કુમાર અને વૃદ્ધ એવા એક પુરુષની માફક સવિકલ્પ છે.

૧૧. આત્મ દ્રવ્ય **અવિકલ્પનયે** એક પુરુષમાત્રની માફક અવિકલ્પ છે.

હવે નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવ એવા નયોથી વર્ણન છે.

૧૨. આત્મદ્રવ્ય **નામ નયે**, નામવાળાની માફક શબ્દબ્રહ્મને સપર્શનારું છે.

૧૩. આત્મદ્રવ્ય **સ્થાપના નયે**, મૂર્તિપણાની માફક સર્વ પુદ્ગલોને સ્પર્શનારું છે.

૧૪. આત્મદ્રવ્ય **દ્રવ્યનયે**, અનાગત અને અતીત પર્યાયે તે પ્રતિભાસે છે.

૧૫. આત્મદ્રવ્ય **ભાવનયે**, પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક તત્કાળના વર્તમાન પર્યાયરૂપે ઉલ્લસે છે-પ્રકાશે છે-પ્રતિભાસે છે.

૧૬. આત્મદ્રવ્ય **સામાન્યનયે** હાર-માળા-કંઠીના દોરાની માફક વ્યાપક છે.

૧૭. આત્મદ્રવ્ય **વિશેષનયે**, એક મોતીની માફક અવ્યાપક છે.

૧૮. આત્મદ્રવ્ય **નિત્યનયે**, નટની માફક અવસ્થાયી છે.

૧૯. આત્મદ્રવ્ય **અનિત્યનયે**, રામ-રાવણની માફક અનવસ્થાયી છે.

૨૦. આત્મદ્રવ્ય **સર્વગતનયે**, સર્વવર્તી છે. (ખુલી રાખેલી આંખની માફક).

૨૧. આત્મદ્રવ્ય **અસર્વગતનયે**, આત્મવર્તી છે. (મીંચેલી આંખની જેમ).

૨૨. આત્મદ્રવ્ય **શૂન્યનયે**, ખાલી ઘરની માફક એકલું (અમિલિત) ભાસે છે.

૨૩. આત્મદ્રવ્ય **અશૂન્યનયે**, લોકોથી ભરેલા વહાણની માફક મિલિત ભાસે છે.

૨૪. આત્મદ્રવ્ય **જ્ઞાન-જ્ઞેય અદ્વૈતનયે** મોટા ઈંધનસમૂહરૂપે પરિણમિત અગ્નિની માફક એક છે.

૨૫. આત્મદ્રવ્ય **જ્ઞાન-જ્ઞેય દ્વૈતનયે** પરનાં પ્રતિબિંબોથી સંપૃકત દર્પણની માફક અનેક છે.

૨૬. આત્મદ્રવ્ય **નિયતિનયે** નિયત સ્વભાવે ભાસે છે, જેમ ઉષ્ણતા તે અગ્નિનો નિયત સ્વભાવ છે.

૨૭. આત્મદ્રવ્ય **અનિયતિનયે** અનિયત સ્વભાવે ભાસે છે.

૨૮. આત્મદ્રવ્ય **સ્વભાવનયે** સંસ્કારને નિરર્થક કરનારું છે.

૨૯. આત્મદ્રવ્ય **અસ્વભાવનયે** સંસ્કારને સાર્થક કરનારું છે.

૩૦. આત્મદ્રવ્ય **કાળનયે** જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે એવું છે.

૩૧. આત્મદ્રવ્ય **અકાળનયે** જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી એવું છે.
૩૨. આત્મદ્રવ્ય **પુરષકારનયે** જેની સિદ્ધિ યત્નસાધ્ય એવું છે.
૩૩. આત્મદ્રવ્ય **દૈવનયે** જેની સિદ્ધિ અયત્નસાધ્ય છે.
૩૪. આત્મદ્રવ્ય **ઈશ્વરનયે**, પરતંત્રતા ભોગવનાર છે.
૩૫. આત્મદ્રવ્ય **અઈશ્વરનયે**, સ્વતંત્રતા ભોગવનાર છે.
૩૬. આત્મદ્રવ્ય **ગુણીનયે**, ગુણગ્રાહી છે.
૩૭. આત્મદ્રવ્ય **અગુણીનયે**, કેવળ સાક્ષી જ છે.
૩૮. આત્મદ્રવ્ય **કર્તૃનયે** રાગાદિના પરિણામનું કરનાર છે.
૩૯. આત્મદ્રવ્ય **અકર્તૃનયે** કેવળ સાક્ષી જ છે.
૪૦. આત્મદ્રવ્ય **ભોકર્તૃનયે** સુખ-દુઃખાદિનો ભોગવનાર છે.
૪૧. આત્મદ્રવ્ય **અભોકર્તૃનયે** સુખ દુઃખાદિને ભોગવનાર નથી-કેવળ સાક્ષી છે.
૪૨. આત્મદ્રવ્ય **ક્રિયાનયે** અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે.
૪૩. આત્મદ્રવ્ય **જ્ઞાનનયથી** જોતાં, વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે.
૪૪. આત્મદ્રવ્ય **વ્યવહારનયે** બંધ અને મોક્ષને વિષે દ્વૈતને અનુસરનારું છે.
૪૫. આત્મદ્રવ્ય **નિશ્ચયનયે** બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારું છે.
૪૬. આત્મદ્રવ્ય **અશુદ્ધનયે** જોતાં ઘટ અને રામપાત્રથી વિશિષ્ટ માટીપાત્રની માફક સોપાધિ સ્વભાવવાળું છે.
૪૭. આત્મદ્રવ્ય **શુદ્ધનયે** કેવળ માટીમાત્રની માફક નિરુપાધિક સ્વભાવવાળું છે.

**સાર :** (૧) વસ્તુના સ્વભાવનું આ વર્ણન છે. વસ્તુના સ્વભાવનો જે નિર્ણય કરે તેને પોતાના સ્વભાવના આશ્રયે નિર્મળ પર્યાય શરૂ થઈ જાય છે. કોઈપણ શક્તિથી આત્મસ્વભાવનો નિર્ણય કરતાં જ્ઞાન અંતર્મુખ થઈને પરિણમે છે. એટલે તે જ્ઞાનમાં આત્માની પ્રસિદ્ધિ થાય છે અને એ જ તેનું ફળ છે.

(૨) ચૈતન્યનો મહિમા એવો છે કે પોતે પોતાના સ્વસંવેદનથી સ્પષ્ટ અનુભવમાં આવે છે. ચૈતન્યના આવા મહિમાને જાણે તો અપૂર્વ કલ્યાણ પ્રગટે. આત્માનો મહિમા પોતાની અનંત શક્તિઓથી જ છે. કોઈ બાહ્ય વસ્તુ વડે આત્માનો મહિમા નથી.

(૩) સ્વ-પરને સંપૂર્ણપણે જાણે એવું આત્માનું સ્વભાવ સામર્થ્ય છે. આત્માના સ્વભાવ સામર્થ્યને જે જાણે તે જીવને "હું મારું કાર્ય નહિ સાધી શકું" એવો અનુત્સાહભાવ ન રહે તેમજ 'હું પરનું કરું' એવું અભિમાન પણ ન રહે એટલે પરથી ઉદાસીનતા થઈને સ્વભાવનો ઉત્સાહ વધે. સ્વભાવ શક્તિના ભરોસે ગમે તેવા પ્રસંગમાં પણ તે ઉત્સાહહીન ન થાય... પણ ઉત્સાહપૂર્વક તે સ્વકાર્યને સાધે.

(૪) હે ભાઈ ! વિકાર વગરના તારા જ્ઞાયક સ્વભાવને પ્રસિદ્ધ કરીને સંતો કહે છે તું ગભરા મા. તારા સ્વભાવનો મહિમા સાંભળીને તું પ્રસન્ન થા ! સિદ્ધ ભગવાનમાં જે નથી તે તારા સ્વરૂપમાં પણ નથી, અને સિદ્ધ ભગવાનમાં જે છે તે તારા સ્વરૂપમાં છે. આમ જાણીને, વિકારના કર્તૃત્ત્વથી વિરામ પામીને તું ઉપશાંત થા !

(૫) એક સેકંડનું સમ્યગ્દર્શન અનંત જન્મમરણનાં દુઃખોનો નાશ કરીને મોક્ષસુખનો અપૂર્વ સ્વાદ ચખાડે છે. જીવને ત્રણ કાળ, ત્રણ લોકમાં સમ્યગ્દર્શન-સમાન શ્રેષ્ઠ હિતકારી બીજું કોઈ નથી. આવા સમ્યગ્દર્શનને હે જીવો ! તમે સર્વ ઉધમપૂર્વક આજે જ આરાધો...

(૬) સર્વજ્ઞ ભગવંતોનું જ્ઞાન અને સુખ અતીન્દ્રિય છે એમ ઓળખનારને પોતાને પણ અતીન્દ્રિય; જ્ઞાન અને સુખ થયું છે ને તેના બળે જ તેણે સર્વજ્ઞના અતીન્દ્રિયજ્ઞાન-સુખનો નિર્ણય કર્યો છે.

(૭) આત્માનો પરમ સ્વભાવ સત્ છે; તે સત્‌ને લક્ષમાં લઈ, તેનો પક્ષ કરી, તેના અભ્યાસમાં દક્ષ થઈને તેને સ્વાનુભવથી પ્રત્યક્ષ કરો... એટલે અપૂર્વ આનંદ સહિત મોક્ષનો માર્ગ આત્મામાં ખૂલી જશે.

(૮) મારે મારા આત્માના **જ્ઞાન સ્વભાવ** સાથે કામ છે. બીજા કોઈ સાથે મારે કામ નથી. જ્ઞાન જ બધા પ્રશ્નોનું નિરાકરણ કરે છે.

❖ ❖ ❖

## ભલા જીવોને છેલ્લી ભલી ભલામણ !
## નિશ્ચયના ઉપાસક જીવની વ્યવહાર શુદ્ધિ કેવી હોય ?

(૧) જે જીવ નિશ્ચયની (અનુભૂતિની) ઉપાસના કરવા કટિબદ્ધ થયો છે તેની પરિણતિમાં પહેલાં કરતાં વૈરાગ્યની ઘણી વૃદ્ધિ થતી જાય છે.

(૨) તેને હંમેશાં દોષોનો ભય હોય. શ્રદ્ધામાં જે દોષ છે તે પ્રત્યે સતત જાગૃતિ. અકષાય સ્વભાવને સાધવા તૈયાર થયો તેને કષાય ઉપશમ થવા જોઈએ.

(૩) તેની કોઈપણ પ્રવૃત્તિ કે આચરણ એવા ન હોય કે જેમાં રાગાદિનું પોષણ થાય...

(૪) પહેલાં રાગાદિની મંદતા હતી તેને બદલે નિશ્ચયની વાત સાંભળી રાગાદિની તીવ્રતા થાય તો સ્વભાવને સાધવાની નજીક આવ્યો એમ કેમ કહી શકાય ?


(૫) એકલું જ્ઞાન - જ્ઞાન કર્યા કરે પણ જ્ઞાનની સાથે રાગની મંદતા હોવી જોઈએ. વૈરાગ્ય હોવો જોઈએ - અને જ્ઞાન સાથે આનંદ તો અવિનાભાવી જ છે - જીવનમાં ઉલ્લાસ... ઉલ્લાસ !

(૬) બીજા સાધર્મીઓ પ્રત્યે અંતરમાં વાસ્તલ્ય હોવું જોઈએ... એમના સહજ ભાવે દોષ બતાડવાનો ભાવ કરૂણામાંથી ઉત્પન્ન થાય પણ તેમના પ્રત્યે તિરસ્કારનો ભાવ ન હોવો જોઈએ.

(૭) નિરંતર શાસ્ત્ર અભ્યાસનો પ્રયત્ન હોવો જોઈએ અને સંપૂર્ણ જીવન સંયમીત હોવું જોઈએ - અભક્ષ્ય, અન્યાય અને અનિતી એ ત્રણ વાત જીવનમાં હોય જ નહિં.

(૮) ચારે કોરથી બધા પડખાંથી પાત્રતા કેળવવી જોઈએ અને પગલે પગલે, પર્યાયે પર્યાયે ભેદજ્ઞાનની કળા પ્રયોગના ધારણે નિરંતર વિકસવી જોઈએ.

(૯) ખરેખર સાક્ષાત્ સમાગમની બલિહારી છે. સત્સંગમાં અને સંત - ધર્માત્માની છત્ર છાયામાં રહીને તેમના પવિત્ર જીવનને નજર સમક્ષ ધ્યેયરૂપ રાખીને, ચારે પડખેથી સર્વ પ્રકારે ઉધમ કરીને પોતાની પાત્રતાને પુષ્ટ કરવી જોઈએ - આત્માનું જીવન પુષ્ટ થવું જોઈએ - બધા જ જીવો આ વાત સમજી શીઘ્ર અનુભૂતિને પ્રાપ્ત થાય એ જ વિનમ્ર ભાવના...!



મુદ્રક : જયંત પ્રિન્ટરી, મુંબઈ-૨. ફોન : ૨૦૫ ૭૧૭૧